શ્રી ગોપાલ કૃષ્ણાય નમઃ

धोळ तथा पद वगेरेनो संग्रह.

11/1900 44

શ્રીવૈષ્ણવ સંપ્રદાયોના ભક્તોને ઉપયોગી.

છપાવી પ્રસિદ્ધ કરનાર,

મહાદેવ રામચંદ્ર જાગુષ્ટે બુકસેલર.

पुस्तकालय—अमदावाद.

આવૃત્તિ બીજી — પ્રત ૨૦૦૦

અમદાવાદ—"વિજય પ્રવર્તક" પ્રેસમાં છાપ્યો.

સંવત ૧૯૫૫. સન ૧૮૯૯.

श्री

धोळ तथा पद वगेरेनो संग्रह.

भाग १ लो.

સર્વે પુષ્ટીમાર્ગના વૈષ્ણવોને સારૂ.

છપાવી પ્રસિદ્ધ કરનાર,

મહાદેવ રામચંદ્ર જાગુષ્ટે બુકસેલર.

पुस्तकालय—अमदावाद.

અમદાવાદ—"વિજય પ્રવર્તક" પ્રેસમાં છાપ્યો.

સંવત ૧૯૫૫. સન ૧૮૯૯.

अनुक्रमणिका.

ધોળ સંગ્રહ.

ભાગ ૧ લો.

ધોળ ૧ લું.

અથ શ્રી સર્વોત્તમજીનું ધોળ.

ભલે પ્રગટ્યા શ્રી વલ્લભ દેવ, પુરૂષોત્તમ ભુતળ કરીજી; નહીં પ્રાકૃત ધર્મનો લેશ, અપ્રાકૃત નિજ વપુ ધરીજી ૧ કરે નિગમ નિરૂપણ એમ તે સાકારની સ્તુતિ કરેજી; માહાકળીકાળાદિક દોષ, પંડીતના કષ્ટ તિમર હરીજી. ૨ મહીંમા નવ જાણું જેહ, તે કહીએ ખરાસુર હરીજી; વાલે દયાકરી સુખરૂપ, નિજ લીલા પ્રગટ કરીજી. ૩ જે હરી વાણી અતિદુર બોધ, થાએ સુબોધ જેણે કરીજી; જેના અષ્ટોતેર સત નામ, તે કહીએ માહા અઘ હરીજી. ૪ જેના રૂષીવર અગ્નિકુમાર. જક્તી છંદ નામે ધરાંજી; શ્રીકૃષ્ણ કમળ મુખ દેવ, બીજી કષ્ટ કરૂણા ભરીજી. ૫ કરે ભક્તોમાં અંતરાય, તેહના સંતાપીએ જાણે સરીજી; આપે અખરામૃતની સાધ્ય તે મધ્યે નિશ્ચય કરીજી. ૬.

ચાલ ફરી છે.

વહાલો આનંદ પરમાનંદ કહેવાય. શ્રીકૃષ્ણકમળમુખ કૃપાનિધિ થાય ૭ વહાલો દૈવી જીવોધારનપ્રેતના ઉપાય, જેહનાસ્મર્ણે માત્રથી આરત જાય. ૮ શ્રી ભાગવત ગુઢાર્થ પ્રગટાય. વ સાકર બ્રહ્મના વાદ સ્થપાય ૯ વેદ માર્ગ બોધ ભોજન કહેવાય. માયાવાદ નિરાકાર સહુ ગાય. ૧૦ સર્વે વાદ નિરાશ કરે તે લખાય, ભક્તિ મારગ સરસ કમળ વિકસાય. ૧૧ આસૌદ્રાધિકના ઉદ્ધારસમર્થ, જેહના સાધન બળથી ન થાય અર્થ. ૧૨ અંગીકાર માત્રથી સર્વસં કીએ, કીધાં શ્રી ગોપીજન પતીન પ્રીએ; ૧૩ અંગીકાર કરે મર્યાદાનુસાર મહા કરૂણાવત સમરથ અપાર. ૧૪ વહાલો અભેદાન દેવાને બહુ ચતુર,

મોહ્‌ટા ઉદાર ચરિત્ર કરેબહુ. ધ્રુ૦ ૧૫ લીલા દેખાડી પ્રાકૃતની જે, તેહુને મિશ મોહ્યાછે સુરરીપુ તેહ. ૧૬ નિધાનર શ્રી વલ્લભ છે નામ, વહાલો સુંદીરરૂપ સ્વજન હિતકામ. ૧૭ વહાલો ભકિત કરે જન શિક્ષાને કાજ, આપેઅખિલ દ્રષ્ટ શ્રીવલ્લભરાજ. સર્વ લક્ષણથી સંપન વિવેક, શ્રીકૃષ્ણ જ્ઞાનદાતા ગુરૂ એક. ૧૯ પોતાના આનંદથકી બહુ પુષ્ટ,છે કમળ પત્રશાં નેત્ર સંતુષ્ટ. ૨૦ કૃપાદ્રષ્ટીની વૃષ્ટીથી હુરખ્યાં મન, જીરે દાસ દાસીજન પિયેછે અનંત. ૨૧ રેશાદ્રષ્ટી કરેભકિત શત્રુ પ્રજાળ, ભકિત શેવિત સુખ શેવા રસાળ. ૨૨ જીરે ભકિત વિના નહ્રી શેવા સાધ્ય, તે કારણથી કહીએ દુરારાધ્ય. ૨૩ જેહુના ચર્ણ શર્ણ દુલભ દરશાય, તેહુના ઉમપ્રતાપ ત્રિલોક કહેવાય. ૨૪વચનામૃત કરી પુર્યા શેવકના અર્થ, શ્રીભાગવત અમૃત મથન જે સમર્થ. ૨૫ એનું સાર કહીએ વૃજ સુંદરીનો ભાવ, તેહનું પરિપુર્ણ છે દેહ ભરાવ. ૨૬ સાનિધાનથી દાન કરેકષ્ટ પ્રેમ,ભકિત મુકતદેવાને જેહુનેનેમ. ૨૭ એક રાશલીલામાં તેહુનું તાન. પ્રભુ કૃપા કરે કથાનું દાન. ૨૮ વાહુલો વિરહેના અનુભવને એ કાજ, સર્વ ત્યાગ જણાવ્યો શ્રીવલ્લભરાજ. ૨૯ ઉપદેશ કર્યો ભકિતનાચાર, લોકમાહે કર્યો કર્મ માર્ગ પ્રચાર. ૩૦ વેદશાસ્ત્ર કરે જગનાહીક દાન, તેહનું ફળ મર્યાદા ભકિતનું દાન. ૩૧ પ્રભુ પુર્ણનંદછો પુર્ણકામ, સરસ્વતીના પતી દેવ ઇશ અભિરામ. ૩૨ વહાલે શાહુસ્ત્ર કર્યાં પુરૂષોત્તમ નામ, નિજ જનને આશ્રયે એ છે ધામ. ભકિત માર્ગની રીતનો કરવા ઉપદેશ, બહુ ગ્રંથ કરી ટાળ્યો સંશયનો લેશ. ૩૪ જેહુને પામવાને છાંડયા પ્રાણથી પ્રિયે. એવા ભકિત સમાજ બીરાજે હૃદ્યે. ૩૫ આ પ્રસાદન કરે નિજદાસને કાજ એવા સમર્થ શ્રીવલ્લભ મહારાજ. ૩૬ કરવા ભકિત પ્રચારતે ભુતળમાંહે, વશ કીધાપોતા થઇ બ્રહુનેબાણ. ૩૭ સર્વે સમર્થ ચર્યુ પોતાને વંશ, સર્વે દુરકરી ટાળ્યો નિર્ધનો અંશ. ૩૮ પ્રભુ પતિવૃતાના પતિસાક્ષાત, કરેઆલોક પરલોકદાન વિક્ષાત. ૩૯ જેહેના અંતઃકરણનું ગુઢઅપાર, અંગિકૃતને જણાવો મનનો વિચાર. ૪૦ ઉપાસનાદિક માર્ગ જે અન્ય, તેહુનોમોહુટાળી

કીધો સેવક અનાથ. ૪૧ કરો નિશ્ચે જે ભક્તિ સર્વથી વિષેશ, કીધો શર્ણ માર્ગનો જુઓ ઉપદેશ. ૪૨ શ્રી કૃષ્ણ નામની જણાવી વાત, લીલા કુંજબોહારી પરિપુરણ ગાત. ૪૩ કથા રસ મગ્ન સદાછે ચિત, વિસરૂછે તેથી સર્વે બીજુ વિત, ૪૪ પ્રીયછે ઘણું વ્રજને વ્રજનો વાસ, કરે પુષ્ટી લીલા એકાંત વિલાસ. ૪૫ કરે ભક્તિ ઇછા પરિપુર્ણ દાન, નહી નિજ લીલાનું કોઇને જ્ઞાન. ૪૬ અતિ મોહિક જેહેનું શાળાઘણુ, નહી લોકવિશે આશકિતછેઅણુ. ૪૭ નિજ ભકિતવિશે આશકિતછે એક, પ્રભુ પાવન કીધા પતિત અનેક. ૪૮ જે કરે પોતાના ગુણનું જ્ઞાન, તેહુના હૃદયકમળ રેહેવાનું ઠામ ૪૯ પ્રભુ નિજ સ્વરૂપ અમૃત લહેરી, તેણે રસ વાસના બીજી સર્વે હરી, ૫૦ પ્રભુ પોતે સર્વ થકી છે પર, નવ કરે તુલ્યતા કોઇ અપર. ૫૧ લીલારસ અમૃતતો રંગ બહુ, ભીંજવ્યાંછે ભકત શરીર સહુ. ૫૨ રૂચી આવે ગોવર્ધન ગીરી વાસ. તે લીલા માંહે અતીસે ઉલાસ. ૫૩ કરે યજ્ઞભોગ યજ્ઞનાં કર્મ, આપે અર્થ કામને મોક્ષનુ ધર્મ ૫૪ પ્રભુ સત્ય વચનછો ત્રીગુણાતીત, નિત્ય ચતુરાઇછે અતી અગણીત. ૫૫ જે કરે પોતાની કીરતી પ્રકાશ, કરયું વ્યાશ શત્રુને નૌતમ ભાસ. ૫૬ અતિ તુચ્છ મુલ્ય જે માયાવાદ, કરી ભસ્મને સ્થાપો બ્રહ્મ ભાસ ૫૭આભ્રણ અલાકીક અતી કાન્ત, હસ્તુ મુખ શોભે છે બહુ ભ્રાંત. ૫૮ પ્રભુ ત્રીલોકનું ભુસણ સાર, વાહાલો પ્રગટ ભાગ વરણીન્ન અપાર. ૫૯પ્રભુ સુદીરતાછે અનુપ, કયમ વર્ણન કરી શકુ એ રૂપ. ૬૦ માગેછે સહુ પોતાના જન, ચર્ણાવિંદની રજ જે ધન્ય. ૬૧ એ કહ્યાં એકસોને આઠે નામ, શ્રીવલભ આનંદનું જે ધામ.

ચાલ ફરી છે.

એ શુદ્ધ કરી નીત્ય ગાયરે, તેહનું મન પહેલુ સ્થીર થાયરે. ૬૩ અધરામૃતની શીદ્ધ વામેરે, જ્યાંહાં સશય નહી તે માનેરે, એ પામ્યા વિના મોક્ષ હિનરે, અકૃતમાં મુક્તિછે વાનરે. ૬૫ તેથી સર્વોતમ જપ કરવારે, શ્રીકૃષ્ણ રસે મન ભરવારે. ૬૬ શ્રી વિઠુલ રૂચીત એ નામરે. જે ગાય તેહનું થાય કામરે. ૬૭ તેહેનો જનમ સુફળછે લેખેરે, શ્રી વ્રજભુષણનાં સુખ દેખેરે.

ઘોળ ૨ જું.

અથ શ્રી નવરત્નનું ઘોળ.

શ્રીમદ વલ્લભ મહા પ્રભુને નમુંજી, શ્રી વિઠ્ઠલ પ્રભુને લાગુ પાય. શ્રીબાળકૃશ્નજીને પરણામુંજી, શ્રી વ્રજ ભુષણજી, પરાક્રમપાલ શ્રીમદ. ૧ શ્રી વલ્લભ દેવે મહા કરુણા કરીજી, જેથી જીવનું કાજ થાય, સર્વે વૈશ્નવની કૃતી એ કરીજી, સઘળી ચીંતા નીર્વત થાય, શ્રીમદ. ૨ દ્રઢ આશ્રય શ્રીમહાપ્રભુજીનો રાખીએજી, ચીંતા નવ ધરીએ લગાર, સર્વે આત્મા શ્રીજીને સમરપીએજી; એછે ભક્તતણો આધાર. શ્રીમદ. ૩ પુષ્ટીમાર્ગમાં શ્રીજી રહે સદાજી, જીવ કીધાછે અંગીકાર; અલૌકીકની ગતી ના આપે કદા, પ્રભુ નથી જોતા અધીકાર. શ્રીમદ. ૪ નામ નિવેદન કીધા થકીજી, પ્રભુ રાખે પોતાની પાસ; વશ ન થાય એ પ્રભુ કો થકીજી, વશ થઇ રહ્યા શ્રીવલ્લભની પાસ. શ્રીમદ ૫ નિવેદન મંત્રનું સ્મરણ કરવુંજી, સર્વદા ભગવત સાથ; એ વૈશ્નવનો સંગ ના કરવુંજી, કૃપા થાય ત્યાહદશી હાથ. શ્રીમદ. ૬ ફળની ચિંતા નવ રાખીએજી. પ્રભુ સર્વેશ્વર કેહેવાય; સર્વના આત્મા શ્રીજીએ રાખીઆજી, દુર ભક્તથી કયમ રહેવાય. શ્રીમદ. ૭ એમને ગમે તે કરો એવું જાણવુંજી, હરીનું બરદ છેરે દયાળ; સ્ત્રી પુત્રાદીક પુષ્ટીમાં આણવુંજી, જોગટાના વિચાર આયાળ. શ્રીમદ. ૮ નિવેદન કરવું સર્વે સંગાથસુંજી, અનનિવન યોગની ચીંતા ન રાખ; અજ્ઞાની હોય કીધા જ્ઞાનસુંજી, સમજુ અધિકછે એવું મા રાખ. શ્રીમદ ૯ જેણે આત્મા નિવેદન કીધુ છેજી, તેના આચારમાં સંશય ના જાણ; પ્રાણ સંગાથે શ્રીમહાપ્રભુજીએ દીધુંછેજી, તેથી મનમાં સંદેહ ના જાણ શ્રીમદ. ૧૦ સમર્પણ મંત્ર મહા સમર્થછેજી, ન જાણીશ પોત્યો સાક્ષાત; એકે અંશકળા નથી પુર્ણછેજી, શ્રીજી પુરૂષોતમ સાક્ષાત. શ્રીમદ. ૧૧ એ પ્રભુ સર્વ થકી પોતે પરછેજી, વળી મહા સમર્થછે નાથ; ભક્તનાં દુઃખ હરે સુખ કરે છેજી, ચીંતા નવ કીજીએજી માથે એ નાથ. શ્રીમદ.૧૨ લૌકીક વદીક કમજી, તે હરી સિધ થાવાદે નહી; તોએપણ શેવા સ્મરણને ધર્મ

જજી, તેથી મન દુર કીજે. શ્રીમદ. ૧૩. પુષ્ટી માર્ગમાં પ્રભુજી રેહે સદાજી, વળી જીવનું કીધુ શું હોય; પ્રભુ કરેતે તો સુખમાંની રહીએજી, ઉદ્વેગ ન ધરે મનમાંહ. શ્રીમદ. ૧૪ દીનતાભાવ મનમાં રાખીએજી, બીજા સાધનનું શું કામ, શ્રીસર્વે સેવા સાધવાજી, ગુરૂની આજ્ઞાથકી એ કામ. શ્રીમદ. ૧૫ ગુરૂની આજ્ઞા ઓળંગન ના કરીએજી, એમની ઇચ્છાએ થાયતે થાય, આપણાં મન પ્રભુજીમાં દીજીએજી, પ્રભુથી અધીક રાખીએ ભાવ. શ્રીમદ. ૧૬. શેવા કરો નિત્ય ચિત્ય પ્રીત્યશુંજી, તો સુખે રહો યુગમાંહ; પરીક્ષા અર્થ કદા શ્રીજી ચિતશુંજી, સાક્ષી થઇ રહે સુખ હોય. શ્રીમદ. ૧૭. તોએ ધીરજ રાખી શેવા કરોજી, હરી સુખ કર્ત્તાછે સત્ય; એમની લીલાજાણી ચીંતા દુર કરોજી વૈશ્નવને એહ જુગત્ય. શ્રીમદ. ૧૮. એકાદશ ઈંદ્રીઓ પ્રભુજીના સનમુખજી, શેવામાં દીવસને રાત્રી; એકે ઇંદ્રી વીમુખ નવ કીજીએજી. સર્વોતમ ભકિત અહો રાત્રી. શ્રીમદ. ૧૯. શ્રીકૃષ્ણશરણ મમ સદા જપોજી, ન વિસારીએ પળમાત્ર એ જુગ્તેકરી ચિંતાદુર તજોજી, થાશો શ્રીજીની કૃપાપાત્ર. શ્રીમદ. ૨૦. શ્રી મહાપ્રભુજી કહે માહારો એ મતજી, વળાએછે નિરાધાર; સર્વે વૈશ્નવ રાખજો ચિત ધરીજી, શ્રીજી શ્રીવલ્લભજી આધાર. શ્રીમદ. ૨૧ એ અમુલ્ય રત્ન જે કોઇ ચિત ધરીજી, તેહને પુષ્ટિ ભક્તિ દ્રઢ ફળ હોય; જે કોઇ ધોળ ગાયે ને સાંભળેજી, તેહને પરમાનંદ સુખ હોય. શ્રીમદ. ૨૨ ઇતિ શ્રી નવ રત્નનું ધોળ સંપુરણ.

ધોળ ૩ જું.

ઉત્તમવૃત એકાદશી સાહેલીરે; આજ મારે અપવાસ, જુમનાજી જઇએ ઝીલવા સાહેલીરે. રંગલી ગલી રળીઆમણીસાહેલીરે, વૈશ્નવની ભીડાભીડ. જુમનાં સાહેલીરે. સરખી શાઇયર ટોળે મળી સાહેલીરે; હ્રદે હરખ નમાય, જુમનાંજી જઇએ ઝીલવા સાહેલીરે. વહુ બેટી હીંડે મલપતાં સાહેલીરે, સઉ કોને દરશન થાય; જુમનાં. સાહેલીરે. સાકર કેરા કરાપેડ્યા સાહેલીરે, દુધડે વરસ્યા મેહ. જુમનાં.

સાહેલીરે. ગોકુળગામ રળીઆંમણું સાહેલીરે, સુંદર જુમનાંનાં નીર, જુમનાં. સાહેલીરે. જુમનાંજીમાં ઝીલતાં સાહેલીરે, છુટા મેલી કેશ. જુમનાં. સાહેલીરે. રમણ રેતીમાં લોટતાં સાહેલીરે, ટુટયાનવસરહાર. જુમનાં. સાહેલીરે. વ્રજવાશી સામા મળ્યા સાહેલીરે. હર એ સાહ્યશુ કેશ. જુમનાં. સાહેલીરે પ્રસાદ મેહેલો મોકળા સાહેલીરે, ઠોરતણો નહીંપાર. જુમનાં. સાહેલીરે. માધવદાસની વીનતી સાહેલીરે; આપોની વ્રજમાંવાસ. જુમનાંજી જઈએ ઝીલવા સાહેલીરે.

ધોળ ૪.

અથ શ્રી ચોરાશી વૈશ્નવનું ધોળ.

શ્રીગુરૂ જગપદ કમળરજ વંદુ, વંદુ નિત્ય ધરી નેમ; દુઃખહરણ સુખસેં નિધી, ફળદાયક ભક્તિ પ્રેમ. ૧ શ્રી વલભ શ્રી વીઠલ પ્રભુ, શ્રીકૃષ્ણ પુરણકામ; ચોરાશી માહા ભક્ત તેના, કરૂ વરણવ નામ. ૨ જેનું સ્મરણ કરેથી, અઘદુઃખ કલેશ જાય; પુષ્ટિ પંથ પ્રભુ પ્રસન હોય માહાપતિત પાવન થાય. ૩ મનવાંછિત ફળ સીધ્ર પામે, ગાતાં એ અભિધાન; શ્રી મહા પ્રભુ નીજાનંદનું, કરે તેને દાન. ૪ ઢાળ. શ્રી દામોદરદાસ હરશાંનીરે, કૃશ્નદાસ મેઘ ન વદે વાણીરે. ૫ સંબર વાળા દામોદરદાસરે, જેનો કનોજ મધ્યે વાસરે. ૬ પદ્મનાભદાસ હરીભક્તરે, તુલશીં પદ પ્રભુ આશકતરે. ૭ વહુ તેની કહીએ પાર્વતીરે, સુત રૂગનાથદાસ સમર્તીરે. ૮ રજોબાઇ વૈશ્નવ ક્ષત્રાણીરે, શેવા શ્રી વલભવરની આણીરે. ૯ વૈશ્નવ શેઠ પરસોતમદાસરે, કાશીપુરમધ્યે તેનો વાસરે. ૧૦ બાઇ રૂક્ષ્મણી પુત્રી તેનીરે, શેવા અતુલીત કહીએ જેનીરે. ૧૧ શેઠના સુત ગોપાલદાસરે; શેવા સ્મરણથી ઉલાસરે. ૧૨ રામદાસ હરીરંગ રાતારે, ગદાધરદાસ જગત વિખ્યાતારે. ૧૩ વેણીદાસ માધવદાસ ભાઇરે, હરીવંશપાઠક સુખદાઇરે. ૧૪ ગોવીંદદાસ ભલા લયો વખાણીરે, વૈશ્નવ કહીએ એમાં ક્ષત્રાણીરે. ૧૫ ગજનધાવને શેવ્યા મોરારીરે, દાસનારણ બ્રહ્મચારીરે. ૧૬ મહાવનની વૈશ્નવ ક્ષત્રાણીરે, જાદવદાસ સુરી લયો જાણીરે. ૧૭ ક્ષત્રી વૈશ્નવ દેવકપુરરે,

શેઠ દીનકર પ્રેમી પુરરે. ૧૮ પ્રભુદાસ ભાટ હરીજનરે, દાસ પુરૂષોત્તમ ધન્ય ધન્યરે. ૧૯ ત્રીપુરદાસ વૈશ્નવ કાયસ્તરે, પુરણમલ રસીક રસમસ્તરે. ૨૦ જાદવ ઇંદ્રદાસ પ્રજાપત્યરે, ગોસાંઇદાસ શેવા હરી અંતરે. ૨૧ માદ્ધવભટ્ટ કાશ્મીરમાં વાસરે,વાંસવાડાના ગોપાલદાસરે. ૨૨ પદમરાવલની અતી શેવારે, પુરૂષોત્તમ જોશી તેવારે. ૨૩ જગનનાથ જોશી તેના ભ્રાતરે, વળી વૈશ્નવ તેની માતરે. ૨૪ જોશી નરહર હરીના દાસરે, ગામ ગોધરે રાણા વ્યાસરે. ૨૫ વૈશ્નવ રજપુતાણી હરીની દાસીરે, રામદાસ ગુજરાતના વાસીરે. ૨૬ દવે ગોવીંદ હરીરસ માતારે, રજો માધવ બેઉ ભ્રાતારે. ૨૭ ઉત્તમ અણ લોકદાસ સેવા ભારીરે, શેવક શ્રીજીના કેહેતા મહેતારીરે.૨૮ ઇશ્વરદાસ દવે રસ મગ્નરે, હરી હરી જાન સૂચિત લગ્નરે. ૨૯ વૈશ્નવ છકડા વાસુદેવદાસરે, શેવા અર્થે રહેતો પ્રભુ પાસરે.૩૦ કૃશ્નદાસ ગરવી સુખ કંદરે, બાબા વેણુ હરીત દુઃખ દંદરે. ૩૧ એ બેહુના એક ખવાસરે, તેહનું નામ તે જાદવદાસરે.૩૨ સ્થાનેશ્વર વિપ્ર તે જગતાનંદરે, શેવ્યા શ્રી હરી અતી આનંદરે. ૩૩ બ્રાહ્મણી અડેલીની વૈશ્નવ બાઇરે, આનંદદાસ વિશંભરદાસ ભાઇરે. ૩૪ વૈશ્નવ ક્ષત્રાણી પ્રભુ પ્રીત્યરે, રામદાસ મીરાના પ્રોહીતરે. ૩૫ કૃશ્નદાસી ખવાસણી જાણીરે, જેહની માની શ્રી વલ્લભે વાણીરે. ૩૬ બુલામીશ્રી શ્રી વલ્લભનારે, રામનંદ પંડિત સ્થાને સ્વરનારે. ૩૭ વૈશ્નવદાસ રસ પુરરે, જીવણદાસ તે ક્ષત્રી કપુરરે. ૩૮ સારસ્વત દ્વીજ ભગવાનદાસરે,જેનું ચીત સદા પ્રભુ પાસરે. ૩૯ વૈશ્નવ ભગવાનદાસ ભીતરીઆરે,શ્રીજીની સેવામાં ઠરીઆરે.૪૦ ચતુરદાસ સનોઢીઆ કહીએરે, ગૌડ વિપ્ર અચ્યુતદાસ લહીએરે.૪૧ સારસ્વત વળી અચ્યુતદાસરે, નારાણદાસ અંબાલે વાસરે. ૪૨ નારણદાસ ભટ મથુરાંનારે, નારણદાસ લવાણ ઠઠાનારે. ૪૩ ક્ષત્રાણિ ગોરજાસભરાઇરે, સાસુને વહુ વઇશ્નવ બાઇરે. ૪૪ સીંહાનંદના ક્ષત્રી સારરે, વઇશ્નવ અડેલના એક સુતારરે. ૪૫ એક વૈશ્નવ હરીગુણ ગાતારે, દામોદરદાસની માતારે. ૪૬ સીંહાનંદ ક્ષત્રાણીના વાસરે, કવી લઘા પુરૂષોત્તમદાસરે. ૪૭ કવીરાજ ભાટ ગુણ ગાવેરે, ગોપાળદાસ ઇંટોરાના

કહાવેરે. ૪૮ જનાર્દનદાસ વૈષ્ણવ ક્ષત્રીરે, ગડિસ્વામી બ્રાહ્મણ હરી મિત્રરે. ૪૯ કનયાલાલ ક્ષત્રિ પ્રકાસરે, વિપ્ર એડીઆના હરીદાસરે. ૫૦ બાળકૃષ્ણ બદ્રાઅણદાસરે, સેવા સ્મરણના અભ્યાસરે. ૫૧ વૈષ્ણવ રામદાસ ચુહાણરે, સેવા સ્મરણમાં સુજાણરે. ૫૨ મણી ચિત સદુપાંડે ભવનીરે, નરોબાઇ હરી મનમાંનીરે. ૫૩ નરહર સન્યાશી હરી ભ્રાતરે, જેહની હરીપદ નિર્મળ મતરે. ૫૪ ગોપાળદાસ કહીએ જટાધારીરે; વાસ વ્રજમાં શેવ્યા ગીરધારીરે. ૫૫ સંત પોખર રબ વેચ્યું નારીરે, કૃષ્ણદાસે પરાણસોપી પ્યારીરે. ૫૬ આગ્રે ચોપડા સતદાસરે, સુરદાસે શેવ્યા અવિનાશરે. ૫૭ પટલ માવજી રજુ સહીતરે, પતી પત્નિ પ્રભુ ચિત્તરે. ૫૮ ગોપાળદાસ નરોડાના કાહાવેરે, શેવે સ્યામને હર્ષ હુલરાવેરે. ૫૯ સુરદાસ શીરોમણ ભક્તરે, ગાયા ગીરધારી જાણે જગતરે. ૬૦ સર્વોપરિદાસ પર્માનંદરે. ગાયા ગુણ નિત્ય બાળમુકંદરે. ૬૧ કુંભનદાસ મહારસ કંદરે, સખી ભાવે શેવ્યાશ્રી ગોવીંદરે. ૬૨ સુત કૃશ્નદાસ દ્રઢ એવારે, છોડયા પ્રાણ છોડી ન ગૌ સેવારે. ૬૩ કૃષ્ણદાસ કહીએ અધીકારીરે, ગાયા સેવ્યા શ્રીરાસ બીહારીરે. ૬૪ ગાયા વૈશ્નવ એ ચોરાશીરે, શ્રી વલ્લભ પદ નિકટના વાસીરે. ૬૫ ચાલ ફરીછે. સકળ તત્વનું તત્વ છે, એ સાર માંહે સાર; એ પાઠ કરતાં માત્રમાં, વશ થાય આનંદકુમાર. ૬૬ શ્રીવલ્લભ શ્રી વીઠ્ઠલ પ્રભુ, જે પ્રસન્ન કરવા ચાહે; નથી અન્ય ઉપાય એહને, હરી ભકતના ગુણ ગાય, શ્રી આચાર્યજી મહા પ્રભુજીના અંતરંગ એ ભકત, મુજ ઉપર કરૂણા કરી, દો શ્રી વલ્લભ આશક્ત. ૬૮ વૈશ્નવ પદ કમળ, રજ રતી તણી આશ; ગાય ગુણ હરીદાસના, દયારામનો દાસ. ૬૯

ધોળ ૫.

અથ ચોરાશિ વૈશ્નવનું ધોળ. ૩

(તે લીલામાં જે જે સ્વરૂપ હતું તે સ્વરૂપ સાથે લખ્યું છે.)

શ્રી વલભ પ્રભુ ચર્ણ રજને, નમુનિત્ય ધરી માન; ચિંતા ચિતથી સહુ ટળે, ને મીટે ઉર અજ્ઞાન. ૧ શ્રી વિઠલ પ્રભુપદ પરશ, રજ-

વંદુ નિત્ય ધરી નેમ; દુઃખ હરણ સુખ શ્રી નીધી, વળી દાએક ભક્તિ પ્રેમ. ૨ શ્રી આચાર્યજી માહાપ્રભુના ચોરાસી જે ભક્ત; તેહેના ગુણ વર્ણવું, જુગ માંહે જાણે જગત. ૩ તેમના મુળ સ્વરૂપનું કરૂં નામ તે વિખ્યાત; સાંભળતાં સુખ અતિ ઘણું, પ્રભુ પ્રસન હોય સાક્ષાત. ૪ સાંઠોદરા દશા ચાલતી, શ્રી દામોદરદાસ હરશાંનીરે, લલીતાજીનું પ્રાગટ જાણીરે. ૫ કૃષ્ણદાસ મેઘન વળી કહીયેરે, વીશાખાનું પ્રાગટ લહીએરે. ૬ હેતે હરીભક્તના ગુણ ગાશેરે, તેહેનો જન્મ કૃતારથ થાશેરે. ૭ સંભરવાળા દામોદરદાસરે, કુંજ રચનામાં ચિત્ર હુલાશરે ૮ એ કહીએ જ્ઞાતમાં ક્ષત્રીરે, હતો દાશી વિદુરજીની આરે. ૯ પદ્મ નાભદાસ ભરપુરરે, કોટીકમાં વિરલાસુરરે. ૧૦ ચંપકલતા સખી તે કહીએરે, મણી કુંડળા તે તુલસા લહીએરે. ૧૧ વધુ શુતની કહીએ પાર્વતીરે, રૂપ વાલીની રૂપવંતીરે. ૧૨ રૂઘનાથદાસ સુત નામરે, સખી રૂપ તે ગુણ અભીરામરે ૧૩ રજોબાઇ વણ્ણવ ક્ષત્રાણીરે, લલીતાજી-ની દાસી જાણીરે ૧૪. રતીકળા સખીનું નામરે. માહાપ્રભુજી શેવ્યાનું કામરે. ૧૫ દાસ શેઠ પુરૂષોત્તમ કહીએરે, ઇંદુ લેખાનું પ્રાગટ લહીએ રે. ૧૬ સખી મેદની તેહના જાણીરે, પુત્રી રૂક્ષ્મણી તે તો વખાણીરે. ૧૭ શેઠના સુત ગોપાળદાસરે, સખી ગાયન કળાનો હુલાસરે. ૧૮ રાઘરાસ દ્વિજ સારસ્વતરે, પ્રેમ મંજરી સખી રસંમતરે. ૧૯ ગદાધર કપીલ સારસ્વતરે, ગામ કાડામાં રેહેતા આવ્યા વ્રતરે. ૨૦ જુથ કુમારીકામાં નાગરે, કલકંઠી સખી શુભ ગ્રામરે. ૨૧ વેણીદાસ તે ક્ષત્રી કહીએરે, બેલ નંદરાયજીના લહીએરે. ૨૨ માધવદાસ તેમના ભ્રાતરે, શખી રત્ન પ્રભા સાક્ષાતરે. ૨૩ હરીવંશ પાઠક સુખદાઇરે, સખી ગલી ઉતાલીકા તાઇરે. ૨૪ ગોવીંદદાસ ભ્રલ્લા તમ આવેશારે, નંદરાયજીના ઘરના ભેશારે. ૨૫ કડામાંહે અંબા ક્ષત્રાણીરે, લીલામાંહે રોહણીજી જાણીરે. ૨૬ ગજન ધાવન ક્ષત્રી ચેનારે, સખી નામ તે એનું શુભ તેનારે. ૨૭ બ્રહ્મચારી નારાયણદાસરે, માહાવનમાં તેના નિવાસરે. ૨૮ સખી મથુરે દક્ષણા નામરે, ભત્રીજા ચતુરા ધામરે. ૨૯ ક્ષત્રાણી માહાવનમાં રેહેતીરે, સખી નામતે ભાદ્રા કેહેતીરે. ૩૦ જીઆદાસ શુર વળી

ક્ષત્રીરે, સખી નામતે શામાવતીરે. ૩૧ વૈશ્ણુવ ક્ષત્રી તે દેવ કપુરરે, સખી નામ પ્રવિનાપુરરે. ૩૨ સ્ત્રી તેના તે શેવાય શીલીરે, સખી નામ તેનું રશીલીરે. ૩૩ શેઠ દીનકર શ્રવણ રસીલારે, સખી આતુરી નામ તે લીલારે. ૩૪ ધરાનંદ તે દીનકર દાસરે, ધ્રુવનંદ તે મુકંદદાસરે. ૩૫ ક્ષત્રી પ્રભુદાશ જળ લોટારે, સખી નામ તે મનમથ મોટારે. ૩૬ શીહાનંદ ભાટ પ્રભુદાસરે, કુલ હેશી સખી સાક્ષાતરે. ૩૭ પુરૂષોતમદાશ તે ક્ષત્રીરે, વળી વૈષ્ણવ ઉંગની સ્ત્રીરે. ૩૮ પુરશ નામ તે માધવી કહીયેરે, સખી સ્ત્રી માલતી લહીએરે. ૩૯ ત્રીપુરદાસ વઇષ્ણવ કાયસ્તરે સખી નામ તે હરણી પ્રશશાતરે.૪૦ પુર્ણમલ અંબાલે વાસરે, સખી ચિત્રલેહા સુખ રાશરે. ૪૧ જાદવ ઇંદ્રદાસ પ્રજાપત્યરે, ગાયા નામ તે મદોનમસ્તરે. ૪૨ ગોસાંઇદાસ મથુરાંના વાસીરે, ગોવીંદ કુંડના સુવાનીવાશીરે. ૪૩ માધવભટ કાશમેરી કહીયેરે, નામ રત્નાકુમારકામાં લહીએરે; ૪૪ વાંસવાડાના ગોપાળદાસરે,રશપ્રકાશ રશમાં હુલાશરે. ૪૫ પદ્મરાવળ ઉજેણમાં કહીએરે, રાજ લીલા દ્વારકામાં લહીએરે.૪૬ શ્રી રૂક્ષમાણીજીની ખવાશીરે, સખી નામ તે બીમળા હુલાશીરે. ૪૭ વૈષ્ણવ જોશી પુરૂષોત્તમ જેહરે, ગુણ ચુડા સખી નામ તેહરે. ૪૮ સ્ત્રિ વઇષ્ણવ એમની કહીએરે. દુર્વા સખી નામ તે લહીએરે. ૪૯ જગંનાથજોશી વળિ કહીએરે, સખી નામ શૌરભી લહીએરે. ૫૦ સખીછબી સાંથી તેહની માતરે, ગંધ રેખા તે નરહર ભ્રાતરે.૫૧રાણા વ્યાસ ગોધરા ગામરે, નાગરવેલ સખીનું નામરે ૫૨ ગોવીંદ દુવે બડાલીગાં કહીએરે, તન મધ્ય દ્વારકામાં લહીએરે. ૫૩ રારજા દુવે કહીએરે, લલીતાજીની સખીઓ લહીએરે ૫૪ રાજો સખી તે કુંજરી નામરે,માધો રસ રસાળિકા ગ્રામરે. ૫૫ ઉત્તમ શ્લોકદાસ શેવા ભારીરે, સખી શિલ્લા નામ નિરધરીરે.૫૬ ઇશ્વરદાસ દુવેવાળ કહીએરે,શખી નામ તે મેનાં લહીએરે.૫૭ વૈષ્ણવછકડા વાસુદેવદાસરે, શીંહાનંદમાં તેહના વાસરે.૫૮શખાનંદરાયજીના કહીએરે, મનસૂખા ગોપ તે લહીયેરે. ૫૯ભાઇ બેણુ સખી સુરશેનીરે, કૃષ્ણદાસ કોમળીતા તેહનીરે.૬૦ જાદવદાસ ખવાશ તે કહીયેરે, સખી નામ તીલકની લહીએરે. ૬૧

સ્થાનેશ્વરવિપ્ર જગતાનંદરે, શખી મધુરીમન આનંદરે. ૬૨ આનંદદાસ નાગરી કહીએરે, વિશ્વંભરદાસ વલ્લભા લહીએરે. ૬૩ બ્રાંમણી એક અડેલમાં રેહેતારે, શખી શશીકળા સહુકેહેતારે. ૬૪ વૈષ્ણવ ક્ષત્રાંણી એક બાઇરે, શખી નામ તે લીલા ગાઇરે. ૬૫ ક્ષત્રાણી ગોરજા સંભરાઇરે, સાસુ વહુને સદા સુખદાઇરે. ૬૬ શખીનંદાતે ગુરજાકહીએરે, સંભરાઇરે તેવંદા લહીએરે. ૬૭ કૃષ્ણદાસ ખવાસણી જાણીરે, વ્રજ મંગળા સખી વખાણીરે. ૬૮ ભોલા મિશ્ર લાહોરના કહીએરે, શખી નામ સુમંદારા લહીએરે ૬૯ રામદાસ મીરાના પ્રોહીતરે સખી કદ્રાયા નામ સહીતરે. ૭૦ વૈષ્ણવ રામદાશ ચોહાણરે, મધુ એનીશખી પ્રમાણરે. ૭૧ રામાનંદ પંડીત સ્થાનેશ્વરેરે, કુંજલીલા માતમ ચરેરે. ૭૨ વિષ્ણુદાશ છીપારસ છકમાંરે, શખી કમળા અતી જગ સંગમાંરે. ૭૩ ક્ષત્રી જીવણદાસ કપુરરે, શખી પ્રેમધ્વની અતિ સુખપુરરે. ૭૪ સાર શ્વત્તદ્વિજ ભગવાનદાસરે, વસુગંધ શખીનો સુવાશરે. ૭૫ ભગવાનદાસ ભીતરીઆ કહીએરે શખિ નામ સુંદરી લહીએરે. ૭૬ અચ્યુતદાસ સનોડીઆ કહીએરે, શખી માધુરીનામતે લહીએરે, ૭૭ અચ્યુત દાસ તે ગોડ બ્રાહ્મણરે, મોહની શખી નામ તે જાણરે. ૭૮ અચ્યુત દાસ કડાના કહીએરે, શખી નામ રશાત્મીકા લહીએરે. ૭૯ નારણદાસ અંબાલેકે વાસીરે, શખી નામ તે વ્રજ વિલાશીરે. ૮૦ નારણદાસ ભાટ મથુરાનારે, તે તો બાદર ગોકુળમાંનારે. ૮૧ નારણદાસ લવાણા ઠઠામાંરે, શખી કેતકરી નામ ઘટામાંરે. ૮૨ ક્ષત્રાણી શીહાનંદમાં રહેતીરે, સુનંદાનામ શખી કેહેતાંરે. ૮૩ દામોદરદાસની માતરે, વીરબાઇ નામ શાક્ષાતરે. ૮૪ લીલા માંહિ પુલી દીજી કહીએરે, વનદેવી તે તો લહીએરે. ૮૫ સ્ત્રી પુરૂષ શ્રી નંદકે કહીએરે, વિશાખાજીની શખીઓ લહીએરે. ૮૬ રંગાનામ તે પુરૂષ જાણરે, દશા નામ તે સ્ત્રી વખાણરે. ૮૭ શુથાર ખાતી અડેલમાં રહેતારે, શખા નામ શુદામા કેહેતારે. ૮૮ ક્ષત્રી અન્ય માર્ગીનો સ્નેહીરે, શખી મોહની નામ તે તેહીરે. ૮૯ કવિલઘુ પુરૂષોતમ કહીએરે, નંદરાંયતણા ભાટ લહીએરે. ૯૦ ઉમાશંકર તેનું નામરે, જશ વરણવ્યાનું તેહેને કામરે. ૯૧ કવિરા

જ ભાટ મથુરાંનારે, શાંડેલનામપુરાનારે. ૯૨ ગોપાળદાસ નરોડાના ક્ષત્રીરે, સંગીત કળા ગુણ બત્રીરે. ૯૩ જનાર્દનદાશ ક્ષત્રી કહીએરે, શખી ક્રશનાવતી નામ લહીએરે.૯૪ ગડુ સ્વામી બ્રાહ્મણ વંદ્રાવનમાંરે, શખી વંદીનામદે આનંદમાંરે. ૯૫ કનૈયા શાલ ક્ષત્રી જેહરે, આ આના વાશી તેહરે. ૯૬ શખી લલીતાજીની કહીએરે; શખી નામ કમોદની લહીએરે.૯૭ વિપ્ર ઓડીઆ નરહરીદાસરે,શુગર શખીનો શુવાસરે. ૯૮ નરહર સંન્યાશી વળી કહીએરે. સખી નામ ગુલાબી લહીએરે. ૯૯ શદુ પાંન્ડે અનારમાં વાસરે;ચંદ્રભાણ ગોપ સાક્ષાતરે. ૧૦૦ વળી ભાઇ માણકચંદ કહીએરે,મધુ મંગળા નામ તે લહીએરે. ૧૦૧ શદુપાંન્ડે વધુ ભાવનીરે,બેટી નરો ઘણી મનમાંનીરે. ૧૦૨ જશોદાજીની નણદીઆ હોયરે, બેટી રામદે શામદે હોયરે. ૧૦૩ ગોપાળદાસ કહીએ જટાધારીરે,શુભદ્રા સખી નિરધારીરે.૧૦૪ ક્રશનદાસ શાસ્ત્રિ આનંદારે. શખી નામતે નંદા શુમંદારે. ૧૦૫ શતદાસને ચોપડા ક્ષત્રીરે, શખીચંદ્રકા નામ પ્રશસ્તીરે.૧૦૬સુંદરદાશ શખીનામ શીલારે,માધવાસ શખા નામ લીલારે.૧૦૭ પટેલ માધવજી વીરજો કહીયેરે,સખી સુયા હરખા લહીયેરે.૧૦૮ ગોપાળદાશ નરોડાનો વાશરે, જશવંત નંદનો ખવાશરે. ૧૦૯ બાળક્રશન બાદરાયણદાશરે, સ્ત્રી સહીત મોરવીમાં વાસરે. ૧૧૦ શ્રુતિરૂપા સખી નામ કહીએરે, સ્ત્રિ નામ તે ગંગા લહીએરે. ૧૧૧ સુરદાસ તે સાગર શુરરે. ગાયા ગિરધારી ગુણ ભરપુરરે. ૧૧૨ સખાક્રશનનું પ્રાગટ કહીએરે, સખા ચંપકલતા તે લહીએરે. ૧૧૪ સાગર વળી પરમાનંદદાસરે, બાળ લીલામાં જ્ઞાન ઉલાસરે.૧૧૫ સખાતુકનું પ્રાગટ જેહરે, સખા ચંદ્રભાગા કહીએ તેહરે. ૧૧૫ કુમનદાસ કદર સમસ્તરે, શ્રીજીના સ્વરૂપમાં અશકતરે. ૧૧૬ સખા અરજુન તેતો કહીએરે વિશાખાજીનું પ્રાગટ લહીએરે.૧૧૭ સુતક્રશનદાસ દઢ પુરારે, ગૌશેવામાં અતી સૂરારે ૧૧૮ લીલા માટે તે એમનું નામરે, ગોપ ગાયો ચરાવાનું કામરે. ૧૧૯ અધિકારી તે ક્રશનદાસરે; રાશલીલામાં તેમનો અભ્યાસરે. ૧૨૦ સખા રીશભ નામ તે કહીએરે,લલીતાનું પ્રાગટ લહીરે. ૧૨૧ વલણ. ચો-

શશી ચિત લાયકે, કરે પાઠ નિત્ય ધરી નેમ; પુષ્ટિ પ્રથમ પ્રસન થયે, રહે બઢાવે અતિ પ્રેમ. ૧૨૨ ક્રિયા શ્રીહરી રાયજી, કરદીન જાણીદાસ; મુખ ચોરાશી ભકતના, તે નામ કર્યાં પ્રકાશ. ૧૨૩ શ્રી આચાર્યજી મહાપ્રભુનાં અંગ દ્વાદશ જેહ. ધર્મ સાથે ધરગી કહ્યાએ, સમે દ્વાદશ તેહ. ૧૨૪ ચોરાશી વ્રજ કોશ માટે, ચોરાશીએ ભકત, પ્રેમ લક્ષણ પુરીપુરે, શ્રી વલ્લભ પદ આશકત. ૧૨૫ એ વૈશનપદ કમળ રજ, રતીતણી છે અતી આશ, ગાઓ ગુણ હરીદાસના, પદરજ શ્રી વલભદાસ. ૧૨૬

ધોળ ૬.

શ્રી લક્ષમણ ભટ્ટજીનાં ભાવે લીજે ભામણાં, તેલંગ તીલકને વિપ્રશીરોમણુ ભુપજો; એમના સુત શ્રી વલભનાં લેઉં વારણાં, દીવ્ય રૂપે પ્રગટ્યા અનર અનુપજો, શ્રી લક્ષમણ. ૧ ધરમ ધોરીંધન બે સૂત વલ્લભ દેવના, પ્રગટ કર્યો વેદ તણો વિસ્તારજો; ગુણ સહોદર ભરીયા શ્રી ગોપીનાથજી, હળ મુસળધર હલધરનો અવતારજો. શ્રી લક્ષમણ. ૨ શ્રી ગોવરધન વરધન શ્રીવલ્લભ દેવના, રસના રૂપી કહીએ નંદ કુમારજો; એ પુરૂષોતમ પ્રગટીઆ શ્રી વિઠલનાથજી, નિર્ગુણ બ્રહ્મ તે સગુણ સ્નેહી સારજો, શ્રી લક્ષમણ. ૩ શ્રી વીઠલનાથજીના સાત તે લાલ સોહામણા, સહુથી મોટા શ્રી ગીરધરજી મહારાજજો; શર્ણે આવે તે સોંપે શ્રી નાથજી, કરવા શું સેવા કેરાં કાજજો. શ્રી લક્ષમણ. ૪ શ્રી ગોવીંદરાય તણા મન પ્રસન ઉલાશમાં, આવે તેને આપે આનંદ દાનજો; શ્રીબાળકૃશ્નજી કોમળ અંગે રસે ભરયા, કરાવે છે અંતર સુધારસ પાનજો; શ્રી લક્ષમણ. ૫ શ્રીગોકુળનાથજી જણાવે યુગમાં જીવને, એવા પોતે કહીને પરમ દયાળજો; શ્રીરઘુપતીજી રૂડલે નિરખતાં, વદન સુધનની ભુલેલે સંભાળજો, શ્રી લક્ષમણ. ૬ જોવા સરખા હીરો શ્રી જદુનાથજી, એ છે બેહેની અબળાનો આધારજો; દેખી દૈવી જીવ સદા ધનસ્યામજી, શારપરરે અમરત રસની ધારજો. શ્રીલક્ષમણ. ૭ એ સાતે લાલતણો વંશ સદા સંસારમાં, પ્રગટ બીરાજે પુરૂષોતમ પરિબ્રહ્મજો. જુમનાદાસ આત્મને કહ્યાં અઘન, એ

શું જાણે શ્રી વલ્લભ કુળનો મર્મજો. શ્રી લક્ષમણ. ૮

ધોળ ૭.

અથ શ્રી બસેબાવનનું ધોળ.

શ્રીમદ્વલ્લભ પ્રભુજીને નમું શ્રી વીઠલેશ, સાત સ્વરૂપ સહિત સઘળે વંશાત્મક વિશેશ. ૧ શેવક શ્રી વિઠલેશજીના, બસેને બાવન જેહનું નામ; ઉચાર માત્રથી,થાય સહુ પાવન. ૨ ટેક.ગુણ ગોવીંદદાસના ગાઇરે, હોત સ્વામીપર ચિત લઇરે નંદદાસ ક્રશ્ન આશકતરે, ચતુરભુજદાસ સદા અનુરકતરે. ૪ નિત્ય નાગજીભાઇ ઓચરીએરે, ક્રશ્ન ભટ્ટજીને મન ધરીએરે. ૫ ચાચાજી નારણદાસરે, વિઠલદાસ ભક્ત ઉરાશરે ૬ ક્રશ્નદાસ મોરારીદાસરે, બાપ બેટા મન હુલાસેરે. ૭ હુરીદાસ જનાર્દનદાસરે રૂપ મોરારી રસ રાસરે. ૮ અલીખાન વલીખાન જાદીરે, જેમલ રજપુત હરીવાદીરે. ૯ માધવદાસને નાહાલચંદરે, માધવદાસ કાયસ્થ ગુણવંતરે. ૧૦ કાયસ્થ ધણીને ચર્ણીયાણીરે,રૂપચંદ નંદા સુભવાણીરે. ૧૧ એક બ્રાહ્મણ રાઘવદાસરે, ગોપાળદાસ ગુજરાતનો વાસરે. ૧૨ રાજા લાખાને એક બાઇરે, હરીદાસ બનાસ સુખદાઇરે. ૧૩ શેઠ માનચંદ જદુનાથરે, ભાઇલો કોઠારી હરી હાથરે. ૧૪ માણુકચંદને એની નારીરે, હરજી કોઠારી ગુણ ભારીરે. ૧૫ ગોપાળદાસ બ્રાહ્મણ બંગાળીરે, વ્યાશ ગણેશ બહુ ભાગ્યશાળીરે. ૧૬ મદસુદનદાસ છે હરી વાહાલારે, એક કણબી માલાવાળારે, ૧૭ એક વૈશ્નવની છે કન્યારે, રામાનંદને પર્ણાવી કન્યારે. ૧૮ એક વઇષ્ણવ બેટી ટેકીરે, તે તો પરણી ધર્મ વિવેકીરે. ૧૯ વઇષ્ણવ એક તરૂના સંગીરે, પાયો ગુજરી હરી રસ રંગીરે. ૨૦ એક વ્રજવાશી સુત નારીરે, ગોપીનાથદાસ બાઉ ચારીરે. ૨૧ કણબી ગુજરાતી બે ભાઇરે, દ્વિજ પતિ આગે રાઇરે. ૨૨ એક ગોડીઆ પંડીત શોભેરે, એક રઘુપતિ દરશન લોભેરે. ૨૩ એક પંડીતને કાહાના બાઇરે, વૈશ્નવ ક્ષત્રીછે આગરાઇરે. મેહ ઢીમરને દ્વિજ રેહુરે, નારણદાસ હરીને તેહુરે. ૨૫ એક વૈશ્નવ સુતર વાળારે, રાજા આશકર્ણપ્રભુ

વાહાલારે. ૨૬ બે હતી પતીત એ કણબીરે, વહુ અજબ કુંવર બહુ ધર્મીરે. ૨૭ એક પ્રોહીત વેસ્યા કન્યારે, ગંગાબાઇછે પુર્ણ ધન્યારે. ૨૮ એક રાજાને એક ધોબીરે, બે સાચોરા રસ લોભીરે. ૨૯ એક વૈષ્ણવ મદન ગોપાળરે, બે કણબી પટેલ રશાળરે. ૩૦ એક સેવક એક વિરક્તરે, દયા ભવઇઆ આશક્તરે. ૩૧ એક વાણીઆને એક નારીરે, એક પરમ વઇષ્ણવતા ધારીરે. ૩૨ એક ક્ષત્રાણી વિરક્તરે, વાઘજી રજપુત આશક્તરે. ૩૩ એક ગોપાળદાસ ભીતરીઆરે, બીજા આઠ શેવક અનુસરીઆરે. ૩૪ ગોપાળદાસ શાંચલ બોળાભાઇરે, શેઠ પુત્રી દીવાનીની જાઇરે. ૩૫ એક કજડી રૂપા બાઇરે, હરીદાસ સુતા સુખદાઇરે. ૩૬ એક ક્ષત્રી વૈશ્નવ બાઇરે, રાજા રાણી પુત્રને દાઇરે. ૩૭ શાહુકારનો બેટો બીલાસીરે, એકુ વૈશ્નવ કોણ પ્રકાશીરે. ૩૮ એક વેશ્યા બાવનની વાસીરે, તે હરીગુણ માંહી નીવાસીરે. ૩૯ પુત્રજી વડો વિરક્તરે, વેણીદાસ છીપાછે ભકતરે. ૪૦ એક શામલદાસ એક નાઇરે; પુત્ર પઠાણનો સુખદાઇરે. ૪૧ ઓઝા દામોદરદાસ છે ભક્તરે, બેટી શાહુકારની આશક્તરે. ૪૨ વઇષ્ણવ એક ખડબુચાવાળોરે, શેઠ આગરાઇને મન ભાળોરે. ૪૩ એક કાપડ વાળો શોભેરે, કણબા આંજણા વઇષ્ણવ લોભેરે. ૪૪ એક શાસ્ત્રી મોરારદાસરે, લાડબાઇ ભાટ ગુણરાશરે. ૪૫ રાજા રાણી હરીમન ભાવેરે, એક વૈશ્નવ ડોળ જુલાવેરે. ૪૬ દ્વિજ શેઠ સોની પરમાનંદરે, મેરા પુરૂષોતમ ગુણવંતરે. ૪૭ એક બે ભાઇ ચંદન લાવ્યારે, ચોપડા ભંડારીને મન ભાવ્યારે. ૪૮ ઠગ એક દશ એક શગીરે, માતા બેટી હરીરશ રંગીરે. ૪૯ એક વસ્તી ને વિરક્તરે, બીજા બે ભાઇ આશક્તરે. ૫૦ જીવા પારેખને જેપાળરે, દાશી માધવદાસ દલાલરે. ૫૧ બેટો પટેલનો નિત્ય આવેરે, બેટી પટવારીને મન ભાવેરે. ૫૨ હરીદાસ જમાઇ માણેકચંદરે, પ્રભુ ત્યાગ કરો એ મનરે. ૫૩ એક ગીરીકી પરિક્રમા કરતારે, એક નિત્ય ઉઠી વ્રજમાં ફરતારે. ૫૪ બે કણબીએ કરી હેવીરે, લેઇ કુવામાં નાંખી દેવારે. ૫૫ કણબણ ગુજરાતનીવાસીરે, બેટી બીરબલની સુખ રાશીરે. ૫૬ રાજા જેશીંગ દક્ષિણનારે, વળી પ્રોહિત તેના ઘરનારે. ૫૭ સાસુ વહુ સુરતના વાસી

રે, રાજા પુર્વેનો સુખરાશીરે. ૫૮ શેઠ સુતરના રોજગારીરે, એક બ્રાહ્મણી નાગર જાતીરે. ૫૯ શ્રી ગોકુલેશ શ્રીજીને રૂપેરે, દીધું દરશન બેન અનુપેરે. ૬૦ એક દુસંગ સાંડો વિરકતરે, બીજો ભાઇ આશકતરે. ૬૧ વેણીદાસ છીપાછે ભકતરે, એક રજપુત કાંહાના આશકતરે. ૬૨ દ્વિજની પત્ની વૈશ્નવ સંગથીરે, ખોયા કોડ પોતાના અંગથીરે. ૬૩ એકનુન્ય અવીક બે આવેરે, એક દ્રવ્ય સાગથી લાવેરે. ૬૪ એક કણબી ગાયચરાવેરે, એક રાસનો રત ચીતલાવેરે. ૬૫ એક ઠગને એક ગુજરાતીરે, સીતાબાઇછે દક્ષણી જાતીરે. ૬૬ એક વૈશ્નવને એક બાઇરે, દામોદરદાસ સુખદાઇરે. ૬૭ વડનગરીમાં માધવદાસરે, એક વૈશ્નવ મહા વનવાસરે. ૬૮ ગુજરાતના દાસ મોરારીરે, ભકત ભીમ અતી હેતકારીરે. ૬૯ એક દાસ ગોવર્ધનધારીરે, રામદાસ પરમ આચારીરે ૭૦ જીવાદાસને નરહરીદાસરે. રાજા ટોડરમલ સુખ રાસરે. ૭૧ નરશીદાસ પીતાંબરદાસરે, ધર્મદાસ ગોપાળ પ્રકાશરે. ૭૨ એક બ્રાહ્મણ માધવદાસરે, એક વેપારી સુખ રાસરે. ૭૩ એક બ્રાહ્મણને એક નારીરે, એક સ્ત્રીછે સુખકારીરે. ૭૪ એક જન ભગવાન બે ભાઇરે, એક ઠીમલ સુખદાઇરે. ૭૫ દ્વિજ પતિ પત્નિ પટેલરે, એક સોદાગર રસ રેલરે. ૭૬ બીસ્ત્રીદાસ ચત્રુભુજ ભાવેરે, ગોપાળદાસ ગોરવા કહાવેરે. ૭૭ એક ક્ષત્રી રઘુનાથરે, ઓધો તરવાડી હરી હાથરે. ૭૮ હવે ઇશ્વરદાસ સાચોરારે, સતદાસ ક્ષત્રી ગુણ ગોરારે. ૭૯ ક્ષત્રી સુતને સુત બ્રાહ્મણનારે, એક વૈષ્ણવ રાજનગરનારે. ૮૦ વહષ્ણવ ભગવાનદાસ સોહાવેરે, એક દક્ષણી વૈષ્ણવ આવેરે. ૮૨ સ્વામી કૃષ્ણદાસ વીલાસીરે, એક ક્ષત્રી મથુરાં વાસીરે. ૮૨ દ્વિજ જોશી રાણા ભીમારે, શાહુકાર સુત સુખ સીમારે. ૮૩ એક ક્ષત્રી જાદવ દાશરે, હરીજન મથુરાં વાસરે. ૮૪ શાહુકાર વળી ક્ષત્રાણીરે, એક વ્રજવાશી શુભ વાણીરે. ૮૫ દાસ પુરૂષોતમ પોકરાણારે, વળી દુરગાદાસ ગુણ ગણાતારે. ૮૬ ક્ષત્રી ચાવડા ધાનદાસરે, લક્ષ્મીદાસ ગુજરાતમાં વાસરે. ૮૭ તારાચંદને ચતુર બીહારીરે, વૈશ્નવ ગુજરાતી અતિ ભારીરે. ૮૮ હરીદાસ મોહનદાસરે, માધોસાર સુત ગુણરાસરે. ૮૯ દ્વિજ બેટી ક્ષત્રી કન્યારે, એક ચોર સેવ-

ક થયો ધન્યારે. ૯૦ એક ઉત્તમ અષ્ટ લોક દાસરે, ખેડાવાળ ભગત રસ રાસરે. ૯૧ સાસુ ને સસરો જ્ઞાનીરે, રજપુતની બેટી પરમાણી-રે. ૯૨ સાચોરા દ્વિજ આનંદદાસરે, એક ભીલડી છે સૂખ રાસરે. ૯૩ સજ્જનદાસ દેવાભાઇ કણબીરે, રાજ્ય પુત્ર મોહોનદાસ ધરમીરે. ૯૪ નર નારી વસેછે પ્રાગરે, માધવદાસ સુરત અનુરાગરે. ૯૫ ભટ કલ્યા-ણજી વીરાબાઇરે, મહારા પુરૂષોતમ સુખદાઇરે. ૯૬ રૂડા રતનજી અ-ધીકારીરે, રૂપબાઇ પરમ ગુણ ભારીરે. ૯૭ વૈશ્નવ ક્ષત્રીછે આગરાઇ રે, એક મહીશ્વરને કુલબાઇરે. ૯૮ દેવ ભીમ ભંડારીરે, રાજા માન-સીંહ અધિકારીરે. ૯૯ દવે પ્રોહિત સુત વિક્ષાતરે, કૃશ્નદાસ ગોરવા જાતરે. ૧૦૦ વડનગરા માધવદાસરે, દ્વિજ ઉજણીના સુખરાસરે. ૧૦૧ નારણદાસ સનોડીઆ જ્ઞાનીરે, લક્ષ્મીદાસ રજો ક્ષત્રાણીરે. ૧૦૨ રાજા બીરબલને તાનશેનરે, આનંદના પરી સુંદર બેનરે. ૧૦૩ વેણીદાસ દામોદરદાસરે, વીજાનગરીમા છે વાસરે. ૧૦૪ એક એક કુળ લખી લીધુરે, લખા સ્વરૂપ હઇઆમાં લીધુરે. ૧૦૫ ચાલ ફરીછે. જથામ-તી એ કહ્યાં છે. વળી બીજાછે અપાર; પરમતત્વનું તત્વ છે, એ ભક્ત-ના આધાર. ૧૦૬ ભક્ત રાજ શીરોમણીને, એકનો આધાર; કરયાછે વળી કરેછે, વળી કરશે નીરધાર. ૧૦૭ તે માટે સરવે પ્રાતઃ ઉઠીને નામે કરો કરાહાર; કંઠમાં ધારણ કરો તો, હરી મળે સુખસાર. ૧૦૮ સર્વે ભગવતીને નમન કરીને, એજ માગુ નેમ; શ્રી વીઠલવરની સૃ-ષ્ટી ઉપર, રહો દુર્લભ પ્રેમ. ૧૦૯

ધોળ ૮ મું.

અથ શ્રી દીનતાનું ધોળ.

શ્રી વીઠ્ઠલ વર માહારારે તમને તો શું કહીએ, પ્રાણજીવણછોરે પ્રભુ જયમ રાખો ત્યમ રહીએ. ૧ આશ તમારીરે મહોટી વાલા હમને, છોળ નવ દેશોરે અરજ કરૂછું તમને. ૨ દયા કરીનરે દરશન અમને દેજો. શ્રી વ્રજભુષણ લાલજીરે જીવને શરણે લેજો. ૩ વલ્લભકુળ પ્રગ-ટયારે અનેક જીવને તાર્યા, કોઇ જન્મનારે પ્રભુ માગ્યા ઉગાર્યા. ૪ એ વિશ્વાસેરે અમો રહ્યાં છીએ વળગાં, પાલવ નહી મુકુરે કયમ કરી

કરશો આળગાં. ૫ જે પોતાના કીધારે તે મુકયા કયમ જાશે, બરદ તમારારે પ્રભુ ભકત વચ્છળ કહેવાશે. ૬ જીવના દોશજરે કેહેતાં પાર નહીં આવે, અઘોર કળીમાંરે પ્રભુ તમ વિના કોણ છોડાવે. ૭ પ્રદેશ પધારોરે દાસજડાને કાજ, રીત ચલાવોરે શ્રી વલ્લભજી મહારાજ. ૮ કૃત્ય હમારાંરે જો વહાલા ચિત ધરશો, જીવ અથડાશેરે હેવું તો ન કરશો. ૯ પુર્ણ પુરૂષોતમરે પ્રભુજી તમે કાહાવો, હમારે સર્વેશરે તમ સાથે છે દાવો. ૧૦ શિક્ષા હમનેરે જે ઘટે તે દેજો, શ્રી વીઠુલવર નાથ જીરે જીવને શર્ણે લેજો. ૧૧ દાસની વિનંતીરે પ્રભુ હઇઆમાં લઇએ, શ્રી વિઠુલવર મારારે તમને તો શું કહીએ. ૧૨

ધોળ ૯.

અથ શ્રી વીનતીનું ધોળ.

વ્રજના જીવન કરૂ વિનંતી શ્રી ગોકુળનારે ચંદ, વ્રજના જીવન કરૂ વિનંતી. શ્રી વલ્લભનંદ વેગે તે આણાં મોકલો, શ્રી ગોકુળનારે ચંદ. વ્રજના જીવન. ૧ તમારા દર્શન વિના વલ્લભરે, કોહોજી કેમ રહેવાય; મનડા તે કેઇ પેરે વાળીએ, નયણે નિર ભરાય. શ્રી વ્રજના જીવન. ૨ અરજ સુણી આદર કરીરે, શ્રી જીમનાજી માંહ; વિયોગ તણું દુઃખ દોહલું, કોહોજી કયમ રહેવાય; વ્રજના જીવન. ૩ દુર રહે કયમ ચાલશેરે કોહોજી કોહોની એ રીત્ય;આજ કાલનું કોઇનથી છે પુર્વની પ્રિત. વ્રજના જીવન. ૪ હરીરે હઇયામાં જાણજોરે, છે પુર્વનો સ્નેહ, દયારે કરોરે દીનાનાથજી, નીકર તજીશું આ દેહ. વ્રજના જીવન. ૫ નયણે ભરી કયારે નિર્ખીશુરે, શ્રી ઠકરાણી ઘાટ; અંતરમાં ઇચ્છા ઘણી, જોઉ વ્રજનીરે વાટ. વ્રજના જીવન. ૬ આરે સ્રકાઇને સારીર થયારે, હરી હળધર વીર; નયણાં તે રાખ્યા નવ રહે, ભરીભરી આવે છે નિર. વ્રજના જીવન. ૭ રાંક ઉપર શાં રૂશણાંરે, પ્રભુ દીન દયાળ; દાસ પોતાના જાણીને, કરજોરે સંભાળ. વ્રજના જીવન. ૮

ધોળ ૧૦.

શ્રી વલભજી કરૂં વિનતીરે, મારા પ્રાણ આધાર;દીન જાણી કરૂણા ક-

રીરે,પ્રભુજી કીજીએ સહાય શ્રીવલભજી.૧ અનુક્રમ કરીને વરણવુ રે, શ્રી ભાગવતરૂપઃદ્વાદશ અંગ પ્રભુજીતણાં, શોભા પરમ અનુપ.શ્રી વલભજી. ૨ અધિકાર લીલા પ્રથમ સ્કંધ છેરે, દક્ષણ ચરણનું ધામ; પાંચચરણનું ધામછે,દ્વિતીય સ્કંધ લીલા જ્ઞાન.શ્રી વલભજી ૩ સ્વર્ગ લીલા ત્રીતય સ્કંધછેરે,હરીનો એક બાહુ જેહ;વિસર્ગ લીલારેચતુ-રસ્કંધછે, બીજો બાહુજેહ. શ્રીવલભજી. ૪સ્થાન લીલા પંચમસ્કંધ છેરે, પાછલો ભાગ કરી જાણ; પોષણ લીલારે સષ્ટમસ્કંધ છે, કરી ઉદર વખાણ. શ્રી વલભજી. ૫ લીલા સપ્તમસ્કંધછેરે, દક્ષણ હસ્ત કહેવાય; એકહસ્તને અષ્ટમસ્કંધછેરે,મનવંતરે લીલા ગાય. શ્રીવલ-ભજી. ૬ નવમેસ્કંધે ઇસાનું કહ્યારે, બીજો સ્થાન જેહ; દશમસ્કંધે નિરોધ લીલા રહછે, તે સમરે ધરી નેહ.શ્રી વલભજી ૭ મુક્તિ લીલા એકાદશ સ્કંધછે એતો મુસ્તક, આસરે લીલા દ્વાદશ સ્કંધ છે. ૮ હ-રીદાસ પરભુ શોભા નિરખીને, ધરી ભજીએ ચિત; ક્ષણક્ષણ હરીને નિહારીએ. ગુણ ગાઇએ નિત્ય. ૯ શ્રી વલભજી કરૂં વિનતીરે, મા-હારા પ્રાણ આધાર.

ધોળ ૧૧.

અથ શ્રી પોપટનું ધોળ.

લક્ષમણ ભટજીનું ધામરે, દીસે અતી સુખકારી; કાકરખંભા ગામરે, તે ઉપર જાઉ વારી.૧ છે તેલંગા બ્રાહ્મણરે,માહા ચુગ પવિત્ર જાણી; એમના કુળ મધેરે,શ્રી વલભ પ્રગટયા જાણી.૨ શ્રી વલભ ગુણ ગાવું રે,આનંદ પ્રેમ ભરી;શ્રી હરીના મુખથારે,પ્રગટયા દેહ ધરી.૩ તેલંગ કુળ મંડનરે, શ્રીલક્ષ્મણ તાત સહી; શેષનાગ સરીખારે, જેને માથે શાહસ્ત્ર ફણી. ૪ તેતો પાર ન પામેરે, લીલા રસ સિંધુતણી; અગ્નિ મધે પ્રગટ્યારે, શ્રી વલભનાથધણી. ૫ અગ્નિ મધ્યે રમતારે, માતા-જીએ દીઠા જયારે, એછે સુત માહારારે, ધાઇને આવ્યાં ત્યારે. ૬ અ-ગ્નિ એ માગ દીધોરે, માતાજીને આવ્યાં જાણી, બેહુ કર સાહીનેરે, કુંવરને લીધા તાણી. ૭ અમરાવતી જુવેરે, રત્ન પુષ્પ વધમાનચડી; દેવ દુદંભી વાગ્યાંરે, ચોદીશ લાગી ઝડી. ૮ સુર વિનતા સહુકોરે જો-

વાને, આવ્યાં મળી; અંજળી ભરી ભરીરે,પુષ્પની વૃષ્ટી કરી. ૯ ફેરી વ્રજ પ્રગટયારે, દ્વીજ કુળ રૂપ ધરી; એ સોભા જોઇરે, કહે હરીદાસ વળી. ૧૦ વરજમાં વાસ આપજોરે, વિનંતી આ ણે વરી; શ્રી લક્ષ્મણ ભટજીનું ધામરે, અતિ સુખકારી.

ધોળ ૧૨.

ધન્ય આઠો અંધારી રાત્રકે, ભાદરવા વદીરે લોલ; ધન્ય મથુરાં ધન્ય ગોકુળ ગામકે ધન્ય જમુનાં નદીરે લોલ. ૧ જ્યાંહાં પ્રગટ્યા શ્રી સુંદીર સ્યામકે, કમળદળ લોચનારે લોલ; પુરવા વરજજન કેરી હામકે ભક્ત દુઃખ મોચનારે લોલ. ૨ પ્રગટ્યા મથુરાંમાં જદુરાયકે શ્રી વસુદેવ ગ્રહેરે લોલ, નિર્ખે દેવકીજી મુખચંદકે, મન આનંદલાહેરે લોલ. ૩ વિનંતી કરી કહે ધન્ય આજ કે, દેવા પ્રભુ નિરખીઆરે લોલ; આંગણે ઉભા શ્રી વસુદેવ કે, અતીઘણું હરખીઆરે લોલ. ૪ સ્તવનાં કરતા બહુ જન કે, કહો કયમ કીજીએરે લોલ; ચોભુંજસ્વરૂપ દુર કરી નાથકે, બાળુંવપુ લીજીએરે લોલ. ૫ પ્રભુજીએ કીધું બાળ સ્વરૂપ કે, કહેછે તાતનેરે લોલ; મુજને ગોકુળમાં જઇ સોંપોકે જશોદા માતનેરે લોલ. ૬ ભાગી ભોગળ ખોલ્યાં કમાડ કે, કાળા ગ્રહ તણારે લોલ; જેહેનાં કૃષ્ણ સરીખા પુત્ર કે, તેહને શોભાણારે લોલ. ૭ સુતા દ્વારપાલ સર્વે સાથ કે,કર્યું કૌતક હરીરે લોલ; આગ્ના માગી શ્રી ગોકુળ કે, માયા આવતીરે લોલ. ૮ મુસ્તક લીધા શ્રી જદુરાયકે, ચાલ્યા શ્રી ગોકુળ ભણીરે લોલ; વરશે મેઘ ધરી રહ્યા છત્ર કે, શેષ સહસ્ત્ર ફણીરે લોલ. ૯ પધાર્યા નંદતણે દરબાર કે, સુતાં સહુ લોકડાંરે લોલ; પોઢાડ્યા જશોદાજીની શેજ કે,ગીરધર મોકડારે લોલ.૧૦ કન્યા લીધી શ્રી વસુદેવ કે આવ્યા મથુરાં ફરીરે લોલ; જશોદા જાગ્યાં દીઠા પુત્ર કે,કહે હર્ખ ભરીરે લોલ. ૧૧ તેડો સગાં કુટંબી આજ કે, સહુ વ્રજ સાથનેરે લોલ,તેડો બેહેન તમારી ચાર કે, નવળદ માતનેરે લોલ. ૧૨ આપો મણી માણક ભંડાર કે,આભ્રણ જેહનેરે લોલ; આપો દ્વીજ જનને બહુ દાન કે, ગૌવચ્છ તેહનેરે લોલ.૧૩ આંગણે નંદ તણે અતી ભીડ કે,આવ્યા વ્રજ જન તાંહીરે લોલ, બાંધ્યા કાચ્છ ખે-

લે નર નાર કે, હળધર ઘૃત દુધ દહીંરે લોલ. ૧૪ હેવા ઓચ્છવ નિત્ય અખંડ કે, શ્રી વલ્લભ બારણેરે લોલ; હઇડે હર્ષ તણો નહીં પાર કે, વૈશ્નવ જાય વારણેરે લોલ. ૧૫ શોભા જોઇ કહે હરીદાસ કે, દરશન નિત્ય આપજોરે લોલ; તમારી લીલા નિત્ય અપાર કે, હૃદયમાં સ્થાપજોરે લોલ. ૧૬ ધન્ય આડો અંધારી રાત કે ભાદરવા વદીરે લોલ. ૧૭.

ધોળ ૧૩.

આનંદ સાગર ઉલટ્યોરે લોલ, શ્રી વાસુદેવજીને દ્વારજો: આઠમ શ્રાવણની વદીરે લોલ, રોહણી નક્ષત્ર બુધવારજો; પ્રગટ્યા શ્રી કૃશ્ન મન ભાવતારે લોલ. ૧ પીળાં પીતાંબર પહેરીઆંરે લોલ, ઓઢ્યા ઉપર્ણો સારજો; મુસ્તક મુગટ બીરાજતારે લોલ, કુંડળ ઝળકેછે કાનજો પ્રગટ્યા. ૨ ભાલ તીલક મૃગ મદતણારે લોલ, ખીટલીઆળા કેશજો; ચારે ભુજાએ આયુધ ધરીરે લોલ, શંખ ચક્રને ગદા પદ્મજો. પ્રગટ્યા. ૩ નાકે નથ બેસર શોભીતારે લોલ, ચુની છે લાલ ગુલાલજો; અધરપર મોતી લટકતાંરે લોલ, હબચીએ હીરલાની કાંતજો. પ્રગટ્યા. ૪ બાંહે બાજુબંધ બેરખારે લોલ, પોંચિછે રત્ન જડાવજો: હાથે હાથ ફૂળ સોહીયે મુદ્રીકારે લોલ, ઉરગજ મોતોના હારજો. પ્રગટ્યા. ૫ કેડે બાંધીછે કટી મેખળારે લોલ, ચર્ણે ઝાંઝરનો ઝમકારજો; એવા પ્રભુજીને નીરખતારે લોલ, સર્વે ગયાંછે દુઃખ દુરજો. પ્રગટ્યા. ૬ વસુદેવ દેવકીજી હરખીઆંરે લોલ, નીરખ્યા શ્રીમુખ સ્વરૂપજો, એવા પ્રભુને ક્યાં રાખશુંરે લોલ, કોપેછે કંસરાય ભુપજો. પ્રગટ્યા. ૭ ત્યારે પ્રભુજી એમ બોલીયારે લોલ, સાંભળો મોરી વાતજો, શ્રી નંદતણા દરબારમાંરે લોલ, તેડી મુકી આવો મારા તાતજો. પ્રગટ્યા. ૮ કન્યા લઇને ઘેર આવજોરે લોલ, સરશે સઘળાં કાજજો; તે તમે કંસને દેખાડજોરે લોલ, તો મોડશે એના માનજો. પ્રગટ્યા. ૯ એમ કહી માયા ફેરવીરે લોલ, ધરીયાં છે બાળ સ્વરૂપજો; વસુદેવ દેવકી વિસ્મે થયાંરે લોલ, સ્વપ્નુ લાધ્યું છે મને સારજો. પ્રગટ્યા. ૧૦ ભાગી ભુંગળ ખોલાં પાટીઆંરે લોલ, સૂતા છે સહુ દરવાનજો; મુસ્તકે લેઈ હરીને નિશરારે લોલ, લીધી શ્રી ગોકુળની વાટજો પ્રગટ્યા. ૧૧ ઝરમર વરસે છે મેહુલારે લોલ,

ચા દશે ચમકે છે વીજજો;આવે સિંહ ચડુકીઆરે લોલ,શેષ નાગે કીધો છે છાંયજો.પ્રગટ્યા. ૧૨ શ્રી જમનાજી વહે છે રસ પુરમાંરે લોલ, ઉઠે છે લેહેર તોરંગજો;હરીના ચર્ણ સ્પર્શવારે લોલ.હેઠાં થયાં તે જળ નીરજો.પ્રગટ્યા.૧૩ દીધો મારગને ચાલ્યા ઉતરીરે લોલ,પોહોંચ્યા શ્રી નંદ દ્વારજો;સુતા દીઠા સહુ સાથનેરે લોલ,મનમાં કીધો છે વિચારજો. પ્રગટ્યા.૧૪શ્રી જશોદાજીની શેજમાંરે લોલ,પોરાઢ્યા શ્રીગીરધરલાલ જો;કન્યા લઇ પાછા વળ્યારે લોલ,જોજ્યો પ્રભુજીના ખ્યાલજો.પ્રગટ્યા.૧૫ જાગ્યાં જશોદાજી તે સમેરે લોલ,નિરખ્યા શ્રી સુંદીર શ્યામ જો;નંદજી મન હરખ્યા ઘણુંરે લોલ,આપ્યાં છે રત્નનાં દાનજો.પ્રગટ્યા. ૧૬ ઘેર ઘેર તોરણ બાંધીઆંરે લોલ, માનની મંગળ ગાયજો, વ્રજ સહુ ઉમંગો પ્રેમશુંરે લોલ. આનંદ ઓછવ થાયજો. પ્રગટ્યા. ૧૭ હળધર દહીં પ્રત દુધનારે લોલ;મચ્યો છે ગોવા કીચજો: તાળિ વાગેને ફરે ફુંદડીરે લોલ, નાચે છે સહુ નર નારજો. પ્રગટ્યા. ૧૮ બ્રહ્માને શીવ મુની દેવતારે લોલ, બોલે છે જય જયકારજો; દેવનાં દુંદભી વાગીયાંરે લોલ, પુષ્પની વૃષ્ટિ થાયજો. પ્રગટ્યા. ૧૯ એ સુખ શોભા શી કહુંરે લોલ,કેહેતાં ન આવે પારજો; શ્રીવલ્લભ ચર્ણ પ્રતાપશુંરે લોલ,શોભા જુએ છે બલીહારજો. પ્રગટ્યા શ્રી કૃષ્ણ મન, ભાવ તારે લોલ. ૨૦

ધોળ ૧૪

ચાલો સખી શ્રીગોકુળ જઇએ, વિનંતી વાહલાને કહીએ; કે સહેજે સુખીઆં બહુ થઇએ. ચાલો સખી. ૧ ધન્ય ધન્ય શ્રી ગોકુળગામ, પ્રગટ્યા પુરણ કામ; જેહેનું મુની ધરે ધ્યાન. ચાલોરે સખી. ૨ મળી સહુ વ્રજતણી નારી, પેહેરી કસુંબલ સારી; કે લટકે ઘુઘટડો ભારી. ચાલોરે સખી. ૩ મળી સહુ સહચરની ટોળી, પેહેરી પચરંગી ચોળી; ચાલે ભમર ભોળી. ચાલો સખી. ૪ કર મુક્તાફળની થાળિ, જોતાં વદન સદન વાળી; કે માંહોમાંહે લે તાળી. ચાલો સખી. ૫ તોરણ બાંધ્યા છે ટોડે, જય જય શબ્દ યાચક બોલે; કે વૈષ્ણવ જન મળીયા કોડે. ચાલોરે સખી. ૬ ધન્ય ધન્ય ઠકરાણી ઘાટ, બેઠા શ્રી વીઠુલનાથ; સોહીએ કુંવર સાત. ચાલો સખી. ૭ ધન્ય ધન્ય જમુનાની

લેહેરી, મધુરીસી મોહનની વેણું; સુણતાં થઇ ગઇછું ઘેલી.ચાલો સખી. ૮ પ્રગટ્યા ગીરિવર ગીરધારી, કરી વ્રજલીલા વિસ્તારી; માનવદાસ જોઇ જાય બલીહારી. ચાલો સખી શ્રી ગોકુળ જઇએ. ૮

ધોળ ૧૫.

અથ શ્રી ગોવર્ધનવાશી લીખ્યતે.

શ્રી ગોવર્ધન વાશી સાંવરો, લાલ તુમ વિનારે; શ્રીજી તુમ વિના રહ્યો ન જાયહો, વ્રજરાજ્ય લડતો લાડીલો; નીકી મોહનરે, આછી મધુરી શી મોરલી બજાયહો; શ્રી ગોવર્ધન વાશી સાંવરો. ટેક. બંક ચિત મુશકાયકે લાલ, સુંદરી બદન દેખાય, લોચન તલપો મીન જયું લાલ; ક્ષણભર પલક બહો જાગ હો. શ્રી ગોવર્ધન. ૧ સસ સ્વર બંધાનકે લાલ મોહન બેન બજાય, સુરત સુહાઇ બાંધકે લાલ, મધુરે મધુરે ગાય. શ્રી ગોવર્ધન. ૨ રસીક રસીલી બોલની લાલ, ગીરી ચઢી ગૈયાં બોલાય; ગંગ બોલાય ધુમરિશી લાલ, ઉંચે હેરે સુનાય હો. શ્રી ગોવર્ધન. ૩ દ્રષ્ટ પરિ જયાં હોવસ તે લાલ, તબ તે રૂચે નહી અન; રજની નિંદ્રા નવ આવહી લાલ, વિસરે ભોજન પાનહો. શ્રી ગોવર્ધન. ૪ દરશનકું નેનાં તપે લાલ, બચન સુનનકો કાન; ગીલવેકો હેરે તપે લાલ, મેરે જીયેકો જીવન પ્રાણહો. શ્રી ગોવર્ધન. ૫ મન અભિલાખાયું રહી લાલ. લાગી નેનની મેખ; એક ટક તખું આવતો લાલ, નાગર નટવર ભેખહો. ૬ શ્રી ગોવર્ધન. ૬ પુર્ણ શશિ મુખ દેખકે લાલ, ચિત મોટો ઓહી ઠોર; રૂપ સુધારશ પાનકે લાલ, સાદર ચંદ્ર ચકોરહો. શ્રી ગોવર્ધન. ૭ લોક લાજ કુળ બેદકી લાલ, છાંડો સકળ વિવેક, કમળ કવિ રવી જયું બઢે લાલ, ક્ષણ ક્ષણ પ્રિત વિશે કહો. શ્રી ગોવર્ધન. ૮ મનમથ કોટીક વારણું લાલ, દેખી ડગમગી ચાલ; જુવતી જન મન ફંદના લાલ, અંબુજ નેન વિશાળહો. શ્રી ગોવરધન. ૯ એ રઢ લાગી લાડીલે લાલ, જેસે ચાતક મોર; પ્રેમ નીર લખાયકે લાલ, નવ ઘન નંદ કીશોરહો. શ્રી ગોવરધન. ૧૦ કુંજ ભોવન ક્રિડા કરે લાલ, સુખ નિધી મદન ગોપાલ; અમ શ્રી વંદ્રાવન માલતી લાલ, રુગ ભોગી ભમર સુપાળહો. શ્રી ગોવર્ધન. ૧૧ જુગ જુગ

અવિચળ રાજીએ લાલ, એ સુખ શૈલ નિવાસ. શ્રી ગોવરધન ધર રૂપ લાલ, બલીહારી ચત્રુભુજદાસહો. શ્રી ગોવરધન વાશી. ૧૨.

ધોળ ૧૬.

શ્રી ગોકુળ ગામ અતી શોભીતા,શોભીતા મંદીરમાળીઆં;ચોક ચિત્રામણ શોભીતા, શોભીતા જડીત્ર ને જાળીઆં.૧ મણી માણક સ્થંભ શોભીતા, શોભીતા હીંડોળા ખાટરે;પાટીએ પચરંગી શોભીતા; શોભીતા ગુગર્યાના ઘાટરે. ૨ ત્યાંહાંરે બીરાજે શ્રીવલ્લભરાયજી,ભલી ભલી વૈશ્નવની જોડરે; પ્રેમે પ્રભુજી પધારીઆ, પુર્યાંનિગમના કોડરે. ૩ કુમ કુમ થાળરે કરે ધરી, ભરી મુક્તાફળ શારરે; વૃજ ત્રીયા વેગે વધાવાને, આવે છે માંડવા માંહરે ૪ અગ્નિ થકી વાહાલો પ્રગટીયા, કીધો છે અતી ઘણો શ્રમરે; હેવા પ્રભુજીને નિર્ખીને, કોઇ ના જાણે તેહેનો મર્મરે. ૫ શ્રી વલ્લભ ચરણે જે નમે, તેની તે પોહોતે છે આશરે, માધવદાસની વિનતી; રાખજો દ્રઢ વિશ્વાસરે. ૬ શ્રી ગોકુળ ગામ અતી શોભીતા, શોભીતા મંદીર માળીઆં. સંપૂર્ણ.

ધોળ ૧૭.

રૂક્ષ્માંણી જાયા શ્રી વલ્લભ પુત્ર વધાવો વ્રજરાજને; સખી શ્રીરે ગોકુળના ભુપ,વધાવો વૃજનાથને,એમનું નામ મનોહર રૂપ,વધાવો. એક સકળ સોહાસણિ મળી, વૃજકેરી નાર, એક આવે ઉતાવળી, વાસળી વીવેક વીચાર, એકના મનમાં મોદ ભરીઆં, મળી મંગળ ગાએ ચાર.વધાવો. ૧ એક એકની ઝાલે આંગળી, પેહેર્યાં પીતાંબર સાર; એકે દક્ષણીના ચીર પેહેર્યાં, ચોળીએ મોતીની હાર; એકને ચરણ ચુંદડી, એકે શજીઆ સોળ શણગાર. વધાવો વૃજનાથને. ૨ એકને વાગે ઘુઘરા,તેનો શબ્દ સરસ રસાલ; એક નાર ના બદે કોઇને, ઉમંગી ઉમંગી જશ ગાય.વધાવો.૩ એકે કદળીના સ્થંભ રોપ્યા, સાથીઆ શુભ સાર; એક કુમ કુમના હાથા દેતી,તોરણ બાંધ્યાં દ્વાર. વધાવો. ૪ એક ચોક ચંદન પુરતી, એક ગોત્ર ભાલે છત્રીશ; એક કુમ કુમ તીલક કરતી, એક દેતી આશીશ; એક ઉતારે આરતી,

જીવો સોભા બેટીના વીર. વધાવો. ૫ જીવો કમળા બેટીજીના વીર, વધાવો. જીવો દેવકી બેટીના વીર. વધાવો જીવો જમનાં બેટીના વીર. વધાવો. ૬ એક મુક્તાની થાળ લાવીને વ્રજ વધાવે રાજ; એક વદન નીહાળતી, આવા લોકમાં વારંવાર. એક માગે વધામણી, બલીહારી તે માધવદાસ. વધાવો વરજરાજને. ૭.

ઘોળ ૧૮.

ધન્ય શ્રી જુમનાં કૃપા કરી, શ્રી ગોકુળ વૃજ સુખ આપજો;વરજની રજમાં અહર્નિશ હમને,સ્થીર કરીને સ્થાપજો. ૧ તમે મ્હોટાછો શ્રી મહારાણી, તમે જીવ તણી કરૂણા જાણી;શર્ણે હમને લેજો તાણી. ધન શ્રીજુમનાં.૨ શ્રીવંદ્રાવનની વાટમાં,નાહાવું શ્રીજુમનાં ઘાટમાં, નહાવું શ્રી જુમના ઘાટમાં; વહાલે રાશ રમાડયાં શ્રીરાતમાં. ધન શ્રી જુમના. ૩ ચાલોતો થઇએ વૃજવાસી,પરિક્રમા કરવા ચોરાશી; મહારા જન્મ મરણની ટળી ફાશી. ધન્ય શ્રી જુમનાં. ૪ પધરાવો સસે સ્વરૂપ સેવા, આરોગાવો મીઠા મેવા; વૈશ્નવને લાભ ઘણો લેવા. ધન શ્રી જુમનાં. ૫ ગોકુળ મથુરાંની ગલીઓમાં,મહારાજ સુજને ત્યાં મળીયા; મહારા જન્મ મનોરથ સફળ થયા. ધન શ્રી જુમનાં. ૬ નંદજીનો વહાલો વનમાળી, કાળંદી કાંઠે ધેન્ય ચારી; વહાલો હશીહશી હમશુ લે તાળી. ધન શ્રી જુમનાં. ૭ જીવ જાણે શ્રી જુમનાજી નાહીએ, એવા અખંડ વ્રજવાશી થઇએ; એ નોતમ લીલા નિત્ય ગાઇએ. ધન શ્રી જુમનાં. ૮ સખી સમરોને સારંગપ્રાણી, વૈશ્નાને વાહાલી એ વાણી, એ લીલા હરીદાસે જાણી. ધનશ્રી જુમનાં કૃપા કરી, શ્રી ગોકુળ વૃજ સુખ આપજો. ૯

ઘોળ ૧૯.

શ્રીલક્ષ્મણ સુતનેરે હેલી.એમને નિર્ખુ સર્વે પહેલી. ૧ એમના ગુણનેરે ગાશે; તેહેના ભવનો ફેરો જાશે. ૨ સુત ગોપીનાથ શ્રી વિઠ્ઠલ જાયા. જાણીએ કલપવૃક્ષની છાયા. ૩ પ્રગટયા દૈવીજીવ અધીકારી, સુખ છબી ઉપર જાઉં બલીહારી. ૪ માહારૂં ચિતડું એશું

બાંધ્યું, એમની ચર્ણકમળ રજ માગુ. ૫ ચર્ણે રાખો શ્રી વલ્લભનાથ, મહારે મસ્તક ધરજો હાથ. ૬ શ્રી મહાલક્ષ્મીજી મહાવર આપો, મારા ભવનાં બંધન કાપો. ૭ પુરવા સેવક જનના કોડ, એમને સાતકુંવરની જોડ. ૮ સાત કુંવર છેરે હેવા, સાતને સપ્ત સ્વરૂપની શેવા. ૯ શ્રી ગોવરધનનાથજીરે બીરાજે, શેવા સપ્ત સ્વરૂપની રાજે. ૧૦ એ શોભા જોઇ હરીદાસ ગુણ ગાએ, એ છબી લોચન માંહા સમાએ; શ્રીલક્ષ્મણ સુતનેરે હેલી. ૧૧

ધોળ ૨૦.

ચાલો સખી શ્રીગોકુળ જઇએ, નિર્મળ શ્રી જમુનાજી નાહીએ; કે અખંડ વ્રજવાશી થઇએ. ચાલો. ૧ નિત્ય પ્રત્યે જશોદાજી ધાટે, મહા પ્રભુ ઉભા રંગીલી વાટે, કે પ્રગટ્યા ભક્તિ રસિક માટે. ચાલો. ૨ શ્રી ગોકુળપતી દાન દીએ ભારી. અંગીકૃતને વૃષ્ટિ કીધી છે ન્યારી સદા પ્રભુ મહા મંગળકારી. ચાલો. ૩ પ્રાણજીવણ મંદીર રાજે, ભક્તતણાં મહા દુઃખ ભાજે; આનંદ શ્રી ગોકુળમાં ગાજે. ચાલો. ૪ નખશીખ પ્રિતમજી નિરખું, જન્મ સ્થળ સફળ કરી પરખું; લાલાજીનાં મુખડાં જોઇ હરખું. ચાલો. ૫ શ્રીગોકુળ રંગતણી રેલી, લતાદ્રુમ ફુલી રહી બેલી; નિરખતાં થઇ રહી ઘેલી. ચાલો. ૬ સ્ફટીક મણી શ્રીગોવરધન સોહીએ, શ્રી વૃંદાવન જોતાં મન મોહીએ, કયા સ્થળ જન્મ જન્મ સોહીએ. ચાલો. ૭ શ્રીગોકુળ વશીગેરે હેલી, મહારાણીજી સાર કરે વહેલી; એવું જઇ પ્રિતમજી પહેલી. ૮ શ્રી મહારાણી ઘેરાં બહુ ભાવે, ભક્ત સહુ દરશને આવે; માધવદાસ દેખી સુખ પાવે. ચાલો સખી શ્રી ગોકુળ જઇએ. ૯

ધોળ ૨૧.

જીરે પહેલો વધાવો માહારે આવીઓ, શ્રીગોકુળપતીને દ્વાર; માતા જશોદાજીએ હરખે વધાવીઆં, એમના મુખઉપર જાઉં બલીહાર, બલે શ્રીગીરીવરધર જનમીઆ. ૧ જીરે વ્રજજન સર્વે આનંદીઆ, મળી વંદીઆ ચરણ સરોજ; ગીરીવરણ નવલ નંદલાલના, એમ કરતા

નીશદીન કોય. ભલે શ્રી. ૨ જીરે પ્રભુરૂપે નયણે નીહાળીશ, મલી ટાળીશુ ભવનાં દુઃખ; જીરે તનમન સરવે વારીશુ, હાવે શુરલભ થવાછે સરવે સુખ. ભલે શ્રી ૩. જીરે દર્શો દૂધ ઘત મધુરસ ભરયા ગળી છીડકે નરને નાર; નંદ દાનદેએ બહુ રસ ભરયાં, હરીદાસ શોભા બનીજાય ભલે શ્રી ગીરીવરધર જનમીઆ. ૪ જીરે બીજોને વધાવો માહારે આવીયો, શ્રીરાવલ હુવારે આનંદ; વ્રખુભાન કીરતી ઘણુ હરખીયા, કુંવરીજન માહારે સુખ ચંદ્ર. ભલેશ્રી રાધા વ્રજ પ્રગટીયાં. ૧ જીરે વ્રજ જન સર્વે ટોળે મળી, ગળી ગાએ સુમંગળ ચાર; કુંવરી પ્રગટયાંરે પરભાવશું, ગુણ રૂપ જગત વીખ્યાત. ભલે શ્રી રાધા. ૨ હવે ચો જશોમતીને વધામણાં, રળીયામણી સાંભળી વાત, હવે નીશદીન નયણે નીહાળીશુ, લીલારસ સિંધુ અપાર. ભલે શ્રી રાધા. ૩ હવે સર્વે મળીને કોહો શ્રીનંદને, આપણે કરવો વેહેવીસાળ; હેવા નવલ કુંવર નંદ લાલના, તેહેવાં શ્રી વ્રખુભાન કુમાર. ભલે શ્રી રાધા. ૪ જીરે એ જોડી અવીચળ સદા, શ્રીવ્રંદાવન વિલાસ; કરજોડીને કરૂ વિનતી, હરીદાસ શોભા બલી જાય. ભલે શ્રી રાધાજી વ્રજ પ્રગટીઆં. ૫. જીરે ત્રીજોને વધાવો મારે આવીઓ, શ્રી લક્ષ્મણ ભટજીને ઘેર; શ્રી અલંબાજીએ ઉર પધરાવીયા, કળી જીવ ઓધારવા કાજ; શ્રી વલભ ભુતળ પ્રગટીયા. ૧ નીજધામથી પ્રભુજી પધારીયા, કરવા સેવક જનનો સંભાળ; એવા દ્રીજ કુળ રૂપે પ્રગટીયા, હેવા અદભુત પરમ ઓધાર. શ્રી વલભ. ૨ જીરે તીમર હરવારે વૈસાનર, મહસંગ કુળ ઉદો ઓરે સુર; જીરે મારગ સુધો દેખાડીઓ, સોંપી સેવા રસરૂપ. શ્રી વલભ. ૩ જીરે શેષ સાહસ્ત્ર મુખ ઓચરે, ના લહે એમના ગુણનો પાર, કરજોડીને કરૂ વીનતી, હરીદાસ શોભા બની જાય. શ્રી વલ્લભ ભુતળ પ્રગટીઆ. ૪ જીરે ચોથાને વધાવો માહારે આવીયો, ભલે પ્રગટીઆ શ્રી વીઠલેશ; જીરે ભગત સકળ મન હરખીઆ, ગઆ અનેક જનના મનનો કલેશ. ભલે શ્રી વીઠલેશ પધારીઆ. ૧ જીરે જેણે આ શુત જનમીયા, મન ધન કહીએ એ માત; જેણે ઓછંગ લેઇને હુલરાવીયા, તેના કીરતી જગત વીખ્યાત. ભલે શ્રી. ૨ જીરે સુરીનર મુનીજન

વરખીઆ, જીરે વરખીઆ કુસમ અપાર; શ્રી વલ્લભજીને વારણે, જોતાં આનંદ મંગળ થાય; ભલે શ્રી. ૩ જીરે કળીમે કારણ જાણુજો, વખાણજો દ્વીજકુળ રાય, કરજોડીને કરૂં વિનતી, હરીદાસ શોભા બની જાય. ભલે શ્રી. ૪.

ધોળ ૨૨.

આવોને પરમ શોહાશણી, મળી મંગળ ગાઇએ; આજ આનંદ મારે અતિ ઘણા, સર્વે વાજીત્ર વાઇએ. ૧ પ્રગટયા શ્રી વિઠ્ઠલનાથજી, જન્મનોરે દાહડો; મોતી તે કેરા શાથીઆ, મંદીર માંહે કાહાડો. ૨ મણી મુક્તાફળ કેવડો, વચે ચોક પુરાવો; શ્રી વલ્લભજી દાન આપે ઘણાં, કેહેતાં પાર ન લાવો. ૩ ભાટ યાચકરે મળી ઘણા, બોલે જયજય થાય; ભગવતી મન આનંદ ઘણો, ફુલી અંગ ન સમાય. ૪ માધવદાસ પ્રભુના જશ સહુકો ગાય. આવોને પરમ સોહાસણી; મળી મંગળ ગાઇએ. ૫

ધોળ ૨૩.

આવોજી અચગ શોહાશણી, મળિ સહિયર સમાણી; શ્રી ગોકુળનાથને નિર્ખીએ, જુગ વલભ જાણી. આવોજી. ૧ કાળંદ્રિને કાંઠડે, શ્રી ગોકુળ ગામ; ત્યાંરે બીરાજે રાજીઓ, પરીપુર્ણ કામ. આવોજી. ૨ શ્રી વિઠ્ઠલ કુળ મંડન, ખંડન પાંખડી; જેહને જીત્યું કળિકારમાં. કળિરૂપ કુડડી. આવોજી. ૩ નખશિખ સુંદીરતા તણો, કોઇ પાર ન પામે; શુરમુની નારદ શારદ, કયમ કહે વખાણ. આવોજી. ૪ સરળ સુદેશ શોહામણા, શીરવાળ વિશાળ; વદન કમળ પાસે રહ્યાં, જાણે મધુકર માળ. આવોજી. ૫ લલીત લીલા ટળશે ભલી, હરીચંદન રેખા; ભ્રકુટી કામ કમાનને, બહુ બાણ વિશાખા. આવોજી. ૬ વહાલા વિન વિનતા તણા. ઉર અંતર ભેદ; તતક્ષણ નર્ણે નિરખ્યા, કુળ શાકુળ છેદ. આવોજી. ૭ લોચન લોલ હસંતા, સુની મંડળપર સેના; કરૂણાભર સદા, બહુ રસ વરશે. આવોજી. નવલ નિરૂપણ નાશીકા, ગળસ્થળ ઝળકે; કુંચન મણી કુંડળ તણી, આભાશ આતી ચળકે. આવોજી. ૯ અંતર

અમૃત ભર્યા,દંતા દાડમ ઓળ;નાકસુધારસ દ્રષ્ટથી બ્રહ્માદીક ભુલા. આવોજી. ૧૦ કરપર ગ્રીવા ઉદરની,ઉપમા શી દીજે;ત્રીભોવનમાં કો નહી, તેહની સમોવડ લીજે. આવોજી. ૧૧ શોભા જોતાં સુખ હોય, તેતો મનજ જાણે; મુગો મીઠાઇતણા, કયમ સ્વાદ વખાણે. આવોજી. ૧૨ અનુભવીના આનંદનું, પ્રેમરૂપ કેમ જાણીએ; જ્યાં વાણી વરમી રહે, કવી કયમ કરી ગાઇએ. આવોજી. ૧૩ જુગજુગ જીવો જગત પ્રભુ, શેવક સુખકારી; નારાયણ ગુણ રૂપને, જાય બલીહારી. આવોજી અચળ શોહાસણી મળી સહીઅર સગાણી. ૧૪

ઘોળ ૨૪.

શ્રી વલ્લભનંદનરે વહાલા લાગોછો,જેનું સ્મરણ કરતાંરે દુઃખ ડાં ભાગોછો. ૧ પુરૂષોતમ લાલજીરે પ્રિતે આવોછો,જોઇ રૂપ રસાળુરે મનમાં ભાવોછો. ૨ મારા કીધા જન્મનાંરે શુક્રિત ફળીયાં છે, મહા-રાં જન્મ જન્મનાંરે દુઃખડાં ટળીયાંછે. ૩ અમને નામ સમર્પણરે વા-હાલે આપ્યાંછે,મારા પુર્વજન્મનાંરે પ્રાશ્ચીત કાપ્યાંછે. ૪ મારેમંદીર પધારોરે મનડામાં વશીયાછો, વહાલો હેત કરીનેરે હૈયામાં હશીયા છો. ૫ મેહેતો રૂપ રસાળુરે જુગતે જોયું છે, હરીહુંગે વશીયારે મનડું મોહ્યુંછે.૬ વહાલે પાઘ સોરંગીરે શીરપર ધરીઓછે. આભુષણ અંગેરે આપે ધરીઆં છે. ૭ કુમકુમનાં તીલકરે ભાળે કરીઆં છે, વહાલો મંદીર અમારેરે મલપતા આવેછે. ૮ પ્રભુદાસને પ્રિતેરે,લાડલડાવેછે.

ઘોળ ૨૫.

નંદ ઘેર આનંદ ઉલટયો, શ્રી ગીરધરલાલ. વ્રજની શોભા શી કહુંરે. ૧ બાવન ચંદન ગરૂ વળી, મોતીડે પુરાછે ચોક. ૨ રંગે અંગેશું નીસરયા, સહુનો સરખો શણગાર. વ્રજની. ૩ ટોડે તોરણ બાંધીઆં, ઝુમણા ઝુલેછે ગોખ. વૃજની. ૪ દીપક જ્યોતુરે હળહળે. મેડેલો દ્વારને ગોખ. વૃજની. ૫ નોબત વાગેરે નવરંગી. નવરંગી રંગીરાજ દરબાર. વૃજની. ૬ નહાનું શરણુ શ્રી ગોકુળીયું, આતા રૂડા નંદજીના લાલ. વૃજની. ૭ વેકુંઠી નગરીમાં

નીસરૂ, કાંઇક કારણ રૂપ; વ્રજની. ૮ એછે વહાલો દયાળવા, પુરણ પુરૂશોતમ ભુપ. વ્રજની. ૯ ગીરધર ગાયો ચરાવતા, સુંદીર જમુના ને તીર; વ્રજની. ૧૦ કાળીંદ્રીને કાંઠડે, ઉભા હળધર વીર. વ્રજની. ૧૧ માધવદાસની વીનંતી, રાખજો દ્રઢ વિશ્વાસ. વ્રજની શોભા. ૧૨

ધોળ ૨૬.

શ્રી લક્ષ્મણ સુતને હું નમુને, કરૂ તે પ્રણામ; વાણી તે હુમને આપજો, જયમ ગાઉં જશ વિસ્તાર. મનમાં તે આનંદ અતિ ઘણો, મુખડે કહ્યો નવ જાય; કૃપા હોય જો તમતણી, તો દાસ કોઇ ગાય. શ્રીલક્ષ્મણ ભટજી તાત એમના, શ્રી એલંમાજી માત; પ્રગટ લીલા તમતણી, સાંભળો કહુ વાત. શ્રીલક્ષ્મણ ભટજીના સુપનમાં, શ્રીજી પધારયા મેહેર; વીશ્વાધાર તમ ઘેર પ્રગટશે, તેહની તે કરજો પેર. કાશીએ જાઓ વેગે કરી, શ્રીએલંમાજી લેજો સાથ; પુરણ પુરષોતમ પ્રગટશે, મારગમાં એ નાથ. સાત વરસ આહિંયાં રહો, તોયે ના પ્રગટ થાય; ગર્ભવંતા દુઃખ પાંમશે, શ્રીએલંમાજી માત. વચન લેઇ માથે ચડાવ્યાં, પ્રભુ તમે કહ્યું તે સત્ય; કહ્યાં તમારાં સત્ય છે, મારે ચાલવું નીરધાર. ત્યાંથી તે વાલાજી પધારીયા, માળા તે આપી બે; એક કંઠી કંઠ ધરી. બીજી જાપ કર વળી તેહ. ભગવત શુભ રીતે માયા રૂપી, મણકા એકસોને આઠ; તે માળા નીત ફેરવો, ગ્રંથ નો કરવો પાઠ. ઉપરણો શ્રીજીએ આપ્યો સાર, વસ્ત્ર લેઇ હોરાવજો; બાળકને વળી ત્યાં. ત્યાંથી વાલાજી પધારીયા, ચંપારણ્ય રૂડું ગાઉ ચાર; રાતે રસોઇઓ ત્યાં કરી, મનમાં તે કર્યો વિચાર. શ્રી કૃષ્ણજી ને શ્રીયાજી, સંગ સુંદરી બે સાથ; બેહુને દરશન ત્યાં હુવાં, સપનામાં નીરધાર. નેત્ર ઉઘાડીને ન્યાળીઆં, તારે દાઠાં વલ્લભ બાળ; બેહુને દરશન ત્યાં થયાં. સપનામાં વળી સાર. તંબોલ લેઇ શ્રી ગોપીજીએ આપ્યાં, જનમ ધુરી બાળ; રસના વરશે તેતણી, શ્રીજી વાણીતણો નહિ પાર. પ્રગટ શ્રી વલ્લભ દેવનાં, હરડે તે હરખ ન માય; દેવનાં તે દુંદુભી વાગીઆં, પુષ્પની વૃષ્ટિ થાય. પ્રગટ થઇ પ્રાક્રમ કીધાં. હઇડે હરખ ના માય; જુગજુગ જીવો મારા વાલમાં, બલીહારી તે માધવદાસ.

ધોળ ૨૭.

શ્રી લક્ષ્મણ ભટ્ટજીને ઘેર એક કુળ દીવોરે, ભલે પ્રગટ્યા શ્રી વલ્લભરાય એ ઘણું જીવોરે. ૧ આ એમના સુતછે બેઉ અતીશે રૂડારે, જે ન નામે એમને શિષ્ય. તે જન કુડારે. ૨ શ્રી અંકાજી કુખે અવતર્યા સુખકારીરે, ગોપીનાથ શ્રી વિઠ્ઠલનાથ એ પર વારીરે. ૩ બળદેવ શ્રી ગોપીનાથજીને જાણોરે, શ્રી કૃષ્ણ શ્રી વિઠ્ઠલનાથ એ વ્રજ રાણોરે ૪ એ પુરૂષોત્તમને પ્રેમ ધરીને ગાયરે, તેનાં જન્મ જન્મનાં પ્રાશ્ચિત સર્વે જાયરે.૫ શ્રી વીઠ્ઠલનાથજીને સાત કુંવર સુખદાતારે, કળીયુગમાં પુષ્ટિ પ્રકાશ એ વિખ્યાતારે. ૬ શ્રી ગીરધરજી ગુણવંત સહુને ગમતારે, જઇ જુવો શ્રીજી નવનીત પ્રીયાજી શું રમતારે. ૭ શ્રી મથુરાનાથ મનોર્થ પુરે મનનારે, તમો સમરો શ્રી નટવરલાલ જાય દુઃખ તેના તનનારે ૮ શ્રી ગોવીંદરાય અમમ્રૂ રસ ભરી નિર્ખોરે, જેહને મંદીર શ્રી વિઠ્ઠલેશ રાય જોઇ જોઇ હર્ખોરે. ૯. શ્રી બાળકૃષ્ણજી કૃપા કરી સુખ આપોરે, શ્રી દ્વારકાં નાથજીનાં રૂપ હ્રદ્યામાં સ્થાપોરે. ૧૦ શ્રી બળદેવ શ્ર ગોકુળનાથ સેવા શ્રી ગીરધારીરે, જેણે રાખ્યો માળ પ્રસગ એ પરવારીરે. ૧૧ શ્રી રઘુનાથજીને જોઇ મનડાં મોહીએરે, જાણુ મંદીર શ્રી ગોકુળચંદ્રમાજી સોહીએરે. ૧૨ શ્રી જદુપતીજી જુગ્તે જોવા જેવારે, શ્રી બાળકૃષ્ણજી કર સુંદીર સેવારે. ૧૩ શ્રી ઘન શ્યામજી પુરણ કામ છે ઘણું રસીયારે, શ્રી મદન મોહનજી માહારાજ માહારે મન વશીયારે. ૧૪ એ શોભા જોઇ હરીદાસ જાય બલીહારીરે, એ લીલા ગાજો નિત્ય નરને નારીરે. ૧૫ શ્રી લક્ષ્મણ ભટ્ટજીને ઘેર એ કુળ દીવોરે. સંપુર્ણ.

ધોળ ૨૮.

આવને આવ ઉતાવળી, લાલને જોવાને જઇએ; મનડુ તે પ્રેમ બેળીને, આપણ નિર્લજ થઇએ. ૧ નાંહાનડીઓ શ્રી દ્વારકેશજી, માહારે હૃદે વશીઆ; તેઓ નિંદ્રા નાહી કરે જોવાના છે રસીયા, ૨ અમીએ ભરી હરીની આંખડી અતીછે અણીઆળી;

સામુ જુવોને સુંદરી, લાલે સોઠડી માંડી. ૩ ચંચ જાણે પોપટ તણી, એમના નાકની દાંડી; જાણે મરવાળાં અંબર, દીશે એમ રાતડી. ૪ મુસ્તક નવરંગ મોતીઆં, શોભે કસ્તુરીને વાને; બે પાસ શોભીતા લાલને, મોતી ઝળકે છે કાને. ૫ ઓઢન આછી લોબડી, કોટે કનકની માળા; એક જીભ્યાએ શું કહુ એમના અંગના ચાળા. ૬ ચિતડું તે માહારૂં ચોરીયુ, મોરલીને નાદે; કાળી ધોળી બોલાવતાં, એમને સરવે શાદે. ૭ હેવો કોઇ સાંભળ્યો નથી, નહીંરે ન દીઠો; હીડેછે મોડા મોડરે, અતી લાગેછે મીઠો. ૮ શનકાદિક શેવે સદા, એને રસછે રૂડો; ધરમાં રહી શું કીજીએ, સંસાર છે કુડો. ૯ મનુષ્યદેહ પામીને, રૂડુ રત્નજ લીધુ, શ્રી ગીરધરલાલજીવનશુ, માહારૂ ચિતજ બાંધુ. ૧૦ જુગજુગ જીવો માહરા વાલમો શેવક સુખકારી, નારાયણ ગુણરૂપને, જાઉ બલીહારી. ૧૧ આવને આવ ઉતાવળી લાલને જોવા જઇએ.

ધોળ ૨૯.

પોસ નામે શ્રી વિઠલનાથજી, હાંરે વહાલો પ્રગટયા શ્રી વલ્લભ દ્વારજો; એમને જોવાની થઇ આતુરી, હાંરે વહાલે કીધી શેવક સારજો. પોસ નામે. ૧ ત્યારે શ્રી નંદ ઘેર પધારીઆ, હાંરે લાલે પુર્યા જશોદાજી કોડજો; રમતા સખા સહુ સાથમાં, હાંરે વાહાલો હરી હળધરની જોડજો. પોસ નામે. ૨ હવે શ્રી વલ્લભ સુત એ થયા, હાંરે વાહાલો શ્રી ગોપીનાથજીના ભ્રાતજો; ગોદ લઇને હુલરાવતાં, હાંરે વાહાલો ધન્ય શ્રી અકાજી માતજો. પોસ નામે. ૩ એમના સુખની કાંઇ કહી ન શકુ, હાંરે વહાલો વેદ કહેછે નિતિજો; શેષ સહસ્ત્ર મુખે ગાવરે, હાંરે વહાલો ધન્ય શ્રી જુમનાંજીની રેતિજો. પોસ નામે. ૪ ત્યાંહાંરે વાહાલો ગાયો ચરાવતા, હાંરે વાહાલો રમેછે રાસ વિલાસજો; વેણુ વગાડી વાલે વનમાં, હાંરે વાહાલે પુરી શ્રી વ્રજસુંદરીની આસજો. પોસ નામે. ૫ રાસબીહારી વૃજવલભ. હાંરે વાહાલે આપ્યો શ્રી વ્રજમાં વાસજો; કરજોડીને કરૂ વિનંતી, હાંરે વાલો શોભા જુવે છે હરીદાસજો. ૬ પોસ નામે શ્રી વિઠલનાથજી.

ધોળ ૩૦.

શ્રી વલભ રાજકુમાર, તમે કાંઇ કીધું રે; માહારૂ ચિત વિત ગોકુળનાથ હુંગને લીધું રે. ૧ ગીરધારીએ ઘેલી કરી, મુને આજ નભાવે અનરે, ધન કુંવર શ્રીઅંકાજીએ જાયા; તેથી મોહ્યું મહારૂ મન. તમે કાંઇ કીધું રે. ૨ લોભાણા લોભી રધ્યાને નંદકુવર રંગરેલરે, રસીઆ ઠાકોર ભામના; માહારી અરજ શુણો અલબેલ. તમે કાંઇ કીધુરે. ૩

ધોળ ૩૧.

આજ સહીઅરરે વધામણાં, વ્રજ વાગ્યાં નીસાંણ; પ્રગટયા શ્રીવીઠલનાથજી, હુવાં કોટી કલ્યાણ. ૧ ચાલની ચાલ ઉતાવળી લાલને જોવાને જઇએ, તન તપે મન ભેલીને, આપણે આનંદ થઇએ. ૨ અમીરે ભરી હરીની આંખડી, નઇણાંછેરે રસાલ; ચરીત્ર કરે મન ભાવતાં, પાલણાએ પોઢેડા. ૩ એતો નીદ્રા નહી કરે જોવાના છે રસીઆ; માધવદાસના પ્રભુજી, મારે મન વસાઆ. ૪

ધોળ ૩૨.

આજ મહારે આનંદ ઉર ના સમાયજી, પ્રગટયા શ્રી વર વલભ સકુમારજી, ભુતળ ભાગ તણો નહી પારજી, હૈવાં તે જીવનો કરવા ઉધારજી. ૧ મંદીરમાંહ તે ચોક પુરાયજી, તોરણ બારણે બંધાયજી; હુંએ કરૂ વીવ વીધના શણગારજી, હરખે તેડાવું તે સહચર સાથજી. ૨ નાચુ ગાઉ તાળી પાડું હાથજી, કોને કહુ કહ્યું નવ કહેવાયજી; છબીલર જન રસીક બલજાયજી.

ધોળ ૩૩.

ધનધન દહાડોરે આજનો, ધન શ્રી ગોકુળ ગામ; ધનધન નંદ જશોમતી, પ્રગટયા સુંદરશ્યામ. ધનધન. ૧ શ્રાવણમાસ સોહામણો, નોમી તથમાંરે નામ; વ્રજમાં ચાલી વધામણી, બરસ્યાદશગણાદામ. ધનધન. ૨ વ્રજમાં પ્રેમરસ ઉલટયો, ટાળવા દુનિયાના દોષ; રૂપીને તેડેરે રાયજી, જુગતે જોવાને જોષ. ધનધન. ૩ આનંદ ઓચ્છવઅતી ઘણો, ગોપીઓ ગાયછે ગીત; માણેક મોતીને હીરાનાં, આપ્યાં હીગનાં દાન. ધનધન. ૪ ફુલ્યા ફુલ્યારે સહુ ફરે, ફુલ્યા શ્રી ગોપીરે જન;

ફુલ્યા શ્રી જમુના જોઇને, ફુલ્યા શ્રી ચંદ્રારેવન. ધનવન. ૫ સુરીનર સ્વપ્ને દેખે નહી, શીવજી સરખારે સંત; બ્રહ્મા નીગમ જાણે નહી, કોઇએ ન પામેરે અંત. ધનવન. મોટાં ભાગ્ય આહીરનાં, શોભા કહી નવ જાય; પ્રેમે પ્રગટ્યા શ્રીનાથજી, ગુણ માધવદાસ ગાય. ધનવન. ૭

ધોળ ૩૪.

આપણ જઇએરે શ્રી ગોકુળ ગામ સાહેલીરે, શ્રીજીને નિર્ખીએ જીરે જુવતીનાં જુથ ટોળે મળ્યાં, ગોપી સજીયારે નવસત શણગાર. સાહેલીરે. ૧ ગોપ સંગે તે ચાલો ઉતાવળાં, જઇ જોઇએરે અનુપમ નાથ; સાહેલીરે. ૨ ગોપી કંચન થાળરે કર લીએ. માંહી ભરીઆરે મુક્તાફળ સાર. સાહેલીરે. ૩ મહારૂં મનરે મથુરાં ચિતશ્રી ગોકુળમાં મારો જીવડોરે; રહો શ્રીજીની પાસ, સાહેલીરે. ૪ ગોપી ચર્ણ કમળ રજ લઇ રહ્યા. વહાલો આપેરે અભેપદ દાન. સાહેલીરે. ૫ ત્યાં તો સાત મંદીર સોહામણાં, ગોપી આવ્યાંરે રુકમણીને ઘાટ. સાહેલીરે. ૬ મથુરામાં તે વાજીંત્ર વાગીયા, ગોકુળમાંરે ગડગડીયાં નીશાન; સાહેલીરે. ૭ જાઉં વલભ સુતને વારણે, બલીહારીરે જાય માધવદાસ સાહેલીરે. શ્રીજીને નિર્ખીએ. ૮

ધોળ ૩૫.

મેરે શ્રી નાથજી પ્યારે, દ્રગનશેં હોજુ મત ન્યારે; દ્રગનશેં હોજુ મત ન્યારે મેરે શ્રીનાથજી પ્યારે. ૧ ગલે જામા દદામીકા. કમર પટકા બદામીકા. ૨ શોરંગી પાગશીર સોહીએ, લસત બનમાલ મન મોહીયે. ૩ લગી કોઇ કાનમાં હુતી, તાજી મોહ સજયમાં સુતી. ૪ મેરાદીલ લે ગયા આલી, લગી તનમાં તાલાવેલી મત ભુલદેખી તન ગોરા, જુગમાં જીવના થોરા. ૬ કઠણહૈ મોહકી જનારા, બહુજાનાહૈ સંસારા. ૭ સદા મર્જાદ્રિશજી ગાવે, છબીપર વારણે જાવે. ૮ મેરે શ્રીનાથજી પ્યારે. દ્રગનશેં હોજુ મત ન્યારે.

ધોળ ૩૬.

ચાલો તો શ્રીજી જઇએરે, શ્રી મુખ જોવાને; આવો તો તતપર થઇરે, શ્રીમુખ૦ ૧ મને ઘરમાં લાગેછે ઘેહેલુંરે શ્રીમુખ૦ હુ તો કાંચન

સમજુ પહેલુરે, શ્રીમુખ૦ ૨ હુ તો ઘરનો ધંધો ભુલીરે, શ્રીમુખ૦ હુ તો અંગોઅંગે ફુલીરે, શ્રીમુખ૦ ૩ મને ભુખે ભોજન ન ભાવેરે, શ્રીમુખ૦ સેજલડીએ નિંદ્રાન આવેરે, શ્રીમુખ૦ ૪ મારા મનમાં મનામથ વશીયારે, શ્રીમુખ૦ માહારૂ કામ સકામે વશીયુંરે; શ્રીમુખ૦ ૫ મોરલીમાં કામણુ કીધુરે, શ્રીમુખ૦ માહારૂ મન હરીને લીધુરે શ્રીમુખ૦ ૬ કોઇ નંદજીનો લાલ જોવા ચાલ્યારે, શ્રીમુખ૦ જશોદાજીના જીવન પ્રાણીરે, શ્રીમુખ૦ ૭ હિવા રસીકરાય ગીરધારીરે, શ્રીમુખ૦દાસનો દાસ જાય બલીહારીરે, શ્રીમુખ સુંદર જોને. ૮

ધોળ ૬૭

શ્રી નાથજી તે છેલ બીરાજતાજો; ટેક. સખી ચાલતો જઇએ શ્રીજી શેહેરમાંજો, શ્રી ગોવર્ધનનાથજી બીરાજે લીલા લેહેરજો; શ્રીનાથજી. ૧ પેહેલાં દરસન તે મંગળાના હર્ખીયાંજો માહારા નાથનાં સ્વરૂપ નાણું નીર્ખયાંજો; શ્રીનાથજી. ૨ બીજા દરશનમાં શણગાર વાહાલે બહુ વરયાજો, મારા નાથજીને લક્ષ્મીજી વરયાંજો; શ્રીનાથ. ૩ ત્રીજા દરસન તે ગ્વાલબાળ ભોગનાજો, મુખે મોરલીન છડી લીધી છેલમાંજો શ્રીનાથજી. ૪ ચોથા દરશન તે રૂડા રાજય ભોગનાજો, વિવિધ ભાતની સામગ્રી સંજોગમાંજો, શ્રીનાથજી. ૫ પાંચમાં દરશન ઉસ્થાપનનાં સાંભળ્યાંજો, શંક વાગ્યેને વૈશ્નવ થયા ઉતાવળાજો; શ્રીનાથજી. ૬ છઠાં દરશન તે ભોગ સંજોગનાજો, વિવિધ અમૃત મેવા ધર્યા ઉમંગમાંજો; શ્રીનાથજી. ૭ સાતમા દરશન તે આર્તીનાં મન હર્યાંજો, ભીડ ભારીને વૈશ્નવ બહુ મળ્યાજો; શ્રીનાથજી. ૮ આઠમા દરશન તે શેન કર્યા શ્રી હરીજો, દરશન કરીને વૈશ્નવ આનંદ ભરીજો; શ્રીનાથજી. ૯ ગદુલાલ સટુલાલજી જોડેછે જો, ગારધરલાલજી બીરાજે લીલા લેહેરમાંજો; શ્રીનાથજી ૧૦ વહુજી ભાભીજી ને બેટીજી માહારાજ છેજો, એમને આઠે દરશનનો ઘણો ભાવછે જો; શ્રીનાથજી. ૧૧ જે કોઇ ગાય શીખેને સાંભળેજો, તેહનો ચર્ણ કમળમાં વાસછેજો; શ્રીનાથજી તે છેલ બીરાજતાજો, એમના દરશન થકી સુખ થાયછે જો, હરીદાસ તે વલ્લભ ગુણ ગાયછેજો. ૧૨

ધોળ ૩૮.

ચાલો સખી નિરખીયે નંદકુમાર, લટકતા આવે હરી દીનદયાળ, જો જો હરી છેલ છબીલા હરીનાચાલ, કીગને ચતુરે ઘડી હરીની ચાખડારે લોલ. ૧ બેસવીએ કંઇ ધરેરે મુનીવર ધ્યાન, લોકમાં કાંઇ લખ્યારે નાગરવેલ પાન; ચર્ણ સકોમળ કંકુ વર્ણવાન, કારીગરે કોરીને કરતી મેહેલી પાંખડીરે લોલ. ૨ પાંનાંયે કંઇ હુંસ પોપટને મોર, મુસ્તક ભમરીને ઉપર ઓર; તેની આગળ શોરે અમારે તોલ, ઝીણી ઝાણી ગુથરી શબ્દ કરે ઘણુંરે લોલ. ૩ સાંકળીયું કાંઇ મંડોરે સોના કેરે તાર, હીરા માણેકે ગુથ્યા હરીના હાર; ફુલપે ઓછેરા કીધા વાહાલે ભાર, પીળાંને પચરંગી બીરાજે હરીના ફુમતારે લોલ. ૪ લંગરમાં કાંઇ સુય રત્નને ચંદ. હાથે છે હીરલોને પહોંચીયે નંગ; તેતો દેખી માહારૂ મન થાય ઉછેરંગ આંગળીયુમા વીંટી અંગુઠામાં આરશીરે લોલ. ૫ કાનના કડકાની કીધી વાહાલે સાર, એરસેને શોદ લીએ હુમારો સંભાળ; પોહોળીઆના પુન્ય તણો નહી પાર, પેહેરીને પધારીયા ગોવાળીયાની ઘેરમાંરે લોલ. ૬ એક એકની શાનમાં સમજી જાય, જેહેને જેવા ભાવ હોય તેવા ગાય; પ્રથમ નીરખું ને પછી લાગું પાય, શ્રીવલ્લભ કુળને નાથે તે સહુને લીધા લેહેરમાંરે લોલ. ૭ ચાલો સખી નિરખીયે નંદકુમાર.

ધોળ ૩૯.

શ્રી કાંકરોલી ગામ રળીયામણું રે, ત્યાંહા તે બીરાજે શ્રી દ્વારકાંનાથ; પ્રગટ્યા શ્રી વ્રજભુખણલાલજી. ૧ ફેરીવાલો શેવક કારજ આવીયારે, ઇછા ધરીને મન સંગાથે લાલ. પ્રગટ્યા. ૨ શ્રી પદ્મમાવતી વહુજી એ લાલજી જનમીઆરે, જુગમાં વર્ત્યો જય જયકાર લાલ. પ્રગટ્યા. ૩ સંવત ૧૮૩૪માં, ચઇત્ર સુદી ૮ને શનીવાર લાલ. પ્રગટ્યા. ૪ સહી નક્ષત્ર લગ્ન પુનરવશુરે, પુણો છ–ઘડી શેષ્ય પ્રમાણ લાલ. પ્રગટ્યા. ૫ લગ્ને બ્રહસ્પતિ આવ્યા સહીનારે ત્રીજે શનિશ્ચર તાળાના લાલ. પ્રગટ્યા. ૬ પાંચમે કેતું આવ્યા ધનનારે, આઠે બુધ શુક્ર રવિ મીનના લાલ. પ્રગટ્યા. ૭ નવમે મંગળ આવ્યા મેશનારે, અગિઆરમે રાહુચંદ્ર મેથુ-

નાના લાલ. પ્રગટયા. ૮ હેવે ને જોગે વહાલો જન્મીઆરે. શી વિઠલ વસે હરણ નમાય લાલ. પ્રગટયા.૯ શ્રી ચારોમતી માજી મન હરખ્યાં ઘણુંરે. સહુને દેછે આદરભાવ લાલ. પ્રગટયા. ૧૦ બાંધ્યાં તોરણ પુર્યા શાથીઆરે, ગુણીજન ગાયે મધુરે ગાન લાલ. પ્રગટયા. ૧૧ વૈભવ જુથે જુથ મળ્યાં ઘણાંરે. આવીને વહાલાને હુલરાવે લાલ. પ્રગટયા. ૧૨ કંચન થાળ ભર્યા શગ મોતીએરે, આરી વાહાલાને વધાવે લાલ. પ્રગટયા. ૧૩ દાસ વલ્લભપર દયા કરોરે, રાખો ચર્ણ કમળની છાંય લાલ. પ્રગટયા. ૧૪ શી વ્રજભુખણ લાલજીરે. ૧૫

ધોળ ૪૦.

તેડી જાઓ તો હમારાં મન ઠરે, હું તો જોઉં શી ગોકુળના રીતરે; હું-તો જાઉ નિરખુ શ્રી નાથજી. છે પુર્વજન્મની પ્રિતરે. ૧ ત્યાંહાંતો સાત મંદીર શોભા ઘણી, બોવન બોવન વશે વૃજનાથરે; વશે શ્રી વલભાચાર્યજીના લાડીલા, મહા મોટા મુનો વશ્યારે.૨ શ્રી વંદ્રા તે વન રળીઆમણું, શોહ્યામણાં ઠકરાણીં ઘાટરે; શોહ્યામણી વાય વાહાલો વાંસળી, તેતો બળભદ્ર કેરા વારરે. ૩ શી વંદ્રા તે વનની કુંજમાં, એમાં શેના સરજયાં મોરરે;આમો ખેલ કરત નંદાનંદશુ,નેણે નિરખત નંદકીશોરરે નંદાનંદ. ૪ હું તો ત્રડું દર્શનની બ્યાકુળી, જર જીરણ માહારી દેહ;હું તો વહુ બેરીઓને પાએ પડું,નિહાળું શ્રી મુખ નાગરે.૫ જેણે નેણે ના નિરખ્યાં શ્રી નાથજી,તેણે શાને ધરી આ દેહરે;જેણે શ્રી ગોવર્ધન જોયા નહી, તેનો સુનો ગયો સંસારરે.૬ જેણે શ્રી વલ્લભ કુળ જાણ્યા નથી,તેનો એળે ગયો અવતારરે; ધીક ધીક પડયો આ દેહ, ના નાહ્યો શ્રીજમુનાનાં નીરરે. ૭ ધન ધન જીવત વૃજવાશીનું જેણે વૃજમાં તે પુર્યા વાસરે;કરજોડીને કરૂ વિનંતી;બલીહારી તે માધવદાસ. ૮ તેડી જાઓ તો હમારાં મન ઠરે હું તો જોઉં શી ગોકુળનીરીતરે.

ધોળ ૪૧.

શ્રી વલભ પ્રાણ આધારને, નીરખવા ચાલો એ સજનીજી; ત્યાં ત્યાં સુખરે વખાણુ, એના જાંણુ દીવસને રજનીજી; શ્રી ગોવરધન

પરથકી, પ્રીત તે હવી ઘણી દેખોજી, નૈણુ તે પલક લાગે નહીં, જાણું તે ચતુ અલ લેખાંજી. ૧ તે ઉપરસ પર હશી હશી વચન કહ્યાં તે એવાં એવાંજી, જોજયો કહ્યાં તે તે કીધાં, તે પ્રીતમ અંગીકાર એવાંજી મોકલી અમો આવીઆ જીવ પોતા તણા લેવાજી, પોતે કરીને દેખાડી-જી વીવીધ પ્રકારની સેવાજી. ૨ એમ સંબંધ કરાવીને જીવનો કીધો અંગીકારજી, શ્રી ભાગવત મથનકરીજોયાંજીરે સબોધનીજી સારજી; શ્રી ગોકુળ ફરીને વસાવીયુ સાથ સરવેને તેડાજી, લાલા કરીતે શી કહુ રસના એકે જો પાંમોજી. ૩ દાસ ગોપાળની વીનતી પરીવાર થીર કરી પાંમીજી, શ્રી વલભ પ્રાણ આધારને નીરખવા ચાલાએ સજનીજી.

ધોળ ૪૨.

શ્રી ગોકુળ સાસરીએ જાવું, મોહનવરનું આંણુ આવ્યુ; લગ્યુ હસ્તતણું ભાવું. શ્રી ગોકુળ. ૧ જાવુંછે લટકે ને મટકે, મોહનવર જોઇ જોઇ મન અટકે; પાયે નેપુરીઆ ઠમકે. શ્રી ગોકુળ. ૨ આભ્રણ પેહેર્યા છે અંગે, સખી સહુ શોભેછે સંગે; મોહ્યા મોહોટા મોહનવર રંગે. શ્રી ગોકુળ. ૩ વાલોજી જુવે છે વાટે, સખી વેગે વેહેલાં ચાલો; નણું ભરી ભરી પ્રીતમજી નીહાળો. શ્રી ગોકુળ. ૪ સાસરી મુને વાહાલેરી લાગે, ત્યાંહાં માહારી કામ વાસના ભાગે, મોહનવર જોઇ જોઇ રઢ લાગે. શ્રી ગોકુળ. ૫ સખી માહારે આ અવસર રૂડો, અચળીત શોહાગ્ય પેહેરચો ચુડો, માહારે શ્રી ગોકુળપતી વર રૂડો. શ્રી ગોકુળ. ૬ અદભુત લેહેરનો રંગ ભારી, શ્રી જુમનાં જળ ભરાવી છે ઝારી, મોહનાપર વારંવાર વારી, શ્રી ગોકુળ. ૭ શ્રી વલભ નામ સદા રટવું, જાત સજાતીમાં રહેવું, ચર્ણ શ્રીજી ગોવર્ધન નમવું. શ્રી ગોકુળ સાસરીએ જાવું. ૮

ધોળ ૪૩.

શ્રી વલભ કુળને વારીરે શ્રી નાથજી અલબેલા, શ્રી વિઠલનાથ વિહારીરે, શ્રીનાથજી. ૧ રૂડા એમના સુતછે સાતરે, શ્રીનાથજી. કળયુગમાં વેદ વિક્ષાતરે. શ્રીનાથજી. શ્રી ગીરધરજી ગુણવંતરે, શ્રીનાથજી. શ્રી ગથુરાંનાથ નિધાનરે. શ્રીનાથજી. ૩ શ્રી ગોવિંદજી રસ રૂપરે. શ્રી

નાથજી. વિઠલેશ પરમ અનુપરે. શ્રી નાથજી. ૪ શ્રી બાળકૃષ્ણજી પ્રતાપાળરે. શ્રીનાથજી. શ્રી દ્વારકાનાથજી દયાળરે. શ્રીનાથજી. ૫ શ્રી ગોકુળનાથની શોભા સારીરે. શ્રીનાથજી. જેણે સેવ્યા ઘેર ગોરધારીરે. શ્રીનાથજી. ૬ શ્રી રઘુપતિ રૂડા જોડએરે શ્રીનાથજી. શ્રી ગોકુળ ચંદ્રમા સોહીએરે, શ્રીનાથજી. ૭ શ્રી જદુપતિજી માહારા મહારાજરે, શ્રીનાથજી. શ્રીબાળકૃષ્ણજી ગરીબનિવાજરે, શ્રીનાથજી. ૮ ઘનશ્યામજી પુર્ણ કામરે, શ્રીનાથજી. શ્રી મદનમોહન સુખધામરે, શ્રીનાથજી. ૯ મુખ મહીમા નવ કેહેવાયરે, શ્રીનાથજી. નટવરજી નવનિધયરે, શ્રીનાથજી ૧૦ સહુ શોભીતા શણગારરે, શ્રીનાથજી. પાય ઝાંઝરનો ઝમકારરે, શ્રીનાથજી, ૧૧ એ નિત્ય નિત્ય લીલા ન્યારીરે, શ્રી નાથજી. રૂગનાથદાસ બલીહારી, શ્રીનાથજી આલબેલા. ૧૨

ધોળ ૪૪.

સીજી મેરા એસા રશીયા, મુજને બોલાવે ઘડી ઘડી; મોર મુગટ પીતાંબર સોહાએ, બનસી બજાવે વહાલો ત્યાંહાં ભરીભરી. સીજીમેરા. ૧ સબ સખીયનમાં રાસ રચ્યોહે, દરશન દેવે ઘડીઘડી. સીજીમેરા. ૨ દોડ દોડકુ દરશન જાવે, ઝાપટ વાગે તડાતડી. સીજીમેરા. ૩ ચ્યાર ચોકકો મંદીર બનાયો. આપ બીરાજે વાહાલો છપર તરી. સીજીમેરા. ૪ નંદદાસ પ્રભુકી છબી નિરખત, સીજીકે ચરણમાં જાય પરી. સીજીમેરા. એસા રશીયા મુજ બોલાવે ઘડી ઘડી. ૫

ધોળ ૪૫.

પુરે જોયારે માહારા વ્રજના વાહાલા, વ્રજ સુંદરી સંગ મોહ્યારે માહારા વ્રજના વાહાલા. ૧ તમશુ શો આશંગોરે, મહારા. તમારે બહુ પઠંગોરે, માહારા. ૨ જયાંહાં જાઓ ત્યાંહાં સુખાઆરે, માહારા. વેદ પુરાણે લખોઆરે, માહારા. ૩ ઉત્તમ કુળ અધીકારીરે, માહારા. સુંદર વર ગીરધારીરે, માહારા. ૪ પેહેલે એમ કયાંહાં કીધુંરે માહારા, સર્વસ્વ હમારૂ લીધુરે, માહારા. ૫ શોકયને સાઇડ દીધુરે, માહારા. એવું કામણ હમને કીધુરે. માહારા

૬ શરદ નિશા અજવાળીરે, માહારા. ગોપી રાસ રમાડીરે, ૭ હસી હસી લાજ છોડાવીરે, માહારા. ગોકુળમાં અસવાગેરે, માહારા. ૮ સ્યામનીજી સુખકારીરે, માહારા. માધવદાસ બલીહારીરે, માહારા. ૯ પુરે પ્રેમ જોગારે માહારા વ્રજના વાહાલા.

ધોળ ૪૬.

વંદ્રાવનનારે ચંદ્રમા, આજ માહારે આનંદ અતી ઘણો, પ્રગટ્યા શ્રીવીઠલનાથકે. વંદ્રાવનનારે ચંદ્રમા. ૧ માગસર માસ શોહામણો, નોમીનો દીનકે. વંદ્રા. ૨ કૃશ્નપક્ષ વાડે ઉદે હવા, ગોકુળ માંહેરે રવ. વંદ્રા. ૩ જુવતીનાં જુથ ટોળે મળ્યાં, સજીયા નવસત શણગારકે વંદ્રા. ૪ પેહેરણ નવરંગી ચુંદડી. ચાલે ગજ ગતી ચાલકે. વંદ્રા. ૫ કનક થાળરે કરગ્રહી, માંહે મુક્તાફળ સારકે. વંદ્રા. ૬ ગાતાં મંગળ ધોળ સોહામણાં, આવ્યાં શ્રી અંકાજીને દ્વારરે. વંદ્રા. ૭ શ્રી વીઠલવર મોતીએ વધાવીઆ, આનંદ અંગ ન માયકે. વંદ્રા. ૮ તીલક કરે ને વધાવે પ્રેમશુ, ગાય શ્રી ગોકુલપતીનું ગીત. વંદ્રા. ૯ શ્રી જશોદાજીના જીવણ લાડીલા, શ્રી અંકાજીના કુંવર કોડામણા; જુવતીના જીવણ પ્રાણ. વંદ્રા. ૧૦ જસોદાજીના જીવન કાહાનકે, રંગા લોભી ન લેવાનકો, વંદ્રા. ૧૧ કુંડળ ઝળકે બેહુ કાનમાં, રવીશશી કોટી સમાન. વંદ્રા. ૧૨ શીરપર ફુલેહની પાગકે, ફુલ્યો નવરંગી બાગકે; રતીપતી માહા અનુરાગકે. વંદ્રા. ૧૩ તોરણ બાંધ્યારે બારણે, તોડે ટહુકે છે મોરકે; બોલે હગંવર વીરકે. વંદ્રા. ૧૪ પ્રાતસમેરે માંહી ઘુમતાં, ઘુમે ઘમકે છે પ્રાત; કંકણ ખલકે છે હાથકે, વાજીંત્ર વાગે બહુ ભાતકે. વંદ્રા. ૧૫ જુગ જુગ જીવો માહારો વાહાલમો બલીહારી માધવદાસકે. વંદ્રાવનનારે ચદ્રમા. ૧૬

ધોળ ૪૭.

શ્રી વલ્લભ સુતને નિરખીઆરે, માહારા શ્રીજીના વાહાલા; સુંદર જોવા સરખારે માહારા શ્રીજીના વાહાલા. ૧ વેદ પુરાણે લખીઆરે, માહારા. જયાંહાં જાગો ત્યાંહાં સુખીઆરે, માહારા. ૨ શ્રી જુમનાજીની તીરરે, માહારા. વ્રજ હર્યા હળધરવીરરે, માહારા. ૩ શ્રી વંદ્રાવ-

નના વાટેરે, માહારા. મહી લુટયાં શા માટેરે, માહારા. ૪. સોળ સહસ્ર ઘેર નારીરે, માહારા. તોય કેહેવાયા બ્રહ્મચારીરે, માહારા. શ્રી ગોવર્ધન ગીરધારીરે, માહારા. માધવદાસ બલીહારીરે, માહારા. વ્રજના વહાલા. ૬

ધોળ ૪૮.

શ્રી ઠકરાણી ઘાટ શોહામણારે છોકરો લેકેછે હાથરે, માહારૂ ગોકુળ રળીયામણુંરે. ૧ વલ્લભ વંશ બીરાજતારે, શ્રી વીઠલ નાથજીનો સાથરે. ૨ ગુણનિધી શ્રી ગોપીનાથજીરે, હુંગવરનો અવતારરે. માહારૂ. ૩ ગુણનિધી વીઠલનાથજીરે, શ્રી કૃષ્ણતણા અવતારરે માહારૂ. ૪ શ્રી રૂક્ષ્મણી વહુજીના કંથરે, શ્રી પદમાવતી વહુના કંથરે માહારૂ. ૫ ગુણવંતા શ્રી ગોવરધનલાલજીરે, શ્રી ભામતીજી વહુના કંથરે. માહારૂ. ગુણવંતા શ્રી ગોવીંદરાયજીરે, શ્રી રાણીજી વહુજીના કંથરે. માહારૂ.૭ ગુણવંતા શ્રી બાળકૃષ્ણજીરે, શ્રીકમળાવતી વહુજીના કંથરે. માહારૂ.૮ ગુણવંતા શ્રી ગોકુળનાથજીરે, શ્રી પારવતી વહુજીના કંથરે. માહારૂ.૯ અજીતને જીતી વડયારે, રાખ્યો માળાના મર્મરે. માહારૂ. ૧૦ ગુણવંતા શ્રી રઘુનાથજીરે, શ્રી જાનકીજી વહુજીના કંથરે. માહારૂ. ૧૧ ગુણવંતા શ્રી જીદુનાથજીરે, શ્રી મહારાણી વહુજીના કંથરે. માહારૂ. ૧૨ ગુણવંતા શ્રી ઘનશ્યામજીરે, શ્રી કૃષ્ણાવતી વહુજીના કંથરે. માહારૂ. ૧૩ લક્ષ્મી સતભામા બેહુરે, વ્રજની અનુહારરે. માહારૂ. ૧૪ શ્રી નવનિત પ્રિયાજીને રીઝવારે, શેવા વિવિધ પ્રકારરે. ૧૫ શોભા યમુનાં કમળા દેવકીરે, જેને સાત બંધુ સોહાગરે. માહારૂ. ૧૬ શ્રી ગોકુળથી શ્રીજી પધારીયારે, ચઢાવો શ્રી ગોવરધન ટેકરે. માહારૂ. ૧૭ સદમાં સીજી પધારીયારે, આપે શ્રી ગોવરધન નાથરે. માહારૂ. ૧૮ શ્રીજીના શેવામાં સાંપીયારે, સાત કુંવરની જોડરે. માહારૂ. ૧૯ ભોગ ધરાવે શ્રીજીને ભાવતારે, શ્રી જમુના જળ ઝારી હાથરે. માહારૂ. ૨૦ આચમન કરાવી બીડાં ધર્યાંરે, આરતી ઉતારે વ્રજનાથરે. માહારૂ. ૨૧ દર્પણ ધરે મન મોદશુંરે, માળા પહેરાવે હાથરે. માહારૂ. ૨૨ બનશીબટના ચોકમાંરે,

મહારે વહાલે કરયો વેણુ નાદરે, માહારૂ. ૨૩ રમતું રાધાજીના રાસમાંરે, તોળી ગોવરધન હાથરે. માહારૂ. ૨૪ કરજોડીને કરૂ વિનતીરે નમી નમી દંડવત થાયરે. માહારૂ. ૨૫ માધવદાસની વિનતીરે, આપો શ્રીગોકુળ વાસરે, માહારૂ. શ્રી ગોકુળ રળિયામણુંરે. ૨૬

ધોળ ૪૯

ધન્ય કાંકરોલી ગામરે, વાહાલો વસે વૃજના ધણીરે; ધન્ય કાંકરોલી ગામરે, દ્વારકાંનાથની શોભા ઘણીરે.૧ ધન્ય કાંકરોલી ગામરે, પૂરૂષોત્તમ શેવા કરેરે: ધન્ય કાંકરોલી ગામરે, રળીયામણો રાય સાગરરે.૨ ધન્ય કાંકરોલી ગામરે,દુનીયા દરશન જાયછેરે;ધન્ય કાંકરોલી ગામરે, માનુની મંગળ ગાયછેરે. ૩ ધન્ય કાંકરોલી ગામરે. આનંદ ઓછવ થાયછેરે; ધન્ય કાંકરોલી ગામરે જે જીવ શરણુ જાયછેરે. ૪ ધન્ય કાંકરોલી ગાંમરે, તેહેનું જીવતર સફળ થાયછેરે; ધન્ય કાંકરોલી ગામરે, માધવદાસગાયછેરે.૫ધન્યકાંકરોલી ગામરેવહાલો વસેવૃજનાધણીરે.

ધોળ ૫૦.

ઓ વહાલાજી ઉભલા રોહોને રંગ રશીયાજી, મુજને મળવાનું કહો ને રંગ રસીયાજી; વાહાલાજી મારા વશ કરીનેરે મુકો, ચતુર થઇ શું ચુકોરે રંગ રશીયાજી. ૧ વહાલાજી માહારા કામણીઆં મુને કીધાં, મારાં ચીત ચોરી લીધાંરે. રંગ રશીયાજી. ૨ વાહાલાજી માહારા અબળા માણસ તે શું કરીએ,સાસરીયાંથી ડરીએરે રંગ રશીયાજી:૩ વાહાલાજી માહારા ગયતી જુમનાજીને ઘાટે,ગીરધારી મળીયાવાટે રે. રંગ રશીયાજી. ૪ વાહાલાજી માહારા કાળ નણદલ હુતી સાથે, બેડાંનો ભાર માથેરે. રંગ રશીયાજી. ૫ વાહાલાજી માહારા તે માટે નવરે બોલાયાં, તમ સાંમુ નવ જોવાયાંરે. રંગ રશીયાજી. ૬ વાહાલાજી માહારા રશીયા તે સારૂં,ના જણાયું દુઃખ માંહારૂંરે રંગ રશીયાજી. ૭ વાહાલાજી માહારા મુખ મરડીને રહ્યાછો,નિર્દય શું થયાછોરે રંગ રશીયાજી. ૮ વાહાલાજી માહારા દર્દ હમારૂંજો જાણો, દયા મન આણોરે.રંગ રશીયાજી. ૯વાહાલાજી માહારા રાત દિવસને રેહેણી,

ના જાણું મૃગા નેણીરે. રંગ રશીયાજી.૧૦ વાહાલાજી મારા કોહેના આગળ વાત કહીએ, સહુકોના મેહેણાં સહીએરે. રંગ રશીયાજી ૧૧ વાહાલાજી માહારા સોકો કાનુડાની કેહેછે, હુવેતો દગો દેછેરે. રંગ રશીયાજી. ૧૨ વહાલાજી માહારા બોક રાખુ હવે કોહોની, નથી વાત છાંનીરે. રંગ રશીયાજી ૧૩ વાહાલાજી માહારા વચન આપુ તે હયો કરમાં, ચાલો તો રાખુ ઘરમાંરે. રંગ રશીયાજી. ૧૪ વાહાલાજી માહારા ખાજાં જલેબી ને લાડુ,જમો તો થાય મન ટાઢુરે. રંગ રશીયાજી ૧૫ વાહાલાજી મહારા સામગ્રી સરસ બનાવી,મુખ આગળ ધરાવીરે. રંગ રશીયાજી.૧૬ વાહાલાજી માહારા જે જોઇએ તે કેહેજો,મીઠા મેવા માગી લેજોરે.રંગ રશીયાજી. ૧૭ વાહાલાજી માહારા હરીદાસને હરી કેહેજો, ઉત્તર હમને દેજોરે. રંગ રશીયાજી. ૧૮

ધોળ ૫૧.

તમને શું પેલાછે પ્રાણુરે હો છબીલીજી, પ્યારીરે તું તો જોની હું શરીરે શુકાયો; તુજ રૂપમાં લોભાયોરે. હો છબીલીજી. ૧ પ્યારીરે મુજને તુજ વીના અન્ન ન ભાવે, નિંદ્રા નવ આવેરે. હો છબીલીજી. ૨ પ્યારીરે તાહરે નિત્ય નોહોતાં દરશન દેવાં, પ્રીત નોહોતાં હરી લેવાંરે. હો છબીલીજી. ૩ પ્યારીરે હું તો અરજ કરૂં એવી, જ્યાંહાં હું ત્યાંહાં તું જેવીરે. હો છબીલીજી. ૪ પ્યારીરે તાહારી શેરડીએ તુજ માટે આવું, સાથે કોને લાવુંરે. હો છબીલીજી. ૫ પ્યારીરે તું તો હરીદાસ હરીને કેહેજે, ઉત્તર હમને દેજેરે. હો છબીલીજી. ૬

ધોળ ૫૨.

શ્રી દ્વારકાંનાથજીને લાગુ પાયકે, મતી દીજો ભલીરે લોલ;શ્રી બાળ કૃશ્નજીનો જન્મ પવિત્ર તે ગઇએ સહુ મળીરે લોલ. ૧ સંવત સોળસેહેને ખટકે કૃશ્ન સહીરે લોલ, આસો માસો નંદકુમાર કે, ફરી પ્રગટ્યા મહીરે લોલ. ૨ રાણી રૂક્ષમણી માતને કુખકે, લાલજી પ્રગટીયારે લોલ; શ્રી વિઠલનાથજી દેછે દાનકે, જાચક સહુ હરખીયારે લોલ. ૩ સાંભળો આણંદ નરેને નાર કે,સહુ મળીયારે લોલ, કાંધે દશી-

ના શીકાં વસ્યાં કે, સહુ મન ભાવીઆરે લોલ. ૪ શ્રી વલ્લભ રાજ કુમારને ઘેર કે, દધી કાદ મચોરે લોલ; શ્રી વિઠલનાથજીને ત્યાંય કે, બધાઇનો રંગ રચોરે લોલ. ૫ એક એક નરને એક એક નારકે હાથ તાળી દીએરે લોલ; નાચે ગાવે ઓછવ થાયકે, સહુ જે જે કેહેરે લોલ. ૬ નાચે ઢાઢી મુકુળે સુજાનકે, ઝાંઝ લેઇ હાથમાંરે લોલ; વાગે ઝાંઝ મૃદંગ ઉપંગકે, કવીતા કરી તાળમાંરે લોલ. ૭ ગાવે વૈશ્નવ જન નર નારકે, ઘોળ પ્રગટયા તણાંરે લોલ; લુટાવે શ્રી વલ્લભ નંદ ઉદારકે, મિષ્ટાંન મોદકા ઘણારે લોલ. ૮ શ્રી ગોરધરજી પ્રફુલીત મનકે, ગોવીંદ હરખીઆરે લોલ; આવ્યા દેવ બેશી વૈમાનકે કુશુમ બહુ વરખીઆંરે લોલ. ૯ આવ્યા જોશી શાહસ્ત્ર પ્રવિણકે, લાલ પ્રગટયા સુણીરે લોલ; એમને ખટ પુત્ર કન્યા એકકે, એક કેહેછે મુનીરે લોલ. ૧૦ આવ્યા ગર્ગાદિક મોહા મુન્યકે, ધુની કહે વેદનીરે લોલ, શ્રી ગોસ્વામી કરી પરમ ઉદારકે, આપી વધામણીરે લોલ. ૧૧ આવી ગોકુળની સહુ નારકે, ઝુંડે ઝુંડે મળીરે લોલ; જોયા શ્રીમુખ શ્યામ સ્વરૂપકે, આશિષ્ય દે સહુરે લોલ. ૧૨ ચિરંજીવો શ્રી વિઠલરાજ કુમારકે, ભક્ત શીર ગાજજોરે લોલ; પ્રભુજી શેવા કરજો નિત્યકે, ગોકુળમાંહી માહ્રાલજોરે લોલ. ૧૩ અવીચળ અપળતા રેહેજો નિત્યકે, ભક્ત હુલરાવજો રે લોલ. હું છું ચર્ણ શેવકનો દાસકે, કૃપણ પાપી ઘણારે લોલ. ૧૪ રાખો ચર્ણકમળનો પાસકે, બંદછે તગતણુરે લોલ; બલીહારી જાય માધવદાસકે, દોષ નીવારજોરે લોલ ૧૫.

ધોળ ૫૩.

વર્ણવું શ્રી વંદ્રાવન સુખ ધામકે, શોભા ત્યાંહાં ઘણીરે લોલ. જમુનાં નીર વહે ગંભીર કે, ગોવર્ધન ગીરીરે લોલ. ૧ બનશી બટ સુંદીર ઘનઘોર કે નીજ કુંજ છબી શી કહુ રે લોલ; ફુલ્યાં ભાર આરે દ્રુમકે, નામ પણ શું કહું રે લોલ. ૨ ફુલ્યો ચંપો ને કચનાર કે, કમળને કેતકીરે લોલ; ફુલી ગુલ ગાડી ગુલઆસ કે, ચંબેલી માલતીરે લોલ. ૩ ત્યાંહાં ઘનશ્યામ ચરાવે ધેનુ કે, બજાવે વાંસળીરે લોલ; સ્વર સુણી ગોકુળની વ્રજનારી, ચીતડેથી ચળીરે લોલ. ૪ કીધા અવળ સવળ શણુ-

ગાર કે, સહુ ટોળે મળીરે લોલ; ચાલી સહુ સખીઓ મળી સાથ કે, સુખ દુખ ભાન ટળીરે લોલ. ૫ આવી વંદ્રાવન સુખ ધામ કે, જ્યાંહાં ઉભા હરીરે લોલ; કટીપર કર મુકયો વ્રજનાથ કે, અધર મોરલી ધરીરે લોલ. ૬ હેરી છબી જોઇને વ્રજનાથ કે, બની થઇ આતુરીરે લોલ;કીધા હાવભાવ સનમાન,વનારીરે ચાતુરીરે લોલ.૭ સુંદીરશ્યામ હરી કર ઝાલો; ગયા મળી કુંજમાંરે લોલ; મચ્યો ત્યાંહાં રાસ બીલાસ અનેક, રમી સુખ રંગમાંરે લોલ, હેતો લીલા અપરંપાર કે, નહીં ગાઇ શકુરે લોલ;મહરી કહે શું ગાઉં કે,માહા મતી મંદમુરે લોલ, ૯ વરણવું શ્રી વંદ્રાવન સુખ ધામ કે, શોભા ત્યાંહાં ઘણીરે લોલ.

ધોળ ૫૪.

કાંકરોલી ગામનારે વાશી, તંહ્યાતો વાહાલા મુજને કીધીછે દાશી. ૧ પુર્વ જન્મનીરે પ્રિત્યે, તે રશ માણ્યું રંગ રીત્યે. ૨ નિર્ભે થઇનેરે નાચું; જ્યારે શ્રી વ્રજભુષણને જાચું. ૩ એ વિના સર્વેરે કાચું, નિગમ કેહેછે એછે સાચું. ૪ દયા કરી છેરે દયાળે, કૃપા કરી પશુ જિવપર ભાળે. ૫ મહા સુખ પામ્યાંરે જોતાં, હવે માહારાં ભટકણ ભાગ્યાં ગોથાં. ૬ તર્યાનું ઠેકાણુરે એછે, દાસ મનોર નિર્ભે કેહેછે. ૭ કાંકરોલી ગામનારે વાશી.

ધોળ ૫૫

અમે આવ્યાં તમારે આશરે અલબેલાજી, હવે શું કરીએ જઇ સાસરે અલબેલાજી ૧ ફેરા તણુંફળ એ મળ્યું અલબેલાજી. મન ગમતું મુજને મળ્યું અલ. ૨ હીરલો લાગ્યો હાથમાં અલબેલાજી; તમો શોભો સહીયર સાથમાં અલબેલાજી. ૩ તમારૂ શામળું અંગ અડશો માં અલબેલાજી;ગુણવંતીને લાંછન લગાડશો માં અલબેલાજી. ૪ જો જાણુશે માહારી માવડી અલબેલાજી,કોની સાથે પ્રિત્ય છે આવડી અલબેલાજી.૫ અમે કાજળ આંખમાં આંજશું અલબેલાજી, તમો નેણાંની ચોટ નાંખોમાં. અલબેલાજી. ૬ હું તો દાણ નહીં આપું દોકડો અલબેલાજી, અમે જવાબ આપીશું રોકડો અલબેલા-

૭, હું બીવરાવી બીહીતી નથી અલબેલાજી, હું ઓશીયાળી કોઇની નથી અલબેલાજી. ૮ હું ઓશીયાળી પ્રભુ તમ તણી અલબેલાજી. શ્રી વલભના સ્વામી તમોછો ધણી અલબેલાજી. ૯ અમે આવ્યાં તમારે આશરે અલબેલાજી.

ઘોળ ૫૬.

વનમાં વાગેરે વાંસળી, માહારે મંદીરીએ સંભળાય. વનમાં. ૧ મોહ સઉ પામીરે સુંદરી, જીવડો આકુળવ્યાકુળ થાય વનમાં. ૨ વેગે ચાલીરે વીનતા, મેહુતો ઘરમાં નવ રેહેવાય. વનમાં. ૩ દેહની દશારે વિસરી, અંગે આભુષણ બદલાય. વનમાં. ૪ ભોજન બોજનથીરે ભામની, ચાલી કામ કરી ઘર તાજ. વનમાં. ૫ સાસરૂ મહીયરરે મેહેલીયું, લોપી લોકડીઆની લાજ. વનમાં. ૬ વન સહુ આવીરે ગોપીયો, નર્ખું નિર્ખ્યા શ્યામ શરીર. વનમાં. ૭ રૂગનાથ હરખ્યોરે હૃદએ ઘણું, સુંદીર જમુનાં કેરી તીર. વનમાં. વાગેરે વાંસળી, માહારે મંદારીએ સંભળાય. ૮

ઘોળ ૫૭.

વાંકે અંબોડે શ્રી નાથજીને,સુંદર શ્યામ સ્વરૂપ;શ્રી વલભ સુત સેવા કરે,એ શ્રી ગોકુળના ભુપ. ૧ પાઘ બાંધે વહાલો જરકશી,ને સુંદર વાઘા સાર;પટકા તે છે પંચરંગના. સજીયા તે સોળ શણગાર. ૨ કેસરી તીલક સોહામણાં,નાશીકા વિશ્વાધાર;ચીંબુકની અતી કાંતી છે, કંઠે મોતીના હાર. ૩ હુબચીએ હીરલો જગમગે, એહુના તેજ તણો નહી પાર;અધરબીંબ એ રશીક છે, ઝળકે તે જોત્ય પ્રકાશ. ૪ બાંહે બાજુબંધ બહેરખા, હરીના ખેટળીઆળા કેશ;નિર્ખ્યા ને વળી નિરખશુ. એનો પાર ન પામે શેષ. ૫ ડાબી બાજુએ શીંગેરર ધર્યાં, જમણે કટી મધ્ય ભાગ;કૃપા કરો શ્રીનાથજી,માહારાં હૃદડાં ટાહાડાં થાય. ૬ પાએ ઘુઘરી ઝણઝણે, મોજડીએ મોતીની હાસ્ય; કૃપા કરો શ્રી નાથજી,બલીહારી માધવદાસ. ૭ માધવદાસ કહે હરી,માહારૂ માગ્યું આપો માહારાજ; વળી વળી કેરૂ વીનતી, મુને દેજો વૃ-

જમાં વાસ.૮ વાંકે અંબોડે શ્રી નાથજી,સુંદર શ્યામ સ્વરૂપ.

ધોળ ૫૮.

હું બલીહારી તેલંગકુળ દીપક, શ્રી લક્ષ્મણ તાતનેરે લોલ; જે કુળ પ્રગટયાશ્રી વલભદેવ, જક્ત હિત કારણેરે લોલ. ૧ માધો માસ કૃષ્ણ એકાદશી, ભર વૈશાકની રે લોલ, પ્રગટયા ધરયું અગ્નિમધ્ય કે, અગ્નિકુપ સહીરે લોલ. ૨ સંવત પંદરશે પાંત્રીશા કે, વાર રવી ખરોરે લોલ; સર્વે સરીયાં સેવકનાં કાજ કે, વૃજ જન આવી મળયાંરે લોલ; જીવને આપ્યાં દાન અનેક કે, વાર નવ લાગીરે લોલ.૩ પુષ્ટીમાર્ગ ચાલયો મરજાદ કે, મર્યાદા ઘણીરે લોલ. ૪ જગતને દ્રઢ કરવાને કાજ કે, શ્રીજી આવી મળયારે લોલ; વાકય કહ્યુ શ્રી કૃષ્નની પ્રત્ય કે, બેઉ એકાંતે મળયારે લોલ. ૫ જીવ હેત રાખ્યો નિર્ધાર કે;લઇ ચર્ણે ધરોરે લોલ; લાવી સોંપો હમારા ચર્ણ કે.દ્રઢ રાખશુરે લોલ.૬ હેવાં વચન સુણીને હરાીયા કે,જીવને દયા કરીરે લોલ નિશ્ચે વચન કહ્યાં પ્રમાણ કે, ત્રણવાર ફરી ફરીરે લોલ. ૭ પછી વીચારયુ દિન દયાળ કે, ત્યાંહાં હરશાંની સહીરે લોલ. પુછવા લાગ્યા દીન દયાળ કે, કહો કહુ કયા શુધીરે લોલ.૮ ત્યારે શિષ્ય નમાવ્યું નાથ કે, હું સમજયો નહીરે લોલ; કૃપાનાથે કૃપા કરી કહ્યું કે, સાંભળ દ્રઢ કરીરે લોલ. ૯ ભક્તજન ઉપર દયા ઘણેરી કે,હરસાનીએ લહુરે લોલ, ભક્તને આપ્યાં દાન અનેક કે, મન આનંદ ઘણોરે લોલ. ૧૦ વાહાલે ઓધાર્યા જીવ અનેક કે,જુગ વિસ્તારનેરે લોલ; પ્રથમ હરી હળધર પ્રગટયા કે, રચના શી કહુંરે લોલ. ૧૧ માયાવાદ ટાળયો ભાર કે, પ્રભુ સમર્થ સહીએરે લોલ; ત્યાંહાંથી આગળ ચાલયો વિસ્તાર કે, સાત મધ્યે રત્ન મણીરે લોલ. ૧૨ વૃજનો જીવણ એ વિશ્રામ કે, શ્રી ગોકુળનાથ ધણીરે લોલ; જેણે જીત્યા ખળ પાખંડ કે, શાહ જાંહાંગીર સહીરે લોલ. ૧૩ આપી ગજ મુક્તાની માળ કે, પ્રભુ રાખે નહીરે લોલ; લઇને સોંપી શ્રી જમુનાં મધ્ય કે,જમુનાંએ હાથ ગ્રહીરે લોલ.૧૪ ત્યારે કહી જાંહાંગીરને વાત કે, શાહા માની સહીરે લોલ, માળા દેજો હમારીનાથ કે, બદલે ફરી કરૂરે લોલ.૧૫ શાહાને લેઇ બેઠા પ્રભુ નાવ કે, રૂપ જુ-

મનાંગ્ય વધુંરે લોલ; માળા આપી તતક્ષણ હાથ કે, શાહા નીઓાંધણું રે લોલ. ૧૬ એ સુખ નીર્ખી શ્રી વલ્લભ દાસ કે, મન આણંદ ઘણારે લોલ; હું બલીહારી તેલંગકુળ દીપક કે, શ્રી લક્ષ્મણ તાતનેરે લોલ.

ધોળ ૫૯.

હું બલીહારી તેલંગ કુળ દીપક કે, શ્રી લક્ષ્મણ તાતનેરે લોલ; એ કુળ પ્રગટયા શ્રી વલ્લભનાથ કે, જગતહિત કારણેરે લોલ. ૧ એમના બેઉ સુત પર્મ કૃપાળ કે, ચતુર શીરોમણીરે લોલ; શ્રી ગોપીનાથ શ્રી વીઠ્ઠલનાથકે, હમ શીર એ ધણીરે લોલ. ૨ તે શ્રી વિઠલનાથને સાત કે, કુંવર પ્રગટયા સહીરે લોલ; જાણીએ પોતે સાત સ્વરૂપ કે, મહીને પ્રગટયા મહીરે લોલ ૩ શ્રી ગીરધારીજી પરમસુશીળ કે, સુભટ અતી શોભીતારે લોલ; શ્રી ગોવિંદરાય તણો મુખચંદ્ર કે ભક્ત જન લોભતારે લોલ. ૪ શ્રી બાળકૃષ્ણજીનાં અતીશયનીત કે, ચર્ણ ચિતલાવીએરે લોલ; શ્રી ગોકુળનાથજીના ચર્ણની રેણુકે, જગતમાં કાહાવીએરે લોલ. ૫ ચતુર શીરોમણી શ્રી રઘુનાથ કે, તેહેના ગુણ ગાઇએરે લોલ;શ્રી જદુપતી નાથના ચર્ણ સરોજ કે,તેણે દુર્લભ પાઇએરે લોલ ૬ સામર્થ વેદ તણો નહી વર્ણન કે, ગુણ ઘનશ્યામનારે લોલ; રાખો ચર્ણ કમળની છાંય કે, એછે કામનારે લોલ. ૭ સાત સ્વરૂપ તણો નિજવંશ કે, જગતમાં બીરાજજોરે લોલ; સકળ સ્વરૂપના ચર્ણની રેણુકે, અમશીર ગાજજોરે લોલ. ૮ એ શ્રી વલ્લભના નિજવશ કે, જગત હિત કારણેરે લોલ; શ્રી વ્રજગુણ જોઇ મુખચંદ્ર કે, જાય વારણેરે લોલ. ૯ હું બલીહારી તેલંગ કુળદીપક.

ધોળ ૬૦.

શ્રી વલ્લભ સુત વાહાલા લાગો, હે તેથી ભય સઘળો ભાગો; સુકીત સેજે શું જાગો, શ્રી વલ્લભ. ૧ પ્રગટયા શ્રી પુરૂષોત્તમ પોતે, દ્વિજ સુંદીસ્વર મનાસુતે; દૈવી પ્રગટ થયા જોતે,શ્રી વલ્લભ. ૨ સાત કુંવર કહીએ તેના. સ્વરૂપની સોંપી છે સેવા; જીવને દાન ઘણાં દેવા. શ્રી વલ્લભ. ૩ કેટલાક જન પુર્ણમાં પાળ્યા, અળગા અથડાતા ટાળ્યા, સમ-

પણ મુખ વાટે વાળ્યા, શ્રીવલ્લભ. ૪ ચોરાશી ચરણે કીધા, અષ્ટસ્થાગી આશ્રા લીધા; ભગવદ રસ ભાવે કીધા, શ્રીવલ્લભ. ૫ જે જન હરીચરણે રેહેશે, નિર્મળ જમુનાંજી નાહાશે; અખંડ વ્રજવાશી થાશે, શ્રીવલ્લભ. ૬ શેવક જન હરીના દાસ કહીએ, ધ્યાન સદા એમનું ધરીએ; આપણુ શ્રી ગોપીનાથજીને ગમીએ શ્રી વલ્લભ સુત વાહાલા લાગો. ૭

ધોળ ૬૧.

આનંદ સાગર ઉલટો સખી આજ માહારૂ મન મોહ્યુંરે, અંગો અંગે ફુલ્યાં અતી ઘણાં; સખી કહ્યાં તે કોનાં નવ જાયરે. ટેક; ભલે પ્રગટયારે શ્રી ગોકુળનાથ, શ્રી વિઠ્ઠલનાથ દોહેલી હરીને વધામણાં. ૧ બાવનચંદન બહુ વળી, વચે ચોક નવલી જાતરે; પાછળ ફરતાં ફુલડાં; વચે વેલડીની જાતરે; સિંહાસનરે સિંહાસનરે, બેઠેલો ઢળકતા હાથ લટકતા હાથ; દોહેલા હરીને વધામણાં. ૨ બહુ રત્ન મુલ હીરે જડયાં, મોતીડે પુરી થાળરે, કુમકુમ ભરાંરે કચોલડાં; સહી પુષ્પ કેરી માળરે, સોવાશણરે. સોવાસણરે. ગાય મંગળ ચાર; ગીત રસાળ, દોહેલી હરીને વધામણાં. ૩ ઓછવ ઉપનો અતી ઘણો, સખી આંણીએ નવરંગરે; વાજીત્ર વાગે અવનવાં, સખી ઢોલ ભેર મૃદંગરે. આજ મન ઉપનોરે મન ઉપન્યોરે સખી અતી આનંદ; દોહેલી હરીને વધાંમણાં. ૪ પ્રિત્યે પ્રભુજી નિરખ્યા, શ્રીગોકુળપતી માહારાજરે. હરીદાસ કહે માહારા મનતણા, પોહોત્યા મનોરથ આજરે. હવે સરીયાંરે, હવે સરીઆંરે શેવકનાં કાજ; વૈશ્નવનાં કાજ, દોહેલી હરીને વધામણાં. ૫ આણંદ સાગર ઉલટયો સખી આજ માહારૂ મન મોહ્યુંરે.

ધોળ ૬૨.

શ્રી ગોકુળ ગામને ગોંદરે સાહેલીરે, આશા ઝાકમઝોળ ગોસાંઇજી ગોકુળમાં પધારીયા. ૧ મંડપછાયો મોગરે સાહેલીરે, તોરણમાં છે મોર. ગોસાંઇજીરે. ૨ ચોક ચિત્રામણ અતી ઘણાં સાહેલીરે, ઘેર ઘેર કદળીના સ્થંભ. ગોસાંઇજી૩ ઘેર ઘેર મંદીર ઉઘડયાં સાહેલીરે, ઘેર ઘેર ઓછવ થાય. ગોસાંઇજી.૪ રંગીલી ગલી રળીઆમણી સાહેલીરે, ભક્તની ભીડ અપાર. ગોસાંઇજી.૬ ગુજરાતી આવે મલપતા સાહેલીરે

વૈષ્ણવ સોરઠદેશ. ગોસાંઈજી. ૬ માધવદાસના સ્વામી મળ્યા સાહેલીરે સરીયાં સેવકનાં કાજ, ગોસાંઈજી ગોકુળમાં પધારીઆ સાહેલીરે. ૭

ધોળ ૬૩.

સુરજ ઉગી ઉદય થયો, સર્વે સંસારીને મોહ રહ્યો; લાલા લેહેરી તું રંગીલો. ૧ કાને કુંડળ મકરાં મોતી, હું તો શ્રી દ્વારકાંનાથજીનાં મુખ જોતી. લાલા. ૨ શેરી વાળી ફુલડાં વેરૂ, આવતાં જાતાં હું તમને ઘેરૂં. લાલા. ૩ માહારે ઘેર આવજો દાહાડી દાહાડી, માહારે ઘેર ફુલ ચંપાની છે વાડી. લાલા. ૪ માહારે ઘેર આવો અટકે મટકે, લવીંગ સોપારી બાંધુ દો પટકે. લાલા. ૬ માહારે ઘેર આવો હરી રમઝમતા; તમે માહારી સાસુ નણંદને બહુ ગમતા. લાલા. ૬ ઓરા આવો ચોટી ઓળું. પલંગે પોઢાતો પ્રભુજીને વા ઢોળુ. લાલા. ૭ મહારે ઘેર આવો હશે મશે, દુધ સાકરીઆં પાઉ રસે રસે. લાલા. ૮ લાડકડા આવો તો રમાડું ભવનમાં પધારો તો જમાડુ. લાલા. ૯ મેહેતો તમ સાથે પ્રીતિ બાંધી, છોડવી નવ છુટે હીરની ગાંઠી. લાલા. ૧૦ દાસ વલભ તો ચર્ણે લાગે, તેથી માહારા જન્મ જન્મનાં ભય ભાગે. લાલા લેહેરી તું રંગીલો. ૧૧

ધોળ ૬૪.

મોહન મલપતા ઘેર આવોરે, માહારે ઘેર પુરૂષોતમ પધાર્યારે, મેહેતો લઇને મોતીડે વધાવ્યારે. ૧ વહાલે માહારે કરૂણાની દ્રષ્ટિ જોયુંરે, બાઇ માહારે એ વરશુ મન મોહ્યુંરે. ૨ પડ્યું માહારે નંદના કુંવર સાથે પાનુરે હવે હું તો કયમ કરી રાખીશ છાનુરે. ૩ હરીજનને કેહેવું હોય તે કેહેજોરે, વાહાલા માહારા હૃદિયાકમળ વચે રેહેજોરે. ૪ ધન્ય ધન્ય ગોકુળના ગીરધારીરે, વાહાલાને જોવા મળી વ્રજનારીરે. ૫ હાંરે હું તો વલભ કુળની દાશીરે, હાંરે વાહાલા કૃપા કરો વ્રજવાશીરે. ૬ વાહાલે માહારે વ્રજમાં તે આપ્યો વાસરે, હાંરે બલીહારી તે માધવદાસરે. મોહન મલપતા ઘેર આવોરે. ૭

ધોળ ૬૫.

ગંગા બેટીએ ઝઘડો માડીઓ ગીરધારીનાં લખ્યાંરે પ્રમાણ વારી જાઉં શ્રી નાથજી. ૧ બાદશાહે તે પ્રમાણો મોકલ્યો છોડો છોડો શ્રી ગોકુળ.

ગામ, વારી જાઉં. ૨ છોડો છોડો શ્રી મંદીર માળીઆં, છોડો છોડાને બરશાના ગામ. વારીજાઉં. ૩ વૃજવાશીએ મનમાં વિચારીઆં,એમ ના સામાં બાંધોને હુથીઆર. વારીજાઉં. શ્રી નાથજીએ આજ્ઞાઓ નવ કરી, નોય નોચે એ દેવતાનો ધર્મ. વારી જાઉં.૫ ત્હાંહાં થકી શ્રીનાથજી પધારીઆ, આવી પધાર્યા દશ વીશ કોશ વારીજાઉં. ૬ નવખંડ તે પ્રથિવ આપણી, ચોદીશા ચોબાજીનાં રાજય. વારીજાઉં.૭ વહાલે તળાવે તંબુ તાણીઆ, ચંપારણ વિશે ગાઉચાર. વારીજાઉં.૮ ત્યાંહાં થકો શ્રી નાથજી પધારીઆ, મધ્ય રાતે મેવાડ દેશ વારીજાઉં. ૯ રાજા પ્રજાને થયરે વધામણી,આપણા શ્રી નાથજી પધાર્યા નજીક. વારીજાઉં.૧૦ રાજા પ્રજાએ મનમાં વિચારીઆં,આપણ શીશી કરીશું ભેટ.વારીજાઉં.૧૧ એમને સોએ ઘોડાને બસે હાથીઆ એમના રથને સંખનો નહિ પાર.વારીજાઉં.૧૨ વહાલે ડુંગર કોરી મંદીર કર્યાં. પધાર્યા શ્રી ગોવર્ધન નાથ વારી જાઉં.૧૩ એગની ઉંચી મેડાને મંદીર માળીઆં, નીપના નીપના પગથીયાળા ચોક. વારીજાઉં. ૧૪ નીપની નીપની તે ઓરડાને ઓરડી.નીપન્યાં નીપન્યાં રશોઇઓનાં ઠામ. વારીજાઉં. ૧૫ કમળ ચોકમાં ઝુલે ઘેમર હાથીઆ, એમનેટોડલે ટઉકે છે મોર. વારીજાઉં. ૧૬ એમ મધરો તે ગોવર્ધન ભચો, બન્યા સજળ તે મહારાણીજીનાં નીર. વારીજાઉં. ૧૭ જળનો તે ગોવીંદકુંડ ભરચો, તેહેનાં મહુરાં ભર્યાંરે ભરપુર. વારીજાઉં. ૧૮ એક વડલો તે બનસીટ ભયો કાંકરોલી. તે બનસીટના ચોક. વારીજાઉં. ૧૯ ત્યાં તો સાકર કેરા કરા પડયા, ત્યાં તો દુધડે વર્ષ્યા છે મેહ. વારીજાઉં. ૨૦ ગંગાબાઇએ તે વિનતી એમ કરી. મુને આપજો વૃજમાં વાસ. ૨૧ વારીજાઉં શ્રી નાથજી, ગંગાબેટીએ ઝગડો માંડીઓ. ૨૧

ધોળ ૬૬.

હરખે શ્રી વલભ નંદને ગાવુંજી, શ્રી વિઠ્ઠલ નાથને વાર્ણે જાઉંજી ૧ જેહેના તેહના મન તણો મહિમાયજી, સકળ અમંગળ અળગાં થાયજી. ૨ જેણે તે પુષ્ટિનું કીધું છે દાનજી ટાળ્યું ટાળ્યું જીવતણું અજ્ઞાનજી. ૩ કીધા કીધા માહા મોહોટા ઉપકારજી દૈવી તે જીવનો કી-

ધો વિસ્તારજી. ૪ મનડાંની આશા પુરણ કીધીજી, શિક્ષા તે શેવાકરવાની દીધીજી. ૫ મટયો મટયો અસુરતણો આવેશજી, કીધો કીધો ભક્તિતણો ઉપદેશજી. ૬ જીવને બ્રહ્મ સબંધ કરવાજી, જે થકી પુરૂષોતમ મન ભાવ્યાજી. ૭ વારંવાર એને અપ્રિય જીવ જાતાજી, રાખો રાખો અસમર્પીત વસ્તુ ખાતાજી. ૮ શ્રીમદભાગવદ રૂપ પ્રકાશજી, તેહ થકી તત્વ વેદનું ભાશજી. ૯ બાંધ્યા બાંધ્યા ભક્ત સિંધુની સેતજી, કીધુ કીધું દૈવી જીવનું હિતજી. ૧૦ સપ્ત તે લાલકેરા જે તાતજી, શ્રી ગોપીનાથ તણા જે ભ્રાતજી. ૧૧ શ્રી અકાજીમાના ગર્ભતણો એજ તનજી, પધાર્યા ભકતોનું કરવા જતનજી. ૧૨ તેમની ભક્તિ તણે શીર સોહીએજી નિરખતાં નિજ જનનાં મન મોહીએજી. ૧૩ શ્રીમદ વિઠ્ઠલના જે દાસજી, તેમના તે પદ રજના આશજી. ૧૪ વળી વળી એહજ વિનતિ કીજેજી, વૃજશેવકને અભેપદ દીજેજી. ૧૫ તેડાવવું તે સહીયર સાથજી નાચુ ગાઉ ને તાળી પાડું હાથજી. ૧૬ કોને કહું કહુ ને નવ કેહેવાયજી, છબીપર જનરશીક બલીહારી જાયજી ૧૭ હુએ શ્રી વલ્લભ નંદન ગાવુજી.

ધોળ ૬૭.

સખી આજનો લાહવો લીજીએરે કાલ કોણે દીઠું છે ટેક. ફુલની ગાદીને ફુલના તકીયા, ફુલનાં બીછાનાં બીછાવીએરે, કાલ કોણે દીઠું છે. ૧ સોનાનાં સોગટાં ને રેશમની ચોપાટ, હીરલાના પાસા ઢળાવીએરે, કાલકોણે દીઠું છે. ૨ સોનાનુ પારણું ને રેશમની દોરી, હરખે શ્રીનાથજી ઝુલાવીએરે, કાલ કોણે દીઠું છે. ૩ વાલાંના મેહુલાને આનંદની હેલી, સુખને શરવડે ભીજાઇએરે, કાલ કોણે દીઠું છે. ૪ વલ્લભના સ્વામી પ્રભુ રશીક શીરોમણી. વળી વળી મુખડાં નિહાળીએરે, કાલ કોણે દીઠું છે. ૫ સખી આજનો લાહાવો લીજીએરે કાલ કોણે દીઠું છે

ધોળ ૬૮

આજ આનંદ નંદજીને દ્વારરે, વૃજમાં થઇછે લીલાલેહેરરે. ૧ ગોપી અતીરે ઉલટભરી આવેરે, થાળ મોતીનો ભરી લાવેરે. ૨ વાહા-

લાને વિવેકે વધાવેરે, વાહાલા ત્રીભુવનનાથ કહેવાયરે. ૩ વાહાલો હસ્તનાં કાવણ્ણ ધાવેરે, વાહાલો ગોપીઓને લાડ લડાવેરે. ૪ એવાં હેત ગોપીપર કાવાંરે, દહીં માંખણ ચોરીને પીવાંરે. ૫ વાહલા મથુરામાં શું મીઠુંરે, એવું કુબજ્યામાં શું દીઠુંરે. વાહાલો કુબજ્યાની સંગે મોહ્યારે, વાહાલો ગોપીયોની સાથે સોહ્યારે. ૭ ગોકુળ આવોને વ્રજના વાહલારે, તમે નંદ જશોદાના લાલારે. ૮ ગોકુળ આવોને વ્રજના વાશીરે, તમે પ્રાણ સોંપ્યા છે આશારે. ૯ ગોકુળ આવોને ગીરીધરધારીરે, તમારી વાટ જુવે વ્રજનારીરે. ૧૦ વાહાલા જુમનાજીને ઘાટરે, તમે વસ્ત્ર હર્યાં શા માટરે. ૧૧ વાહાલે ગીરીગોવર્ધન ધાર્યોરે, એવો મદ ઇંદ્રનો ઉતાર્યોરે. ૧૨ વાહાલા વૃંદ્રાવનની વાટરે, તમે મહી લુટયાં શા માટેરે. ૧૩ વાહલા જુમનાજીને તીરેરે, વાહાલે મોરલી વગાડી ધીરે ધીરેરે. ૧૪ ધન્ય ધન્ય જુમનાજીનો આરોરે, માહારો સફળ કર્યો જનમારોરે. ૧૫ વૃંદ્રાવનમાં રમીયા રાસરે, પુરી સર્વ ગોપીની આશરે. ૧૬ બલીહારી જાય માધવદાસરે, માગે ચર્ણકમળની આશરે. ૧૭ આજ આનંદ નંદજીને દ્વારરે.

ધોળ ૫૯.

ધન્યધન્ય શ્રી ગોકુળ ગામ અતી રળીયામણું, કોઇએ દીઠા શ્રી પુરૂષોતમ લાલ જુમનાંજીમાં ઝીલતા; વાહાલો શરીરે ઉરાડે નીર, ગોપીઓને મન ગમતા. ૧ વાહાલો બોલે મધુરા બોલ મુખમાંથી મોતી ગરે; વાહાલો ચાલે ચમકતી ચાલ કંકુનાં પગલાં પડે. ૨ ધન્યધન્ય શ્રી માહારાણી માની કુખ, જેહની કુખે રત્ન જડયા; એવાં કોઇનાં નથી શ્યામ સ્વરૂપ, થોડે થોડે કનકે ઘડયા. ૩ એમનાં મુખ પુનમચંદ્ર દેખી માહારાં મનડાં ઠર્યાં; એમનાં અણીયાળાં લોચન, ગાલે રૂડાં ગળીઆં પડયાં. ૪ વાલે છુટા મહેકતા કેશ, કેશરી તીલક બન્યાં; વાહાલે મોતી કેરા શણગાર, પોતાને અંગે ધર્યા. ૫ માહારે શ્રીગોકુળ ગામ, સાસરીઉં ખોટું; બેની શું કરીએ સંસાર, એ મેહેણું મોહોટું. ૬ બલીહારી જાય માધવદાશ, શ્રી વીઠલવરને; રાખજો ચર્ણ કમળની પાસ, દયા કરી નીજ જનને. ૭ ધન્યધન્ય શ્રી ગોકુળ ગામ અતી રળીયામણું.

ધોળ ૭૦

હાંરે વાહાલો એહી અમારે શ્રી નાથજી, હાંરે ભવતારણ હાર એહી અમારે શ્રી નાથજી. ૧ જોગ જપ વ્રતકો કરેજી, હાંરે તપ તીર્થ અપાર, એહી અમારે શ્રી નાથજી. ૨ સોસ સબ ગય બે ગયાજી હાંરે મન માને મોરાર, એહી અમારે શ્રી નાથજી. ૩ એહી અક્ષર સુરદાસ કહે, હાંરે ભવ શરણ સાર એહી અમારે શ્રી નાથજી. ૪

ધોળ ૭૧

કાંકરોલી રાજ સાગર તીર કે, વસે હમારો વાલમોરે લોલ. ૧ દરશાન દે છે દીનદયાળ કે; શ્રીદ્વારકાંનાથજીરે લોલ. ૨ સાથે વ્રજવાશીની ભીડ કે, મંદીર સોહામણાંરે લોલ. ૩ શેવા કરે શ્રી ગોકુળનાથ કે, સંસારને તરવારે લોલ. ૪ વાહાલો માહારો પ્રાતઃસવારે નાથ કે, પ્રભુની કરે આરતારે લોલ. ૫ આઠે દરશન દેછે નાથ કે, શેવકને કારણેરે લોલ. ૬ સનામુખ રહેછે શ્રી ગોકુળનાથ કે, શ્રી દ્વારકાધિશકે લોલ. ૭ જગી હગ તેજ તણો અંબાર કે જોતાં સુખ પામીએરે લોલ. ૮ બહુ સંપતણી અતી પ્રીત કે, સારસ થાકીએરે લોલ. ૯ ક્ષણ ક્ષણ શ્રીઆ નવલા રંગ કે, બાનક બહુનેરે લોલ. ૧૦ ધન્ય ધન્ય ભરથખંડ કે, ભાગ્ય ભુમી તણારે લોલ. ૧૧ આથાવાહી કીવા ત્યાજ કે, ભાર ઉતારીઓરે લોલ. ૧૨ સુરનર બોલે જય જયકાર કે, દુંદુભી ગરગડેરે લોલ. ૧૩ ધન્ય ધન્ય નર નારીનો દેહ કે, જેણે એહુને ઓળખ્યારે લોલ. ૧૪ એવા પ્રભુજી નિર્ખો નિત્ય કે, બીજો કોઇ નથીરે લોલ. ૧૫ દાસ મનોહર નાચે ગાય કે, નિરવો થકીરે લોલ. ૧૬ કાંકરોલી રાજ સાગર તીર કે.

ધોળ ૭૨.

નાહાના સરખા શ્રીનાથજી; નાહાના નાહાનારે હાથ; નાહાની લકુટીઆરે કરગ્રહી, સુંદર દીસોછો પ્રાણનાથ. નાહાના. ૧ નાહાના સરખા ગોવાળીયા, નાહાની સરખીરે ગાય; સાથે સીંગડીરે શોભતી, ગઉધેન ચારવારે જાય. નાહાના. ૨ નાહાની બનસીઓ કર ગ્રહી, હ-

રીઆં ગોપીનાં મન,રૂડો નંદજીનો લાડીલો, રૂડો વંદ્રાવન. નાહાના. ૩ નાહાની સરખીરે મોજડી,નાહાના સરખાછે પાય; પાએ રણઝણ ઘુઘરી અનુવટ વીંછુડા સાર. નાહાના. ૪ પ્રભુજીના મુખ પર મોરલી, વાઇ વેણુરસાળ;શબ્દે મોહીરે ગોપીકા શેનાં મેહેલ્યાંછે આળ. નાહાના. ૫ કાળંદ્રીને કાંઠડે ઉભા,વગાડોછો વેણ;જવાદોને જાદવા,કે વ્રજમાં થાશે જાણ, નાહાના. ૬ આંગળી સાહીને હરી તાણશો, પ્રભુ મહારૂ ધ્રુજેછે અંગ;સગળી ગોપીકા આવશે, તમને ઘેરશે માહારાજ. નાહાના. ૭ કે અનાસીબટના ચોકમાં, ઉભલા વજાડોછો વેણુરે; માધવદાસની વિનંતી,આપો વ્રજમાં વાસ. નાહાના સરખા શ્રી નાથજી.

ધોળ ૭૩.

મીઠડા બોલા શ્રી નાથજી,મળીયા મારગમાંહે;સુખ સુખ આપોરે સેજમાં. ટેક. મનડું માહારૂરે મોહી રહ્યું પુર્વ જન્મનીરે પ્રીતે; શોભા શી કહું શ્યામની;નિત્ય નિત્ય નવલીરે રીતે. મીઠડા. ૧ વાંકા પાઘ વરણાગીઆ, વાંકી ચાલેછે ચાલ; વાંકાં નયણાં સોહામણાં, કે વાંકો વેણુ રસાળ. મીઠડા. ૨ નયણાં તમારાં શ્રીનાથજી, કયમ કરી કરૂંરે વખાણ; શુદ્ધ ન રહીરે શરીરની. માનુની મુકેછે માન. મીઠડા. ૩ શ્રી જમુનાંજીમાંરે ઝીલતાં, તુટ્યો નવસરહાર; મોતી સઘળાં વહી ગયાં, હીરલો લાધોછે હાથ. મીઠડા. ૪ કે મનડું મારૂરે મોહી રહ્યું. દેખી છબીલાની ચાલ; ધન ગોવીંદ પ્રભુ એહવા મળ્યા, પામ્યા મોહોટા ઉલાસ. મીઠડા બોલા શ્રીનાથજી.

ધોળ ૭૪.

માહારે મંદીર પધારો શ્રીનાથજી, હું તો જોઉંરે તમારી વાટ માહારે મંદાર પધારો શ્રીનાથજી. ૧ હું તો સેજ વળાવી સજ કરૂં, હું તો ફુલડાં વેરાવું સારી વાટ. માહારે. ૨ હું તો ચોરના ચંદરવા બંધાવતી, હું તો પથરાવું લીલા પીળા પાટ. માહારે. ૩ હું તો શણગાર કરાવું હરીના ભાવતા,હું તો દરપણ દેખાડું માહારા નાથ. માહારે. ૪ હું તો મીઠડા મેવા મંગાવતી, આરોગોને વૈકુંઠનાથ. માહારે. ૫ હું તો શારો

ઢરાવું સ્નેહતણો,જીવણ આરોગો તમારે હાથ. માહારે.૬ હું તો જમુનાં જળ ઝારી ભરાવતી, આચમન કરો શ્રી વૈકુંઠનાથ. માહારે.૭ બાસઠ પાનનાં બીડલાં બંધાવતી, મુખવાસ કરો વૈકુંઠનાથ.માહારે ૮ હું તો સોનાનાં સોગટડાં મંગાવતી,રમતરમજો સારી રાત.માહારે.૯ હું તો સેજ પથરાવું સ્નેહતણી, પોઢણ કરો શ્રી ગોકુળનાથ.માહારે. ૧૦ હું તો ફુલના પંખા ભરાવતી, વીજણ કરૂં રે સારી રાત. માહારે. ૧૧ હું તો ફુલની જાળી ભરાવતી, માંહે બીરાજે શ્રી ગોકુળનાથ. માહારે. ૧૨ હું તો થાળ ભરૂં ગજમોતીએ, વધાવું શ્રી વલ્લભકુળ પરીવાર; માહારે મંદીર પધારો શ્રી નાથજી. ૧૩

ધોળ ૭૫.

પ્રથમ સમરૂં શ્રી વલ્લભનો પરીવારે વાલાજી, વાહાલા તેજથકી ઉતરવું માહારે પાર માહારા વાહાલાજી. શ્રી વલભ શ્રી ગોપીનાથ શ્રી વીઠુલ કહીએરે વાહાલાજી, વાહાલા ભક્તિ માર્ગ સ્થીર સ્થાપો શર્ણે રહીએરે માહારા વાલાજી.૨ પ્રથમ વર્ણવું શ્રીગોવર્ધન ગીરધારીરે વાલાજી,વાહાલા તમ દીઠે સુખ થાય હૃદેમાં ભારી માહારા વાહાલાજી.૩ બીજે શ્રી નવનીત પ્રીયાજીને ગાવું રે વાલાજી. વાહાલાને હર્ખી નિર્ખી હર્ખ હૈયામાં લાવું માહારા વાલાજી. ૪ ત્રીજે શ્રી મથુરાંનાથ છબીલો બીરાજેરે વાલાજી, વાહાલે કર્યા મનોરથ પુરણ અમશીર છાજે માહારા વાલાજી. ૫ ચોથે શ્રીવીઠલેશરાય જોઇ જોઇ હરખુરે વાલાજી,વાલો જુગલ સ્વરૂપ બીરાજે સરખા સરખું માહારા વાલાજી,૬ પાંચમે શ્રીદ્વારકાનાથ કરે રાજધાનીરે વાલાજી,વાહાલે શંખ ચક્ર ગદા પદ્મ ધર્યાં, મનમાંની માહારા વાલાજી.૭ છઠે શ્રી ગોકુળનાથ ધરયો ગીરીરાજરે વાલાજી, વાહાલે ઇંદ્ર તણો મદ મોડયો સર્યાં કાજ માહારા વાલાજી. ૮ સાતમે શ્રી ગોકુળ ચંદ્રમાજીએ વેણુ ધારીરે વાલાજી, વાહાલે કીધો છે રાસ વિલાસ તેડ્યાં વ્રજનારી માહારા વાલાજી.૯ આઠમે શ્રી મદનમોહનજી ગુણ રત્ન સોહીએરે વાહાલાજી,વાહાલો જુગલ સ્વામની સંગ વ્રજ સહુ મોહ્યું માહારા વાહાલાજી. ૧૦ નોમે શ્રી ગોરધરજી છે ગુણના ભંડારરે વાહાલાજી,

એઉને શર્ણે રહીએ તો ઉતરીએ પાર મહારાવાહાલાજી. ૧૧ દશમે શ્રી ગોર્વીદરાય રશીલાને નીરખુ રે વાહાલાજી, જેણે શેવ્યા શ્રી વિઠલેશરાય હૈયામાં હરખુ મહારા વાહાલાજી. ૧૧ એકાદશી મેં તો બાલકૃષ્ણજી દીઠારે વાહાલાજી, વહાલાજીનાં દરશન કરતાં લાગે મનમાં મીઠાં માહારા વાહાલાજી. ૧૩ દ્વાદશી શ્રી ગોકુળનાથ સેવ્યા ગીરધારીરે વાહાલાજી, જેહેને રાખ્યો માળાનો ધર્મ એ પર વારી મારા વાહાલાજી, ૧૪ ત્રયોદશી શ્રી રઘુનાથજીને ગાવુંરે વહાલાજી, શ્રી જાનકીજીવનનાનાથ ચર્ણરજ પાઉં મહારા વાહાલાજી. ૧૫ ચતુરદશી શ્રી જદુનાથજીની શેવા જાણીરે વાહાલાજી, એમને નમેછે મોટા ભુપરાયને રાણી માહારા વાલાજી. ૧૬ પુનમ પુરણ ચંદ શ્રી ઘનશ્યામરે વાહાલાજી, વાહાલાના દરશન કરતાં પહોંચ્યા મનના કોડ મહારા વાહાલાજી. ૧૭ પંદર તથી પુરણ થઇ એમ જાણીરે વાહાલાજી વાલા રાખો ચર્ણની પાસ દાસ વખાણી માહારા વાહાલાજી. ૧૮ શ્રી વલભ કુળની કૃપાથકી હું ગાવુંરે વાહાલાજી, વહાલા સાત સ્વરૂપની ચરણ કમળ રજ પાઉં મહારા વાલાજી. ૧૯ પ્રથમ સમરૂ શ્રી વલભનો પરીવારરે વાહાજી.

ધોળ ૭૬.

ધન્ય શ્રી જમુનાં શ્રી ગોકુળ નીકટ બરાજે નિત્ય નવલે રંગે ચઢતો રંગતાણું આંગણું સુંદીર સોહીએ શ્રી મણીયા હતા વાટે. ટેક. અલૌકીક ડીગર રાજે, ત્યાંહાં વૈમનજન ઘેર ગાજે, ત્યાંહાં મંદીર શોભા સુખ છાજે. ધન્ય. ૧ ત્યાંહાં નિત્ય ક્રીડાનંદલાલ કરે, વ્રજ જુવંતાનાં જુથ હરે, ત્યાંહાં રમણ રેતી તન તાપ હરે. ધન્ય. ૨ જ્યાંહાં કુશુમ કુમ બને બેલી સોહીએ. જેરે દીઠડે ત્રીભુવન મન મોહીએ, ત્યાંહાં અખંડ આનંદ નિત્ય પ્રતિ હોએ. ધન્ય. ૩ ત્યાં કમળ કમળ રંગ રસ ભરીયાં પ્રીતમ ઉપર અંતરપર વરીયાં; આવે મધુકર અંત કારજ સરીયાં. ધન્ય ૪ ત્યાંહાં ગોવરધન ગીરી સંગ ડોલે, ત્યાંહાં વ્રજ વાશી સુખ યશ બોલે, નહીં તપ તીર્થ વ્રત તે તોલે. ધન્ય. ૫ ત્યાંહાં વિશ્રામ ઘાટ મધુપુરી જોતા, ત્યાંહાં બેઠક વલભ સુખદાતા, બાજાવાટ

અનેક મુનીવર દાતા. ધન્ય. ૬ ત્યાંહાં ઉતરી શ્રી વસુદેવ આવ્યા, કોયલા ઘાટ શ્રી વલ્લભ મન ભાવ્યા, એના જશોદા ઘાટ લખી લાવ્યા. ધન્ય, ૭ ત્યાંહાં બ્રહ્માંડ ઘાટ પ્રતીકા મીઠી, છડી દરશન વસંત સમે દીઠા, ત્યાંહાં ગોપ કુપ અતરરસ લુટી. ધન્ય. ૮ ત્યાં ગોકુળ મહાવન ગીરધારી, ત્યાં જમલા અર્જુન સુખકારી, બાળે પુતના પ્રાગટ સંહારી. ધન્ય. ૯ ત્યાંહાં ગોકુળ શ્રી મહા પ્રભુ રાજે, બ્રહ્મ છોકર નિત્ય ગુણ ગાજે, શ્રી ઠુકરાણીઘાટ જોઇ ભવના ભય ભાજે. ધન્ય. ત્યાંહાં જગન્નાથઘાટે નાહાતાં, અણ સખા બ્રહ્મઘાટ નિત્ય ગુણ ગાતાં, ત્યાંહાં રાવળ રજ નિત્ય પ્રિત્ય જાતાં ધન્ય. ૧૧ ત્યાંહાં દાસ ગોવરધન ગુણ ગાઇએ. કરો કરો કૃપા તો વ્રજવાસી થઇએ, મનક્રમ વચને આનંદી થઇએ. ધન્ય શ્રી જમુનાં શ્રી ગોકુળ નિકટ બિરાજે નિત્ય નવલે રંગે. ૧૨

ધોળ ૭૭.

વ્રજ જન વલ્લભરે, શ્રીજશોદા જીવણ જોઇએ; એ સુખ દુર્લભ રે, શ્રી વલ્લભ કૃપાથી લઇએ. ૧ પ્રગટ બીરાજોરે, શ્રી ગોવર્દ્ધનધર પોતે; ગુણ ગુણ ગાજોરે, નિત્ય પ્રતિ અખંડ અધાને. ૨ મુગટ મનોહર રે, મકરાકૃત જોતે; સાંભળ સહીયરરે, નાશા લટકે ગજ મોતી. ૩ સુખ છબી ઉપરરે, કેશ કુટીલ છબી છાજે; આંખ અણીયાળીરે, કોટ કમળ બીરાજે. ૪ ચોંબુક બીરાજે, તેજ તણાં ચીર હરીયાં; અપાર અનોપમરે, અરૂણ અમીરસ ભરીયાં. ૫ નખશીખે શોભેરે, શેષજી પાર ન પામે; નિજ જન નિર્ખરે, વરેહતણાં દુઃખ વામે. ૬ અંગે આભુષણ રે, વિચિત્ર બસન હરી ધરીયાં; એ છબી જોઇનેરે, નિજ જનનાં મન ઠરીયાં. ૭ નવ ઘન નાગરરે, કળીયુગ પ્રગટ બીરાજે; શોભા સાગરરે લોકતણાં ગુણ ગાજે. ૮ દુર્લભ ગુર્લભરે, શ્રી વલ્લભ એ સુખ આપો; કોટી જનમનાંરે. ભવ બંધન વહાલા કાપો. ૯ નાથ બીરાજોરે, ભુતળ ભાગ્યે આવ્યા; એછબી છાજેરે, ભક્ત પ્રેમ મન ભાવ્યા. ૧ જેણે નવ દીઠારે, શ્રી નાથ ગોવરધનધારી ભવોભવ ગાંઠયારે, અવસર બેઠા હારી. ૧૧ આસુરી અળગારે, દૈવી એ રસ માણે; મુકગતી વહાલારે,

ભવજળ તે શું જાણું; શ્રી કૃષ્ણ કૃપાનિધિરે, શ્રી વલ્લભ નિકટ બીરાજે, કળીમાં કારણરે સમરણથી અઘ ભાજે. ૧૨ જેહેને નવ જાણ્યારે; શ્રી નટવર નંદના નંદન, કોઇ નવ માન્યારે, પડીઆ ભવ દુઃખ ફંદન. ૧૩ ધીકધીક કહેછેરે, દેવ મુનીજન તેહેને, અવસર ખોયોરે, કુબ્જ અગાડી કેહેને. ૧૪ જેણે નવ નિર્ખ્યારે, શ્રી જમુનાંજી માહારાણી મન નહી વળીયુંરે, પાપીજન તે પ્રાણી. ૧૫ વ્રજરજ લોટોરે. હર્ખ તે હોરે ભરીયા, સુરીજન સાક્ષીરે તે ભવજળથી તરીયા. ૧૬ હિતથી ચીત હુલશેરે, હરી શેવા સુખકારી; એસ વિલાસેરે, બડભાગી નરનારી. ૧૭ શર્ણે રાખોરે, શ્રી વલ્લભ વ્રજરજ દીજે; કાંઇ નવ જાણુંરે, દાસ ગોવર્ધન કીજે. ૧૮ વ્રજજન વલ્લભરે શ્રી જશોદા જીવણ જોયા.

ધોળ ૭૮.

સુંદીર ગોકુળ ગામરે બીહારી શ્યામ, બ્રહ્મ સંબંધનું ઠામરે બીહારી શ્યામ. ૧ દૈવીજીને કાજરે બીહારી શ્યામ. પ્રગટ્યા શ્રી વલ્લભ રાયરે બીહારી શ્યામ. ૨ પોતાના જે જનરે બીહારી સ્યામ, વિચાર થયાછે બહુ દીનરે બીહારી સ્યામ. ૩ પુરૂષોત્તમ કરૂણા કરી બીહારી સ્યામ, શ્રી વલ્લભજીએ દેહ ધરી બીહારી સ્યામ. ૪ ઉંચનિચને શર્ણે લીધા બીહારી સ્યામ; દાશકોશની તારીયા બીહારી સ્યામ. ૫ સમર્પણ આપ્યા સારરે બીહારી સ્યામ, શેવાનો કીધો છે અંગીકારરે બીહારી સ્યામ, ૬ દયાકરો દીનાનાથરે બીહારી સ્યામ, શેવા ગીરધારીજીને હાથરે બીહારી સ્યામ. ૭ રાખો ચર્ણની છાંયરે બીહારી સ્યામ. શોભા જોઇ હરીદાસરે બિહારી સ્યામ. દેજો તે વ્રજમાં વાસરે બીહારી સ્યામ. ૮ સુંદીર ગોકુળ ગામરે બીહારી સ્યામ. ૯

ધોળ ૭૯.

શ્રી મદનમોહન લાલ, તમશું લેહે લાગી; માહારે તમ ઉપર ઘણું વાહાલ, બે ભવની ભાગી. ૧ હું ચર્ણકમળના દાસ, ચિત ચર્ણે રાખો, મને આપજો વ્રજમાં વાસ, સુખ સંપન દાખો. ૨ માહારા પ્રાણતણા આધાર, અળગા રેહશો નહીં; હરીછો હઇયાના હાર કોઇને

કેહેશો નહી. ૩ મહારા કુટંબ સહીત દરશન, તમારાં કીધાં; વાહાલા તમે મટાડ્યા તાપ, દર્શન બહુ દીધાં. ૪ માહારી વિનતી સાંભળો નાથ, તો તમને કહીએ, મને આપો વ્રજમાં વાસ, તો શર્ણે રહીએ. ૫ નાહીએ જળ જમુનાનાં નીર, દર્શન નિત્ય કરીએ; એમ કહેછે હરીદાસ, ભવોભવ તરીએ. ૬ શ્રી મદનમોહન લાલ.

ધોળ ૮૦.

શ્રી વલભ કુળના રશીયા વાહાલા, શ્રી ગોવર્ધનનાથરે; આવોને અલબેલા વાહાલા, કહુ એક વાતરે. ૧ પ્રિતલડી કીધીરે વાહાલા, મેહે તમારી સાથરે; પ્રીતલડીની સાથે મારા પ્રાણ બંધાયા નાથરે. ૨ વાહાલપણની વાત વાહાલા, કોને નવ કહેવાયરે; તમને મળવાને મનડું માહારૂ, આકુળ વ્યાકુળ થાયરે. ૩ પ્રિતલડી પાસ માહારો, પ્રાણ બંધાણોરે; શામળીઆ સુંદીરવર, મનડામાં આણોરે.૪ તમવિના વાહાલુ બીજું કાંઇએ નવ જાણુરે; સંસારનો બે કદી હું, છુટે નવ આંણુરે.૫ ગીરધારી ગુણવંતા આવો, ગોઠડી તો કીજેરે હઇડું ઠરે જો વાહાલા, આલીંઘન દીજેરે. ૬ દુભાણા ના રહીએ મહારા દીનબંધુ નાથરે; શ્રી વલભ પ્રભુએ તુળસી આપી, મેળાવ્યો છે હાથરે. ૭ સાચો સંબંધ કીધો, મહારા ચતુરસુજાણરે; છોડાવ્યો પણ ન છુટે, માહારા જીવણ પ્રાણરે.૮ મોહનજીની માયાએ મુને માર્યાં મોહનાં બાણરે; વૃહે તણી વેદનાથી હું તો, ભુલી ગઇ શુદ્ધ ને સાનરે. ૯ રીસાવ્યા નવ રહીએ મહારા, પ્રાણ આધારરે. હરજી મને હેત ઘણું છે, હૈડાના હારરે. ૧૦ અંતર ના કીજે, માહારા અંતરજામીરે; ઉમતપને પુન્યે હું તો, સુંદીર વરને પામીરે. ૧૧ પ્રભુજી પાતળીઆ વાહાલા, એવડું ના કીજેરે વ્રજ સખીના દાસીને તો, બોલાવીને લીજેરે. ૧૨ શ્રી વલભકુળના રશીયા વાહાલા.

ધોળ ૮૧.

(પંચઋદ્ધિ રાગ ગરબી.)

ચાલી વંદ્રાવનને ચોકકે, ચાલી મહીવેચવારે લોલ. ૧ મારગ મળીઓ માહારો નાથકે, મુજને આંતરીરે લોલ. ૨ માહારાં ફોડ્યાં મ-

હીનાં મારકે,ગોરસ માહારાં ઢોળીયાંરે લોલ. ૩ ચાલ્યા નંદનજી દરબાર કે જઈઉભાં રહ્યાંરે લોલ.૪ માતાજી તમારો કાંહાંન કે, અળવીત બહુ કરેરે લોલ.૫ માતાજીને ચઢ્યો મનમાં રીસકે. મંદીર થકી નીસર્યારે લોલ. ૬ માતાજીએ લાવ્યા હાથમાં સોટી કે, કાંહાંનજીને શોધવારે લોલ. ૭ માતાજીના હાથમાં દીઠી સોટી કે કાંહાંનો કદમ ચડયારે લોલ.૮ ઉતરો ઉતરો માહારા લાલ કે,કહુ એક વીનતીરે લોલ.૯ સાંભળો સાંભળો માતાજી મારી વાત કે, આજની વિનતીરે લોલ. ૧૦ રૂડો બનસીબટનો ચોક કે,ત્યાં હું એકલોરે લોલ. ૧૧ એકે કરી નેજુના સાન કે, હું તો ત્યાં ગયોરે લોલ.૧૨ એકે મરડી માહારી પોંચી કે, અંગુઠી ઉતરીરે લોલ. ૧૩ કાહાનજી નહાનેરૂ છે બાળ કે, અળવીતરાં શાં કરેરે લોલ. ૧૪ ધન્ય ધન્ય ગોકુળની વ્રજનાર કે જેહેને ઘેર નહી રે લોલ.૧૫ માહારૂ સોનાકેરૂ બેહેડુ કે, રૂપલા ઉઢાણીરે લોલ. ૧૬ મા હું જળભરવા કયમ જાઉ કે, કાંઠે ઉભા કહાનજીરે લોલ.૧૭ કાંહાંના કાંકરડી માં માર કે, સોના બેહેડુ નંદાશેરે લોલ.૧૮ છોડી જુઠડા બોલી નાર કે, તું કીયા ગામનીરે લોલ.૧૯ છોરા તાહારે શી પડપુછ કે ગોકુળ ગામનીરે લોલ. ૨૦ જોયું ગોકુળિયું ગામ કે, આ પાસે રહી ગયુંરે લોલ.૨૧ મળિયો નરસઇયાનો નાથ કે, રસ વાધ્યો ઘણોરે લોલ. ૨૨ ચાલી વંદ્રાવનને ચોક કે, ચાલી મહી વેચવારે લોલ.

ધોળ ૮૨.

વાહાલો શ્રી વલભ મહે પ્રગટીયા, સુંદીર વરજી, શ્રી વિઠલ ધરીયા નામરે. સુંદીર વરજી.૧ એનું રૂપ રસાળ ઘણી ચાતુરી,સુંદીર વરજી; એનું મુખ જોવાને આતુરી, સુંદીર વરજી. ૨ એને સોહેજે કસ્તુરી તીલક ભાળરે, સુંદીર વરજી; એના લોચન લાલ ગુલાલરે, સુંદીર. ૩.એને અજાન બાહુએ હરી, સુંદીર. એની કટી પર વારૂ કેશરી. સુંદીર.૪ એના ચર્ણકમળ શોભા ઘણી, સુંદીર. વૈશ્નવજન માથે એ ધર્યાં. સુંદીર.૫ એને કેસરી ધોતી સોહાએ, સુંદીર.એને તેજે ત્રીભોવન મોહીએ સુંદીર. ૬ એનો ઉપરણો છે જરકશી,સુંદીર. સુર વીનતા છબી દેખી હસી, સુંદીર.૭ એને કહી પુષ્પ વૃષ્ટી

કરે. સુંદીર, એ સુખ જોઇ હઇડું ઠરે, સુંદીર. ૮ પુષ્પ લતા બહુ પાસરે, સુંદીર. ત્યાં શ્રી હરી રમીયા રાસરે, સુંદીર. ૯ ભાગ્યવડા વ્રજવાસીનાં સુંદીર. વાહાલા શું રમતાં રાસરે, સું-દીર. ૧૦ બેહુ કરજોડીને વીનવું, સુંદીર. શ્રી જુમનાજીને હું નામું. સુંદીર. ૧૧ શ્રી જુમનાજી જોયાની આશારે, સુંદીર. મને આપજો વ્રજમાં વાસરે, સુંદીર. ૧૨ હરીદાસ શોભા જોતાં, સુંદીર. માહારા મનના મનોરથ સહુ પોતા. સુંદીર વરજી. ૧૩

ધોળ ૮૩.

આજ સખી આનંદ હુવોરે, આપણા શ્રી નાથજીને જુઓ; જેને કાજે તલખંતાં હુતાં દાડી, તે દ્વાર મેલ્યાંછે ઉઘાડી. ૧ વ્રજ નીયા વેગે કરો શણગાર, પેહેરોની નવસર મોતીના હાર; આવે છે વ્રજ સુંદરીજીનો વાહાલો, તેને તે નઇણાં ભરીભરી ના-હાળો. ૨ જોતાં તૃપ્ત ન થાય, માધવદાસ બલીહારી જાય. ૩

ધોળ ૮૪.

શ્રી વિઠુલનાથજી સોહામણારે, એમનાં લીજીએ પેરે પેરે ભામણાંરે. ૧ દ્વિજ કુળમાં વાહાલો પ્રગટીયારે દેખી નિજ જન મન અતી હરખીયાંરે. ૨ રાજન શીરોમણ રાજીયારે, દેખી સોળ કળા સસી લાજીયારે. ૩ સજન સર્વ સંતોકીયાંરે, એતો અમૃત વાણીએ પોખીયાંરે. ૪ તન મન ધન કરૂં વારણેરે, પ્રભુ પ્રગ-ટોયા ભક્તને કારણેરે. ૫ કોડ પુર્યા વાહાલે ભક્ત તણારે, સુખ પામ્યા માંહોમાંહે અતી ઘણારે. ૬ દાસનો દાસ કરે વિનતીરે, ચીરંજીવો શ્રી ગોકુળ પતીરે. ૭ શ્રી વિઠલનાથ સોહામણારે.

ધોળ ૮૫.

ધન્ય ધન્યરે આજુનો દીન, આજુની રત રંગીયામણીજી; પધાર્યા શ્રીવિઠલનાથ, વેગે તે આપો વધામણીજી. ૧ જીરે કિસ્ટ અંગ ન માય, આજુની શોભા અતી ઘણીજી; જીરે માનુની તે મંગી-રે આજ, છબી નિરખવા પ્રભુ તણીજી. ૨ જીરે હીંડે તે માંડલા માંડે, કનક કળશ શીરપર ધરીજી; જીરે એક કરે પુષ્પની માળ,

ઓજે કરે કુમ કુમ ભરીજી. ૩ જીરે તે ઉપર શ્રીફળ સાર, મુક્તા થાળ સગે ભરીજી; માહારા વહાલાને વધાવાને જાઉં, ઉમંગી ઉમંગી આનંદ ભરીજી. ૪ જીરે ચરણ જોવારે જુગલકીશોર, આ જોડી અવીચળ સદાજી; બલીહારી શ્રી વિઠ્ઠલનાથ કોડ પુરો માહારા મન તણાજી. ૫ ધન્ય ધન્ય તે આજુનો દીન. ૬

ધોળ ૮૬.

જીરે ધન્ય ધન્ય આજુનો દીન, શ્રી વિઠ્ઠલનાથ પધારીઆજી; સુણી સુરીનર હરખ્યાં મન, કળજુગ જીવ ઓધારીયાજી. ૧ જીરે ધન્ય ધન્ય શ્રી વલ્લભ તાત, પ્રગટ પુરૂષોતમ સુત હવાજી; જોતાં જાણુરે અદભુત વાત, પુરણ પ્રિતયે પામવાજી. ૨ જીરે ધન્ય ધન્ય શ્રીઅકાંજી માત. કુંવર કર હુલરાવીઆજી, જીરે એના મુખમાં તે સાયર સાત જશોદાજીને દેખાડીઆજી. ૩ જીરે એના મુખમાં તે બોડી બરાસે વૈશ્નવ જનને આપીયાંજી; વહાલે આપ્યાં તે ચરવિતનાં દાન. ભવનાં બંધન કાપીયાંજી. ૪ જીરે ધન્ય ધન્યરે જમુનાજીનું નીર. નિત્ય નિત્ય નાથ ક્રિડા કરેજી; વહાલો ઓઢેરે ઉપરણુંસાર, દીઠડે મારાં મન ઠરેજી. ૫ જીરે ધન્ય ધન્યરે વ્રજવાશી લોક, વદન નિહાળે વળી વળીજી; જોતાં જાણું તે કારણ કાંય, મંગળ ગાએ મહામળીજી. ૬ જીરે ધન્યધન્યરે શ્રી ગોકુળગામ, વ્રજનાયક વાસોવસેજી, હવે સરીયાં શેવકનાં કાજ મરજાદી મનમાં હશેજી. ૭ જીરે ધન્યધન્યરે ઓછવ આજ, શ્રીવલ્લભજીને બારણેજી; ત્યાંહાંતો વાગેરે તાલ પખાજ, બંદીજન બહુ જશ ભણેજી. ૮ જીરે ધન્ય ધન્યરે માગશરમાસ ઉત્તમ વદ નવમી ભલીજી; સુખ પામ્યોરે સહીયર સાથ. લીલા દેખી નિત્ય નવી નવીજી. ૯ બલીહારીતે માધવદાસ, શોભા મહારે મન વશીજી, શેવકજનનાં સરીયાં કાજ, એ લીલા સઉને મન ઠસીજી. ૧૦ જીરે ધન્ય ધન્યરે આજુનો દીન.

ધોળ ૮૭.

ધન્ય ધન્યતે આજુનો દીન, આજુની રતરળીયામણીજી; પધાર્યા શ્રીવિઠ્ઠલનાથ, વેગે તે આપો વધામણીજી. ૧ આપણુ સદા શોહા

ગણુ નાર, આપણુ શીરપર એ ધણીજી, તમો પહેરોને નોતમચીર, સુંદરી નવસત વર્ષ તણીજી. ૨ તમો પેહેરોને આભુષણ અંગ, સરખા સરખી સંચરીજી; સખી એક કરે પુષ્પની માળ, બીજે તે કરે કુમકુમ ભરીજી. ૩ ઉપર શ્રીફળ ફોફળ સાર, કનક કળશ કેસર ભર્યાજી માહારા વાહાલાજીને નિરખવા જાઉ નિર્ખી મહારસ ભર્યાજી. ૪ જઇ જોયા શ્રી જુગલકીશોર, દેહુની દશા ગઇ વીસરીજી; જોયા શ્રી રૂક્ષ્મણી વહુજીના કંથ, ઉર ઉપર આમી ભરીજી. ૫ જોયા શ્રી પદમાવતી વહુજીના કંથ તે દીઠે માહારાં મન ઠરેજી; માહારૂં માગ્યું આપોને મહારાનાથ, મનડાતણાં કારજ સરેજિ. ૬ સદા શ્રીગોકુળ માહારો વાસ, પ્રભુની છબી મારે મનવશીજી, બલીહારીતે માધવદાસ, એલીલા મારેમનઠશીજી ૭

ધોળ ૮૮.

ઉભા રહો તો કહુ એક વાતડી, શ્રીનાથજિ. તમ માટે ગાળી છે મંતો જાતડી શ્રીનાથજિ. ૧ તે દિવશે મળ્યા હુતા વંદ્રાવનમાં, શ્રીનાથજિ. તે દીવસની તાલાવેલી તનમાં. શ્રીનાથજિ. જોયાના મને કોડરે, શ્રીનાથજિ. પુરી માહારા મન કેરી આશરે. શ્રીનાથજિ. ૩ હુશોછો મધુરૂ વાંકુ જોઇને શ્રીનાથજિ. નેન કટાક્ષે મહારાં મન મોહાને. શ્રીનાથજી. ૪ ક્ષણુક્ષણુ ભણકારા વાગે કાનમાં, શ્રીનાથજિ. ઘરમાં ગાઉ તાનમાં, શ્રીનાથજિ. ૫ ચિત્ત ચોટતું નથી ઘર કામમાં, શ્રીનાથજિ. ઘેલી ઘેલી કહે છે ગોકુળ ગામમાં. શ્રીનાથજિ. ૬ કેહેનારા ના કહે છે પણ માથેછો ધણી, શ્રીનાથજિ, વલભના સ્વામી હું દાશી તમતણી, શ્રી નાથજિ. ૭ પુરો માહારા મન કેરી આશરે, શ્રીનાથજિ. શરણ આવ્યો તમ દાસરે. શ્રીનાથજિ. ૮ ભવોભવ પાર ઉતારીએ. શ્રીનાથજિ. બલીહારી જાય માધવદાસરે. ૯

ધોળ ૮૯.

સરદપુનમની રાત જોઇ વહાલે રમવા કીધું મનરે, વન ફુલાંતે લીલા શકતેતે મન ચક્ર જતન; હરી રસ માતારે. ૧ વેણુ વજાડીચિત્ત

હર્ષ પ્રગટ્યું અંગે અનંગરે; સાંભળતાં ગોપીજન આવ્યા, કૃષ્ણ સમીપે સંગ. હરી. ૨ વેણુ સાંભળીને દોહોવું મુક્યું દોહતાં વાસણરે; ખીર ચડાવી તેમજ મુકી, વાહાલા પાસે મન. હરી.૩ તાતાં દુધ જમાવતાં, પતી શેવા ભોજનરે; લેપનતાં લોચન આંજતાં, વિપ્ર ને આભુષ. હરી ૪ પતીઓનાં રોકયાં ન રહ્યાં, આત્મ હરી રસ માનરે; કેટલાએક પતીએ રોકયાં, માધવ ચર્ણે ચિત લગન. હરી.૫ સહુથી આગળ તે જઇ પોહોંતા, સગુણ મુકી તનરે; ત્યારે રાજાએ પુછ્યું; એ કેમ પોચે જન. હરી, ૬ શુકજી ત્યારે એમ ઓચર્યા, પેહેલું કહ્યું તે સતરે: દ્વેષ ભાવે શીશુપાળ ઓધાર્યો, એનો પીધા જુગત.હરી.૭ વૃજ રત્નાં આવ્યાં જાણીને,પ્રભુજીએ કહ્યું વચનરે, આવ્યાં તેતો સારૂં કર્યું, કારણ કહો પ્રસન્ન. હરી. ૮ કજની એવી જંતુ ભયંકર, હમણાં જાઓ ઘેરરે; માત પીતાને પુત્ર ભાંડરૂ, શુછે તેહુની પેર. હરી. ૯ વન દોડું ચંદ્ર કરી શોભે, કાળંદ્રી જળ તેમરે; ઘેર જઇ પતી શેવા કરો, પાળો બાળક જેમ. હરી ૧૦જો માહારે પ્રેમે આવ્યાં છો,તોએ તે પણ જોયું રે; પતીને મુકીને આવ્યાં, પતીવૃતા ધર્મ ખોયું. હરી.૧૧વરડો મુર્ખ રોગી હોવો, તોય પતી નવ તજીએરે: નિંદા આવે સરવે જુવે, તેથી અન્ય નવ ભજીએ. હરી. ૧૨ શ્રવણ કાર્તન ધ્યાને આવું, એમ નહી કાંઇ વેહેલાંરે; એવાં વચન સાંભળી ગોપી, વિભળ થયાં સર્વે ઘેહેલાં. હરી. ૧૩ મુખની ચુંબી બાહાર સુકે, શોક કરી નિસાસોરે; નઇણું ભોમી લખીને માગો, અવની વીમાળ વીમાસે. ૧૪ પ્રભુજીએ વાત કરી મન જોયું, એમ કહશું વંઠેરે; નઇણું આંસુ ફેરવી લીધાં, બોલ્યા ગદ ગદ કંઠે. હરી. ૧૫ ન મુકાય તે મુકી આવ્યાં, એવું કહેવું નવ ઘટેરે; જો બીજુ કહ્યું તે જાણુ, ધર્મ કોણથી પ્રગટે. હરી. ૧૬ ધર્મ રૂપ કરી તમને જાણું, તમ ભજે સહુ વિલશેરે; મુકી નિત્ય અનિત્યશુ કરીએ, ચતુર થઇ ઓળખશો. હરી.૧૭ ઘણા દીવશના તાપ હુતા તે, તમો વિના કોણ સમાવેરે; કો કેહુશો જે કહ્યું ન માન્યું, કહો કયમ ઘેર જવાય. હરી. ૧૮ ચિત હર્યુંને કામ નવ સુજે, જયાં ચાલો ત્યાં જઇએરે; અધરામૃત કરી વ્રેહ સમાવો, વ્રેહ અગ્નિ નવ ઝરીએ.હરી. ૧૯

નહીં સમે તો પદવી થાશો, ચર્ણ તમારાં સોહાએ ચર્ણ રમાને દુર્લભ છેરે, તે જોઇ સંરક્ષણ હોઇએ. હરી. ૨૦ વૃક્ષ સમક્ષ લક્ષ્મી રાજેછે, તો એ પદરજ ઇછેછેરે; સામર્થ વાધ્યું તમ દીઠા માટે. દાશી કેરો સહુ ઇછે. હરી. ૨૧ અલકાવૃત શ્રી મુખ અવિલોક તે, થઇ અપ્રચર આજરે; વણુ ગ્યાન સાંભળતાં મોહી, ત્રૈલોક જુવતી સમજ. હરી. ૨૨ ગોદ્વિજ દ્રમ પુલકીત થયાં, બીજાનાં શીવાતરે; સ્તન મુસ્તક કર પંકજ ધરે, આરતી મીટે ગાત. હરી. ૨૩ ખેદ વચન સાંભળતાં પ્રભુ, ગોપી સંગે રમણ કર્યા, ઉડગણને વચે ચંદ્ર જેમ તેમ ગોપી પ્રભુ ઠર્યા. હરી. ૨૪ સતનાં જુથ મળીને ગાએ, વૃજમાં ફરવા લાગ્યારે; જમુનાં કુલીને મળીસહુ આવ્યાં, કેવળ રસમાં પાગાં. હરી. ૨૫ સ્રીમાં અધીક કોણ અમાંવિના, એમ કર્યું મદ મનરે; પ્રભુજીએ જાણી મનની વારતા, ત્યાં થયા અંતરધ્યાન. હરી ૨૬ શ્રી વલ્લભ શ્રીવિઠલ પ્રભુજીની, કૃપાથી ગાય એમરે; તમનિજ દ્વારકેશકિર લાવ, લીલા વર્ણવા પ્રેમ. હરીરસ માતારે હરી. ૨૭ સરદ પુનમની રાત જોઇ, વાહાલે રમવા કીધું મનરે ૨૮

ધોળ ૯૦.

પંચદ્ગી રાગ ગરબી.

તમે કયાંહાં ગયા વનમાળીરે ગીરધર સામળીયા, વ્રજ ભક્તે અંતર હેત જાણીને કલેશ ચિતને કીધુરે, હાસ્ય વિલાસ વિહાર જોઇ જોઇ મન હરીને લીધુરે. ગીરધર. ૧ હું છું કૃષ્ણ તમેછો કૃષ્ણ.કહે સહુ તમને થઇ;વન વન ખોળે ઉંચે ગાય, અહીંયાંછે કે નથીરે, ગીરધર. ૨ અસ્વસ્થને જઇને પુછું નંદ સો નવ કે દીઠા, કુરબાદીકને તેમ પુછું એમ ગયાછે મીઠારે, ગીરધર. ૩ હે તુળશી હરીને પ્રિયછે, અલીસે પ્રભુજી જોયારે; હે જાય મલ્લીકા માલતી, તમ છોદરશુ મોહ્યારે. ગીરધર. ૪ હે રસાળ રૂપગારીછો, યમુનાં ઉપકંઠે વશીયારે;હેત્રરણી તમો તપ મોટાછો, એમ ગયાછે રશીયા.ગીરધર. ૫ હે મૃગપત્ની દીઠા પ્રભુજી. પ્યારી સંગે રસ મોટુરે: કંદ્પરાગે હે તરૂ સરવે,નમન તમારૂ દોડુ. ગીરધર. ૬ હે વેલડીઓ પ્રભુજી જોયા, દીસોછો રસ ભીનાંરે;

ઉનમતે પુરૂષ સરવને, કરીએ પ્રભુજીની લીલા. ગીરધર. ૭ એક પુતના થઇ કૃષ્ણ, એક સ્તન પીધું તે રીતેરે, સકટા ચરણ ગાડું, રીગણ કીધુ રીતે. ૮ એક રામકૃષ્ણ ગોપી. બગાસુર બક માર્યોરે; ગાય દુરી મુખ વેણુ વજાડો, તેડી વદન નિહાળો. ગીરધર. ૯ એક બાહુ અંબર રાખી, કૃષ્ણ લીલા ગત જોયરે; એક એક સ્થાન અંચળ ઉંચો કરી, સરખા પ્રેમના ખુવે. ગીરધર. ૧૦ એક ચરણ તે મુસ્તક મુકી. કહુ દુષ્ટ ખલભીચોરે, દાવાનળનું પાન કરૂ વેહેલાં આંખો મીચોરે. ગીરધર. ૧૧ એક પુષ્પ માળથી બાંધ્યાં, એક હુસ્તન અનુખળ ભીતાઆં; એ લીલા કરી વનવન ચાલ્યાં, દીઠા તે પદમાં, ગીરધર. ૧૨ નદસો વનના હે પદ નિશ્ચે, ધ્વજ અંકુસ પદ લેઆંરે; બોલત જોડે ચરણ વિલોકિત, મન વિમાસી રહ્યાંરે. ગીરધર.૧૩ હે જોડ પદ જુઓ કેહેનાં, જયમ હુસ્તની હસ્તી; જુઓ એનું ભાગ્ય સહુ કહીએ એમ મુકી બીલસ્તોરે. ગીરધર. ચરણરેણુની સ્તુતિ શું કરીએ. બ્રહ્મા ઇશ આહુર્નીશ જાચે, જે પદ જોવા તે નવ દીઠા, જાણું એલે નાચેરે. ગીરધર. ૧૫ પુષ્પ વચે થયું આ ઠામે, પદ અડવાં દેખૈયા; એહાં પુષ્પ કેશમાં ગુથાઆં, બેશી નિશ્ચે થયાંરે. ગીરધર. ૧૬ આન અમારાં મરે માહા કરૂ, તે જોતાં દીનના જોઇએરે. અમો સવને વન મુકીને ઐન ભજતા છોઇએરે. ગીરધર. ૧૭ મુખ સર્વોમાં હું ખું જાણું માન કરૂ તે રીતેરે, મુજથી હવે ચલાએ નહીં, ચલો તે પદ ભીતેરે. ગીરધર. ૧૮ સ્કંધ ચઢો કહ્યું કૃષ્ણજી. વિપ્રોતે મન જાણ્યુંરે; ત્યાં થયા અંતર હેત વાહાલાજી, વળી વળી વિલાપ વખાણ્યુંરે. ગીરધર. ૧૯ જોતાં આવ્યાં સર્વ એપણ દુઃખે ભરીઆંરે;એના મુખનાં વચન સાંભળી, વિરમે થઇ સહુ રહ્યાંરે. ગીરધર. ૨૦ ચંદ્ર પ્રકાશ ગયા તાં શોભી, તમ જોઇ પાછાં ફર્યાં ભાગવદ ગુણ અલાપે પ્રભુના, ગાઇ ગાઇ ઘર વિસરીયાં. ગીરધર. ૨૧ જીમનાં પુલીન મળી સહુ આવ્યાં, કૃષ્ણ ગવન ચિત લઇઆં; દ્વારકેશતી અનુચર જાણી, કૃપા કટાક્ષે કહુયારે, ગીરધર સામળીઆ. ૨૨ તમે કયાંહાં ગયા વનમાળીરે.

ધોળ ૯૧.

પંચઢી પદ ૩ જું લલીત છંદ.

વૃજ અતિ શોભીયું. જન્મ તવ કરી. રમા શોભીયું હો માવ્યા હરી ૧ વિરખે જળથકી મૃત્યુ રાખીયું. ગીરધરે કરી એહ જાણીયું. ૨ આનંદ ગોપીકા અખિલ જીવને, બ્રહ્મ પ્રાર્થના, જાદવ કુળે થયું. ૩ સંસાર ભય થકી. ચરણુ શરણુ, લક્ષ્મી કર ગ્રહ્યો, તેજ કરધરો. ૪ શોકાર તો થશે મુખ દેખાડીયું, સર્વ ભક્તનું ગર્વ તે હરયું. ૫ પ્રાણીત જીવનું પાપ છેદવું. ચર્ણ કમળથી, કામ ભેદવું. ૬ મધુર વાણીએ, આનંદ જે થયું, એવા ભક્તને અમૃત પાવવું. ૭ તવ કથામૃત કરી તૃપ્ત જીવને, શ્રવણ મંગળે દુઃખ તે ગયું. ૮ હાસ્ય વખાણું વૃદ્ધે દયા નથી, રહે છોડીને ચિત ચોભીયું. ૯ ગાય ચારતાં વ્રજ મ્હાલીયું લકતી ત્રણ શલાચિત દેખીયું. ૧૦ ગોખ આ અવાસમે, વદન ગૌરજે, જોઇ પંચસ્વર, પ્રગટ તે થયું. ૧૧ નમન પામીયું, રમાએ રચ્યું, ધર્યા ભુવણે એહજ થવું. ૧૨ વેણું નાદથી શોક નાશીયું, અન્ય નમન ન જોઇ અવર પાવવું. ૧૩ ભ્રમણ અન્ય કરો નિમેશ જુગ થયું. વદન દેખતાં પલક દુઃખ ગયું. ૧૪ સર્વ મુકીને સમીપ આવીઆં, ધ્યાન સાંભળી કહો કયાં ગયાં. ૧૫ અતિ ઉદારછો ઇંદ્ર રાખવું. તે જોઇ વામાનું મન મોહીયું. ૧૬ સર્વ ભક્તનાવ્યક્ત રૂપછો, સર્વ રૂદેનું કૃપણ ત્યાગીયું ૧૭ અન્ય ભ્રમણ વુમાશણ ખુચીયું, તજી રહે પદ ધરો કહ્યું માનવું. ૧૮ જુગલ ચર્ણની રેણુ આપવું, દાસનોદાસ દ્વારકેશ જાણવું ૧૯ વૃજ અતિ શોભાયું.

ધોળ ૯૨.

પંચઢાં પદ ૪ થું.

સર્વ ગાઇને રહ્યા, પ્રભુજીને આવ્યાં એમ, શુસ્વરે કરીરૂદન કીધુ દુઃખ મનમાં ત્યમ, કહીએ પ્રાણ નિધ્યની વેહવ. ૧ પ્રગટયા ત્યાંથીકૃષ્ણજી, શુભ સદન મુખારવિંદ પીતાંબર ધરૂરી માળા એહુ ગોકુળચંદ કહીએ. ૨ સર્વ ઉભાં થયાં ગોપી, કરી દ્રષ્ટ પ્રસન્નપ્રાણ આવ્યા

હાથ પગથી, થયાં ઉભાં મન કહીએ.૩ કેટલાં અંજુલી કરી કરી.અ-
ભાં વેદ પ્રસંન. ચંદન ચરચિત બાહુ લેઇને મરૂસંશે અંશ; કહીએ.
૪ કેટલાં અંજુલી કરીને, મહોછે તબોલ; એક હસ્તસરોજ વીધું
ધર્યું રૂદે અમુલ્ય કહીએ. કેટલાં ભ્રકુટી કુટીલ રાખા, પ્રેમનો આવે-
શ; વક્ર દ્રષ્ટ કરીને જોયું, રસભર્યા આવેશ કહીએ. ૬ એક દ્રષ્ટ ટીક
જોઇ રહ્યા મુખ પાનથી ન અઘાય; નૈન દ્વારા ર્‌હદે લાવી,ન મેલ્ય ન ભો-
ડાય. કહીએ. ૭ ત્યાં ફરી જોઇ જોઇ પ્રભુજી આનંદીઆ, વરેહેતાપ
સમાય; વ્રજભક્ત હરી સંવલીતછે, તે અધીક શોભા થાય કહીએ. ૮
કાળીંદ્રી સહુ પુલીન આવ્યાં, હર્ખે મનનાં અપાર ચંદ્ર; કીધું નિશા
નિશા નિર્મળ વળી સોમી સમાર. કહીએ. ૯ ઉલ્હાદે કરી શ્રુતીના
મનોરથ જયમ પુર્ણ કામ; ત્રિ વસ્ત્ર કુમકુમ અંકીત, પાથર્યા તે ઠામ
કહીએ ૧૦ ત્યાં બીરાજ્યા પ્રાભુ નિત્રિ ગોપી સ્યામ સ્પષ્ટ, સ્પર્શી હસ્ત
અનંગ દીપન; સ્મરણ ગોપી દ્રષ્ટ. કહીએ. ૧૧ ભજે તેહને ભજે જે-
કોઇ, તે કહીએ વિપરીત; ભજે ન ભજે નહી ભજે, કહો કયાંહાંની
રીત. કહીએ. ૧૨ પરસ્પેરે ભજે જે કોઇ, આપ આપણું અર્થ; વિપ્ર
જોગ્યે ભજેછે, તે જાણજો જુગત્ય, કહીએ ૧૩ એક જોગી કામ પુરણ
મુઢ ગુરૂ દ્રોહીષ્ટ;ચાર જણનાં એક રીતછે, કહુછે ગોવીષ્ટ.કહીએ.૧૪
આમો તો ભજતા નથી, તે ધ્યાન છુટી જાય; દ્રવ્ય પામો જાય ત્યારે,
અધીક તનમે થાય, કહીએ. ૧૫ આમો ભજન પરોક્ષ કીધું, જાણજો
એ સત્ય; ત્યમ ભજનનુ શું કહું, કેહેતાં ન આવે કૃત્ય. કહીએ. ૧૬
ત્રીરણ કાળનું આયુષ્ય લેઇને, ઓશીંગળ કયમ થઉરે; દ્વારકેશ કેહે
છે છબીપર, નિરંતર બલજાઉ. કહીએ પ્રાણનિત્યની વંહયા. ૧૭

ધોળ ૯૩.

પંચદ્રી પદ ૫ મું રાગ ગરબી.

વાહાલા તારાં વચન સાંભળીને હરખ્યા, વાહાલાતારાં વિરહ
તાપ ટરાવ્યા; વાહાલા તારા અડતાં આનંદ પરખ્યાં. રાસરમીશું
શ્રી ગોકુળચંદશું રે લોલ. ૧ વાહાલા રાસ આરંભણ કીધું વાહાલા
નૃત્ય ભેદવતી સાંધું; વાહાલા બીડું પરસ્પર લીધું, રાસ. ૨ વાહાલા

ઉછવ રાસ અમુલ્ય,વાહાલા અનેક મંડળી ગોળ;વાહાલા કૃષ્ણઆઠ તે સોળ, રાસ. ૩ વાહાલા દેવસ્ત્રી દરસાવ્યાં. વાહાલા ચઢી વેમાન સહુ આવ્યાં;વાહાલા સંગ સમે કહાવ્યાં, રાસ.૪ વાહાલા દેવ દુંદભી વાજે, વાહાલા ગાંધ્રવ આનંદ રાજે;વાહાલા પુષ્પ વૃષ્ટિ કરી સાજે, રાસ. ૫ વાહાલા નેપુર કંકણી વાજે, વાહાલા બાહેમાં મધ્ય મણી રાજે;વાહાલા રાસ મંડળી રસ સાજે રાસ.૬ વાહાલા શ્રમ કણ મુખપર અલકે, વાહાલા ભુવિલાશ ભુવિ લળકે;વાહાલા લલીત.મેઘ જળ ઝળકે,રાસ.૭ વાહાલા ઉચે સ્વર તે ગાય, વાહાલા રાગ રંગ ત્યાં થાય વાહાલા તે રસનું શું કહેવાય,રાસ.૮ વાહાલા અનિક સર્વેકો નિર્ખી વાહાલા રૂડું કહેતાં હુર્ખી.વાહાલા સંગ સખી સહુ સરખી.રાસ.૯ વાહાલાને રાસ અમિત કોઇ કહીએ,વાહાલાને બાહુ કંઠ કર મહીએ; વાહાલાને મળી અમે લિકા લહીએ, રાસ.૧૦ વાહાલા ચંદન ભુજને દીધું.વાહાલા અતિ શુભાશ મન લીધું;વાહાલા પુલ્કીત ચુંબન કીધું, રાસ. ૧૧ વહાલા નિત્યે વિદકલ સરશે, વાહાલા મુખ કપોળ કર પરસે;વાહાલા ચરાચિત બિંદુ દરશે,રાસ ૧૨ વાહાલા નૃત્ય ધ્યાન મનઠરયું,વાહાલા નેપુર કિંકણીરસીયું;વાહાલા હુસ્ત રૂદે પર ધર્યું, રાસ. ૧૩ વાહાલા એકલ પામ્યા ગોપી. વાહાલા કંઠ બાહુ આરોપી;વાહાલા રંગરેલી મન સોંપી,રાસ.૧૪ વાહાલા કર્ણકમળ બિરાજે,વાહાલા કુમ અલક મુખ ભાજે;વાહાલા ભ્રમર રસ ગુણ ગાજે રાસ. ૧૫ વાહાલા માંગ મોતી કેલી, વાહાલા તેમ ગોપી રંગરેલી;વાહાલા બાળક દરપણ ખેલી, રાસ. ૧૬ વાહાલા વ્યાકુળ રસ આનંદ,વાહલા કહેતાં ન આવે છંદ;વાહાલા એ વંદ્રાવનચંદ,રાસ ૧૭ વાહાલા ખેચર સ્ત્રી રસ જોયું. વાહાલા કામ દ્રષ્ટ મન મોહ્યું;વાહાલા વરદાને રસ સોહ્યું રાસ. ૧૮ વાહાલા અતી વિરહેથી આણ્યા, વાહાલા પ્રેમે અક્રીત સુખ જાણ્યા;વાહાલા પુછન કીધું પાણ્યું,રાસ.૧૯ વાહાલા સ્પર્શે આનંદ થાએ,વાહાલા લીલા થઇ તે ગાવાએ;વાહાલા અક્રત દ્રષ્ટ જોવાએ,રાસ.૨૦ વાહાલા અક્રીત સર્વે જાણ્યા,વાહાલા ક્રિડા કરીને વખાણ્યા;વાહાલા જળ પ્રવેશ મન આણ્યા,રાસ. ૨૧ વા-

હાલાજળ ક્રિડાની રીત,વાહાલા કહે નઆવે પ્રીત;વાહાલા પરસ્પર થઇ જીત્ય. રાસ. ૨૨ વાહાલાજળથી ગમન કરયું,વહાલા પુષ્પીત વન સંચર્યું;વાહાલા તે જોઇ મન ઠર્યું,રાસ ૨૩ વાહલા નવરંગના ટક સાજે,વાહાલા ચંદ્ર નીશા અતો રાજે;વહાલા મદન જોઇને લાજે રાસ. ૨૪ વાહાલા રાજાએ પુછયું એમ, વાહાલા ધર્મ રીત્ય તે તેમ; વાહાલા અધર્મ પ્રવેશતે કેમ,રાસ. ૨૫ વાહાલા ધર્મ સત્યકરી સ્થાપો વાહાલા વ્યક્તા કરતાં રાખ્યો;વાહાલા પરદારા કેમ જાપો,રાસ. ૨૬ વાહાલા પોતે પુરણ કામ, વાહાલા ઇચ્છા કીધું તેમ; વહાલા અભિપ્રાય કો એમ, રાસ. ૨૭ વાહાલા શુ કીજીએ કહો વીચાર,વાલા પુરણ એ અવતાર; વાહાલા અનલ પડે સર્વ સાર, રાસ. ૨૮વહાલા ઇશ્વર વચન પ્રમાણ, વહાલા આપણ કરે અજાણ; વહાલા બુદ્ધિવાન તે અજાણરાસ. ૨૯ વાહાલા હરીરસના ગમ વખાણે, વાહાલાતવન કરે અજાણ; વાહાલા જેમ રૂડું વિખખાણ,રાસ.૩૦ વાહાલા ઉચીત કરે વાણી,વાહાલાઉચિત વગર સુહાણી;વાહાલા નીરહંકારી જાણી, રાસ. ૩૧ વાહાલા એવું કર્યું પ્રતાપે, વહાલા ઇશ્વર કરી સહુ જાપે; વાહાલા ભક્ત મનોર્થ આપે, રાસ.૩૨ વાહાલા જેહો પદરજ માગે વાહાલા બ્રહ્માદિક અનુરાગે; વાહાલા કરમ બંધ શું લાગે,રાસ.૩૩ વાહાલા ગુલાબી પ્રીત જાણો, વાહાલા અંતરજામી માણો; વાહાલા બાંધ્રકુકર્મ વખાણો, રાસ. ૩૪ વાહાલા મનુષ્ય દેહ ધરયું,વાહાલા તે ક્રિડા આચરયું. વાહાલા ગુણ ગાઇ ભક્તિવશું, રાસ. ૩૫ વાહાલા ગોપ મન કાંઇ નાવ્યું, વાહાલા યોગ માયા કરી છાંયું; વાહાલા પાસે દારા દેખાયું રાસ. ૩૬ વાહાલા બ્રહ્મ રાત્રી તે જાણી; વાહાલા તોએ ત્રમ નમાણી; વાહાલા ઘેર ગયાં સહુ રાણી, રાસ. ૩૭ વાહાલા એ લીલા જે ગાએ. વાહાલા શ્રવણ રૂદે રસ લાવે;વાહાલા ભક્તિ માહા ફળ પાવે, રાસ. ૩૮ વાહાલા ધન્ય વ્રજવંતી ગોપી, વાહાલા મન કરી સરવ સોંપી; વાહાલા ધન્ય જુમનાં રસ ઓપી, રાસ. ૩૯ વાલાલાશ્રીમદ વલ્લભ ચર્ણે,વાહાલા શ્રીવિઠલેશને વારણે; વાહાલા દ્વારકેશ છે શરણે રાસ રમીશું શ્રી ગોકુળ ચંદશુંરે લોલ. ૪૦

ધોળ ૯૪.

પંચઢ્ઢી પદ ૬ રાગ ગરબી.

સદખી સાહેલી સહુ મળીને, નવસત આભ્રણ સજીઆંને; સાનકરી ને વાહાલાને તેડો, લટકે ગરબે રમીએ ચાલો જોઇએરે. ૧ સ્યામાસ્યામેમધ્ય બેસારી, તાળીવાહે હાથેરે; નિરખતાં વાહાલે રીઝોજી, જુવેકટાક્ષ સાથે ચાલો. ૨ સપ્ત સ્વર એકવીશમું રચના, ગ્રામ ત્રણ્યને ભેદરે રાગણીઓ છત્રીશે મેળવી, ગાએ પ્રબંધ ભેદ. ચાલો. ૩ લાગદાટને ઉરપતો રસ, સંગીત નૃત્યગતી લીજેરે; મુસકાઇ વાહાલાએ જોયું સર્વે રસમાં ભીજાં, ચાલો. ૪ શામળીએ ત્યારે ઉભા થઇને, વણુવાઇ કાંઇ કીધું રે; વિવ્હવળ થયાં સાંભળી સરવે, મન આકરશીને લીધું ચાલો. ૫ છુટાકેશ શ્વેત શ્રમશ્રી કર, ભુજા બાહોડી ઝટકેરે; કરણ ફુલ નકબેસર ટીલડી, કંકણ પહોચી મટકે, ચાલો. ૭ બ્રહ્માનંદથકી ઉગાર્યાં, ભજનાનંદે લીધાંરે રાસ રમી જળ ક્રિડા કીધી, સર્વ મનોર્થ સીધાં, ચાલો. ૭ બ્રહ્માદિક શનકાદિક શંકર, ચઢી વૈમાને જોયરે; ગુણગાધરવ અપસરા કીનર પુષ્પ વ્રષ્ટી ત્યાં હોએ ચાલો. ૮ ધન્ય વિદુતની પેરે સહુને દરશન એવી રીતે બ્રહ્મરાત્રીને લેખે કીધું; એણી પેરે સર્વે જીતે, ચાલો. ૯ ધન્ય ગોપી વ્રજ શ્રી જમુનાં તટ, જ્યાં ક્રુષ્ણરસ પાયરે; શ્રી વલ્લભને ચરણ પ્રતાપે દ્વારકેશ નીજ ગાયે ચાલો જોઇએરે. ૧૦.

ધોળ ૯૫.

અથ શ્રી પંચઢ્ઢી. ૭

દીઠી સરદનીરાત સોહામણીજો, વાહાલે રાસ રમવાની ઇચ્છા કરીજો. ૧ વાહાલે વેણુ વગાડી વનમાંજો, સ્વર પુરો સખીના કર્ણ રદયમાંજો. ૨ નારી શ્રવણે સુણી સહુ નીસર્યાંજો, કુળની મર્યાદા વિસરાંજો. ૩ તેહને તત્ક્ષણ ગ્રહ કાજ મેલીઆંજો, અંગે અટપટાં આભુષણ પેહેરીઆંજો. ૪ એમ આવતાં તે દીઠાં સુંદરીજો ત્યારેગમન વાવક બોલ્યા હરીજો. ૫ તમે શાંને તે આવ્યાં સહુ મળીજો. તમો કુળવંત કહાવો કામનીજો ૬ એમ લોકમાંતે લાંછન લાગશેજો, તમારા પતીવ્રતા ધર્મ ભાગશેજો. ૭ પતીવ્રતા પતીને છોડે નહીંજો, પર

પુરૂષશું પ્રિત જોડે નહીજો. ૮ શ્રીમદ મોહનજી રૂપે ધરીજો,એ પાસે તે સોહીએ કામનીજો. ૯ મધ્ય રાજે શ્રી ગીરધર રાજીઆજો, પ્રભુ સાતે સ્વરૂપ બીરાજીઆજો. ૧૦ પ્રભુ સાતે સ્વરૂપ લીલા કરેજો,એણી પેરે તે વ્રજમાં વિચરેજો. ૧૧ ત્યારે સુંદરીને અભિમાન આવીયુંજો, ભાગ્ય પોતાનું સરાવીયુંજો. ૧૨ ત્યારે અંતરધ્યાન હુવા હરી જો,ઘણા વિલાપ કરેછે સુંદરીજો. ૧૩ શ્રી જુમનાંજી પુલીન આવી રહ્યાંજો, ત્યારે નાથજીને મન કરૂણા આવીજો. ૧૪ શ્રી શ્રી ગોકુળચંદ માઝી રૂપે ધરીજો, ત્યારે સુંદરીને દરશન આપ્યાં હરીજો. ૧૫ દ્વારકેશ પ્રભુનેજાઉ વારણેજો, ફરી વૃજ પ્રગટયા હમ કારણેજો. ૧૬.

ધોળ ૯૬.

માહારા વાહાલાના વનમાંહ્ય, વાગે રૂડી વાંસલડી; હુ તો બેસી રહું ઘરમાંહ્ય, કોણે દીધી સાંકલડી. ૧ કુંભ વિના જળ ભરવા ચાલી, શીરપર મેહેલી ઉઢાણીરે; ગરણુ રે લેઇ જળ ગળવારે બેઠી,કુંભની શુધબુધ ભુલી. વાગે. ૨ ગુણીઆ વના ગઉ દોવારે બેઠી, સાડીભીજાય નવ જાણીરે; વાછડુ વાળતાં ગોપીપુરે, બાળક બાંધ્યાં તાણીરે. વાગે. ૩ ઘી તાવીને છાશમાં રેડયાં, ને દુધમાં રેડયાં પાણીરે, નેતરૂ લઇને નાવલીયો બાંધ્યો, ઘરનો ધણી નવ જાણ્યોરે. વાગે. ૪ પાત્ર વિના મેં ભોજન પીરશ્યાં મોદક મરચ્યાં ભેળીરે; સાકર વડીનાં શાક વઘાર્યાં, સેવમાં સુંઠ ભેળીરે. વાગે. ૫ સાસુ કહેવહુને ચૈતર વળગ્યાં, અવચગિયા ઉતારાવોરે, દીયર કહે ભોજાઇને બાંધો, સાન કરી સમજાવોરે. વાગે. ૬ તનમન માહારા પ્રાણ હરીરે, મારો વાહાલોજી મથુરાં જાશેરે; રામકૃષ્ણ પ્રભુ એ રસ પીતાં, વારે વારે સમજાવુંરે. વાગે રૂડી. ૭

શ્રી વિઠ્ઠલનાથજી માહારાજનું ધોળ.

ધોળ ૯૭.

માગશર વદી ચતુરદશી સાહેલીરે, શુભ વેળા શુભવાર; શ્રી વિઠ્ઠલવર ભુતળ પ્રગટીઆ સાહેલીરે. ૧ ધન્ય ધન્ય માત ચારોમની સાહેલીરે, પુરૂષોતમ અવતાર; શ્રીવિઠ્ઠલ. ૨ ઘેર ઘેર પાહોચી વધામણી સાહેલીરે, હર્ખાછે વસાતાત. શ્રીવિઠ્ઠલ. ૩ તોરણ બાંધ્યાં બારણે

સાહેલીરે, ઘેર ઘેર ઓછવ થાય. શ્રીવિઠ્ઠલ. ૪ ધન્ય ધન્ય એ કાંકરોલી એ સાહેલીરે. માનુની મંગળ ગાય. શ્રીવિઠ્ઠલ. ૫ જાચક સહુ ટોળે મળ્યા સાહેલીરે, સુણી અનોપમ વાત. શ્રીવિઠ્ઠલ. ૬ વીપ્રશું વેદ સ્નાન કરે સાહેલીરે; દાન આપે વૃજનાથ. શ્રીવિઠ્ઠલ. ૭ થાળ ભર્યા સગ મોતીએ સાહેલીરે, આવ્યાં શ્રી વૃજની નાર. શ્રીવિઠ્ઠલ. ૮ વિપ્ર વેદ ધુની ઓચરે સાહેલીરે, દેછે સહુ આશિષ્ય. શ્રીવિઠ્ઠલ. ૯ વધાવા આવે સહુ લાલને સાહેલીરે, હયડે હરખ ન માય. શ્રીવિઠ્ઠલ. ૧૦ દાદીજીએ લીધા ગોદમાં સાહેલીરે, નિર્ખે સઘળો સાથ. શ્રીવિઠ્ઠલ. ૧૧ વૈશ્નવ ગાય આનંદ શું સાહેલીરે, આજ શ્રીજુગદીસવિઠ્ઠલ. ૧૨ દેવનાં દુંદભી વાગીઆં સાહેલીરે, પુષ્પની વૃષ્ટિ થાય. શ્રીવિઠ્ઠલ. ૧૩ દૈવી જીવને કારણે સાહેલીરે, ફરી લીધો અવતાર. શ્રીવિઠ્ઠલ. ૧૪ શર્ણે લીધા જીવને સાહેલીરે, લીલાનો નહી પાર. શ્રીવિઠ્ઠલ. ૧૫ દાસ વલભ જાય વારણે સાહેલીરે, પુરૂષોતમ અવતાર. શ્રીવિઠ્ઠલ ભુતળ પ્રગટીયા સાહેલીરે. ૧૬.

ધોળ ૯૮.

કોઇ મને કૃષ્ણ દેખાડોરે શ્રી ગોકુળમાં, કોઇ મને પ્રભુજી મેળાવોરે માધુવનમાં; મેરી મતી હેરી તેરો મર્મ ન ન જાણે, વનમાં ફરે વાહાલો તનમાંરે. મધુવનમાં. કોઇ મને. ૧ સકળ બન ઢુંડયા સકળ બ્રજ ઘેર્યા, અતીરે ઉદાશી માહારા તનમાં. મધુવનમાં. કોઇ મને. ૨ અમરચોર પેહેર્યાં મેઘાડંબર ઓઢયાં, ફુલડાં બેનનતી બાગનમાંરે. મધુબનમાં, કોઇ મને. ૩ ફાટતા ચીર ને હાર માહારા તુટયા, નિર ભરાયાં લોચનમાંરે. મધુબનમાં. કોઇ મને. ૪ સુરદાસ કેહે પ્રભુ તીહારે મીલનકું. અતીરે ઉલટ માહારા તનમાંરે મધુબનમાં. કોઇ મને કૃષ્ણ દેખાડોરે શ્રી ગોકુળમાં. ૫.

ધોળ ૯૯.

માહારે મંદીર પધારો શ્રી નાથજી. હું તો જોઉં તમારી વાટ; માહારે મંદીર પધારો શ્રીનાથજી. ૧ હું તો શેરી વળાવીને સજ કરૂં, હું તો પથરાવું લીલા પીળા પાટ, માહારે. ૨ હું તો કંકુ કેસરના ગારા ધાલુ,

હું તો મોટી કસ્તુરીપડાવું ભાત. માહારે. ૪ હું તોગોખે ગોખેરેદીવા કરૂ, હરખે બંધાવું હીંચોળાખાટ. માહારે. ૫ હુતો શણગાર સજીરે શોભીતા, ચર્ણચોળી ગરચોળાં ને ઘાટ. માહારે. ૬ હું તો આડકરૂરે કેસરતણી, હું તો ચોખલીયા ચોકું લેઝાટ. માહારે. ૭ હું સુંદીર મંગાવુંરે સુખડી, જીવણ જમવા તમારે કાજ, માહારે ૮ હું તોબીડાંવાળુરે બાશટ પાનનાં, આરોગાવું શ્રીવલ્લભરાય માહારે. ૯ હુંતોથાળભરૂરે સગમોતીએ, વધાવું શ્રીવલ્લભનો પરીવાર માહારે. ૧૦ હુતો કરજોડી કરૂં વિનતા, બલીહારી જાયમાધવદાસ. મારેમંદીરપધારો શ્રીનાથજી.

ધોળ ૧૦૦.

જીરે વૈશાકવદી એકાદશીરે, શ્રીવલભજી પધારવાની પેરરે; શ્રી લક્ષ્મણ ઘેર સોહેલો, જીરે અલભાજીએ મનમાં વિચારીયુંરે. જીરે સુત તે પધરાવોએ ઘેરરે. શ્રીલક્ષ્મણ. ૨ જીરે અગ્નિકુંડજ માગજ આપીઓરે, જીરે બેહુ સ્તને વહે છે પયનિધારરે, શ્રીલક્ષ્મણ. ૩ જીરે નિજજન સર્વ ઉધારવારે, જીરે ભક્તિનો કીધો ઉપદેશરે. શ્રીલક્ષ્મણ. ૪ જીરે બ્રહ્મ સંબંધ કરાવીઆરે. જીરે શેવા કરાવી પ્રીત્યરે. શ્રી લક્ષ્મણ. ૫ જીરે પુષ્ટી મારગનો વીધોગર્નારે. જીરે કોને તે નવ કહેવાયરે. શ્રી લક્ષ્મણ. ૬ જીરેહેવાના કુળમાં શ્રીકૃષ્ણ પ્રગટીયારે. જીરે અહળક શ્રીવલભરાયરે. શ્રીલક્ષ્મણ ૭ જીરે નિશાધન જનને તે એ પ્રભુરે, જીરેપ્રગટ દેખાડીછે રીતરે, શ્રીલક્ષ્મણ ૮ જીરે એને કારણ હરી દેહ ધરીરે, જીરે તેમાં તે સંશય નાહી લગારરે શ્રીલક્ષ્મણ. ૯ જીરે અધમ તે જીવ ઓધારવારે, જીરે શ્રી વલભશ્રી વિઠલેશરે. શ્રીલક્ષ્મણ. ૧૦ જીરે એહુના ચરણ કમળનિત શેવીઆરે. જીરે છોડીઆ સકળ કલેશરે. શ્રીલક્ષ્મણ. ૧૧ જીરે હરીદાસ શોભા પ્રભુ નિર્ખંતાંરે, જીરે ચર્ણકમળધારી ધારરે; શ્રીલક્ષ્મણ ઘેર સોહીલોરે. ૧૨

ધોળ ૧૦૧.

અથશ્રીપુષ્ટિમાર્ગના દસમરમધોળ લખ્યુંછે. પુષ્ટિમાર્ગતણાંમર્મ દસ જાણીને; નિત્ય આચર્ણ કરીને રૂદે વિચારે, તોતેહને વશ થાયરે શ્રીહરી પ્રેમની વેલડીત્યાંહાં વિસ્તારે. ૧ પ્રથમ એક મર્મશ્રી મહાપ્રભુ

જાણીને વિશ્વાસ દ્રઢ કરી વચન પાળે; અવરસાધન સર્વ લૌકીક કામના એહુની કૃપાવિના ફળ ન ભાળે. ૨ બીજો મર્મ તે કેવળ શ્રી ગુરૂવાક વિશ્વાસ આચરણ કરવું; છે જે વાણી શ્રીવલ્લભ ઓચરે, તેતે વિચારીને મન ધરવું. ૩ ત્રીજો મર્મ તે શ્રી કૃશ્નના નામનો, મહાત્મ હ્રદે થાય સફળ સારે; અનેક પ્રકારના ધર્મકો ઉચરે, કોટીમે અંશે ન જારે ભારે. ૪ ચોથો તે મર્મ વિશ્વાસ આણી કરી, પ્રભુજી કરશે તે અતી રૂડું; રાધિકા રમણ શ્રીવ્રજબીહારી હરી ભજન કરવું અન્ય જાણી કુડું ૫ અવરલીલા સહુ અનંતરૂપે કરી, અંતર સામક સદારે જાણુ; શ્રીહરી સામળો અનંતરૂપે કરી. નિત્ય લીલા પ્રભુ નિત્યમાણુ ૬ પાંચમો મર્મ શ્રીક્રશ્ન શરણાગત લોક વાદ સર્વ પરિત્યાગ ભાવે; નિરપેક્ષ ભાવ તે સર્વત્ર પરીપાએ, ત્યારે શ્રીક્રશ્નને દયારે આવે. ૭ છઠો મર્મ તે કેવળ નાથનો, સર્વ પરિત્યાગ ગુણ ગ્યાન કરીએ; ગ્યાના દ્વારા કરી સર્વ લીલા ખરી, શ્રીવ્રજનાથને રૂદે ધરીએ. ૮ સાતમોમર્મ તે અંતરી શેવા, વરણાત્મક વ્રજમાંહે કરીએ, ભાવાત્મક ત્યહાં વિપુરે પોતાતણું, સખી ભાવે થઇ સહુ વરીએ. ૯ આઠમો મર્મ તે ક્રિડા રસભાવના, અંતરમાં અનુભવ કરવો; જેમ જેમ સખી સંગ કોડેરે, તેમ તેમ તે આચરવો. ૧૦ નવમો મરમ તે ક્રેત દલ ભાવના, તાપ કલેશ રૂદેમાં લાવે; જે ફળ દશા વ્રજ સુંદરી ભોગવે, ત્યમ ત્યમ એઉને અનુભવ કરાવે. ૧૧ દશમો મરમ તે દીન્તા ભાવના સર્વ પ્રકાર કરી રૂદે દુખ આણો; અવર સાધન નાહાના વાંચીછે ઘણા, ક્રશન કૃપા વિના કાંઇ ન માંને. ૧૨ એ એ મરમ દશ જે કોઇ ગાય ને અનુભવે તેહને શ્રીક્રશ્ન આધીન થાય શ્રીમદ વલભ નીપટ કરૂણા કરે, આપણા દાસની બાંહ્ય સાહ્ય. ૧૩

ધોળ ૧૦૨.

અથ શ્રી પુષ્ટિ મારગના સિદ્ધાંતનું ધોળ પવિત્રા એકાદશીનું લખ્યું છે.

પુષ્ટિ માર્ગ સિદ્ધાંતની સાંભળો કહું એક વાત શ્રાવણ સુદી એકાદશી વચન કહ્યાં જે રાત.૧ શ્રીમદ વલભને મન ઇચ્છા ઉપની

એહ, આજ્ઞા બ્રહ્મ સંબંધની પ્રભુજીએ કીધી તેહ; પોતાના જન જાણીને ચિંતા ધરી મન માંહ્ય, આતુરતા કીધી ઘણી શ્રીજી પધારયા ત્યાંહ. ૨ પુરણ પુરૂષોતમ તમેછો, જીવછે દોષ સહીત:ઓધારણકારક પ્રભુ, કેહેજો ધરી મન ચિત. ૩ ત્યારે શ્રી એમ બોલાઆ, સાંભળો વહ્લભરાય, નામ સમર્પણ જે કરે, તેહેનાં પ્રાયશ્ચિત જાય. ૪ જીવ જંત જે કોઇ આવે, તુમારે શરણ; તે ઉપર કરૂણા કરી, રાખીશ માહારે ચરણ. ૫ પવિત્ર કરીને સુત્રનું, પહેરાવું શ્રી જુગદીશ; કેશરી રંગે રંગીયુ, તાર ત્રણસેંને ત્રણવીશ. ૬ શ્રીશ્રી ભોગ ધરાવીઓ, વસ્ત્ર ધરૂં તતકાળ; કોર છેડા કરા કેશરી, ધોતી ઉપરણા સાર. ૭ શેવકને સુખ કારણે, શ્રીજીએ કીધો શ્રમ; નામ સમર્પણ આપીને, રાખ્યો વૈશ્નવ ધર્મ. ૮ શ્રી ગીરધારીજી મંદીર પધારીઆ, એ સુખ કહ્યાં નવ જાય; હરીદાસ શોભા જોઇને, અનેક મંગળ ગાય. ૯.

ધોળ ૧૦૩.

ધન્ય શ્રી વલ્લભ અઢેળમાં પ્રભુ વશીઆ જુમનાં તીરે, ધન્ય વૈશ્નવજન વંદે એ પદ રજને ત્રવેણી તીરે. ૧ ધન્ય જુમનાંજીનો સંગમછે, હરની લેહેર રંગ તોરંગછે; પાવન થાય સ્થાવર જંગમછે, ધન્ય ૨ ધન્ય પ્રયાગ વારી નિરખીએ, ધન્ય તીરથ સઘળા પરખીએ. ધન્ય. ૩ ધન્ય વેણી માધવ મુખપર વારી એની છબા નિરખી જાઉ બલીહારી; ધન્ય ધન્ય સરવજનના સુખકારી. ધન્ય ૪ ધન્ય પ્રયાગ તીર્થ રાજ્યછે, ત્રવેણી તીરે દરવાજા છે; તેતો સારે સરવનાં કાજછે. ધન્ય. ૫ ધન્ય દશાસ્મેધ આરે જાતાં, ધન્ય નિરમળ ગંગાજી નાહાતાં; ધન્ય ધન્ય હરખે હરીગુણ ગાતાં. ધન્ય. ૬ ધન્ય ધન્ય એ માધવરો નાહાતા ધન્ય નિર્મળ તેહેનાં તન થાતા; ધન્ય સેહેજે તે વૈકુંઠ જાતાં. ધન્ય. ૭ ધન્ય અદિએગ રાજેછે, ધન્ય પેલી તીરે બ્રાગ બીરાજેછે; મધ્ય ત્રવેણી ગાજેછે. ધન્ય. ૮ જેણે એ બેઠકને ભોગ ધરીઆ, ધન્ય ભવસાગર ફેરો ટળીઆ; ધન્ય પ્રેમ સુધારસમાં ભળીઆ. ધન્ય. ૯ ધન્ય જુમનાજીમાં વાસ છે, ધન્ય વલ્લભ કુળની પાસછે; ધન્ય શોભા જોઇ હરીદાસ છે; ધન્ય શ્રી વલ્લભ અઢેળમાં, પ્રભુ વશીઆ જુમનાં તીરે. ૧૦.

ધોળ ૧૦૪.

ગેર આવોરે ગોપીયુના વાહાલા, આનંદ વધારો નંદનાલાલા; નાથ નથી કાંઇ નાના કાલા, તો પ્યાલા પીજે પ્રેમનારે. ૧ આવો તો આલીંગન દીજે, પ્રેમ તણા રસ પાઇને પીજે; દાસલડાને દરશન દીજે, તો નિર્ભે કેજો નામનીરે. ૨ જન્મો જન્મના શ્યામછો સંગી, મળે ગોપીયું એકજ રંગી; નાથ વિના નહિ બીજા સંગી, તો રહીએ તીભંગી ટેકમાંરે. ૩ આપ મળે ગોવરધનધારીયો, સુરપતી કેરો ગર્વજ હરીયો; વ્રજવાશીનાં કારજ સરીઆં, તો ગોકુળ રાખ્યું રેશતુંરે. ૪ માડી માહારે એ વર રૂડો, જેની બીકથી કંસરાય બુઠો, ન્હાનો એ પરાક્રમે પુરો, તો ચોઢો અવિચળ ચાંદલડોરે. ૫ કુમ કુમ કેરાછડા દેવરાવો મહારે મોતીના ચોક પુરાવો: તરીયા તોરણ દ્વાર બંધાવો, તો વાહાલાને વધાવો પ્રેમશુરે. ૬ જોશીડા તેડી જોશ જોવરાવો, ઘડીઆં લગ્ન ઠીક ઠરાવો; ખાતીલા ખુપની ચોપ કરાવો, તો તેજ જઇ સ્વદાન દઇનેરે. ૭ તમારા પીતાજી લખ્યાં લેછે, વાહારજો બેના ગ્રાગ ફળયા તમારે; પી.કે તો પોહોચે કોડ અમારા, તો કેહે માધવદાસ કરગરૂં હુંરે.

ધોળ ૧૦૫.

ઠુમરી.

મુખડાનું માંડણ મોતી, માહારાજા માહારા મુખડાનું માંડણ મોતી, મહે જળ જમુનનાં ભરન ગઇતી; મુખડુ ધોતાં ખોયુ મોતી, માહારાજા માહારા મુખડાનું માંડણ મોતી. ૧ ગાગર ભર પનઘટપર મુકી, લાગી ફુળમોતી જોતી જોતી. માહારાજા. ૨ ઘર જાઉંતો મારી સાસ લડતહે, નણદી બોલેછે મેણાં દેતી, માહારાજા. ૩ પુરૂષોતમ પ્રભુ આએ અચાનક, મોતીડુ લીનુંછે માહારૂ ગોતી માહારાજા માહારા મુખડાનું માંડન મોતી. ૪.

ધોળ ૧૦૬.

ઠુમરી.

ભારેહી બાજી કાહાના તેરી બંસ બાસુરીનાં મેગજી અરા ધરે નહી ધાર. ટેક. ગોકુળ બાજી બ્રંદાવન બાજી, અરૂ જમુનાજીકે, તીરે,

મેરાજીઆરા. ૧ મોર મુગટ મકરાકૃત કુંડળ. સુંદીર શ્યામ શરીર. મેરાજીઆરા. ૨ પુરૂષોત્તમ પ્રભુકી છબી, નિર્ખત ધન્ય મનવારૂ શરીર. મેરાજીઆરા. ૩ બોરહાં બાજી કાહ્વાના તેરી બેરન બાંસુરીયાં, મેહેરાજીઆરા ધરે નહીં ધીર.

ધોળ ૧૦૭.

ઠુમરી.

સામરો ન જાને મેરી પીર, કનાઇયો ન જાને મેરી પીર; પીર પીર પીર એસી અરરરરરરર, સામરો ન જાને મોરી પીર. ૧ મે દધી બેચન ગઇતી બંદ્રાબન, સામરાને ખેંચો મોરો ચીર; ચીર ચીર ચીર જયમ ફાટો જયમ અરરરરરરર. સામરો ન જાને મોરી પીર. ૨ મેહુ જળ જમુનના ભરન ગઇતી, સામરાને ડારો મોપે નીર; નીર નીર નીર છાંટો જયમ છરરરરરરર, સામરો ન જાને મોરી પીર. ૩ બંદ્રાબનમે રાસ રચ્યોહે, હરીયા હમારા જીવ જીવ જીવ જીવ ચાટ્યા જયમ ખરરરરરરર. સામરો ન જાને મોરી પીર. ૪ સુરદાસ પ્રભુ તીહારે મીલનકુ, બંસરીકો ફેંકયો મોપે તીર તીર તીર તીર કંપી જયમ થરરરરરરર, સામરો ન જાને મોરી પીર. કનઇયો ન જાને મોરી પીર.

ધોળ ૧૦૮

જીરે કારતગ માસ વદી આઠમી, જીરે પ્રગટયા શ્રીગીરધરલાલ; આનંદ મુને અતી ઘણો. ૧ જીરે ઘોઢ સકળરે ગાજીરહ્યું, વાજેછેરે નિશાન; આનંદ. ૨ જીરે ઘેર ઘેર હરખ વધામણાં, જીરે ઘેરઘેર ઓછવ આજ. આનંદ. ૩ જીરે મંગળ સજ કરો માનની વ્રજ નારી વધાવા જાય. આનંદ. ૪ જીરે ગોકુળ ગુડીરે ઉછળે, જીરે તરીયા તોરણ બાંધ્યં. આનંદ ૫ જીરે દાન આપે કેસરી રાયજી જીરે ગજરથ અસ્વને ગાય. આનંદ. ૬ જીરે ગોકુળગામ રળીયામણું, રળીયામણું શ્રી જમુનાંતીર આનંદ. ૭ જીરે ક્રિડા કરે ગીરધરલાલજી, જીરે રત્ન ગંગાજીના નીર. આનંદ. ૮ જીરે એ પ્રભુને નવ્ય ઓળખ્યા, તેહેનો ફેરોપડયો સંસાર આનંદ. ૯ જીરે એ પ્રભુને જેણે ઓળખ્યા, તેહેના ભાગ્ય તણો નહીં પાર. આનંદ. ૧૦ જીરે આશાપુરી વાહાલે ભક્તની બલી-

હરી જાય માધવદાસ. આનંદ માહારે. અનીં ઘણો.

ધોળ ૧૦૯.

શ્રી વલભ કુળ ભલે પ્રગટીયા, પ્રગટ્યા શ્રી વીઠલનાથરે; દાસને મનરે આનંદ ઘણોરે વેદ પુરાણે આવાતરે. ધન્યમાતાજી શ્રીઅક્કાંજી,જેણેયેરર શ્રીનાથજી હુલરાવ્યારે; શુક શનકાદીક ગમનહી, પ્રગટ્યા શ્રી પુરૂષોતમ આવ્યારે. ૨ ઘેરઘેર ગુડી ઉછળે, તોરણ દ્વારે સોહાયરે; પરમપનોતાં સુંદરી, હરજીને નિરખવા જાયરે. ૩ સુદરી સર્વ ટોળે મળ્યાં મુખ જોઇજોઇ મોહેરે;આનંદ સાગર ઉલટયો,ત્રીભોવન જય જયકાર હોયરે. ૪ વાજીંત્ર વાગે શોભીતાં. ઘેર ઓછવ થાયરે; દુંદભી વાગે દેવતાનાં,શુકજી શ્રી ભાગવત ગાયરે. ૫ કેશર કુમ કુમ છાંટણાં, દેવની આશિષ્ય થાયરે; દાન આપે શ્રીવલભજી ઘણું,ઉલટ અંગ ના માયરે. ૬ ભક્તિ માર્ગસ્થિર સ્થાપવા, વૈષ્ણવની કરવા સાથરે; આપણને અનુગ્રહ કર્યો જોગી ન જાણે એ વાતરે. ૭ ભક્તિ કરો શ્રીવિઠ્ઠલજીની,બીજી ફોગટ વાતરે; એ રે લીલા જે કોઇ જાણશે, તે વ્રજવાશીનો સાથરે. ૮ માગસર વદીને નોમી ભલી ભલી ભલી આજુની વાતરે; શ્રી વિઠ્ઠલવરરે ૩દય હુવા, પ્રગટ્યા શ્રી પુરણબ્રહ્મરે. ૯ ધવળ મંગળ હોય ઘણાં, આનુંગ અંગે ન માયરે; શ્રીગુંસાંજીવો મહારો વાલમો, બલીહારી માધવદાસરે. ૧૦ શ્રી વલભકુળ ભલે પ્રગટયા, પ્રગટીયા શ્રી વિઠ્ઠલનાથરે.

ધોળ ૧૧૦.

સાંભળ સુજની વધામણી,શ્રી ગોકુળ પતીને દરબાર; પારવતી માજીએ સુત જનમીયા; શ્રીદ્વારકાંનાથજી અવતાર,પ્રગટ્યા શ્રી પુરૂષોતમ લાલજીરે. ૧ વાજીંત્ર વાગે સોહામણાં, ગુણીજન ગાય છે ગાન; માગણ જાચક મળ્યા સહુ,તેમને આપ્યાં બહુ દાન. પ્રગટ્યા. ૨ ધન્ય ધન્ય વઇશાક માસનો, ધન્ય સુદી પડવાનો દીન; ધન્ય ઘડી શુભ વારનો, હરખ્યાં સર્વનાં મન. પ્રગટ્યા. ૩ જુવતી જનરે ટોળે મળી,નવ સત સજ્યા શણગાર;ચાલો પ્રભુને વધાવાને,કરધરી મંગળ ચાર. પ્રગટ્યા. ૪ કંચન કળસ મુસ્તક સોહીએ, ગાતાં મંગળગીત;

પ્રિતશું પોચ્યાં દરબારમાં, જાણે આવા રાણાજીના પ્રગટ્યા. ૫ ભેટ ધરેંગને ભાતતી. વળી વળી વારણે જાય; એ પ્રભુ ચર્ણ પરતાપથી, નિજદાસ આનંદ ગુણ ગાય. પ્રગટ્યા શ્રીપુરૂષોતમલાલજીરે.

ધોળ ૧૧૧.

સેનગોરી અમા શ્રીનાથજીને ખમા, ખમારે ખમા નંદરાય સાંજાં;શેન. ગોખે ચડી નીહાલવારે, અમા. આમને આશા વાસન ગોરી, અમા. કેશરીઓ બાંધો સોહીએરે, અમા. માથે સોહીએ પાઘ ગોરી, અમા. બાંહે બાજુબંધ બેરખારે, અમા. કુંડળ ઝળકે છે ચાર ગોરી, અમા. મીંડે લાલનકુ, અમા. દુલરી અગુવટ પોહોચીએરે, અમા. ગળે ગુંજાકા હાર ગોરી, અમા. ભીમના ઠાકોર બેઠીયોરે, અદુલરી અગુવટ પોહોચીએરે, અમા. ગળે ગુંજાકાં હાર ગોરી, અમા. જના પ્રાણ આધારગોરી, અમા. સેન ગોરી અમાશ્રીનાથજીને ખમા.

ધોળ ૧૧૨.

નાગર નંદજીના લાલ, માહારી ચુંદડીના ચોર; ચુંદડી ચોરી વાહાલો કદમ ચડી બેઠે, સાસરીયાં સુનાયકે દુર થકી દોઠો, નાગર. ૧ કાનડ કાળા મોરલીવાળા; મકરધારારે, આવી રાત્ર મથુરાંથી આવ્યોરે, કંશ કારણેરે. વાહાલા નંદના. ૨ લાખ ટકેકી ચુંદડી, અજબ ફુડો રંગ સાસરે સંતાપશે મેરો બુડો થશે અંગ. વાલા.૩ નંદકુંવર સ્યામ સુંદર, મદનમોહનલાલ; નંદકે ગોરધર જીવન મેરો નામ. વાહાલા વ્રજનારે મેરી ચુંદડીના ચોર.૪

ધોળ. ૧૧૩.

શ્રીગોકુળનાથજીના લાલરે. શ્રીપુરૂષોતમ વર રંગરશીઆ;વાહાલે કીધા વૈશ્નવ ન્યાલરે, જન્મો જન્મ મંહારે મન વશીયા. ૧ અંગનું નખ શીખ અદભુત રૂપરે, શ્રીપુરૂશોતમ; વહાલો શ્રીકાંકરોલીના ભુપરે, જન્મો જન્મ ૨ તમારાંસુંદીર નેનવિસાળરે, શ્રીપુરશોતમ તમો તીલક મુદ્રા ધર્યા ભાળરે, જન્મો જન્મ ૩ શ્રી મુખછે પુનમચંદરે, શ્રીપુરૂષોતમ;જોતાં ભાગ્યાં ભવદુઃખ દુરરે, જન્મોજન્મ. ૪ તમો

શ્રીવ્રજભુખણજીના ભ્રાતરે,શ્રીપુરશોતમ,તમો શ્રીજમુનાંજીના તાતરે; જન્મોજન્મ.પ તમો વ્રજકોર બેટીજીના તાતરે, શ્રીપુરશોતમ,શ્રીચારોમતી વહુજીના નાથરે,જન્મો જન્મ.૬ શ્રીપદમાવતી વહુજીનાકંથ રે, શ્રીપુરષોતમ; સુત શ્રીગીરધરજી ગુણવંતરે, જન્મોજન્મ. ૭તમો રાજનગર સુખ આપ્યું રે. શ્રીપુરષોતમ; માહાપતીત વાયળ દુ:ખ કાપ્યું રે,જન્મોજન્મ. ૮ છોટીકાંકરોલી જન્મ દીન કીધોરે,પુરષેતમ નિજદાસને શરણું લીધારે, જન્મો જન્મ માહારે મન વશીયારે. ૯

ધોળ ૧૧૪.

આ કળીમાં કારણ એક, અષ્ટાક્ષરભારી, શ્રીવલ્લભ શ્રીમુખથી પ્રગટીઆં શ્રુષ્ટિ તારી,શ્રીવલ્લભવંશની કૃપાથકી,કરૂં અષ્ટાક્ષર વર્ણન રે, શ્રીમુખથકી પ્રગટયા એ શ્રીવલ્લભ; એ વળાને કરૂં પ્રણામ, અષ્ટાક્ષરભારી. ૧ આ દૈવીજી પર દયા વિચારી,રસ વરસાવા ભારીરે; શ્રી વિઠલ પ્રભુજીએ કૃપાકરીને,ગ્રંથ પ્રગટયા જડિવારી; અષ્ટાક્ષરભારી. ૨ અષ્ટાદશ કર્યા શ્લોક પ્રગટયા શ્રીવલ્લભરાજ કુમારરે; માહા ગુઢરસ પ્રગટ કર્યા, જાઉં વંશ સહિત બલીહારી, અષ્ટાક્ષરભારી. ૩ પ્રથમ શ્લોકમાંપ્રગટ બતાવ્યું શ્રીકૃષ્ણચંદ્રનું રૂપરે; કૃશ્ન કૃશ્ન કૃશ્ન કૃશ્ન નેતી કરીને, સદા જપો રસ રૂપ, અષ્ટાક્ષરભારી. ૪ આનંદને વળી પરમાનંદનું, સુખ અષ્ટાક્ષર માંહ્યરે,નિશ્ચતને વળીનિઠળ થઇને, ભજે મળે વૃજરાય, અષ્ટાક્ષરભારી. ૫ શ્રીમાહાપ્રભુજીએ સાત ભક્તિનાં દાન કર્યાં આગંત્રરે;માહા અઘોર કળીજીવ ઓધારવા, સાતે ભક્તિનો એ જંત્ર. અષ્ટાક્ષરભારી. ૬ સાત ભક્તિના નામ વખાણું શ્રવણ વળી કીર્તનરે, સ્મરણને વળી શ્રવણ ભકિત,પાંચમી છે અરચન.અષ્ટાક્ષરભારી. ૭ પાદશીવ દન વંદન વાસ તવ,એ સર્વે મળીનેસાતરે; માહા પ્રાક્રમી સાતો જણને,એક એક મળી વિક્ષાત,અષ્ટાક્ષરભારી. ૮ શુક પરીક્ષત પ્રહલાદ શેષજી, લક્ષ્મીને પૃથુરાજરે; હનુમાન આદે સાતે જણને, એકએક ભકિતએ કીધાં કાજ, અષ્ટાક્ષરભારી. ૯ હેવા મોટાને બહુ પરાકષ્ટથી, પ્રાપ્ત થયું રતનરે;આ દેવા જીવપર દયાવિચારી. અષ્ટાક્ષર ધન્ય ધન્ય, અષ્ટાક્ષરભારી. ૧૦આ સાતેમાંથી એકે

સાધન, આ કળીના જીવ શું કરશેરે; અષ્ટાક્ષર માહામંત્ર જપ્યાથી, ભવસાગર તે તરશે, અષ્ટાક્ષરભારી. ૧૧ જે દિવસથી શ્રી ગુરૂકૃપાથી, અષ્ટાક્ષર મળ્યું દાનરે; તે દીવસથી જીવન પરિયંત. રૂડું રાખ્યું ધ્યાન, અષ્ટાક્ષરભારી. ૧૨ શ્વાસોશ્વાસ ને હરતાં ફરતાં, અષ્ટાક્ષર મુખ ગાયરે; નિંદ્રા જાગ્રણ રસ્તે ચાલતાં, અહરનિશ ચાલ્યાં જાય. અષ્ટાક્ષરભારી. ૧૩ આનંદને વળી પરમાનંદનું, સુખમળે સુખ થાયરે; માહા લૌકીક લીલાનો અનુભવ, કરી લીલામાં જાય અષ્ટાક્ષરભારી. ૧૪ પ્રથમ શ્લોકમાં શ્રી વલ્લભ શ્રી વિઠલ, કૃપા બહુ ગુઢ કીધારે; નિશ્ચિને દાન આપીને સકળ કામના સિધો અષ્ટાક્ષરભારો. ૧૫ બીજા શ્લોક સદા સર્વદા; શ્રીકૃષ્ણ સ્મરણ કરવુંરે; જમનાદુતનું કાંઈએ ન ચાલે, લેશમાત્ર નહી ડરવું. અષ્ટાક્ષરભારી. ૧૬ અઘાત ભક્તિ અષ્ટાક્ષરની, માહાપાતક સહુ નાસેરે; ગૌબ્રાહ્મણ સ્ત્રી બાળકની હત્યા તે સહુ ત્રાસેનાસે, અષ્ટાક્ષરભારી. ૧૭ ત્રીજા શ્લોકમાં માહાત્મા જાણી, અષ્ટાક્ષર નિત્ય જપવોરે; જમનાદુત પડે મહી દ્રષ્ટે, એવો અષ્ટાક્ષરઓળખવો, અષ્ટાક્ષરભારી. ૧૮ કાળકમ તેહને નહીં બાધે, ઉલટાં અનુકુળ થાયરે; માયા મોહના આપે તેને, જે અષ્ટાક્ષર નિત્ય ગાય. અષ્ટાક્ષરભારી. ૧૯ જ્ઞાન અજ્ઞાન ને શ્રીકૃષ્ણ ભજનથા, અગણીત પાપ સહુ જાયરે; અજામેલની વાત વિચારો, માહાપાપી પાવન થાય, અષ્ટાક્ષરભારી ૨૦ ચોથામાં શ્રીસહીત અષ્ટાક્ષરવર્ણવું શ્રીવિઠલલેશરે, નિજસૃષ્ટીઉપર હિત વિચારી, ગુરૂ રૂપે ઇશના ઇશ. અષ્ટાક્ષરભારી. ૨૧ નિરપક્ષવડે નિરધાન કરીને, પ્રગટ કર્યા માહારાજરે; પાંચમા શ્રીમુખ કહ્યથી, શ્રીવલ્લભે કીધાં કાજ. અષ્ટાક્ષરભારી. ૨૨ શ્રી ગારીરાજ ચર્ણ ચિંતા મટાવા, મહામંત્ર પ્રગટાવ્યોરે; જ્યમ રૂઇ ઢગલો ચીનગી બાળે તેમ જીવના દોષ મટાવા. અષ્ટાક્ષરભારી. ૨૩ દ્વાપરમાં પ્રભુ પ્રગટ થઇ, પૃથ્વીનો ભાર ઉતાર્યોરે; તેમ કળીમાં આ અષ્ટાક્ષરથી, વાહાલે સકળ સૃષ્ટીને તાર્યા. અષ્ટાક્ષરભારી. ૨૪ શ્રી વલ્લભ શ્રી વિઠલેશ કૃપા કરીને, પુષ્ટિ રસ પ્રગટાવ્યોરે; માળા તીલક છાપ અષ્ટાક્ષર, પંચાક્ષર ઘણા ભાવ્યા. અષ્ટાક્ષરભારી. ૨૫ છઠ્ઠા શ્લોકમાં અષ્ટાક્ષરના, અક્ષર વ-

ર્ણવ્યા ત્રણરે; શ્રીકૃષ્ણ નામને સુભાગ્ય સાથે, દ્રઢ કરી મન તું પરણતા, અષ્ટાક્ષરભારી. ૨૬ શ્રીથી અખંડ શોભાગ્યના પ્રાપ્તિ, મળે અલૌકિક ધન્યરે; કશબ્દ પાપ તાપને ટાળે, ષ્ણશબ્દ ફળી અન્યસાધન. અષ્ટાક્ષરભારી. ૨૭ સાતમા શ્લોકમાં શરણ ત્રણ એ, અક્ષર વરણવ્યા આપરે પ્રથમ શબ્દથી લક્ષચોરાશી ટાળી મટાવ્યા તાપ, અષ્ટાક્ષરભારી. ૨૮ રકાર શબ્દથી માહા અલૌકીક લીલાનું થાય જ્ઞાનરે; આણકારથી અન્ય આશરો છુટે દ્રઢ ભાવમાં રહે ધ્યાન અષ્ટાક્ષરભારી, ૨૯ આઠમા શ્લોકમાં બે મમાયે કૃપાગુઢ બહુ કીધીરે; પ્રથમ મે દઢ પ્રિત્યબતાવી, બીજે સાઉજન સિધિ. અષ્ટાક્ષરભારી. ૩૦ નવમા શ્લોકમાં મહાત્મ જાણી, અષ્ટાક્ષર નિત્ય ગાયરે; શ્રીજી શ્રીવલ્લભના ચર્ણ પરનીત સવે દઢ થાય. અષ્ટાક્ષરભારી. ૩૧ દશમા શ્લોકમાં માહાત્મ ત્રથી, રોગ પાપ સહુ જાયરે; રીદ્ધી શીદ્ધી સહુ ઘરમાં આવે, પરમાનંદ સુખ થાય. અષ્ટાક્ષરભારી. ૩૨ એકાદશમો આણંદને, વળી પરમાનંદ પુરણરે; સ્નેહ કરી અષ્ટાક્ષર જાપે, તેહને રોગ જવરનું ચુરણ. અષ્ટાક્ષરભારી. ૩૩ દ્વાદશમો વળી પ્રેત ભુત. પિશાચ સર્વેને શોધેરે; ચારે શત્રુનો ડર નહી તેને, અષ્ટાક્ષર રાખો ઢીંગ, અષ્ટાક્ષરભારી. ૩૪ ત્રિઓદશમાં કૃક્કિયા કુકૃત્ય અષ્ટાક્ષરથી ત્રાસેરે. આનંદ મુરતી શ્રીકૃષ્ણચંદ્ર, નિજભકતને રાખો પાસે. અષ્ટાક્ષરભારી. ૩૫ ચતુરદશામાં સર્વે પ્રકારનું, દુખ મટે સુખ થાયરે; અહો રાત્ર શ્રીકૃષ્ણભજનાથી, ઉભય લોક સુખ ગાય. અષ્ટાક્ષરભારી. ૩૬ પંચદશમાં વલભ પ્રભુને, શર્ણ થઇ સુખ ગાયરે; સર્વ મંત્રનો રાજ શરોમણી. ભજે સ્વર્ગ મટે વ્રજ થાય. અષ્ટાક્ષરભારી. ૩૭ ષટ દશમો અષ્ટાક્ષરને. ગુપ્ત તે જપ થાયજો. મહાત્મ જાણી શ્રદ્ધાપુર્વક, ભજે તાપ કલેશ સહુ જાય. અષ્ટાક્ષરભારી. ૩૮ સતરમો સહુ સૃષ્ટીના, ઉપર હેત કરી પ્રગટ્યારે; વેદ શાસ્ત્ર પુરાણ સાધનો, સાર સહુ મન ભાવે. અષ્ટાક્ષરભારી. ૩૯ અષ્ટદશમો શ્લોક શ્રીવિઠ્ઠલ, પ્રભુજીએ પુરણ કીધોરે; અષ્ટાક્ષરમાં નિધી જાણી, સકળ મનોરથ શીધો. અષ્ટાક્ષરભારી. ૪૦ એવે વાહાલે નિજ સૃષ્ટીપર, દયા વિચારી ભારી ભારીરે; શીગુરૂ કૃપાથી વર્ણવ કીધો,

જાય દાસનો દાસ બલીહારી, અષ્ટાક્ષર ભારી. ૪૨

ધોળ ૧૧૫

ચાલો જળ જુમનાંરે નહાવા, ગીરધર આવશે ગાયો પાવા.૧ ગોવાળની મંડળીરે, લેઇનેરે, વાહાલો માહારો નાચે તાતા થેઇરે. ૨ સુખની શી કહુરે સુજનાં, વાત કંઇ વરણવી ન જાય વ્રજની.૩ વ્રજ વર્ણવવામાંરે ન આવે,એ સુખ અનુભવીયાથી ન આવે.૪ અનુભવમાં છેરે એહને, એ ક્યાંહાંથી જેહેને તેહેને.૫ એ સુખ પાંડવારે હો પાસે, એ સુખ અરજુનને અભિલાસે.૬ દાસ વલ્લભનારે સ્વામી, વાહાલો માહારો છે અંતરજામી; ચાલો જળ જુમનાંરે નાહાવા. ૭

ધોળ ૧૧૬.

હરિ તને પ્રસન તે ક્યમ થાશે,તાહારા દીલનું કપટ ન જાય,પણ તને પ્રસન તે કેમ થાશે. ટેક. એ પૈસાનાં ગુરૂ શેવા બતાવે ત્યારે ત્યાં ગણગણતુ શું બોલે; ઘર સ્ત્રી જયારે માગે ઘરાણું; ત્યારે હર્ષ મગન થઇ ડોલે.હરી.૧ હરીના ભક્તને દુખ શુકુ, વેઠ વળગી હોય જાણે;સગાસબંધી જયારે પરૂણા આવે,ત્યારે મિશ્ટાન પિરશે પરાણે. હરિ.૨ એકાદશી ઉછવ જાગરણમાં, ત્યાં તને નિદ્રા લાગે; ભાંડ ભવૈયા નૃત્ય નારી સંગ, આખી રાત તું જાગે.હરિ.૩ઠાકોરની શેવા કરતી વેળા કાયા, તાગી કંપે;ગંજીફો સોગટાં રમતાં, આખો દીવસ ના જંપે. હરી. ૪ હરીનું ચંદન ઘસતી વેળા,શ્રમે શરીર બગડે;કુંડી કતકુ મરી મશાલો, બોળ ભાવે ભાંગ રગડે. હરી.૫ ખોટાં મોતી કાચ કીડીઆં, ભગવત ભુપણ ચાલે; સોનું રૂપું મણી મુગતાફળ, ઘરની સ્ત્રીને નવ ચાલે. હરી. ૬ આ કરવું આ ના કરવું, એમ સહુને શીક્ષા દે છે; કહ્યા પ્રમાણે કશું કરતો નથી, અનુચિત કર્મ કરે છે. હરી. ૭ જગત દેખતાં જપવા બેસે બાકીનત નાહાયે ખાવા;ગળુ કાપતાં થાય વરગળો, એ વૈશ્નવના વાહાલા. હરી.૮ ભજન હરી નામ રટણમાં. અતી આળસ તાહારે; ડાચાં કુટણ પરનિંદામાં આખો દીવસ ન હારે. હરી. ૯ અંતરની ગત્ય કોય ન જાણે અંતરજામી; સાચો સબંધી સામળિયો; દાસ દયાનો સ્વામી. હરી. ૧૦

ધોળ ૧૧૭.

વ્રજ ચોરાશિ કોસનો વન યાત્રાની પરીક્રમા દયારામકૃત લખી છે.

જીરે પ્રથમ પ્રણામ શ્રી વિઠલનાથ, એમના સેવક જનનો મળી આ સાથ. ૧ ચાલો ચાલોરે વૈશ્નવ વ્રજમાં જઇએ, શ્રી ગીરધારીજી નિર્ખી ધણીઆતાં થઇએ. ૨ પેહેલા શ્રીજમુનાજી વિશ્રામ ઘાટ નાહીએ, પરીક્રમા કરતા હરીના ગુણ ગાઇએ. ૩ સરવે ભગવદી મળી મધુવન જઇએ, તાલ વન કમોદ વન જઇ નાહીએ. ૪ સુતવાસ બહુલા ને બોહોળાં વન, ત્યાંહાંતો શ્રી કુંડ નાહી થઇએ પાવન. ૫ નાહીએ રાધાકૃષ્ણ કુંડ પ્રભુને ભજીએ, શ્રી વલભ શ્રીવિઠલની બેઠકે નમીએ. ૬ નારદકુંડને કુસ ચોખર જે, શ્રી પ્રભુનું ભજન મનશું કરજે. ૭ જીરે ગ્વાલ પોખર નાહીએ તેહ, શ્રી ગીરધારીજીની ટલેટીમાં લોટીએ દેહ. ૮ ગીરીધરણ શ્રીરજ મંદીર જોવાં, ત્યાંતો જન્મ મર્ણનાં દુખ ખોવાં. ૯ નાહીએ માનશી ગંગાને બ્રમકુંડનાં સ્નાન, માહાપ્રભુની બેઠકે કરીએ પ્રણામ. ૧૦ દાન ઘાટીથી બોલહુ જાવું, ત્યાંતો ચક્ર તીરથ મોહોટુ નાહાવું. ૧૧ પાપમોચન રણમોચન વંદન, લીલાનાં સ્થળ તેતો નંદ નંદન. ૧૨ ચંદ કુપ સરોવર બટ મુલ, માહા પ્રભુની બેઠકે થઇએ અનુકુળ. ૧૩ શંકર ખત કુંડ ગાંદ્રવકુંડમાં નાહીએ, ગોવીંદ કુંડ નાહી કરતાર્થ થઇએ. ૧૪ માહા પ્રભુ બેઠકે ત્યાં ભોગ ધરીએ, હેતે મળી હરી કીરતન કરીએ. ૧૫ જીરે અવછરાં કુંડને પુછ રીજે, જીણી શીળાનલાગ ઉટે રલીજે. ૧૬ હરી હાથી ગાયોનાં પગલાં, એક મુગટ શીળાનાં દરશન કરવાં. ૧૭ સામ ઢોક બેઠક શ્રીજીના, એક ગફા ગોવીંદ સ્વામીનાં. ૧૮ બાંધ બાંધણુ સીંદુરી શીળા રે ભલી, હરજી પોખર સુરકુંડ ચર્ણરૂદ્રકુંડળી. ૧૯ શળાદંડવૃતીને નમાવાં શીશ, શ્રી ગોવરધન સ્થળના સોભા અતીશે. ૨૦ પુજણી શીળાને ભોગ ધરવા, નિત્ય આવે લોક બહુ દર્શન કરવા, ગુલાલ કુંડ અંઘોડી પરમ દરનાં વરણ, જીરે અલકનંદા ને બદ્રીનારાયણ. ૨૨ કદમખંડીને ઇદાલી કામવન, નાહીએ પ્રેમ કુંડ વિમળકુંડ નિર્મળવન. ૨૩ બીજા કુંડ ઘણેરા છે ત્યાંહાં, આંખ્યમીચા-

મણીની ગુફા ત્યાંહાં.૨૪ ચરણ પાહાડીને ધસ સીલા, ભાજન ઠારીને ભોગ કટોરા ભલા.૨૫ જીરે ગફા એક વચ્છાસુરની, સુરભી કુંડે બેઠક વર વલ્લભની. ૨૬ સોનેરી કદમ બડી ધામ, ત્યાંતો ચીત્રામણી શલા ને ચીત્ર સમાન.૨૭ તેતો દેહે કુંડ નાહાવું ઉંચે ગામ, ત્યાંતો દરશન કરવાં રેવતીને બળરામ.૨૮ભાનુક્ષેત્ર ને બરસાના ગામ, ત્યાંહાતો રાજ કરે રૂડા બ્રખુભાન. ૨૯ શ્રીરાધકાની સંગે અષ્ટ સખીઓ જાણ, જીરે સાંકડી ખોર ને ઘાંટી દાણ. ૩૦ જીરે દાન બદ મનઘડના ઘડમન, જીરે દાણી કુંડ રત્ન કુંડને ધેમરવન. ૩૧ માહા પ્રભુની બેઠકે મોર, જીરે નોબારી ચોબારી ભાનુનું વન. ૩૨ પારી પોખર સંકેત બટમુલ, બીચલા કૃષ્ણ કુંડને રૂપિ કુંડ,૩૩ નંદગામને નંદ જસોદા માત શ્રીકૃષ્ણ ની સાથે વલભજી ભ્રાત. ૩૪ સૂરજ કુંડ મધુવન કુંડ સઘળા, આવું જોઇને મન થયું વિમળા. ૩૫ ચર્ણપાહાડી ચરણ અંકુશ શીલા,દરશન કરીને ગાવી લીલા.૩૬ દધી ગામ સેં કુંડને કોટીવન,ક્ષીર સાગર સંગે સાઇને ઇલવન.૩૭ શ્રી જમુનાજી કીધાં શ્રીબળરામ અખે કાત્યાયની પૂતના ઠામ. ૩૮ ગોપી ઘાટ ઘાટ ચીર હરવાનાં, જીરે નંદઘાટ ઉતરવાનાં.૩૯ભાંડવન જાઉનાઉનીવાટે,ભાંડીર કુવોને બટગી જોરી ઘાટે. ૪૦ વેલવનને માનસરોવર સુખધામ, માહાકાસીલા પીપરોલાને માટપાન. ૪૧ લોચનરાચન પ્રગટ્યાં રાધા, માહાવન બ્રહ્માનું ઘાટ માટી ખાતા.૪૨ શ્રીગોકુળ મંદીર પ્રભુનાં સાત,ત્યાંહાંતો રમણ સ્થળની શી કહુ વાત. ૪૩ શ્રી માહા પ્રભુની બેઠક છે જ્યાંહાં, જીરે બ્રહ્મ સંબંધની આજ્ઞા ત્યાંહાં.૪૪ પોહેલાં છોકર ઠુકરાણી ઘાટ નાહીએ ગોપ કુવો નાહી બળદેવ જઇએ.૪૫ પછે વંદ્રાવન બનશીબટ જેહ, પરિક્રમાના સ્થળ આવ્યાં તેહ.૪૬ જીરે મથુરાં જન્મ ભુમી વિશ્રામ, જીરે સ્થળ સઘળાં જોવાની હામ.૪૭ ચોરાશી કોશની પરિક્રમા કરી સર્વે ભગવદી મળી ગુણ ગાઓ હરી.૪૮ જે કોઇ પાઠ ભણીને નિત્ય ગાય, તેહને વનયાત્રા ફળ અધિકજ થાય.૪૯ એ કોઇ પાટ કરે નિત્યે નેમ, તેહને હરીશુ બાઢે અતી ઘણો પ્રેમ.૫૦ જીરે વંનઉપવન કીધો કરી જોડ,શ્રી વ્રજભુષણજીએ પુર્યા કોડ. ૫૧ જીરે હરીગુણ ગાએ વલ-

બ્રહ્દાસ, તેહેના મન તણીતો પુરજો આશ. ૫ર જીરે પ્રથમ પ્રણામ શ્રી વિઠ્ઠલનાથ.

ધોળ ૧૧૮.

હું શું જાણું જે વાહાલે મુજમાં શું દીઠું; વારે વારે સામુ ભાળે મુખલાગે મીઠું. હું શું જાણું વાહાલે મુજમાં શું દીઠું. ૧ જળ ભરવા જાઉં ત્યારે પુંઠળ પુઠળ આવે; વગર બોલાવ્યો વાહાલો બેહેડલું ચઢાવે. હું શું જાણું. ૨ વઢુને તરછોડુ તોયે રીસ ના લાવે, કોઇ મીસે મારે ઘેર આવીને બોલાવે. હું શું જાણું. ૩ એકલી જાણીને વાહાલો પાવલે લાગે; રંક થઇ વાહાલો કંઇ કંઇ માગે. હું શું જાણું. ૪ મહને જાતાં જાણી વાહાલો દોડયો આવે દોટે; પોતાની માળા લેઇ પેહેરાવે માહારી કોટે. હું શું જાણું. ૫ મને જાતાં જાણી આગળ આવી રોકે; દયાનો પ્રિતમ બેહેની કેડલો ન મુકે. હું શું જાણું.

ધોળ ૧૧૯.

શ્રી ગોકુળિયું મુકીને કંઇ જઇએ નહી ટેક. વાસો વસીએ ચર્ણકમળની છાપજો, શ્રી જમનાજીનાં સુંદીર ત્રઠ રળીઆમણાં, જયાંહાં માહારા વાહાલાજીના પરમ રમણ સુખ ધામજો. શ્રી ગોકુળીયું. ૧ જશોદા ઘાટે આનંદ સાગર ઉલટયો, સુખ સાગર માજીની લે ભક્ત સાગનજો; શ્રી ઠુકરાણી ઘાટે સુંદર બેઠક શોભીતી સદા બીરાજે શ્રી વલભ પ્રાણ આધારજો. શ્રીગોકુળીયું. ૨ શ્રીગોકુળિયાની વૃક્ષલતા સહુ નમી રહ્યાં, ચર્ણ પરશીવા શ્રીગોકુળ અષ્ટનીવાનજો; શ્રીગીરી ગોવરધન રત્ન ખચીત શોહાએ ઘણાં, આદ્ય વંદ્રાવન નિત્ય રમણનું ધામજો શ્રીગોકુળીયું. ૩ આનંદ મંગળ મારગ સીંધુ ઉલટયો, કુંજની કુંજમાં બેસે શ્રી નંદકુમારજો; આ નર્ણે શ્રી ગોકુળીયું નિરખ્યું સહી, આ નર્ણાના ભાગ્યતણો નહી પારજો. શ્રી ગોકુળીયું. ૪ શ્રી વલભજી ઘાટે પ્રીતમજી બેસે ઘણા; આનંદ ગલીમાં ભીડ તણો નહી પારજો; રંગીલી ગલી શ્રી ગોકુળપતી મંદીર જાતાં, ત્યાં કાંઇ વહાલો વળી લેછે દાનજો. શ્રીગોકુળીયું. ૫ જગ મોહનમાં બેઠક સુશોભીતી, મનોર્થ પુરે શ્રીગોકુળનાથજો; રમણ રેતીમાં રાસ મંડળ રચના કરીહરખી

નિરખી જન્મ કૃતાર્થ થઇએજો. શ્રીગોકળીયું. ૬ ભેઠ પહેરામણી ભાવ સહીત સહુકો કરે, વૈશ્નવ કેહે અમને આપો વ્રુજમાં વાસજો. શ્રીજમુનાજી કેરાં નીર અતી શોભીતાં, હેવી રીતે કહે છે શ્રી વલભદાસજો; શ્રી ગોકુળીયું મુકીને કંઇ જઇએ નહીં. ૭ સંપુરણ.

ધોળ ૧૨૦.

વારી વારી શ્રીગોકુળનાથ, તમારા લટકાને. ટેક. લટકે શ્રી ગોકુળગામ વસાવ્યું ને મોહોટા મંદીરનું રાજ્યરે; સહુ શેવકને ચરણે રાખો, ચઉદ ભોવનના નાથ, દરશન જઇએ. વારી વારી. ૧ પીળાં પીતાંબર પરવટવાળી, હોડયાં ઉપરણાં સારરે; કેસરી કેરાં તીલક બીરાજે શીરપર કેશરી પાઘ; દરશન જઇએરે, વારીવારી. ૨ કંઠે સોહીએ ડુગ ડુગીને હીરા કંઠી અતી સારીરે; કંઠે મોતનકિ માળાબીરાજે કુંડળ ઝળકે કાન; દરશન જઇએરે, વારી વારી. ૩ સુંદર સારાં કડાં બીરાજે, ને પોંહોંચી રત્ન જડાવરે; બાંહે બાજુબંધ બેરખા બીરાજે, એવા વાહાલાને શણગાર; દરશન જઇએરે, વારી વારી. ૪ મદન મોહનજી આપે બીરાજે, ને બાળકૃશ્ન નાહાની જોડરે; નવ નિત્ય પ્રીયાજી આપ બીરાજે. બડાં વૈશ્નવનાં ભાગ્ય, દરશન જઇએરે. વારી વારી. ૫ સાતે સ્વરૂપ શ્રીગોકુળમાં બીરાજે, ને જાણીએ ગૌલોક પુરીરે; મોહોટે મંદીર ગોકુળનાથજી બીરાજે, સામા વિઠ્ઠલનાથના લાલ; દરશન જઇએરે, વારીવારી શ્રીગોકુળનાથજીને પાર્વતી, વહુજી નિત્ય નવી આરતી પુરેરે, લટકે શ્રીગોકુળનાથ આરતી ઉતારે; શેવકને સુખ આપે, દરશન જઇએરે; વારીવારી શ્રીગોકુળનાથજી તમારા લટકાને.

ધોળ ૧૨૧.

પ્રગટયા પુરૂષોતમ લાલરે, સાંભળ મારી સાહેલી; વાહાલાછે આનંદકારીરે વાત કરે હસી હસી. ૧ હેવા વૈશ્નવ જનનાં જુથરે, નિરખુછું નયણાં ભરી, એવા પુરૂષોતમ પાતળીઆરે, લીધું છે સરવસ હરી. ૨ એવા ચતુર શિરોમણ જાણુરે. સાન કરી સમજાવેછે રસીઆછે રસના ભોગીર, પ્રેમ પ્રિત્ય ઉપજાવેછે. ૩ પેલા હરીજનીઆના દીલમાં

દાઝ ઘણેરી આવેછે; તમારૂ શ્રીમુખ જોવા આવતારે વૃહે ઘણી સંતાપેછે.૪ઘરમાં તો નથી ગમતાંરે,આંગણીએ નથી રહેવાતાં;વાહાલા તમવિના મહારાજરે,અળગાં નથા શેહેવાતાં. ૫ મારા કામણગારા કાનરે. વારે વારે શું કહીએ; માહારૂં અબળાનું શું જોરરે, રૂદન કરી થાકી રહીએ.૬ મરકલડે મોહ પામીછુંરે, અંગે આતુરતા છળે મને બીજુ ના આવે નજરેરે, સાંભળ માહારી સાહેલી.૭ સહીઅરરે સંદેશો કેહેજોરે, વિનતિ માહારા વાહાલાને; સહીઅર સમજોરે શ્રીગોકુળનાથજીના લાલાને. ૮ પ્રભુ દયાના માહારા દયાળરે, કાંકરોલીનાછો વાશી;પ્રભુ પ્રિત કરી પધારોરે, ચરણકમળનીછું દાસી. ૯ પ્રગટયા પુરૂષોતમ લાલરે, સાંભળ માહારીસાહેલા. સંપુરણ.

ધોળ ૧૨૨.

લાલ તમારો લટકો જોઇ મને ચટકી લાગી પ્રેમતણી, શ્રી દાઉદજી તમારો લટકો જોઈ મને ચટકી લાગી પ્રેમતણી. ટેક. લટપટી પાઘ કેશરીઆ વાધા. જડાવ તીલકની શોભા બની; લાલ. દાઉદ. ૧ રસીક કુંડળ લોલક લળકે, જડાવ જડ્યાંરે મહીં હીરા મણી;લાલ. દાઉદ. ૨ બાંહે બાજુબંધ બેરખા સોહીએ, જડાવ પોહોંચીની શોભા ઘણી; લાલ.દાઉદ.ઇત ગોકુળ ઇત મથુરાંનગરી, બીચ જુમનાજી નીર વહે;લાલ. દાઉદ. ૪ વંદ્રાવનમાં રાસ રચ્યોહે, સહોસ્ત્ર ગોપીને વચે ગીરધારી; લાલ. દાઉદ. ૫ વંદ્રાવનની કુંજગલનમાં; જુગજુગ રહીઓએ જોડી; લાલ. દાઉદ. ૬ જુગનાંજીની રેતીરે ધેન ચરાવે વાહાલો,બંસી બજાવે વાહાલો કદમ ચઢી.લાલ દાઉદ. ૭ સુરદાસ પ્રભુ તીહારે મિલનકુ રંગતાણા માહારાજ ઘણી; લાલ તમરો લટકો જોઇ મને ચટકો લાગી પ્રેમતણી. ૮ સંપુરણ.

ધોળ ૧૨૩.

ચાલો ચાલોકાળીંદ્રને કાંઠડે. ગીરધારી ચારે ગાયો. શ્રીનાથજીને નિર્ખએ. ૧ હરીના શીર કુલની શોભા ઘણી, એમને છોગલડે શણગાર. શ્રીનાથજી. ૩ હરીને ભાલે તીલક સોહીએ કેશરી, એમના ખીટીયાળાછે કેશ. શ્રી નાથજી. ૩ હરીને બોલ સદારસ મીઠડાં, એમ-

ની આંખલડી અમરીત, શ્રી નાથજી.૪ હરીને કાંને કર્ણકુલ શોભીતાં, એમનાં કુંડળ રત્ન જડાવ. શ્રી નાથજી.૫ હરીને હડપચીએ હીરલા ઝગમગે, એમના તેજ તણો નહી પાર. શ્રી નાથજી. ૬ હરીને કંઠે તે માળા સોભતી, એમને ઉરગજ મોતીના હાર. શ્રી નાથજી. ૭ હરીને બાંહે બાજુબંધ બેરખા, એમની પોહોંચાછે રત્ન જડાવ. શ્રી નાથજી. ૮ હરીનેપીળાં પીતાંબર શોભતાં, વાહાલે ઓઢયા ઉપરણાં શાર. શ્રી નાથજી.૯ હરીને કેહેડે સોહીએ કટી મેખળા, એમને ઝાંઝરનો ઝમકાર. શ્રીનાથજી.૧૦ હરીને ચરણે ચાખડી શોભતી, એમની ચતુરાઇની છે ચાલ. શ્રી નાથજી. ૧૧ હરીને હાથે સોહીએ લાલ લાકડી, એતો ધેનુ ચરાવાને જાય. શ્રી નાથજી ૧૨ હરીની સંગેતે સરખા ગોવાળીયા. ત્યાંહાં વાહાલો મધુરીશી મોરલી વાય. શ્રી નાથજી.૧૩ વાહાલો તે શ્રીવંદ્રાવનની કુંજમાં. ત્યાંહાં ખેલે શ્રી નંદકુમાર. શ્રીનાથજી.૧૪ એ સ્વરૂપની શોભા જોઇને, બલીહારી જાય માધવદાર. શ્રી નાથજીને નિરખીયે.૧૫ ચાલો કાળંદ્રીને કાઠડે, ગીરધારી ચારે ગાયો.

ધોળ ૧૨૪.

અથશ્રી ગોસાંઇજીનો વિવાહ ખેલ.

શ્રી ગોવર્ધનધારી, વારી શ્રી મુખપર જાઉજી; કરોરે કૃપા પ્રભુજી તમે શ્રીવિઠલ વિવાહ તે ગાઉજી.૧એરે વિવાહ વિસ્તારતાં જો મુખકાંઇ એ કેહેવાયજી; એમ કરતાં કાંઇ હેતથી દાસલડાને સુખથાયજી.૨એવા કૃપાળ કૃપાનાથજી કૃપાકરો અમતણી જાણીજી; આપણી આરત જાણીને એવાત ચીતડામાં આણીજી.૩હરખ્યા તે હરીવંશ અતી ઘણું માગ્યું તે અમતણું દીજેજી; વેહેલા થાયોરે વિવાવ કરો. વેદપુરાણે એ થાપ્યુંજી.૪આપણો ઇછાએ આચર્યા શીખ હરીવંશને દીધીજી. ૫ જાણ કરી સહુ ન્યાતમાં, વાત વિવાહ તણી કીધીજી. ૬ ઘણારે ઘણી ઘેરે આવજો એરે વિવાહતણી વાતજી; પરમ પનોતુછેએ કુળ પનોતા છે કન્યાની માડીજી.૭ પીતારે પનોતો છે જેહનો, જેણે લીધી માહા મોટી પેરજી; પ્રગટયા પુરૂષોતમ નાથજી, આદર આવશે ઘેરજી.૮ કુંકુમછડા દેવરાવીયા મોતીના ચોક પુર્યાજી; પાટ ઢાળોરે પ્રકાશશું, સો

હારાણુ ગાવાને આવેજી.એ રીતે ગીત ગાઇશું, પનોતો ભલોરે વેહુવાઇજી; તાહારૂ તે પુન્યછે અતી ઘણું પામ્યો તે શ્રીવિઠલવર જમાઇજી. ૯ સકળ શાસ્ત્રની રીતશું નિત્ય તે ભલી પેરે થાયજી, વિવાહરે ભલો શ્રીવિઠલ વરનો માધવદાસ બલીહારીજી. ૧૦

ધોળ ૧૨૫.

પદ ૧.

વિવાહ મળીઓ શ્રવણ સુણીઓ, હુવો જય જયકાર; આનંદ વાધ્યો અતી ઘણો,મન ફુલનો નહીં પાર. ૧વેર આવ્યાભલે ભાવ્યા સગાં સહુ સહુ વાત આપણ અતી બડભાગીઆં; આનંદ અતીઘણો ગાત. ૨ વહુજીએ વ્રજનાથજીને, પુછી પુછી ગણી ગાત; આચારજ બોલાવીએ, હઇડે હરખ અપાર.૩તમારી પ્રીત જોઇ જોઇ; મેહેજાણ્યું મનમાં એમ; વિજોગ તમો કમળ હાથ. આવડું જાણ્યું કેમ. ૪ મુખે બોલ્યાં મૃગાનેણી, વાણી વેદ તે સત્ય; ગુરૂજી તમોછો અતી ભલેરા, પ્રાણનાથ સુરત.૫એજ માગુ માવડી,મુને આપી મુકો આજ; માયા કરજયો મુજને,જયમ સરે અમારાં કાજ.૬ ગુરૂજી શું ગોઠ પુછી, તે તો પ્રભુજીની પેર; સમાધાન કીધાં ભલાં,પછી વિપ્ર વળીઆ ઘેર.૮ વાત જાણી ચિત્ત આણી, માનની મન માંહ્ય;વિવાહ આદર અતી ઘણો, શ્રીનાથજી છે જેહ. ૮ એક હમારી વિનતી, તમો આવો કરજો નાથ;માધવદાસ બલીહારડે હાવે,શેજ સ્થાપો સરવસાથ.૯

ધોળ. ૧૨૬.

પદ ૨ જું.

પનોતીયે દીધીછે આશિષજી,વિવાહ તે કીધો આણુલ માસજી ૧ હું એ તમને પુછુછું ગીરધરજી,જઇ પુછુ ગોવીંદ જુવો વરજી.૨જોશીડો તેડાવો માહારાજજી, એમ કીજે શેવકજનનાં કાજ.૩જોશીડો ઉતાવળો આવેજી, જયોતિષ સઘળે ડોલાવેજી. ૪ આવીને દંડવત કીધોજી, હસ્તકમળ શીરપર દીધોજી.૫જોશીયે વિચારયુંછે મનજી, જોશી ભણેલો ધન્ય ધન્યજી. ૬ જોશીયે જોયુંછે વિચારજી પુછે છે સઘળેરી નારીજી.૭ જોશીયે જોયું એ રૂડુજી, નથી કાંઇ આણે માસે

કુકુજી. ૮ સમતસોળ રૂડા વીસજી, વધશાક સુદી રૂડીજે આજજી. ૯ લગ્ન મોકલ્યું છે મન રળીજી. માધવદાસ બલજાયે વળી વળીજી. ૧૦

ધોળ ૧૨૭.

પદ ૩ જું.

લગન મોકલ્યું છે શ્રીવિઠ્ઠલનાથજી, રૂડા શ્રી વલભજીનો સાથજી; કૃપા કરો પ્રભુ તમો તણી, કૃપાનાથ મોહોટા માહારાજજી, એમ કીજે દાસલડાનાં કાજજી. ૧ હર્ખે તે સુરીનર રાજીઆ, માંડવે ગાંધર્વ નાચેજી; માંડવે આદર ઝાઝોજી, દુંદભી મધુરી વાજેજી. ૨ માંડવે ગ્રહેલ રચાયજી, વસ્ત્ર અમુલખ રચાયજી; માંડવે અતી ઘણા મર્મજી, એ સર્વે વિધાકત કર્મજી; બેહુ પાસે ગોવીંદજીની નારીજી, માધવદાસ શ્રી મુખપર વારીજી. ૩

ધોળ ૧૨૮.

પદ ૪ થું.

વેહેલા થાઓ વ્રજનાથજી, કાજ સહુ મોહોટેરાં કીજેજી; એણી પેરે કારજ કીજેજી, પ્રભુ બોલ્યાં વાર્ણો એ સત્યજી. ૧ સમરથ સહીત જદુનાથજી, કોડતેત્રીસે ત્યાંહાં જોયજી; કુળ ધરમ કરમ સઘળુ કર્યું, પ્રભુજીએ જાણ્યુ એ મનજી. ૨ નવલ તે જોબન નાથજી, ચઢીઆ તે શ્રી વલભ સુ ધન્ય ધન્યજી; સમીરે સાંજનો સમો થયો, ધાટકા ભલુ રૂડુ ગામજી. ૩ તુરે ભલી ધુરગાવતી, સુની આવી સેતી એ નામજી; ખાંત કરી ઘણી રાણીએ, વાણીયે હરીરસ ગાયેજી. ૪ આદર અતી ઘણો કુલજી, તોરણ આવ્યો છે અશ્વજી; નવલ કીશોર તોરણ ચઢયા, જીવો વર મોહન વીરવજી. ૫ કંદર્પ કોટી સ્વરૂપજી, ભુતળ ભલી પેરે બાવ્યાજી; જાણ કરો વહુજીને ઘેર; કોટી બ્રહ્માંડ આવ્યાજી. ૬ વહુજીએ વાત સહુને કહી, ના કહ્યાં કોણે પેરજી; અણચિંતવ્યા રે ઉતાવળા, પ્રભુજી પધાર્યાછે ઘેરજી. ૭ વચન સમર્થ અન્યો અન્ય, મન જાણી જે એમ કીજેજી; વસ્ત્ર અન્યો અન્ય અમુલખ, નિત્ય તે નવરંગી લીલાજી. ૮ આભ્રણ તે અતી શોભીતાં, આભ્રણ અંગછે મોતીજી; બીચ બીચ ચાત્ર અમુલખ, સખી ઘણી ઘણી પેરે જોતીજી. ૯

નાગ નાગોદર ગુર્મણુ,લીલાવટી તીલક તે સોયજી;નાકે ફુલીનથ વેસ રી, હઇડે હરખ તે અતુલ્યજી.૧૦ સખી તણો સ્નેહ,અગણા તે એણી પેરે બોલ્યાંજી; ઘર સહુ જાશે શ્રી વિઠલ વરનો, ત્રૈલોક નહી કો તોલજી,૧૧ તમો એ તે એમ મન જાણજ્યો, કહી લહી વાત એ રૂડીજી;પાવલે નેપુર વાજીઆં,પાવડીએ જડીઓ છે ચુનીજી.૧૨ કાને તે ઝાંલર ઝબુકતી; માલે તે કોટી પ્રકાશજી,નેત્ર અંજન મૃગાનેનજી, સજ થઇ નિર્ખી હ્યો વરજી.૧૩ માંહો માંહે સહુ એમ કહે, સખી સહુ શોભીતા સાથજી; માનનીયે મનમાં જાણીયું, એ આવે સુંદરી નાથજી. ૧૪ ત્યાંહાં થકી ચઢયા સુણી નાથજી, કામ તે આવડું શું વહેજી; એટલે આવી વધામણી, સોહાવાની તોરણ ટાડેજી. ૧૫ શ્રી વિઠુલનાથજી આવીયા, ભાવીયા. ભલી પેરે કાંહાંનજી; પુષ્પવૃષ્ટિ કરે દેવતા, જોગીયે મુકયાં છે ધ્યાનજી, ૧૬ ગ્યાન કરે સર્વે અનંગ, બેઠી ચકડોળની પાંતીજી; અશ્વ હસ્તી કહુ. કેટલાં,ના લહુ ઘોડલે જીન લીલાજી. ૧૭ શ્રીવિઠુલનાથજી, પેહેર્યાં પીતાંબર પાળાંજી; કનકમે પાટ ઢળાવીએ. ઓઢયાં પીતાંબર લીલાંજી. ૧૮ ગોવંદજીએ વહુને કહ્યું એ સહુનાં અહીંઆં તે તેડયાંજ; માધવદાસ જાય બલીહારડે, બીજો સહુ સાથ છે કેડેજી. ૧૯.

ધોળ ૧૨૯.

પદ ૫ મું.

આંવો પનોતી મૃગાનેણી,બહુ ગુણવંતી નાર આવો સોહાસણ સુંદરી, સોહાગી ઉભાછે બાહાર. ૧ એક લેઇ મોતીની થાળ ભરીને, બીજી લે પુષ્પની છાબ; ત્રીજી એ તોરણ આવીયાં, ચોથીયે ચંદન લાવ. ૨ એણી પેરે આનંદ ઉલટયો,ચાલે ચંદ્રાવળીને સાથ;ગજગતી ચાલે હરખે ભર્યાં; ઉલટ અંગ ન માય.૩ પ્રભુજીનો પ્રેમ જણાવીયો, તેહેને આપ્યો ઉર કેરો હાર; જ્યારે દીઠા ગોવિંદલ વરને, જાણે છુટી ચાલ્યા ગજરાજ. ૪ ભેર ભુગળ તાળ મૃદંગશું ગાયે; શ્રીવિઠુલજીનો દાસ; પ્રેમ શબ્દ વાજે ઘણા, થાય નફેરીના નાદ, ૫ આવ્યા સુંદીર સોહામણા, માંડવે હુવો જયજયકાર;શ્રી વિઠુલનાથ પધારીઆ, જો-

વા તેત્રીસ કરોડ. ૬ પદમની પ્રેમ કરે ઘણું સરીઆં તે વહુનાં કાજ; ભક્તતણાં મન ફુલીયાં શ્રી વિઠલ સુખની રાસ. ૭ પોંખાને પધરાવીઆ, આવીયો સુંદીર જોડ; વેદ ધ્રુની ત્યાં હોય ઘણી, દેવ વૈમાન ચડી જોય. ૮ શ્રી પુરૂષોતમજી પધારીયા, મારે મોહોટી લાજ; માધવદાસ બલીહારડે, શરીઆં વૈશ્નવનાં કાજ. ૯.

ધોળ ૧૩૦.

પદ ૬.

પ્રભુજીને પાટે તે પધરાવોજી, વહુજીને જોઇ જોઇ તન મન વારેજી. ૧ વરક ન્યાજિને આવેજિ, કન્યાજિને વેગે તે પધરાવેજિ. ૨ સંભઇયાજિ સંભઇયાજિ સંભઇયાજિ, વીલમ ના કીજે એક મૈયાજિ. ૩ ત્રૈલોકનાથજિ તેડજી, આવું એમ કીજીએ જોડજિ. ૪ પરમપનોતીજિ આવ્યાંજિ, માંહીરામાં રૂડલાં લાવાંજિ. ૫ વહુજિએ જાણ્યું એ ચિતજિ, પુરૂષોત્તમ પાંમી તે સત્યજિ. ૬ શેવા સુખદાઇ કેહેવાયજિ, શેવક સુખદેવ દેખાડજિ. ૭ માંહીરામાં શીશી પેર હોયજિ. ૮ શાસ્ત્ર મરજાદા સહુ હોયજિ. ૯ વેહેલા થાઓ વરમાળા પહેરાવોજિ, માધવદાસ બલીહાર કર જોડીજી. ૧૦

ધોળ ૧૩૧.

પદ ૭.

ચીરણુજિવી ચોરીએ આવ્યાજિ, સહીયર વહુજિને કાહાવોજિ; ૧ બાઇ તમે એટલું ત્યાંહાં કરજોજિ, અમનેતે ચિતડામાં ધરજોજિ. ૨ આપની કુળ ચાલ તે કીજેજિ, ઓડી કરી હસ્તકમળમાં દીજેજિ. ૩ મધુરે સ્વરે માંડયું છે ગ્યાનજિ. જોઉ તમને કેટલીછે સાનજી. ૪ સુંદીર સરોવર છે સાથજિ, બેહુ પાસે ધ્વળના નાદજિ. ૫ તે જોતાં રૂડાં છે સંસારજિ; હવે મંગાવેછે કંસારજિ. ૬ કણુસાર પીરસે કન્યાજિના માડીજિ, પેહેરીછે પચરંગી સાડીજિ. ૭ કંસાર સારો રૂડો સ્વાદજિ, એ લીલા મોહોટીછે પુષ્ટિજિ. ૮ શ્રીમુખે એમ આશાશ દાધીજિ, ગુરૂજિએ ચોરાક્રમ કીધુંજિ. ૯ ગુરૂજિ બોલ્યા જે વાણીજિ, એ વાત ત્રીલોકે જાણીજિ. ૧૦ જુગલ સ્વરૂપ ચડીઆ વરઘોડેજિ, માધવદાસ

બઈ જાય કરજોડીજિ; એકવાર બોલો શ્રી રણછોડજિ. ૧૧

ધોળ ૧૩૨.

વેહેવાઇ તારો માંડવડો સંભાળ કે માંડવડો સંભાળ કે; રશીક વર રમી વર્યારે, સંગે સોહીએ પદમાવતી નારકે. આવી ટોળે મળીરે ૧ વળી વદે કન્યાજીનો ભાઇએ કે, બાઇ કયારે આવશેરે; શ્રીવંદ્રાવન ચંદ શ્રીવિઠલનાથકે, સાથે રૂડો ભાવશેરે ૨ વળી વદે કન્યાજિની માડી કે, કોહો રાત કેટલીરે; સુંદરીને શીખામણ દાજે કે, થઇ રસ ભેટલીરે. ૩ સુંદર તાંહે સુખ રાસતો, વદન જુવે વળી વળીરે; સાહાશણ સાસરે જાયતો, સહીયર વળાવી વળીરે. ધન્ય ધન્ય તપ્રસંગની નારય કે, સંગે બહુ સખીરે; વહુજીને વળાવીને જાય કે, એ વાત વેદે લખીરે. ૫ વાટડી વિલંબના કીજે, તો દુજે માગુ સહીયરે; વળી વળી પંથ નીહારે તો. આપણ સાથજીરે. ૬ શ્રી વિઠલવરને વેગે વધાવો કે, ઇંદ્રશોહાસણીરે; માનવદાસ બલીહાર જાયકે, એ જોડ રૂડી બનીરે, ૭

ધોળ ૧૩૩.

પદ ૯.

શ્રીવિઠલવર પરણીને પધાર્યાજી સુરીનર જોવાને ત્યાંહાં આવ્યાજી ૧ જોઇ શકોતો એ વર જોજોજી, આનંદ ઓણીપેરે થાયજી. ૨ કંદ્રપ કોટી છે સ્વરૂપજી. ભુવન ભલા પેરે ભાવ્યાજી. ૩ વહુજીએ વાતજ ઘેર કાહાવીજી, પછી ત્યાંહાં પેહેરામણીઓ આવીજી. ૪ ઢાળ. પેહેરામણી ભલી રીતશું, શ્રીવિઠ્ઠલનાથજીને મન ભાવીજી; સરવે આણીને દુરે કર્યુ, કારજ વેહેવાઇ તણું સીધુજી ૫ બાળપણે વપરીત શું શું કીજે કુળતણી રીતશું; પચદિવસ પ્રભુજી એટલે એવ, અલૌકીકછે ગેનજી. ૬ લોક જુવે લોકની રીતશું, પ્રભુ જુવે વ્રજ કેરો સાથજી; કઉતક નાહાનાં પેરના ઘેર ઘેર દીસેછે અંતજી. ૭ વર વહુજી ઉતાવળાં ભળી મળી રવી રમતજી; વાહાલાજી વારમાં કીજીએ, દીજી એ માગુ એ વરદાનજી ૮ વહાલા વારમાં કીજીએ વળી વહુની એ જનજી સ્વર્ગથી સુખ પામ્યા દેવતા, જોગી મુકયાં એ ધ્યાનજી. ૯ માહોટાં પાતાળેથી શેષ નાગ રીઝીયા, ઇંદ્ર નિશાન વજડાવ્યાંજી;

મોટાં ભાગ્યછે જે તણાં, એ વર નહી સમતોલજી. ૧૦ માધવ દાસને આશરે, સંસાર સઘળો છે બળીઓજી; કૃપા કરી શ્રી વિઠલનાથજી એ રસ લેહેરમાં વળીઓજી, શ્રીરે ગોવરધનધારીજી; વારી શ્રી મુખપર જાઉંજી રીજી. ૧૧

ધોળ ૧૩૪.

શ્રીનટવરલાલને વારણેરે સુંદીર શ્રીછોટાલાલ બલીહારીરેલાલ શ્રીનટવરલાલને વારણે. ૧ રાજનગર રળીયામણુંરે, તેહુની સુંદર શોભા સારીરે લાલ, શ્રીનટવરલાલ ૨ છપનભોગ સોહામણોરે; કીધો બુદ્ધિબહુ વિચારરે લાલ,શ્રીનટવરલાલ. ૩ શકકું સંવત અઢારમાંરે; ચતુર ચોરાશુને શુભકારીરે લાલ,શ્રીનટવરલાલ ૪ વેગે વઇશાકમાસ માંરે; સુદની સાતમને સોમવારરે લાલ,શ્રીનટવરલાલ ૫ દેશો દેશથી આવીયાંરે; સહુકો આવ્યાં નરને નારી લાલ,શ્રીનટવરલાલ. ૬ ઓતરથી હરી આવીઆરે; શ્રીગોકુળનાથજીનો ગાદી ભારીરે લાલ. શ્રી નટવરલાલ. ૭ શ્રી લક્ષ્મણલાલને જોઇનેરે; સહુકો પ્રિતિ ઘણી છે, પ્યારીરે લાલ, શ્રીનટવરલાલ ૮ દક્ષણથી દુઃખ કાપવારે; આવ્યાશ્રી કલ્યાણરાય હિતકારીરે લાલ,શ્રીનટવરલાલ.૯ પુર્વથી પ્રભુ પધારીયારે શ્રીત્રીકમજી માધવરાયગીરધારીરે લાલ,શ્રી નટવરલાલ ૧૦ પશ્ચિમથી પ્રભુ પધારીયારે; આવ્યા શ્રીમગનલાલજી માહારાજરેલાલ, શ્રીનટવરલાલ;૧૧ મઠુલાલ મથુરાંનાથજીરે;બીજા બાળકજાઉ બલીહારીરે લાલ, શ્રીનટવરલાલ. ૧૨ સેજે સાતને તારીયાને; તેહેને મહેર કરી માહારાજરે લાલ શ્રી નટવરલાલ. ૧૩ સેજે દાસ જમનાને દયા કરીરે; હેતે લાધો છે ઉઠાડીરે લાલ શ્રી નટવરલાલને વારણેરે. ૧૪

ધોળ ૧૩૫.

પદ.

નાથ કેસે ગજકો બંધ છોડાયો, તેરે અહી અચરજ મોપે આઓ;નાથ કેસે ગજકો બંધ છોડાયો,ટેક.ગજ ઓર મહ લડતજળ ભીતર, લડત લડત ગજ હાર્યો; જવપુર શુંઠ રહી જળ બહાર. તબ હરી નામ પુકાર્યો નાથ. ૧ સબરીકે બોર સુદામાકે તાંદુલ, રૂચી રૂચી

ભોગ લગાયો; દુરીઓધનકો મેવો ત્યાગી, ભાજી વિદુર ઘેર પાયો. નાથ. ૨ પેઠ પાતાળ કાળીનાગ નાથયો. ફણુપર નર્ત કરાયો; ગીરી ગોવરધન કરપર ધાર્યો, નંદઘેર લાલ કહેવાયો નાથ. અગાસુર મારે બગાસુર મારે; દાવાનળ પાન કરાયો; સ્થંભ ફોડી હીરણાકસ્ય મારો, નરસિંહ નામ ધરાયો નાથ. ૪ અજામ નામે ગુણકા તારી, દ્રોપદીકો ચીર પુરાયો પયમાન કરતાં પુત્ના મારી. કુબજ્યાકો રૂપ બનાયો. નાથ. ૫ કૌરવ પાંડવકો જુદ્ધ રમાયો, કૌરવકુ માર હઠાયો, દુરીયોધનકો માન ઘટાયો, મોપે ભરૂસો આયો, નાથ. ૬ સબ સખીયન મીલી કંગન બાંધ્યો, રેશમ ગાંઠ બંધાયો; છુટે નહીં રાધાજીકો કંગન કેસે તે ધનુષ્ય ઉઠાયો. નાથ. ૭ ખોળ કોટડી પ્યાદળ ધાર્યો, ગરૂડકુ નાજ સંતાયો; છુટે નહીં રાધાજીકે કંગન, ઓર એ બળ કયાંહાંરે છુપાયો, નાથ. ૮ જોગી જયાકો ધ્યાન ધરતહે, ધ્યાન ધરત નહી આયો; સુરદાસ કહે પ્રભુ તોહારે મીલનકુ, જસોદાકી ધેન ચરાયો. નાથ કેસે ગજકો બંધ છોડાયો. ૯

ધોળ ૧૩૬.

જીરે જીરે પ્રથમ સુરજપોળ જાણોજી, રમા વેકુંઠ વખાણે. જીરે જીરે. ૧ નવસીડીયે નવધા ભકિતજી, શ્રી ગોવર્ધન ચોક પ્રેમ આશક્ત જીરેજીરે. ૨ ફુળચોક માહાસુખ કુંડજી, સીંગપોળ જોઇ આનંદ. જીરે જીરે. ૩ બે હંસ હસ્તી બીરાજેજી, ચારે વેદ માહા ધુની ગાજે. જીરેજીરે. ૪ કમળ ચોક રાસક્રીડા રમણજી, શીત આવે ગોપી ધરી તન. જીરેજીરે. ૫ બેક મારે શામનીજિનાં નેનજિ, ત્યાંહાં તો મુર્છાખાઇ પડયાં મીન. જિરેજિરે. ૬ રત્ન ચોક સ્યામનીજિનાં તનજી, સુર આવ્યા ચડી વૈમાન. જિરેજિરે. ૭ જગ મોહનમાં માહારાણીજિનાં મનજી, મણીકોઠા જુવતી આસન. જિરેજિરે. ૮ ચોક કિર્તની આગુળીજિ, દરશન કરવા આવે સહુ મળી. જિરેજિરે. ૯ વેણું બાજે કિર્તનીઆં ગાયજિ. ત્યાંહાં તો આનંદ ઉરના સમાય. જિરેજિરે. ૧૦ માનુ છડી માંડી પ્રિત્યેજિ, આશપાસ ચિત્રામણ ભીતે. જિરેજિરે. ૧૧ નિજ મંદીર આપ સ્વરૂપજિ, પાસે સજયાંમંદીર અનુપ. જિરેજિરે. ૧૨ શ્રીજિનીનીચે

વસ્ત્ર સુખકારીજી, માનુ હે ચંદ્રાવળી નારી. જીરેજીરે. ૧૩ ચર્ણ ચોક ગઉલોક કેહેવાયજી, ત્યાંહાં તો દૈવી હોય તે જાય. જીરેજીરે. ૧૪ પીછો વધ ચંદ્રાવળી જાણોજી, ચંદરવો જુમનાં મન આણો. જીરેજીરે. ૧૫ ગાદી સુંદીર મન ભયાકજી, પીઠ તકીયા માહાદાએક. જીરેજીરે. ૧૬ આસપાસ બે તકીઆ રાજેજી, માહાસુખ એકાંતે બીરાજે. જીરેજીરે. ૧૭ એ સેસાતર તણા સુખ ધામજી, પડે ચંદ્રાવળીજીનું નામ. જીરે જીરે. ૧૮ બે જુરરી સ્વામનીજીના તનજી, સરમ જળ શ્રી માહારાણીજીનાં મન. જીરેજીરે. ૧૯ બે બીડા માહા પ્રભુ દક્ષણા ભલો, મુખ વસ્ત્ર મોહન ચામ. જીરેજીરે. ૨૦ જુગલ ચર્ણશીત પતરાયાજી, ગીરીરાજ હરીદાસ કહેવાય. જીરેજીરે. ૨૧ એકે લક્ષ શ્રીગોસાઇજીનું રૂપજી, ઉર સાત ધજા અનુપ. જીરેજીરે. ૨૨ સજ્યા ભોગ માહા સુખ કંદજી, શોભા નીર્ખે નિર્ખી મુખ ચંદ. જીરેજીરે. ૨૩ એવો મારગ થયો નહીં થાયજી, શ્રી મહાપ્રભુની કૃપા થકી પુષ્ટી કહેવાય. જીરેજીરે. ૨૪ છડીનું ત્યાંહાં તત્કાળજિ, ગુણ ગાયે શ્રી વલ્લભ લાલ. જીરેજીરે પ્રથમ સુરજપોળ જાણો. ૨૫

ઘોળ ૧૩૭.

પુષ્ટિમાર્ગનાં પાંચતત્વ નિત્ય ગાયજિ, તેહેનાં જન્મ જન્મનાં પાપ સરવે જાયજિ. ૧ શ્રીજી શ્રીવન નિત્ય પ્રિયાજી સુખકારી, સમરો શ્રી મથુરાંનાથ કુંજબીહારીજી. ૨ શ્રીવિઠુલેશરાય શ્રીદ્વારકેશરાય ગીરધારીજી, શ્રીગોકુળચંદ્રમાજી શ્રીમદનમોહન પર વારીજી. ૩ બીજુ તત્વ શ્રીવલભ કુળને ભજીએજી, કુડા લોક લાજને કામ સર્વે તજીએજી. ૪ આ ત્રીજુ તત્વ શ્રી ગોવર્ધનધર નિત્ય ગાએજી, શ્રીનટવરલાલનું ગમતું સર્વે થાયજી. ૫ આ ચોથું તત્ત શ્રી જુમનાંજી. ન જાણેજી, કરો સ્નાન જળને પાન એ સુખ માનેજી. ૬ આ પાંચમું તત્વ શ્રીવ્રજભોમીને ગાઇયેજી નિત્ય ઉઠી વૈશ્નવજન પદરજને પાઇયેજી. ૭ આ પાંચમું તત્વનું ધ્યાન નિરંતર કીજેજી, તે મન વાંછીતનાં ફળ સર્વે લીજેજી. ૮ આ પાંચ તત્વ શ્રી બ્રહ્માદીકને દુર્લભજી, શ્રી વલ્લભ પ્રભુ પ્રગટ પ્રમાણું કર્યાં સરવે સુંદીરજી. ૯ એ શોભા જોઇ હુ-

રોહદાસ જાય બલીહારીજી, એ લીલા ગાજયો નિત્ય નરને નારી-જિ. ૧૦ પુષ્ટિમાર્ગનાં પાંચ તત્ત્વ નિત્ય ગાઇએજિ.

ધોળ ૧૩૮.

સખી સરદપુનમની રાત મુજને વાહાલીજિ, એવી ગોકુળ વ્રજ-ની નાર રમવા ચાલીજિ.૧ એવા નાક પ્રકાશુ નથ નીર્મળ મોતીજિ, એવાં દરપણ લીધાં હાથ મુખડાં જોતીજરે. એવાં કાંબી કણ્ઠાં ચાર વીંછવા ચમકેજિ, એવો ઝાંઝરનો ઝમકાર ઘુઘરી ઘમકેજિ.૩ એવાં ચોળીને પેહેર્યાં ચીર પીતાંબર પાળીજિ, માહારા વાહાલા સાથે રમવો રાશ કરવાં લીલાલિ.૪ એવાં લીલા તે ગાજયો નરને નારીજિ, ત્યાંહાં રમે ગોપીઓને કાંહાંન રમતાં ભારીજિ. ૫ એવાં બાંહે બાજુબંધ ઓગનીઆં ખળકેજિ, એવો હઇડે એકાવળહાર ઝુમણાં ઝળકેજિ. ૬ ત્યાંહાં કુદડી ફરે ગોપી ચાર વચે ગીરધારીજિ, હૈવા માધવદાસના દાસ જાઉંબલહારીજિ.૭ સખી સરદપુનમની રાત્ય મુજને વહાલીજિ

ધોળ ૧૩૯.

ધન્ય ધન્ય શ્રીદ્વારકાં નાથજિરે, વંદુ વૈશ્નવજન સાથરે.૧તઠરાજી-ત મોહોલ અટારીરે, રાય સાગર અમ્રત વારીરે. ૨ માહા ભાગ્ય મેવાં ડાહેરારે, જયાંહાં પ્રિતે કર્યો પ્રવેશરે ૩ ધન્ય ધન્ય તે કાંકરોલી ગામરે, માહારે વાહાલે તે કર્યો વિશરામરે.૪ મુગટી અત્રિક પુની માહારાજરે, સદા વૈશ્નવ જનને કાજરે.૫ અમરાપુરી એ થકી લાજેરે, પ્રભુ પૃષ્ટી પ્રકાશ બોરાજેરે.૬ પરથાર અનોપમ દીસેરે; જોતાં વૈશ્નવના મન હી-સેરે.૭ ચોક ચંદરવા ઘણું શોભેરે, જોતાં વૈશ્નવનાં મન લોભેરે.૮ નિ-જ મંદીરની શોભાયરે. તેતો મુખે કહ્યી નવ જાયરે. ૯હીરા હેમ જ-ડાવની જાળીરે, કુંજરાજીત કુંજ સારીરે.૧૦ હીમ આસને હીરા ઝળકે રે, મુક્તાફળ ચોદીશાએ લળકેરે.૧૧ દીધું દર્શન દ્વારકાંધીશેરે, એતો સકળ ભોવનના ઇશરે ૧૨ મેઘવર્ણ મનોહર અંગેરે, જોતાં લાજે છે લક્ષ અનંગરે. ૧૩ બેહુ પાસે ગોસાંઇજિ ઉભારે, રૂપ ચારની એકજ શોભારે.૧૪ શ્રીવિઠુલરૂપ નિધાનરે, શોભા કોટીક કામ સમાનરે.૧૫ મુણવંત શ્રીગોકુળનાથરે, વ્રજભુષણ લાલજિ સાથરે.૧૬ જોતાનંદણાં

તુમ ન થાયરે, રૂપ અધીક અધીક શોભાયરે. ૧૭ બાહુ જીવને ઓ- ધારવા કાજરે, હેવું રૂપ ધર્યું માહારાજરે. ૧૮ સુખ સિંધુ હરિયે વિનોદરે, જોતાં ઉપજે માહા મન મોદરે. ૧૯ ધણું ચર્ણકમળની આ- શરે, ગાએ નિર્ખે તે પ્રભુદાસરે. ૨૦ ધન્ય ધન્ય શ્રીદ્વારકાં નાથજિરે.

ધોળ ૧૪૦.

શ્રીલક્ષ્મણ ભટજીને દ્વાર ચાલો તો જોવા જઇએજી, જન્મ દીવ- સછે આજ મળીને ગાઇએજી. ૧ વાજે છે ઢોલ નિશાન નોબત વાજે અતી નવી, થાયછે દુંદભીના નાદ વેદની ધુનો ત્યાં હવી. ૨ બંદીજન બહુ કરે ગ્યાન વૈશ્નવ જાય વારણે, મોતીના ચોક પુરાય તોરણ બાંધ્યાં બારણે. ૩ શ્રીવલ્લભને નવરાવ્યા, કેસરચંદન ઘસ્યાં; મરદન કર્યાં ફુલેલ, શેવકજનના મન હસ્યાં. ૪ ઉષ્ણોદક પ્રભુજી નાહ્યા, અંગવસ્ત્ર કર ધર્યાં; કેશરી ધોતી ઉપરણાં સાર, પ્રભુજીએ પેહેર્યાં. ૫ કુમકુમ ભા- ળ તીલક, અક્ષત સોહે પીળા; પાઠાયે બેઠા શ્રીવલભ, વૈશ્નવ નિર્ખે લીલા. ૬ જોવાને દેવતા આવ્યા. મર્કંડની પુજા સમે; શ્રીફળ ફોફળ સાર, દક્ષણા જે જેને ગમે. સગાં કુટુંબ સહુ સાથ, ભોજન કીધાં પ્રી- તશું, બંદીજન વિવિધ પ્રકાર, બીડાં આપ્યાં રીતશું. ૮ સર્વે વૈશ્નવ- જનને પ્રસાદી જુઠણુ દીધીછે; એ શોભા જોઇ હરીદાસ, પ્રિત્યે કરી પીધી છે. ૯ શ્રીલક્ષ્મણ ભટજીને દ્વાર ચાલો તો જોવા જઇએજી.

ધોળ ૧૪૧.

શ્રીવલભ પ્રગટયા પ્રગટયારે, શ્રીલક્ષ્મણ ભટજીને ઘેરરરે. થઇ ર- હી છે લીલા લેહેરરે, પુષ્ટિની કરવા પેહેરરે. શ્રીવલભ. ૧ થયાં અવની ઉપર અજવાળાંરે, ત્રીલોકના તીમીર ટાળ્યાંરે; વાહાલે વેણ હમારાં પાળ્યાંરે શ્રીવલભ. ૨ આદરથી આવ્યા હરી ઘેરરે, પોતાનાની કરવા પેરરે; શીખવી શેવા કીધી નેરરે, શ્રીવલભ. ૩ માહામત કીધો ખંડરે, પાખંડીને દીધો ડંડરે; એહુનો યશ વાધ્યો નવખંડરે, શ્રીવલભ. ૪ એ શ્રીલક્ષ્મણ ભટજીના નંદરે, વાહાલો પુર્વજન્મના ચંદરે; વરતાવેછે અતી આનંદરે શ્રીવલભ. ૫ એ શ્રી એલ્મગારૂના લાલરે, વાહાલે વૈ- શ્નવ ઉપર કીધો વાહાલરે; વાહાલે દાન દીધાં કીધાં ન્યાલરે. શ્રીવલ

ભ. ૬ નવખંડમાં નવા નવા દેશરે, એહુના ગુણ ગાય નિગમ મહેશરે; એહુનો પાર ન પામે શેષરે, શ્રીવલ્લભ. ૭ સુખડાની લેહેરો જાયરે, ત્યાં તો આનંદ ઉર ન સમાયરે. હરીદાસ વલ્લભના જશ ગાયરે, પ્રગટ્યા. ૮

ધોળ ૧૪૨.

શ્રીવલ્લભ વિઠ્ઠલ શ્રીજી શ્રીમુયુમનાં શ્રી નવનિત્ય પ્રીયાજી, શેવા કરો આનંદમાં શ્રીજીતો, રીઝસે શ્રીગોપીપતીજી ૧ દ્રઢ આશરો શ્રી મહાપ્રભુજીનો રાખે, અષ્ટાક્ષર નિશદીન ભાખે અણસમરપિત વસ્તુ રખે ચાખો તો રાખજો ગુરૂ ચર્ણે મર્તીજી. ૨ ભાગવદી એ સતસંગજ કરજો દયા સર્વે કોઇ ઉપર ધરજો; વૈશ્નવની રીતે અનુસરજો, તો ધરજો ટેક ઘણી એકનીજી. ૩ હરી ગુરૂ વૈશ્નવ સરખા લેખો, અન્યભાવે રૂદે નવ દેખો; દાસપણું ત્રણેનું ગ્રહજો, તો તનમન ધન વિવેકશુજી. ૪ પ્રફુલીત મન હરીના ગુણ ગાજો, કપટદંભથકી અળગા રેહેજો; દુષ્ટ સંગથકી દૂર પળાજો, તો નાહાજો પદરજ હરી ભક્તનાંજી. ૫ દિનતા ભાવ અંતરનાસ્નેહી, પ્રભુ પ્રસન્નાનું કારણ એહી; નિશ્ચે માનજો નહી સંદહીતો. દેહ દમાશા કારણેજી. ૬ મનુષ્ય જન્મ મહા દુર્લભ જાણો, તેથી દુર્લભ હરીનાચર્ણ વખાણો; એ બે પામી શેવા રસ માણોતો. જાણજો જીવ્યા જકતમાંજી. ૭ શ્રીવલ્લભ પ્રભુ માહારા સ્વામી, પ્રાણજીવન ધન્ય અંતરયામી; અક્ષર બ્રહ્મ તણા એ સ્વામીતો. દાસ દયા જાય વારણેજી. ૮ શ્રી વલ્લભ શ્રીવિઠલ શ્રીજી શ્રી નવનિત્ય પ્રીયાજી.

ધોળ ૧૪૩.

તમારાં નયણાંછે કામણગારાં, શ્રીનાથજી ધુતારા; તમે હર્યાંછે ચિત અમારાં, શ્રીનાથજી ધુતારા. ૧ ધુતારો હોય તે ધન્ય ધુતે, વાહાલા માહારા બીજાનાં શી માયા; એ ધુતારે માહારૂ સર્વસ ધુત્યુ, પ્રવશ કીધી માહારી કાયા. શ્રીનાથજી. ૨ સુંદીર સ્યામ સલુણી માહારી સજની, વાહાલા માહારા નયણા પાર પેઠા; ચિતમાં ઘર કીધું, એવો ધેલડો; રૂદીયા કમળ વચે પેઠો. શ્રીનાથજી. ૩ સુંદીર આવો મોરે મરી પાલવે, વાહાલે મારે ફળ સારૂં વખાણ્યું; સાખ તણો રસ લીજીએ, શુકલા તો તને રશીઓ હું જાણું. શ્રીનાથજી. ૪ મોહનજી તમારી મીઠડીએ કેફ

વાહાલા માહારા હું નવ પરસ્થાપુ; જુગમાં તે જીવભાવી કહીએ, તે આવી આવી રસ પામું. શ્રીનાથજી. ૫ તનમન સમર્પણ કીધું, વાહાલા મારા હવે નથી કાંઇ કાચું; શ્રીવલ્લભના સ્વામી રસીક શીરોમણી, જન્મો જન્મ હું તમને જાચું, શ્રીનાથજી હુતાશ. ૬

ધોળ ૧૪૪.

સજની સહુકો ચાલો જોવા જઇએજો, શ્રીવ્રજનાથજીના લાલ છોગાળો નિરખીએરે લોલ. ૧ શ્રીવિઠલનાથજી કામણગારા કહાનજો, કામણ કીધાંરે ગોઠની વાતમાંરે લોલ. ૨ જોરે બાંહેના પાઘ સોરંગી લેહેકેજો, તોરારે મહુલારે મોહનલાલનોરે લોલ. ૩ કેસરકેરૂ તીલક બીરાજે ભાળજો, વાંકેને અંબોડે મનડું વેંધાઇ ગયુંરેલોલ. ૪ જોરે એની મુખડું પુનમ ચંદજો, આંખલડીને ચાળે ચીતડું ચોરીયુંરે લોલ. ૫ વાહાલો માહારો મુખડે હુશીહુશી મધુરૂં બોલજો, અમરતને વેણે હૈયું શીંચાયુંરે લોલ. ૬ બાજુબંધ પોંહોંચી કંઠે બીરાજે માળજો, નટવરને અંગેરે ખરીશા શણગારે લોલ. ૭ કોમળ કરપર સુંદીર રેખા સોહીએજો, પોતાના જાણીને લાડ લડાવીઆંરે લોલ. ૮ જોરે એહેની વાંકડી શ્રીવિઠલનાથજો, છબીલાને જોવાને મનડાં માહા ગયાંરે લોલ. ૯ હવે ઘરનાં કારજ નવ સોહીએજો, વાહાલાને જોવાને મનડું તલસેરે લોલ. ૧૦ એ વાહાલાની પાસે દાશી રહીશુંજો, લોકડીઆની લાજથી હું તો નવ ડરૂંરે લોલ. ૧૧ વાહાલો માહારો સરવ સુખ આપેજો, કાલાને વાલારે મનોહર નિરત કરેરે લોલ. ૧૨ સજની સહુકો ચાલો જોવા જઇએજો.

ધોળ ૧૪૫.

લટકાળા લાલ. શ્રીવિઠલવરને નિરખું તે ધન્ય ધન્ય; કરૂણા સાગર. દૈવીજીવના તારણ પ્રાણજીવન. શ્રીમુખની શોભા શી કહીએ; ચાલો સરવે જોવાને જઇએ, શરણે જઇએ ધણીઆતાં થઇએ લટકાળાલાલ. ૨ વાહાલો પુરૂષોતમ કહીએ, તેહનું ધ્યાન હૃદેમાં રાખી રહીએ એને મુકી બીજે કયાં જઇએ; લટકાળાલાલ. ૩ વાહાલો વ્રજ પતાકો કાહાવેછે, નિજજનના તાપ સમાવેછે; નિરખતાં મોહ ઉપજ-

બેછે,લટકાળાલાલ.૪ વાહાલાકાંકરોલી માંહે રહેછે, વહાલો ગીરવર માટમાં રહેછે; વાહાલો નિત્યનિત્ય દર્શનદેછે.લટકાળાલાલ. ૫ કરજોડી વલ્લભદાસ કહે, વિનંતી રૂદીઆમાંહે લહે; તાપ ત્રીવિધતનમાંહે સહે. લટકાળાલાલ, શ્રી વિઠલવરને નિરખુ તે ધન્યધન્ય. ૬

ધોળ ૧૪૬.

જીરે ધન્ય ધન્ય શ્રાવણ માસ, શુકલપક્ષ એકાદશીજી; જીરે અડધી રાત્રોનો પ્રકાશ એ વાત પ્રભુજીને મન વસીજી. ૧ જીરે ધન્ય ધન્યગોકુળગામ,શ્રીજમુનાજીનીપુલાતસોહામણુંજી;જીરેમહાલીલા સુખધામ, કુંજ નિકુંજ રળીઆમણીજી. ૨ ત્યાં બીરાજે શ્રી લક્ષ્મણ પાસ, દામોદર દાસજી; પધાર્યા શ્રી વંદ્રાવન ચંદ, ખેલતા આવ્યા તે રાસજી. જીરે જે ગાવાથી વલભ રાજ, ગુણવાન પ્રભુજીએ કહ્યાજી; દૈવીનું કરવા કાજ, બોલ દીધા પ્રભુજીએસહ્યાજી. ૪ કરવા બ્રહ્મ સંબંધ, નિરદોષ જીવ થાય વર્ણીજી; જીરે છુટશે સઘળા બંધ, ચર્ણે શર્ણે આવી મળેજી. ૫ જીરે દોશ તે પાંચ પ્રકાર, ક્ષણું એકએક રહે નહી જી; જીરે અમો કરીશુ અંગીકાર, શાકારજ ગળશાને વગ રહીજી. ૬ જીરે અન્યોઅન્ય સો હોય, પવીત્રાં પવીત્ર ધાલે ગળેજી;જીરે મિશ્રી ભોગ ધરાય, રૂપ દીઠો એકઠા મળીજી. ૭ જીરે પુષ્પ પત્ર ફળ તોય, અન્ન વસ્ત્ર અરપે બહુ જી; જીરે જ્ઞાન અજ્ઞાન જો હોય, પ્રેમ ભક્તી સર્વે ગ્રહીજી.૮ જીરે વચન શ્રીવલભ હાથ,વઈ પ્રભુજી પધારીયાજી; જીરે નીજલાલ વ્રજનાથ, રાશ રમણ વિસ્તારીયાજી. ૯ જીરે ઘણા દીવસનો વિછોય, જીવત સર્વે માંહે ગ્રહીજી: જીરે સંસાર માંહેમોહ, તે છુટી ચર્ણે રહ્યાજી. ૧૦ જીરે શ્રી વલભાચાર્ય માહારાજ, તે શ્રી વિઠ્ઠલનાથનેજી; જીરેકુલ દ્વાર કરે કાર કારઅલેહ, ગોવરધનનાથનેજી. ૧૧ જીરે કલ્પવૃક્ષનું મુળ આવલભ, શ્રીવિઠલ ફુલીપોજી; જીરે સારવા સ્વાર્થ અનુકુળ, પુત્ર પુત્ર વેસ બહુ લીયેજી. ૧૨ જીરેતાદરશી જનને સગદે, દન અનુભ ફરેજી; જીરે રહે હરીરસ શરણ મંત્ર નિત્ય આચરેજી. ૧૩ જીરે અસમર્પિત અનાચાર, આશ્રસરથી બીહે ઘણુજી; જીરે આસુરી બુદ્ધિ વિચાર, બીતા રહે ક્ષ-

સુમતિ લક્ષજી. ૧૪ જીરેજી એ વરછે અંગીકાર, વિશ્વાસ મનમાં રાખજોજી; જીરે સાધનતજી અપાર, શ્રીકૃષ્ણ શ્રીમુખ ભાખજોજી. ૧૫ જીરે પુષ્ટી માર્ગ એહ શ્રી ભગવદી સંગ અનુસરેજી; જીરે શ્રી વલ્લભ વર જોય, શ્રી વલ્લભદાસ સહુ ફરે વરેજી. ૧૬

ધોળ ૧૪૭.

શ્રીવલ્લભ દુર્લભ જયુગમાં કહીએ, પ્રગટયા આણીવારજો; ભુંડ્યા ભુલ્યા જીવ પોતાના, તેની કરી સંભાળજો. ૧ ચર્ણકમળ મકરંદ લોભાણાં. તેહેનાં ભાગ્ય અપારજો; વચન સુધારસ શ્રવણે શોષ્યાં, શ્રી સુબોધનીજી સારજો. ૨ વદન માધુરી રૂપ અનુપમ, કીધા વિવિધ શણગારજો; શ્રીગોકુળ તો ફરી વસાવ્યો, શ્રીવલ્લભ રાજ કુમારજો. ૩ નંદન વન શ્રીવલ્લભ સુતશું, બાંધી પ્રીત અપારજો; શણગાર કરીને ગીરીશ્રી ઉતર્યા, આસી આંસુડાંની ધારજો. ૪ ત્રણવાર પ્રથિવ પરીક્રમાં, હર્યા ભુમીનો ભારજો; એવિના આવી કોણ કૃપા કરે, એછે મર્મ ઉદારજો. ૫ દાસ ગોપાળ ક્યાંલગી વર્ણું; સકળ વેદ ધીરીંવર ધીરજો; શ્રીવલ્લભ દુર્લભ યુગમાં કહીએ, પ્રગટયા આણીવારજો.

ધોળ ૧૪૮.

છબીલા છબી તારી જોઇરે, મહું મન માહ્યારું મોહ્યુંરે. ૧ વાંકી વરણી તાહરીરે, મનોહર મુખપર જાઉંવારીરે. ૨ મોરલી અધર ધર ગોપીરે, વગાડી વાહાલે વેરાં કીધાં ગોપીરે. ૩ વૃંદાવન વગાડી સુંદર શ્યામરે, ત્યાગ કરાવ્યાં ઘરનાં કામરે. ૪ જાણુંજે વૃંદાવન જઉંરે પાલવ પાતળિયાનો સાહુંરે. ૫ જાણુંજે હવે શીપેરે થાશેરે, જોયા વિના જીવડો જાશેરે. ૬ હરખ ભર્યા આવે વ્રજની નારીરે, સામું જુવોને દેવ મોરારીરે. ૭ સ્નેહ શામાટે કીધોરે હમારાં ચિત ચોરી લીધાંરે. ૮ ભુખ્યે મને ભોજન નવ ભાવેરે, સેજલડીએ નિંદ્રા નવ આવેરે. ૯ સેજલડીએ નિંદ્રા નવ આવેરે, જાણું જે હરી આવંતા આવેરે. ૧૦ વહાલાં વહાલો રહુંરે, આંખળીઆમાં આવે તો ઉતારુંરે. ૧૧ સાંજે હું તો ગાવલડી દોતીરે, વાહાલાજીની વાટલડી જોતીરે. ૧૨ મારે ઘેર આવોને હુલારે. રહીખુ મરજાદા મેલીરે. ૧૩ આજ મારે આનંદની હેલીરે ગી-

રધર જોવા થઇ ઘેલીરે. ૧૪ આજ મારે દીવાળીનો દાનરે. ઘેર પધાર્યા જુગજીવનરે. ૧૫ હરીવર આવતો રૂડોરે, અવિચળ ચાંદલીઓ ચુડો-રે. ૧૬ વલભના સ્વામીછે રશીયારે. હમારા રૂદીયામાં વશીયારે. ૧૭ છ બીલા છબી તારી જોઇરે, રહ્યું છે મન મારૂં મોહીરે. ૧૮

ધોળ ૧૪૯

ચેતચેત ચરણજીવી તો રેહેવું નથી જો, શ્રી ગોકુળેસ પ્રભુનું સ્વરૂપ લે મતીજો. ચેતચેત. ૧ નારી છોકરાં આ ઘર નથી તારૂંજો, મુઢબુદ્ધિથી તેને તું કેહેછે મારૂં જો. ચેતચેત. ૨ તે સહીત તું થા પ્રભુ-કેરી શરણમાં જો, લીલા પામશો કેવાશો પંચ વરણમાં જો. ચેતચેત. ૩ ખાવું પીવું ઓઢવું ને જે કાંઇ પેહેરવું જો, અર્પણસ્પર્શ કર્યાવિના તે સામુ ન રેહેવું જો. ચેતચેત. ૪ કહ્યું માનો પ્રીત્ય કરવા હરીદાસમાંજો, બીક રાખવી તે અલૌકિકની આશમાંજો. ચેતચેત. ૫ એવા અતુલ્ય પ્રતાપ વલભવંશમાંજો દાસ થાયછે શા સારૂ તુ અન્ય અંશમાંજો. ચેતચેત. ૬ તારૂ ધનને જોબન જાશે જણમાત્રતુંજો, શું સુતોછે મોહ જાળમાં ગમારતુંજો. ચેતચેત. ૭ અવચ આવી ઉભું રહેશે પળ એક માંજો, માટે ટેક રાખો બુદ્ધિના વિવેકમાંજો, ચેતચેત ૮ એમ કરતાં મોત પેશી ગયું અંગમાંજો, બાંધ્યો પાશલેતાં દુત આવી સંગમાંજો, ચેતચેત. ૯ ખાધું પીધુ ને ના વાવર્યું કોઇ રીતથીજો, સગાં લેઇ ચા-લ્યાં મસાણ વિપરીતથીજો, ચેતચેત. ૧૦ લાગા પગ એકમાં ભસ્મ થ-ઇ ગયાંજો, જેમ આવ્યા તેમ પાછા વૃથા વહી ગયાજો, ચેતચેત. ૧૧ એવું જાણી શરણ રેહેવું વલભદેવનીજો, ઇચ્છા રાખવી તે શરણ કેરો શેવકનીજો, ચેતચેત. ૧૨ ભગવત મંડળીમાં બેસતાં ના લાજવુંજો ઝાં-ઝ હાથમાં લેઇને ગાતાં ગાજવુંજો. ચેતચેત. ૧૩ પાપથી ભરેલા જીવ તેહેને નહી ગમેજો, શુદ્ધ બુદ્ધિ હશે તેતો રાશમાંજો. ચેતચેત. ૧૪ લાજ રૂપે દાશ બેઠા બહુ અંગમાંજો તેથી સુખના લેવાશું સંતસંગતમાંજો ચેતચેત. ૧૫ વેદશાસ્ત્રમાં ભક્તિ એક સારછેજો. તે વિનાના જીવ જગતના ભારછેજો, ચેતચેત. ૧૬ જે કોઇની પૃષ્ટી રસાહિન થઇ ચાખશેજો, દાસ ગવરીને શ્રીગોકુળ પાસ રાખશેજો, ચેતચેત ચીરણજીવી તો રેહેવું નથી.

ધોળ ૧૫૦.

શ્રી ગોકુળમાં એક નંદનું ધામ, ત્યાં પ્રગટયા શ્રીસુંદીરશ્યામ; કરવા શેવક જનનાં કામકે, ધન્ય જશોદા માવડી. ૧ અંધારી આઠમ અજવાળી તે રાત્રે પ્રગટયા વનમાળી, મંગળ ગાય સહુ વૃજનારી કે. ધન્ય. ૨ તરીયા તોરણ બાંધ્યાં છે. દ્વારે, સાથીઆ શુભ તણો નહી પાર દહીં છાંટે સહુ નરને નારકે, ધન્ય. ૩ દુંદભી દેવનાં વાજંત્ર વાગે, પશુ પક્ષી સહુ પાવલે લાગે; શ્રીકૃષ્ણની ભક્તિ સદા મુખ માગે કે. ધન્ય ૪ સહીએર સહુ મળી વારણે જાય, ઘેરઘેર વાત વધામણી થાય; શ્રીજશોદા હઇએ હર્ખે ન માય કે, ધન્ય. ૫ સહીઅર સહુ ત્યાં ગાતી આવેરે, વસ્ત્રઆભુષણ હરખે પેહેરાવેરે, મગ્ન થઇ મંદીરમાં માહાલે કે. ધન્ય. ૬ જાચક જન મળી જશરાજ ગાય, નંદ બંધાઇમાં નાહાલજ થાય; હેવા આપને મુખે ના કેહેવાય કે, ધન્ય. ૭ વૃજજન ન્યાહાલ થયાં તે કીજે, એમના ભાગ્યનો પાર ના લીજે; પુષ્ટિમાં ઘાલ્યાં નંદજીને છૈયે કે. ધન્ય. ૮ વેદ કહે એતો પુરણબ્રહ્મ, કોઇ ના જાણે એનો મર્મ; શાંસુક્રીત કર્યાં નંદજીએ એ ધર્મતો, ધન્ય. ૯ દીન પુંઠળ દાન હર્ખમાં જાય, શ્રીગોકુળમાં ખેલ બહુ થાય; શ્રીવલ્લભ વેદ પુરાણ ગાય કે ધન્ય જશોદા માવડી. ૧૦.

ધોળ ૧૫૧.

શ્રી વલ્લભ પ્રભુજી પરણમું, શ્રી માહાલક્ષ્મીજી ગુણ વરણવું. ૧ એમની કુખ ઉપર જાઉં બલીહારી, સુત શ્રીગોપીનાથજી પરવારી. ૨ શ્રી વિઠલનાથજી સુતછે છોટા, ગુણ વર્ણવી શકે નહીં કવી મોહોટા. ૩ શ્રીરૂક્ષમણી વહુજીના પ્રાણપતી, છોટાં વહુજીને પદમાવતી. ૪ ખટપૂત્ર પ્રગટ શ્રી રૂક્ષમાણી, તૈલંગ તીલક શ્રીભાવન ધણી. ૫ શ્રી પદમાવતાને એક પુત્ર હુવા, તેમના વેદપુરાણે જશ હુવા. ૬ શ્રીગીરધરજીને સંગ ભામની, શોભા જોઇ ચકિત થઇ દામની, શ્રી ગોવિંદ રાયજીને વહુ રાણી, એમને જોવાને આવ્યાં ઇંદ્રાણી. ૮ શ્રી બાળકૃષ્ણજીને કમળા વહુ, એમને જોવાને આવ્યાં સહુ. ૯ શ્રીગોકુળનાથજીને પારવતી, સમતુલ્ય ન આવે રત્યાવતી. ૧૦ શ્રી રઘુનાથજીને જાનકી સોહીએ,

એમને નિરખી નિજ જન મોહીએ. ૧૧ શ્રીજદુનાજીને શ્રી માહારાણી. ગુણ ચતુરી મધુરી અમૃત વાણી. ૧૨ શ્રી ઘનશ્યામજીને કાનવતી એમનું સ્મરણ કરીએ નિત્ય પ્રતી. ૧૩ એ સકળ સ્વરૂપ સોહામણાં, શોભા જોઇ હરીદાસ લે ભામણાં. ૧૪ શ્રીવલભ પ્રભુજી પરણ્યાજી.

ધોળ ૧૫૨.

પદ.

કળયુગ સબ જુગતે અધીકાઇ, જા જુગમે પ્રગટે શીતળ; શ્રીવલભ સુખદાઇ. ૧ જો કોઇ શર્ણ આએહે ઇનકો, તન કોહોપસ હાથી, દાસ ચર્ણ હરીવાક ઘાશકી, ચર્ણ રેણુ નીધપાઇ. ૨ કળયુગ સબ જુગતે અધીકાઇ.

ધોળ ૧૫૩.

તનકહેરી માઇ માંખન તનકહેરી માઇ, તનકુ મુખમાં દુધકી દતીઆં; બોલતહિ તો તડાય, માખન. ૧ તનકસે મન મોહુનાહો, નેત્ર પકડો જાય; કંપીઓ જાણે શેષ કંપીઓ, વર્સુધા ઉઠી અકળાય. માખન. ૨ તનક માગો બોહોત દીનો, લીએ કંઠ લગાય; સુર પ્રભુકી તનકી ચોટીઆં, ગુથત માત બોલાય. ૩ માંખન તનકહેરી માઇ.

ધોળ ૧૫૪.

શ્રીકૃશ્ન કમળ મુખ નિર્ખવા, ચાલો શ્રી નંદજિને ઘેરરે; જસોદાએ શ્રીકૃશ્ન જન્મીઆ. હરખીઆ આનંદ મેહેરરે. ૧ ચઉદ લોચન કેરાં ભુષણાં, નંદસુત શ્રીગોકુળ આવ્યારે; ફરી ફરે વ્રજ સુંદરી ગોપી ગોવાળાને મન ભાવ્યારે. ૨ ગોપીકા સર્વ ટોળે મળી, હરીને વધાવાને જાયરે; અંતર ઘટ ઉતાવળા. હરીને જોવાની અપેક્ષાઅરે. ૩ પુન્ય પવિત્ર પ્રભુજી તણાં, ગાયછે નૌતમ ગીતરે; ગીત ગાએને સ્વર સોહાએ થયાંછે એકાગ્રહ ચિતરે. ૪ ભેટ લાવ્યાં બહુ ભામની, ચાંદલો લાલાને કીજેરે, હર્ખતાં નિર્ખતાં પ્રિતશું, મોહનને ઓછંગે લીજેરે. ૫ ભીડ ભાઇ ઘર આંગણે, નંદજસોદાને મન ભાવ્યારે, વ્રજ ભોમીનાં સુખ શાં કહુ, નાથને મોતીડે વધાવ્યારે. ૬ માધવદાસના પ્રભુજી, પરીવાર

સ્થીર કરી સ્થાપોરે; દાસ ઉપર દયા કરી, વાસ વ્રજમાં આપોરે. ૭ શ્રીકૃશ્ન કમળ મુખ નિર્ખવા ચાલો શ્રીનંદજિને દ્વારરે.

ધોળ ૧૫૫.

જે શ્રીવલ્લભ દેવકી, જેએ પ્રાણુ પ્યારેકી; જે શ્રીવલ્લભ નંદજી. ટેક પ્રાકૃત ધર્મ રહી માહાપ્રભુ અપ્રાકૃત વપુ જાણુ; શ્રીહરી અનલ પ્રગટશે. શ્રીવલ્લભ રૂપ વખાણુ. જે શ્રી વલ્લભ દેવકી. ૧ શ્રીહરી આજ્ઞા પાલકે, ભુતળ પ્રગટો આએ; દેવજી અર્પણ કીયો, નિજ મુખ માત્ર સુનાએ. જે શ્રીવલ્લભ ૨ શ્રી વીઠલપદ પરશકે, હોત સરસ સુજ્ઞાતા; અષ્ટમ રટત આનંદમે, કરત અમીરરસ પાન, જે શ્રી વલ્લભ. ૩ શ્રીમદ વલ્લભ રૂપ કહો, કૌન કરી શકે બખાન; ગુઢભાવ નીજ સ્વામની, પ્રગટ કૃશ્ન સુજાન. જેશ્રી વલ્લભ. ૪ શ્રી ગીરધર ગોવીંદનું, શ્રી બાળ કૃશ્ન ગોકુળેશ; શ્રી રઘુપતિ જદુપતી ઘનશ્યામજિ, બાળક સબ ભુમે જે શ્રી વલ્લભ. ૫ પ્રૌઢભાવ ગીરીવરધરે, શ્રી નવનીત પ્રિયાજીબાળ; શ્રી મથુરાંનાથની કુંજમેં, શ્રીવિઠલેશ રસાળ. જે શ્રીવલ્લભ.૬ શ્રીદ્વારકેશ તત્વ ભાવમે, ગોકુળ શ્રી વ્રજભુપ; અદભુત ગોકુળચંદ્રમા, શ્રી મદનમોહન સ્વરૂપ. જે શ્રીવલ્લભ ૭ જુગલ પાલનમેં મોદશું, શ્રી બાળકૃશ્ન રસરાય; મારસંકટ ઉંધો કીયો, રસ સબ દીયો ગોરીરાય. જે શ્રીવલ્લભ. ૮ માટ લીયો માખન લીયો; નેપુર બાજત પાય; નર તત્વ લાલજુ, ત્યાં હરખત જશોદામાય, જે શ્રીવલ્લભ. ૯ગોપાયોએ હી જગતમેં. ચલત ઉલટી રીત; તીનકે પદ બંધન કીએ, બઢત કૃશ્ન પર પ્રીત્ય. જે શ્રીવલ્લભ. ૧૦ ધન્ય ધન્ય શ્રીગીરીરાજજુ હરીદાસનમેં રાય; શાનિધ્ય શેવા કરત હે, તુમ બશ મોહનરાય. જે શ્રી વલ્લભ. ૧૧ નમો નખ ખચીત કંચન ભએ, શ્રી બંદ્રાવનકી ભોમ; કલ્પસુધો ભુતળ બહે, ત્યાં ફળ ફળ જુગ. જે શ્રીવલ્લભ. ૧૨ ઉભે નીજકુળ ખંભદોઉ. તરંગઓડી જાન; શ્રી જુમનાંજી વષ્ઠકુંઠકી, કયમ કરી કરૂ બખાન. જે શ્રીવલ્લભ. ૧૩ સુરદાસ કૃશ્નદાસજી, પરમાનંદ કુંભનદાસ ચતુર્ભુજ નંદદાસજી; છીતસ્વામી ગોવીંદદાસ, જે શ્રીવલ્લભ દેવકી; જે પ્રાણુ પ્યારેકી. ૧૪.

ધોળ ૧૬૫.

રાગ સાખી—સાત્વન સબ સુને ભયે જન્મ જાય; કળિકે દંડ ખંડન કીએ. શ્રીવલ્લભ કુળકી છાપ. જે એ શ્રીવલ્લભ, જે એ શ્રીવિઠ્ઠલ. ૧ શ્રીવલ્લભ વર સમરે નહી, બોલે અડપલા બોલ; તાકી જનની બારે મુખ. વૃથા બજાવે ઢોલ. જે એ શ્રીવલ્લભ. ૨ શ્રીવલ્લભ બોલ જાજો કહે, શ્રીવલ્લભ અમૃત વેન; શ્રીવલ્લભ તજે ઓર ભજે, તાકે ફુટ ગએ દો નેન. જેએ શ્રીવલ્લભ. ૩ શ્રીવલ્લભ વલભ જો કહે, બસે હજારો કોસ; તાકો પ્રાંશ્વ ઉજરે, જયુ સુરજસેં ઉજોશ. જે એ શ્રીવલ્લભ ૪ શ્રી વલ્લભ સમરણ વીના, મીથ્યા સબ વિચાર; મુઢ કાગદ કે નાવમેં, કહો કયમ કરી ઉતરે પાર. જે એ શ્રીવલ્લભ. ૫ શ્રીવલ્લભ આપ તમે શુનો, કહુ ન રહુ કહુ દુર; નેન પલકશું ઝારીએ, વા મારગકી ધુર. જે એ શ્રીવલ્લભ. ૬ શ્રીવલ્લભ કહ્યો તેહુને સબ લહ્યો, સકળ શાસ્ત્ર કો ભોર; શ્રીવલ્લભ કુળ જાણ્યો નહી, ડુબ્યો કુટુંબ સમેત. જે એ શ્રીવલ્લભ. ૭ શ્રીવલ્લભ વલ્લભજો ભજે, સદા સોહુલો હોય; દુઃખ ભાજે દારીદ્ર હરે, વેરી ન ગાંજે કોય. જે એ શ્રીવલ્લભ. ૮ શ્રીવલ્લભ કુળકું છાંડકે, ઓર દેવકુ ધાય; તામુખ પતીઆં કુટીએ, જબલગ તુટી જાય. જે એ શ્રી વલ્લભ. ૯ જે વલ્લભ કુળકું છોડકે, ભજે ભૈરવ ભુત; અંતે ફજેતી હોયગી, જુઓ શીયાકો પુત. જે એ શ્રી વલ્લભ. ૧૦ શ્રી વલ્લભ પર રૂચિ નહી, નહિ વૈશ્નવ પર સ્નેહ; તાકો જન્મ વૃથા ભઓ, જયું ફાગણકો મેહ. જે એ શ્રી વલ્લભ. ૧૧ હરીજન આએ બારણે, હરશો ન જોડયા હાથ; તે નર ભુતળ બોરંગ થાશે, પેટ ઘસે દીનરાત. જેએ શ્રી વલ્લભ. ૧૨ હરીજન આએ પુરણ, માગે ચીર રતન; વાણી પાણી ને સાધરી, સમટ સાથે અન. જે એ શ્રી વલ્લભ દેવકી. ૧૩

ધોળ ૧૫૭

શ્રી વિઠ્ઠલનાથ નામ રસ અમરીત, પાન સદા તું કરરે રસના. ૧ વારંવાર કહુ હું તોશું, એહી નામ જો ધરરે રસના. ૨ એ રસમાં આનબંધ પરેતો, તાસુતું અતી ઉદરે રસના. ૩ હરીકો વિમળ જશગા નિરંતર, જાત વિઘન સબ ટળેરે રસના. ૪ શ્રી વિઠ્ઠ-

લનાથ જોતું અપનો ભલો ચાહુતો એ મારગનું સારરે રસના. ૫ ચતુભુજ પ્રભુગીધર લાલકો, આનંદ ઉરમાં ભરરે રસના. ૬

ધોળ ૧૫૮.

સુંદીર ગોકુળીયું જોવાના મુજને કોડ,તે મુજને દેખાડજોજી.૧ જ્યાંછે લાલ ગીરધારીજીનીજોડ,તેમુજને.૨ એમનું સુંદીરસોહામણું રૂપ.તે મુજને.૩ એમને ઓળખે અવની કેરા ભુપ, તે મુજને. ૪ શુંદીર શ્રી જુગનાંજીનું નીર,તે મુજને.૫ વળી શોભા બેટાજીના વીર,તે મુજને.૬ શુંદોર શ્રી ઠુકરાણીનો ઘાટ,તે મુજને. ૭ માહારો વાહાલો કરે જ્યા પાઠ, તે મુજને. ૮ નયણાં ભરીને નિહાળુ ગીરીરાજ, તે મુજને.૯ જેણે સાર્યાં માધવદાસનાં કાજ, તે મુજને દેખાડજોજી.

ધોળ ૧૫૯.

રાગ કાફી.

શ્રી ગોકુળ સુખ બાસ બશીજે શ્રી વલભ વીઠુલ ચર્ણ સ્પર્શ કીજે, અતી પુનીત જુમનાં જળ પીજે.૧ શી ગીરીધર ગોવીંદ બાળક્રશ્ન,શી ગોકુળનાથ નીરખી સુખ લીજે; શી રઘુપતી જદુપતી ઘનસાંવળ, સબ મંદીર દરશન નીત્ય કીજે.૨ રમણ રેતી અતી પરમ મનોહર, ટીલનપે જાએ લોટી લીજે; વલભ છોંકર છાંય નીરંતર, વૈશનવ સંગ ઘેરાં રસ ભીજે. ૩ શી ગોકુળ સુખ બાસ બસજે.

ધોળ ૧૬૦.

વિપ્ર શીરોમણ તેલંગ નાથ, તેમાં શી લક્ષમણ ભટ દીક્ષાત;પત્ની શ્રી અલંબાજી સત તે કુખ પ્રગટયા શ્રી વલભનાથ તો,વાત સુણો વશુંધ્રાનવીરે.૧ દેવનાં દુંદભીવાજાં વાજે તો પુષ્પની વ્રષ્ટિ ઉપર દીવીરે; ચદ્રઉગે કમોદની ફુલ્યાતો. કમળ ફુલ્યાં રવીજોઈનેરે.૨ તેગતેમ ભક્ત તણાં મન ફુલ્યાં, જગત પુરૂષ પ્રગટયા સોસીએ; કળયુગ જીવ ઉધારવા કાજેતો,વૈશ્નવને સુખ આપવારે. શ્રી વલભ દર્શન દુર્લભ હોય તો ભાગ્ય ભલાં જો પામીયેરે.૩ ક્રપાદ્રષ્ટિ જો ભર્ણી બાલે તો, કોટી મહાદુઃખ વામીએરે;ભાગ્યાં સંકટને દુર ગયાં દુઃખ શી વલભ

જોતાં સસીમુખ શ્રવણ પાન કરતાં ભાગીછે ભુખ એ ચર્ણે જે આ વ્યા જીવ તે ચર્ણકમળ છોડી મર્યાંરે.૪ ભવસાગર જન ગાયો નાખરીઓ તો ઓળંગતાં વાર કેટલીરે ઉજવળ નિર્મળ એ મારગ તો, જેમરે ગંગાજળ ગાજતાંરે. ૫ અનેક કોટી મારગ જોતાં જોતાં, અધીક અમને છાજતાંરે. નામ સમરપણ આપ્યાં જે જનને તો, અનન્ય શેવક થયા ભાવશુંરે. ૬ ઘેર ઘેર શેવા સોંપી ભક્તને પ્રેમ ભાવ લડાવશુંરે, ત્રણ વાર પ્રથ્વિ પરિક્રમા, માયાવાદીના ભાગીછે બ્રહ્મા; ખંડ ખંડમાં રાખ્યા ધર્મ તો, મર્મ ન જાણે એ કુળતણુંરે. ૭ આ સુખ નિત્ય છાંડે તો લીલા લલીત એ કુળતણીરે; આનંદમંગળ નિત્ય ઓછવનો, ત્યાં પ્રગટ્યા શ્રી ગોકુળ ધણીરે, ક્રપાદ્રષ્ટિછે કામ દુર્ગાતો, કલ્પદ્રમ શ્રી વલ્લભવરરે; ગંગાપ્રભુ શો દેવકીનંદન, કલ્પદ્રમ શોર હાથીયારે. ૮ વિપ્રશિરોમણ શ્રી તેલંગનાથ.

ધોળ ૧૬૧.

શ્રી વલભ વિઠ્ઠલ શ્રીજીરે રમવાને આવો; શ્રી નવનિત્ય પ્રીયાજી નાહ્યાનારે, સંગ તેડીને લાવો.૧ શ્રી બાળકૃષ્ણજી બાલુડારે ખેલ ઓ આવો;શ્રી નટવરજી પ્રાણ પ્યારારે, એમને તેડીને લાવો.૨ રમતું જમતું રંગરે,વાહાલાની સંગેહ્યાં હુગારાં માનોરે,શું થાઓછો હંજે. ૩ શ્રી ગોસાંઇ માહારાજ તમને કહુછુરે, ગુજરાત પધારો; ત્યાં સર્વેને દરશન દઇનેરે, પુષ્ટિમાર્ગ વધારો.૪ સહુનેસમર પણ આપોરે,તેહવાં હુમને આપો; સહુ વૈશ્નવને તાર્યારે, હેવા હુમને તારો. ૫ મધ્ય રાતે મંદીરમારે, વાંસલડી વાગી; વ્રજ નિદ્રામાં સુતાંરે, ઝબકીને જાગ્યાં. ૬ ઓચિંતો અજાણ્યોરે, બારણે આવી; પાડોશણને પુછુંરે, મોરલી ક્યાં વાગી. ૭ જો તાહારા મંદીરમાંરે. વાંસલડી વાગી; જમુનાંજીનો તીરેરે, મોરલી ત્યાં વાગી. ૮ શ્રી પુરૂષોતમજી મહારાજ તમને કહુછુરે, શ્રીજી દ્વાર પધારો; શ્રી ભામની વહુજીની દાશીરે, જમુનાં પાન કરવા સધારો. ૯ ચર્ણ શરણ અમને રાખોરે, એટલું છે કામ; આહરનિશ દરશન આપજોરે, દેઉ તમારૂં નામ. ૧૦ શ્રી વલ્લભ વિઠ્ઠલ શ્રીજીરે, રમવાને આવો.

ધોળ. ૧૬૨.

સર્વે સહચર સગાણી મળી આવોરે, ગીરધારી લાલજીને મોતી-એ વધાવોરે. ૧ ચર્ણજીવો શ્રી વ્રજભુખણજીના લાલારે, રૂપનિજ વેશ્મત કેરા વાહાલારે. ૨ રૂમઝુમ ઝાંઝરી ધુઘરી વાજેરે, લીલા જોયાવિના મન દાઝેરે. ૩ ક્ષણુ ક્ષણુ વાહાલો કૃપાદ્રષ્ટિ જુએરે, વાહાલ ઉપજાવે વાહાલો મીઠી વેણુરે. ૪ મુખ પુરણુ સરદ સ-શી રાજેરે, જોતાં સજ્જન ચકોર વીરાજેરે. ૫ અતી કટી ત્રટી શોહીએ જીણી ધોતીરે રજી કામની કમળ મુખ જોતીરે. ૬ ઉપરણો આડા ઉભા પ્રભુ પારેરે, કરતા આરતીને નિરખ્યા ગોકુળદાસેરે. ૭ સરવે સહચર સમાણી મળી આવોરે.

ધોળ ૧૬૩.

શ્રી વલ્લભ દુર્લભ યુગમાં કહીએ,તેપ્રગટ્યા આણીવારજીમુખ્ય જીવ પોતાના,તેહેનીકરવા સંભાળજી.૧ ચરણ કમળ મકરંદલોભા-ણા,તેહેના ભાગ્ય અપારજી;વચનં સુધારસ શ્રવણે સીચે,શ્રી સુબો-ધની સારજી.૨ શ્રી ગોકુળને ફરી વસાવ્યુ, શ્રી વલભરાજ કુમારજી; શેવા શ્રી ગીરધર લાલની, કરવા બહુ પ્રકારજી.૩ કરિ સણુગાર વા-હાલો ગરીથી ઉતર્યા, ચાલા આંસુની ધારજી; પલક એક રેહેવાય ન-હી પીયુવિના, એછે પ્રાણુ આધારજી.૪ મનુષ તન ધરી લીલા કીધી. પુરણુ બ્રાહ્મણ સાકરજી; ત્રણુ વાર પ્રથિવ પરીક્રમા, ઉતર્યો ભુમીનો ભારજી. ૫ એવિના હેવી કોણુ કૃપા કરે, એ છે પર્મઉદારજી; રખે એમાં સદેહ આણો,સકળ સારમાં સારજી.૬ દાસ ગોપાળદાસ કયાં-લગી વરણુ, સકળ વેદધારજી; શ્રી વલભ દુર્લભ યુગમાં કહીએ, તે પ્રગટયા આણીવારજી.૭ શ્રી વલભ દુર્લભ યુગમાં કહીએ.

ધોળ ૧૬૪.

ગોકુળની ગોપીઓરેચાલી જળભરવા.સામળીઓ સન્મુખરે; આવ્યા માહારૂ મન હરવા.૧ આતે શું અચરજ રે,આવ્યા માહારી સેરડીએ, કાંઇ કુંનવ બોલુંરે.એ બોલાવે છે.૨ મોહન મોહીનેરે,

આથા લાગી છે; જીવણને જોઇનેરે, ધરધંધો ભુલી.૩ હાંરે મને સબળ ગમેછેરે, એ વરનો લટકો; આંગળીએ વળગોરે; વાહાલો આવે છે.૪ આ રામે વહુવારૂરે, લાલા લાજ ભર્યાં; બોલતાં બીજેરે, કંથ કેકુ કર્યાં. ૫ સાસુડી સુણસેરે, નણદલ નાહાની છે; માતવના સ્વામી રે; અમ્રતની ધડીએ. ૬ ગોકુળના ગોપીઓરે, ચાલી જળ ભરવા.

ધોળ ૨૬૫

સાચા સગંધીડા શ્રી ગોકુળ કયારે જઇશુ. આપણ બે બેલડીએ વળગી; શ્રીજમુનાંજીમાં નાહીશું સાચા સગંધીડા. ૧ ગોકુળીઆની ગલી ગલીએ, ગુણ ગોવીંદના ગાઇશું. સાચા. ૨ શ્રીગીરધારી અલબેલા જોઇ જોઇ, મન ચીતવ્યાંલાડ લડીશું. સાચા. ૩ ભીમના ઠાકોરને જઇને ભેટીશું, સદા સોહાગણ થઇશું. સાચા સગંધીડા શ્રી ગોકુળ કયારે જઇશું. ૪

ધોળ ૨૬૬.

ભજો ગોપાળ ભુલમત જાઓ; મનુષ્યાદેહીકો એહી હે લાવો.૧ ગુરૂશેવા કરી ભગવત કમાઇ; જગ તે મનુષ્યાદેહી પાઇ.૨ એ દેહીત સુપરો હેવા; દેહ ધરી કરીએ હરી શેવા ૩ સુનોહો સંત શેવાકી રીત; કરો કોએ અરૂ રાખો પ્રીત.૪ પ્રીત કિઠા શ્રીકૃશ્ન કેવે; જોહી ફળ માગે સોઇ પાવે ૫ જીને ઠાકોરકો દરશન કીયો; જીવન જન્મ સફળ કરી લીઓ.૬ જે ઠાકોરકી આરતી કરે; તીનલોક તાકુ પાયપરે.૭ જે ઠાકોરકો કરે પ્રણામ; વૈકુંઠહોત તાકુ નિજધામ.૮ જોશ્રી હરીકો સુમરે નામ; તાકુ કુશળ નિત્ય પુરણ કામ.૯ જે ઠાકોરકો ધ્યાન લગાવે; ધ્રુવ પ્રલ્હાદકી પદવી પાવે. ૧૦ જીને ઠાકોરકો ચર્ણામૃત લીઆ; વૈકુંઠ લોક અપનો ઘર કીઓ. ૧૧ જે હરી આગે બાજીંત્ર બજાવે; તીન લોક રાજધાની પાવે. ૧૨ જો હરીકો સ્નાન કરાવે; ગર્ભયોનીમાં કબહુ ન આવે. ૧૩ જો શ્રી હરીકો કરે શ્રગાર; તાકુ પુરણ કરે અંગીકાર. ૧૪ જે ઠાકોરકુ તિલક ધરાવે, તાકો મહીમા કહુત ન આવે. ૧૫ જો ઠાકોરકો કીર્તન સુનાવે; તાકુ ઠાકોર નિકટ બોલાવે. ૧૬ હરી મંદીરમાં દીપક કરે; અંધકુપ ભવમાં નહી પરે. ૧૭ જે ઠાકોરકી સેજ બીછાવે; નિ-

જપદ પાવે દાસ કહાવે. ૧૮ જે ઠાકોરકો પાલને ઝુલાવે; વૈકુંઠ સુખ અપને ઘર લાવે. ૧૯ જે ઠાકોરકો ધરાવે ભોગ; તાકું પરમાનંદ નિત્ય જોગ. ૨૦ પાય પદમી જસોદા માત; તા સુખકી કછુ કહી ન જાત. ૨૧ ગ્વાલમંડળી સો ગોપાળજી ગાવે, સો ઠાકોરકો સખા કહાવે. ૨૨ ગોકુળ ગોવર્ધન જો લીલા ગાવે, ચરણકમળ રસ તબહી પાવે. ૨૩ જો વૈશ્નવ વિવેકી હોય; તાકી સંગત નિત્ય પ્રતી હોય. ૨૪ શ્રી ભાગવત સુનો આદર કરી, તાકે રદે બસે શ્રીહરી. ૨૫ જે ઠાકોરકુ ભોગ ધરાવે; શેવાકો ફળ તબહી પાવે. ૨૬ જે કરે જમુના જળ પાન; સો ઠાકોરકે રહે મનોધાન. ૨૭ હરીમંદીરમાં કરે બુહારી; કબહુ ન પાવે જમકી મારી. ૨૮ જેણે ઠાકોરકો ગાગર આણી; વૈકુંઠ અપને સ્થાન ઠરાની. ૨૯ જીને ઠાકોરકો મંદીર લીંપ્યો; મનુશા જન્મ તેહે જન જીત્યો. ૩૦ જીને ઠાકોરકો શીધો આનો; જે તે તીર્થ તેહેને કીનો. ૩૧ જે ઠાકોરકો બીને ફુલ; સદા કાળંદ્રી કુલ. ૩૨ જે ઠાકોરકો માળા પેહેરાવે; સદા સવદા ભગતહી હોવે. ૩૩ જે ઠાકોરકો ચંદન લગાવે; ત્રીવીધ તાપ સબ મનકે જાવે. ૩૪ જે ઠાકોરકો આસન ધુવે; સદા સર્વદા નિર્મળ હુવે ૩૫ જે શ્રી હરીકો કિર્તન કરે; મુક્તિચાર તાકે પાય પરે. ૩૬ શેવામાં જો આળસ કરે; કુકર હોય ફેર ફેર મરે. ૩૭ મનશાશુ જો શેવા કરે; તબહી શેવા પુરી પરે. શેવાકો જો આશરે રહીએ; દુખ દુર બચન સબહી સહીએ. ૩૯ શેવામાં જો સંશય લાવે, તે કોટીક જન્મે પ્રાશ્ચિત પાવે. વેદપુરાણ શ્રી ભાગવત ભાખે; સચરા સબ વ્રજ જન ચાખે. ૪૧ શેવા કીજે અદભુત રીત; શ્રી વિઠ્ઠલ નાથશું રાખે પ્રિત. ૪૨ શ્રી મહાપ્રભુને પ્રગટ બતાઇ; કૃપા ભઇ તબ મત આઇ. ૪૩ શેવાકો ફળ કહ્યો નવ જાય; એ સુખ સમરો શ્રીવલભરાય. ૪૪ શેવાકો ફળ શેવા પાવે; સુરદાસ સબ બલબલ જાવે. ૪૫ ભજો ગોપાલ ભુલ મત જાવો.

ધોળ ૧૬૭.

આવોજી મળો સાહેલડીજી, હઇડે હરખ ન માય; માંહો માંહે વધામણી, પ્રગટ્યા શ્રીવિઠ્ઠલરાય. ૧ નવસત આભ્રણ અંગે સજયાંજી,

ચાલી વ્રજની નાર; અતી આનંદે ઉમંગી ભરીજી, પોહોતાં શ્રીવલ્લભ દ્વાર. ૨ ધન્ય ધન્ય શ્રીવલ્લભ ધણીજી, ધન્ય શ્રીઅંકાજી માત; શ્રીગોકુળચંદ પ્રગટીઆજી, શ્રી ગોપીનાથજીના ભ્રાત. ૩ આપણને સુખ આપવાજી, શ્રીવલ્લભ રાજકુમાર; ફરી ગોકુળ પધારીઆ, અબળાના આધાર. ૪ દ્વાપર ઓળંગીજી, હૃદડામાં હુતી હામ; તે પ્રભુજી પધારીઆજી, પુરવા નિગમના કામ. ૫ માગશર માસ સોહામણોજી, સોહામણો નોમીનો દીન; કૃષ્ણ પખવાડીએ પ્રગટીઆજી, શ્રીગોકુળ માંહી રતન. ૬ રાત્ર દીવસ શોધે સદાજી, બ્રહ્માદીક માહેશ; દરશન માત્ર આપે નહીજી, સપનંતર નવ લેશ. ૭ શેષ સહસ્ત્ર મુખે સ્તુતિ કરેજી, નિગમ ના પામે પાર; દૈવીનાં દુખ ટાળવાજી, પ્રગટ્યા બીજીવાર. ૮ શ્રીવલ્લભજીના લાડીલાજી. શ્રી પદ્માવતી વહુજીના કંથ. ભગવદી ભાવે ભેઠીઆજી, અઢળક પુર્ણાનંદ. ૯ ઘેર ઓછવ અતી ઘણોજી, વાજે તાલ મૃદંગ; માનુની મંગળ ગાયજી, હૃદએ ધરી ઉમંગ. ૧૦ કુમકુમ કેસર છાંટણાંજી, ઉલટ અંગ ન માય; તરીઆતોરણ બાંધીઆંજી, મોતીના ચોક પુરાય. ૧૧ ગાએ ગીત સોહામણાંજી, પ્રગટ્યા શ્રી વિઠ્ઠલનાથ; દાન આપે વીવીધ તણાંજી, ઉદાર શ્રી વલ્લભનાથ. ૧૨ બંદીજન બહુ યશ ભણેજી. ચીરંજીવો રાજકુમાર; તલગ તીલત ત્રીભોવન ધણીજી, શ્રી ગોકુળપતી આધાર. ૧૩ શ્રી વલ્લભ ઘેર પ્રગટીઆજી, પુરણ બ્રહ્મ જુગદીશ, સકળ કળકળીકાળમાંજી, પ્રગટ્યા પ્રાણ ઇશ. ૧૪ કળીયુગ જીવ ઓધારવાજી, ટાળવા ભોમીનો ભાર; વદનકમળ અવિલોકીતાંજી, પોહોતી મનડાની આશ. ૧૫

ધોળ ૧૬૮.

શ્રીવલ્લભ વીઠ્ઠલહરી ના જાણ્યા, તેણે સર્વશ ખોયુ રે. ટેક. શું ભાવ્યા શું લખ્યને જાશો, વારંવાર વહેવાઆરે. શ્રી વલ્લભ. ૧ પુષ્ટિમાર્ગમાં જે જન આવ્યા, વિધ્યારો ના વળગ્યા રે; શેવાનું ફળ શેવા થાશે, સ્તુ પ્રમાણે મેવારે. શ્રીવલ્લભ. ૨ સંપત પ્રમાણે સમર્પિત લેજો, તેનું નામતો શેવારે; શેવા કરશેને પાખંડ ધરશે. તે આથડાતા મરશે. શ્રીવલ્લભ. ૩ ભાવવિના જે ભકિત કરશે, તે પથ્થર કેમ તરશેરે; મીઠું બોલે

આચરણ ખોટાં, તેહુને તે ખર કહીએરે. શ્રીવલ્લભ. ૪ માધવ-દાસ તો એટલું માગે છે, તેહુનો સંગ ના કરીએરે; શ્રીવલ્લભ વિઠલ હરી ના જાણ્યા, તેણે સરવસ ખોયુંરે. ૫

ધોળ ૧૬૯.

શ્રીવલ્લભ પ્રભુજીને શરણ ન આયો, જન્મ અપનો ખોયોરે; પહેલે તો તેં કછુ ન બીચારો, ઉદર ભરી ભરી સોયોરે. શ્રી-વલ્લભ. ૧ અમૃત સુધારસકી ચાહના કીની, મન પાખંડે મોયોરે. શ્રીવલ્લભ. ૨ સુર કહે મેં અબકુ ચેત્યો, નેનન ભર ભર રોયોરે. શ્રી વલ્લભ. ૩ શ્રી વલ્લભ પ્રભુજીને શરણ ન આયો.

ધોળ ૧૭૦.

વળી વેગે દરશન આપીયાં, લાલ ગોવરધનધારીરે; કરૂરે પેરેપેરે વારણાં, મુખપર જાઉં બલીહારીરે ૧ શોભા સુંદીર તારી શી કહું, માહારે મુખરસના એકરે; શેષનાગ કહેવા સમરથ નહી, કહો જીવ કોણ વશેકરે. ૨ જશોદાને નયણે નીદ્રા તજી, થઇ રહી આતુર નારરે; વ્રજના જીવણ માહારો વાલમો, કરજો અમારી સા-હારે. ૩ થોડા માંહે ઘણું કરી વિનંતી ચિતડામાં ધરજોરે; દિન જાણી દીનાનાથજી, તાપ ત્રીવિધિતણાં હરજોરે. ૪ વળીવેગે દરશન આપીયાં.

ધોળ ૧૭૧.

શ્રીવલ્લભકુળ વ્રજનું જીવણ ધન્યશ્રી વિઠલ પ્રભુ પ્રગટીયારે; વેદ વહીતકૃત શ્રીભાગવતસાર, ભક્ત મનોરથ સરવે સર્યારે, ઢાળ. જીરે ભક્ત મનોરથ સરવે સરીયાં તે વ્રજનાં કાજ; શોહસ્ત્ર શક પ્રમાણે કહે પુરૂષોતમ શ્રીવિઠલનાથ. ૧ એક રસનાએ કેમ કહું, રશતણો અધિક વિસ્તાર; જીવ જાણવા જોગ નહી, પણ સુતિ ન પામે પાર. ૨ મન ઇચ્છાએ માહારો વાહલમો, પધાર્યા શ્રીનાથજી દ્વાર; અધીકારીરે આશ કહે, રથ સાજવા નિરધાર. ૩ ભોજન કરી પધારીયા, વાહાલે વસ્ત્ર પહેરયાં સાર; કંઠમાં આરોપીયો, શ્રીનાથજીનો હાર. ૪ રસભર્યાં સામગાં, આતુર રૂદે ભાવ અપાર; હારા વદને વચન કહે તે, સાંભળે નર નાર. ૫ વૈશ્નવ જુથે પરવર્યા, શોભાતણો નહી પાર; તોરંગલીલા

વાયુ વેગે,આંણીયાં સંગ દ્વાર. ૬ પેંગડે પગદેઇ નાથ ચઢયા, વારૂ
કોટીક કામ;ચોપાસ વૈભવ મંડળી,શોભા તે સુખનું ધામ.૭સખાસે
પધારીયા, જઇ નિર્ખી આનંદકંદ; ચકોરનીપેરે ભામની, નિરખે તે
શ્રીમુખચંદ. ૮ ધોળ ગાયેને સ્વર શોહાએ, શ્રીજમુનાજીને તીર; દુ-
રથી અવિલોકતાં,નયણે તે ઢાળે નીર. ૯ વાલમો વેગે નાહાવા બેઠા,
પાર પહોંચ્યા સાર; ઇંદ્રાસન વારણે,આ રથ કાંઇ વાર. ૧૦ પદઆઇ
લોકે કથા પ્રસંગે, ચિંતા શહુની જાય;ભીડ રથ પાછળ ઘણી, આ-
નંદ અંગ ન માય. ૧૧ જીરે મારગ સુખસુખ શાં કહું, કેહેતાં ન પામું
પાર; અલ્પ બુધ્યમત્ય મંદ મારી, કેમ કરી કરૂં વિસ્તાર. ૧૨ જીરે સ-
મેનાં સુખ શાં કહું,વાલમો બેઠા નાહાવ;જેજે દશાના જીવછે, તેને વો
ભાવ.૧૩ નાથ નિગમે નિકટ પોહોંચ્યા,મન ફુલઅંગ નમાય;અવિ-
લોક વાધ્યા આતુર ઘણા, વાહાલોજી વેગે નાહે.૧૪ જીરે નાહા ધોતી
અંગ પહેરી,તીલક કીધાં સાર;ઉપરણો ઓઢીકરી,પધારીયાં આધાર.
પ્રણામ પર્વતને કરી, જઇ જોયા શ્રીમુખચંદ્ર; દુખડાં લઇ દંડવત કરે,
અવિલોક શ્રીવલ્લભનંદ. ૧૬ આરતી સેનશણગાર,ભોજન નિત્યનો
વેહેવાર; એણીપેર અનુભવ કરે, શ્રીવલ્લભ રાજકુમાર.૧૭ એણી પ્ર-
કારે જન જે રહ્યા, શ્રીનાથજીને દ્વાર;આનંદઓછવ અતીઘણા, મ-
ન ફુલનો નહી પાર. ૧૮શ્રીનાથજીને નિરખવા,નિજ ધ્યાન કરે સહુ
સાર;અનુભવીને અનુભવ ઘણો, કેહેતાં ન પ્રાછે કોય. ૧૯ જીરે પર-
સ્પરના શુત્ર એહુના, એહી જાણુ ભ્રાંન્ત; જીવનો કોણ આશરો, જે
કરે મોહોટી ખાંત. ૨૦ જીરે નાથ નીગથી ઉમરયાં, વ્રજ ચાલવા નિ-
ર્ધાર; કંઠ હારને હાથ બાંડી, લટકતા વ્રજરાય. ૨૧ જીરે નિજ મંદીર
પધારીયા, ભોજનતણા વેહેવાર;વસ્ત્ર પેહેરી રથ બેઠા, પ્રાણના આ-
ધાર. ૨૨ પ્રભુજિને મનમાં શોચના ફરકતા અધુર રશાળ; તેહને વેણુ
ભુજાચરણ,આતુર રમણ ગોપાળ.૨૩ વ્રજમાંતે આવી વધામણી,સાં
ભળી સહુ નરનાર; હરખે તે હૈડે મલપતી, ગુજરાતી કેરી નાર. ૨૪
વ્રજ જુથેજુથ મન ફુલીને ઉભી,જોવા પ્રાણ આધાર; ધોળ માત્રવદા
સનું,ગાતાંતે ગુણ વિસ્તાર.૨૫ સેરીએ તે શોભાતા સાથીઓ,ચોકમાં

ચિત્ર રસાળ;મારગકદળીના સ્થંભ રોપ્યા,આવતાં પ્રાણઆધાર.૨૬ પ્રિત્યે તે પ્રભુજી પધારીયા, જેહની શેરીએ ન સમાય;શેવા કરી શ્રી નાથજી, આવ્યા બેઠક માંહ્ય.૨૭ આરતિ કરૂરે ઓવારણાં, વાહાલે ભક્તની પુરી આશ;જુગ જુગ જીવો માહારા વાહાલમા, બલીહારી જાય ગોપાળદાસ. ૨૮ શ્રી વલ્લભકુળ વૃજનું જીવણ.

ધોળ ૧૭૨.

ભલે પ્રગટયા શ્રીગીરીવરધારીલાલ, શેવક સુખકારણેજી;જીરે આનંદ મંગળ ગાય તોરણ બાંધ્યાં બારણેજી. ૧ જીરે ધન્ય શ્રીરૂક્ષમણી માય, કુંવર ઝુલાવે પારણેજી; જીરે વ્રજ બધું નીરખવાને જાય, નીરખી હરખી જાય વારણેજી.૨ જીરે સુરપતી કરે નીરઘોશ ઢોલદદામા વાગીઆંજી;જીરે વૈશ્નવ જન કરે કલોલ, પ્રગટયા શ્રી ગોકુળના રાજીઆજી.૩ ॥ઢાળ॥ ભલે પ્રગટયા શ્રી ગીરવરધારી લાલરે,નીખ શીખ સુંદીર રૂપ રસાળ.૪ સુંદીર શુભગ શોહામણા ભાલરે,ભાલ કેસરી તીલક બીરાજે લાલરે. ૫ લોચન ચંચળ મીન સમાનરે; નાસીકા કીર ચંચુ ચંનણ્ય કમાનરે.૬ તેહને તેજે ત્રીભોવન મોહીઆરે; રત્ન જડીત કાને શોહીઆરે.૭ ક્રિ રર દીસેછે મોતીરે, વદન સુધાકર જોતીરે. ૮ ઘર ઘર સુંદરી મંગળ ગાયરે,વાલાજીને નીરખવાને જાયરે. ૯ કર ગ્રહી કંચન કેરી થાળરે, મધ્ય મુક્તાફળનો હારરે. ૧૦ આવ્યા શ્રીવિઠલ રાયજીને દ્વારરે, નીરખ્યા સુંદીર શ્રી ગીરવર લાલરે. ૧૧ નીરખી એ વારણે જાયરે, સુખ જોતાં તૃપ્ત ન થાયરે. ૧૨ એ સુખ અનુભવીઆંરે પ્રમાણે, વૃજભુખણ કયમ કરી વખાણેરે. ૧૩ ભલે પ્રગટયા શ્રી ગીરીવરધારી લાલ.

ધોળ ૧૭૩.

ચતુર્ભુજછે ચારૂરે રૂપાળા રશીઆ, સુખ મનોહર શુંદરરે,શરીતા તીર વશીયા. ૧ ચરણકમળ ચીત ચારૂરે, ઘુઘરીને ઘમકે;પાય વીંછવા પ્રેમ્યારે, ઝાંઝરને ઠમકે.૨ શ્વેત શરીરે ચંદનરે,આનંદથી અરચ્યું; કસ્તુરીનું તીલકરે,ચંદન અંગ ચરચ્યું. ૩ કાને કુંડળ લળકેરે, ચળકે ચુની ચારૂ; ભાલ ભ્રકુટી નિરખીરે, મન મોહ્યું માહારૂં.૪

અતિ અણીઆળી આંખેરે, કાજળ કોરાણું;કીકી કામણગારીરે, ચિત્ત તેથી ચોરાણું. ૫ પીળા પટકા લળકેરે, ચટકે ચાખડીઓ; જામા છે જરકશીઆરે, કરકસી રાખડીયો. ૬ મુગટ લટપર લળકેરે. મોતનની માળા; રત્ન સીંહાસન રાજેરે, રશીઆ રૂપાળા. ૭ પ્રભાશંકરના સ્વામીરે, વશીઆ ગુજરાતે; ભાવકરી સહુ ભેંટેરે, કરૂણાકારી તે ૮ ચતુર્ભુજ છે ચાહરે રૂપાળા રશીયા.

ધોળ ૧૭૪.

શ્રીવલ્લભ પ્રભુને કરૂ પ્રણામજી;જેહેને કરી હોય પુરણ કામજી. ૧ રંગ રસાલ અદ્રીત જેહેનું નામજી,સકળછે સાથ ન લેતાં નામજી. ૨ ટેક. નામ લેતાં શ્રીવલ્લભ પ્રભુનું,કલમીશનો હોય નાશ;એવી દ્રઢતા આવ્યાથીરે શેહેજ જગત ઉપહાસ.૩ ઉપહાસસહી ઉપરાંત પામે,અન ભાપણ નવ કરે; શ્રીલક્ષ્મણ સુતની કૃપાથી, સેહેજે ભવસાગર તરે.૪ શ્રી વલ્લભપ્રભુ પ્રગટાયા, જીવનો કરવા પેર; ભવજળ માંહ્ય મન દેખી,થઇ મનમાં મેહેર. ૫ વિચાર કીધો શ્રીવલ્લભ પ્રભુજીએ,પોહોચ્યા શ્રીજમુનાં તીર;શ્રાવણ સુદી એકાદશી, મધ્ય નીશા શ્રી ગીરીવર ધીર. ૬ તે સમે શ્રીવલ્લભ પ્રત્યે, બોલ્યા શ્રી નાથ; અઘોળ કળયુગ દેખી જીવને, સોંપ્યું તમારે હાથ. ૭ સ્રી શુદ્રનો નીસ્તાર કરવા,વિચાર્યુ મેં જેહ;નામ રૂપી નાહાવ બેસારી,ભવપાર કરવા તેહ. ૮ બત્રીશ દોશ નીવરતશે, થાશે નીરમળ તન; માહારૂ ભજન કીર્તન શ્રવણ કરતા, સદા પ્રફુલ્લીત મન.૯ ચાલે સદા પ્રફુલીત,મન હરીગુણ ગાયજી; સ્વરૂપ શેવાનું તો, ફળ તેહને થાયજી. ૧૦ અન સમરપી વસ્તુ જેહજી, મનમાં જાણી નીગ્રહેવી તેહજી.૧૧ જયમ ગંગાજળ ત્રીવીધ પ્રકારજી,ત્યમ આ મારગછે અતી સારજી. ૧૨ વિચાર્યુ છે તે નીરધારજી ૧૩ એમ કહી પામ્યા અંતરધ્યાનજી, શ્રી વલભ પ્રભુજીએ વિચાર્યુ છે ધ્યાનજી. ૧૪ ઢાળ.॥ જ્ઞાન વીચાર્યુ શ્રી વલભ પ્રભુજીએ, જીવનું કરવા કાજ; શવા સ્મરણ સોંપીઉ, શ્રી વલભ પ્રભુજી મહારાજ.૧૫ આજ્ઞા આપી જીવને, તમે કરો એહ પ્રકાર; રંક જાણી શ્રી નાથજીએ, કર્યો અંગીકાર. ૧૬ તે કાળે કુમારએ,

સબ જીવ ચાલ્યા જાય; શ્રી વલ્લભપ્રભુની કૃપાથકી, મોટા પતીતપાવન થાય. ૧૭ એવો યશ વિસ્તાર વાધ્યો, ત્રણલોક ચાલી વાત; બ્રહ્મસંબંધના પ્રહણથી, ન હોય કાળની ઘાત. ૧૮ પુષ્ટિમારગ રોપીઓ, પ્રથિવ તે પ્રગટો શુર; બત્રીશ જે દોશ તે જીવના, તતક્ષણ કીધા દુર, ૧૯ વિના ગ્યાને વિના ધ્યાને, વિના જોગ આચરણ; જયેમ ત્યેમ કરીને જીવ રહે, શ્રી વલ્લભ પ્રભુને શરણ. ૨૦ જોગ ધ્યાન જપ તપવીના, જપે નીરંતર એક; સરવશ છાંડી નામ, નીશ્ચે રાખીએ મન ટેક. ૨૧ હું કરગરીને કરૂં વીનતી, મુને શરણે રાખો આજ; હરીદાસકો કરગ્રહી, રાખો બાંહ્ય ગ્રહેકી લાજ, શ્રી વલ્લભ પ્રભુને કરૂં પ્રણામજી.

ધોળ ૧૭૫.

વેણ મધુરીરે વાય, તેણે સુદ્ધબુધ માહારી જાય. ૧ અંતર બેધુરે ચાલે, તેડયાં પ્રેહુતણાં તે ચાલે. ૨ અવળા ભુષણરે ધર્યાં, પગનાં નેપુર કાને પેહેર્યાં. ૩ દુધ ઉકાળેરે ચાલ્યાં, બાળક ધાવતાંરે મેહેલ્યાં. ૪ પતિકુળ લજ્યારે લોપી, મનડું પુરૂં બોટા મને સોંપી. ૫ આનંદે ચાલીરે હેલી, થઇ છે કાનુડાને બેલી. ૬ વળતા બોહ્યારે વાણી, સાંભળો ગોપીજન મન આણી. ૭ અર્ધનિશાએરે આવ્યાં, લોક વિરૂદ્ધ તમે કયમ કહાવ્યાં. ૮ કુળનો ધર્મ નહી એ રીતે, વેદ મર્યાદા તણી એ બાતે ૯ કંથ તમારેરે જાણે, ઠપકો દેશે કોઇક ટાણે. ૧૦ લંછન લાગેરે કુળને, જાઓ પાછી આપણ ગોકુળને. ૧૧ વાત વિચારીરે તોલો, અણુગટતુ પ્રભુ શાંનું બોલો. ૧૨ વ્રજવિનતારે બોલ્યાં, અંતરપટ મન સરવે ખોલ્યાં. ૧૩ સરણ તમારેરે આવ્યાં. વેદ રૂપી સાંકલડાં તોડાવ્યાં. ૧૪ લાંછન તેહુનેરે આવે, સ્વરૂપ સંબંધ નહી મન લાવે. ૧૫ દેહીના સંબંધી વાહાલા, તેહેનું શું ઉપજે છે કાલા, ૧૬ આતમા સંબંધીરે વાહાલો, સર્વે તજીને તે અમને ઝાહાલો. ૧૭ અર્ધુકમળનીરે આશા, આવી પ્રેમ તણી પાશા. ૧૮ વચન સુણીનેરે રીઝયા, ગોપી સરોવડ નહી કોઇ બીજા. ૧૯ રમત માંડીરે હરીએ, સુંદર સંકેત વનની ગલીએ. ૨૦ સરદપુનમનીરે રાતે, રાસમંડળ રચ્યો બહુ ભાતે. ૨૧ તતાથૈઇ તતાથૈઇરે તાળી, સાબંધન ગાએ નર

નારી.૨૨ ગીડગીડગીડરે રંગે, થુંગથુંગ નાચે ફિર તીરાને સંગે. ૨૩ ગતીની ભેદમાંરે જાણે,કવીની શી ગત પોહચે તે વખાણે. ૨૪ગોપી એ અભીમાનરે આણ્યું, અમ સરખું કાંઇએ ન જાણ્યું. ૨૫ અંતરધ્યાનેરે પામ્યા, સંગ લેઇ ગયા એક શ્યામા.૨૬ તેમનું મનડુંરે ફુલ્યું, મુજ વિના સરવેછેરે કુડું. ૨૭ વર્ણે ચલાએ નહીરે સ્વામી, ખાંધ ચડાવો અંતરજામી. ૨૮ અભિમાન એવુંરે આણ્યું, તેથી પ્રભુજીએ મનમાં જાણ્યું. ૨૯ પ્રભુજીએ મેલ્યાંરે વનમાં, તજી ગયા દુઃખ પામ્યાં મનમાં. ૩૦ એટલે શખીજનરે આવ્યાં,હુગીમગાને સાંહામાં બોલાવ્યાં. ૩૧ પ્રભુજીએ દીઠાંરે બાળાં, લોચન સુંદીર બહુ રસાળાં. ૩૨ મનમાં મન જ્યારે આવ્યું, તજી ગયા તમને શું કહાવ્યું ૩૩ નેત્રે વહેછેરે નીરે, ચાલો ભેગાં જુમનાં તીરે. ૩૪ દ્રુમને પુછેરે હેલા, કંઇ દીઠાછે વનમાળી. ૩૫ કદમના વૃક્ષનેરે પુછે,કહોએ પીતાંબરની શુદ્ધ કેહેછે. ૩૬ એમ પુછતાંરે જાય, દેહગતી ભુલ્યાં કાંઇ ન લજાય. ૩૭ એમ કરીનેરે બેઠાં, રૂદન કરેછે મળી એકઠાં. ૩૮ શુદ્ધ રહી નહીરે લગાર, પ્રગટ્યા હરજી તેણીવાર. ૩૯ આનંદ મંગળરે થાય, વ્રજના જુવતી રાસ રમાએ. ૪૦ રસની રેલીરે થાય, શ્યામ પીવન હુને પાય.૪૧ શ્રી વલ્લભ કૃપાએરે ગાય, દાસ મનોરથ પૂરો થાય. ૪૨ વેણુ મધુરીરે વાય, તેણે સુધબુધ મારી જાય.

ધોળ ૧૭૬.

આજ માહારે ઘેર આવીયારે, સુંદીર શ્રી વ્રજભુખણ લાલ શ્રી મુખ જોતાં માહારૂ મન હસ્યુરે, ચંચળ નહેણાંરે વિશાળ. ૧ નવરંગ મોળીડું મસ્તક શોભીતુંરે, ઉપર પેચ કેસરી રંગ; સ્વેતનો જામોરે અંગ બેસ્તોરે, પટકે બસમાં છુટી સોરંગ. ૨ લટકેને લટકે લાલજી. પ ધારીયારે, બેઠાં ગાદી તકીયા ઓઢી રાજ; ચાલોને સહિયરો વાહાલાજીને નિરખીએરે, તજીએ લોક કુટંબની લાજ. ૩ શેવકજન ચોહોંશ નિરખતાંરે, મનમાં આણી અનીશે ઉલાશ; અનોદ્રા મુકી મર્યાદા આનંદ ઉલટ્યોરે, એ સુખ નિરખે વલ્લભદાસ. ૪ આજ માહારે ઘેર આવીયારે.

ધોળ ૧૭૭.

પોરી પ્રગટ્યા શ્રીવ્રજભુખણલાલ, વાહાલો નખશીખ સુંદર રૂપ રસાળ. ૧ વાહાલો સેવક જન કેરા પ્રતીપાળ, વાહાલે દાસલડાની કરીરે સંભાળ. ૨ જીરે માગશર માસ શુકલપક્ષ દીન, જીરે મંગળવારને બીજનો દીન. ૩ શ્રીગીરધરલાલજી હરખ્યાં મન, જીરે ઉદય થયો કુળદીપ રતન. ૪ જીરે રત્નાગર માત ચંદ્રાજી વહુ, જીરે પુત્ર જન્મ સુખ પામ્યા સહુ. ૫ જીરે ચારૂમતી વહુજીને ઉછરંગ બહુ, આપે આભુખણ વસ્ત્રનો પાર ન લહુ, કુમકુમ હાથા તોરણ બંધાય, જીરે વાજંત્ર વિવિધ પ્રકારનાં વાય. ૭ જીરે નરનારી મળી મંગળ ગાય, કેસર આદ ગજા કુમકુમ શેરીયે છંટાય. ૮ જીરે જાત કર્મ નિગમ ક્રત થાય. જીરે જાચકજન જાચવા જાય. ૯ શ્રીગીરધરલાલજી આપે દાન, જીરે જાચક જન બહુ પામ્યા માન. ૧૦ જીરે આશીશ દે દ્વિજ વેદ દાન. જીરે વલ્લભદાસ સદા ગુણ ગ્યાન. ૧૧ પોરી પ્રગટ્યારે શ્રીવ્રજભુખણલાલ.

ધોળ ૧૭૮.

વંદુ શ્રીવલ્લભનાથનો વંશજી, પુરણ બ્રહ્મ શ્રીકૃષ્ણ અંશજી. ૧ જેમ રઘુકુળ રઘુરાયજી, વળી ચંદ્રવંશમાં જદુરાયજી. ૨ તેમાં તે તેલંગ તલક કુળજી, શીવિઠલ પ્રગટ્યા શ્રીગોકુળજી. ૩ સમત પંદર બાહોતેરાં વરસ છે સારજી, માગસર વદી નોમી ભ્રગુવારજી. ૪ ઘડીએક વીશને પળ પચીશજી, હસ્ત નક્ષત્ર ઘડી છત્રીશજી, ૫ પળ ચુમાળીશને તે ગણ કરણજી, પ્રગટ્યા તે સમે શ્યામ વરણજી. ૬ જેમ નંદજશોદાજી હરખ્યાંજી, તેમ શ્રીવલ્લભ શ્રીઅક્કાજી હરખ્યાંજી. ૭ બાળલીલા કરી લાડ લડાવ્યાજી, પછે તે વહુજીને પરણાવ્યાંજી. ૮ વડાં તે વહુજી શ્રીરૂક્મણીજી, પુત્ર છ બેટી ચાર તે તણાંજી. ૯ શોભા જમુનાં બેટી એ વડાંજી; કમળા દેવકા બેટી નાનેરાંજી. ૧૦ બીજા શ્રીપદ્માવતી વહુજી, તેના એક પુત્ર શ્રીઘનશ્યામજી; કહુંજી. ૧૧ શ્રીરૂક્મણી વહુજી એ પુત્ર બેટ જાયાજી, જુજુવા સેવા સહીત લડાવ્યાજી. ૧૨ પ્રથમ પ્રગટ શ્રીગિરધરજી, સેવા શ્રીનાથજી નિત્ય રાખતી ગમેજી. ૧૩ શ્રીમથુરાંનાથ સદા સુખકારી, શ્રીવિઠલરાય કુંજબિહારીજી. ૧૪ બીજા તે પુત્ર શ્રી

ગોવંદજી, શેવા શ્રીવિઠલેશરાય મુકંદજી. ૧૫ ત્રિજા તે પુત્ર શ્રીબાળકૃષ્ણજી,શેવા શ્રીદ્વારકાંનાથજી સમર્થજી. ૧૬ ચોથા તે પુત્ર શ્રીગોકુળનાથજી, શેવા શ્રીગીરધરધારી સાથજી. ૧૭ પાંચમા તે પુત્ર શ્રીરઘુવર કહીએજી, શેવા શ્રીગોકુળ ચંદ્રમાજીની લહીએજી. ૧૮ છઠા પુત્ર શ્રી જદુનાથજી મહારાજજી, શેવા શ્રીબાળકૃષ્ણજી વીરાજેજી. ૧૯ શ્રી પદમાવતી વહુજીના તનજી, શ્રીઘનસ્યામ શેવા મદનમોહનજી. ૨૦ એલીલાએ શ્રીગોકુળ આવ્યું જી,ત્રેસંગ બીજું વંદ્રાવન આપ્યુંજી.૨૧ મુળ શ્રીવલભરાયજી કૃપાળજી, શ્રી વિઠલ કલ્પવ્રક્ષ રસાળજી. ૨૨ પ્રસરયો સપ્ત સાખાએ જક્તજી, નભ અંકુરને ફળફુલ પત્રજી. ૨૩ હું પું નિત્યે જાણી સીતળ છાંગેજી આવ્યા તે ભુટ્યા ભવ દ્વારજી. ૨૪ મનમાંહે રાખી તે મોહોટી આશજી. નિશાએ કર્યો તરૂ તળે નિવાસજી. ૨૫ ફુલફળ સ્વાદ સુગંધ જે જાણેજી, સુખ શંકરને નિગમ વખાણેજી. ૨૬ સુણો ધાયાં ચોદીશાથી નરનારીજી, આવ્યાં તે શરણ શરણ વરણ ચારજી.૨૭ એક ફુળ શરણ ગયે ઘણું સુખજી, એવું જાણી અમે થયાં સનમુખજી. ૨૮ જે ગાયે શીખે આરાધેજી, પ્રસન થઈ ફળ આપે તેહનેજી. ૨૯ પ્રાપ્ત પ્રિત્ય વિના પ્રેમ કયાંથીજી, નિશ્ચે કરે ભક્તિ એ ગ્યાનમાંથીજી. ૩૦ એ ફળ પ્રબળ પ્રસર્યો ત્રૈલોકજી, સ્વાદ ચાખે તેહને જાય શોકજી. ૩૧ જઇ ગૃહી પાંચમી જે ડાળજી.છાંય કરી શ્રીદેવકી નંદના લાલજી. ૩૨ દયા કરી શ્રીકૃષ્ણ ફળ દીધુંજી, ને મેહેતો શ્રવણ પંદ્રીએ રસ પીધુંજી, એ સ્વાદ પ્રસર્યા અંગો અંગજી, નિત્ય નિરખું તે નવલો તે રંગજી. ૩૪ રઘુકુળ જદુકુળ આનંદજી, બંગ પ્રભુ શ્રી ગોકુળચંદ્રજી. ૩૫ વંદુ શ્રી વલ્લભનાથનો વંશજી.

ધોળ ૧૭૯.

હરીબસો હરીબસો મેરે આપે નેનમે હરીબસો ટેક૰ અંતની કૃપા કરોયે કેશવરાય, દુરીજન હોય તેહને દુર કરે .૨ મેરે આપ બડાઇ ઓર પરનીંદા તે માહારા ચિતમાંથી દુર કરો. મેરે શેવા નહી શ્રીકૃષ્ણચંદ્રકી તે નર જુગમાં કયાં બસો.મેરેસુરદાસ પ્રભુભક્ત ભજન વિના સ્વાન થઇ ઘર ઘર ભસો.૪ મેરે આપે નેનમે હરીબસો.૫

ધોળ ૧૮૦.

વાંકે અંબોડે શ્રીનાથજી,મુને મળીયા મારગ માંય; મન હરી લીધાંજી,મનડું તે માહારૂ મોહી રહ્યુ નિરખી છબિલાને તાંય, મન હરી લીધાંજી. ૧ વાંકી તે પાઘે વર્ણાગાઓને, વાંકી ચાલે ચાલ મન. વાંકાં તે નેણ સોહામણાં ને વાંકા વણ રસાળ. મન. ૨ નઇણાં તમારાં શ્રી નાથજી,હુતો કેઇ પેરે કરૂરે વખાણ. મન. જોતાં તે શુદ્ધબુદ્ધ વિસરી,માનુનીએ મેલ્યાં માંન. મન.૩ કાળીંદ્રીને કાંઠડે, વાહાલો ગીરધારી ચારે ગાય. મન કદમ કેરી છાંયડી,વાલો મીઠા મોરલી વાય. મન.૪ વંદ્રાવનની કુંજમાં અમને,રંગભેર રાસ રમાડ્યાં.મન. બાંહે બાજુબંધ બેરખા ને, પોહોંચી છે રત્ન જડાવ મન. ૫ કાંને તે કુંડળ ઝગમગે,હરીના ઓટળીયાળા કેસ. મન. શોભા તે શી કહું માહારા સ્યામની, માહારો વાલોજી નટવરવેશ. મન. ૬ સઉ મળીને ચાલ્યા, શ્રી જુમનાંજીને ઘાટ. મન. મારગ જતાં મોહન મળ્યા, ને રોકી ઉભાછે વાટ. મન ૭ જુમનાં જળમાં ઝીલતાં, માહારો તુટ્યો નવસર હાર. મન.મોતી તે સઘળાં વેરાઇ ગયાં,એક હીરલો લાધ્યો સાર. મન.૮ શેષ સહુસ્ત્ર મુખ સ્તુતિ કરે; એનો નીગમ ન પામે પાર. મન. શ્રીવલ્લભ પ્રભુ મને અહીં મળ્યા, માહારૂં મન પામ્યું ઉલાસ. મન.૯ દાસનોદાસ વીનતી કરે,અમને દેજો વ્રજમાં વાસ. મન. દીન જાણી કરૂણા કરો, તો પોહચે મનની આશ. મન. ૧૦ વાંકે અંબોડે.

ધોળ ૧૮૧.

આવોરે આવોરે સુહાગી,શ્રીવલ્લભીઆનો સાથ; સખી મેવાડે પધાર્યા, શ્રીગોવરધનનાથ.૧ સખી મન કર્મ વચને, તજો ઘરનાંકાજ; અલોવેદ મરયાદાને કુળની લાજ.૨ છાંડો મન વિના પતી, સુત અને પરિવાર;આપણે નેણે નીરખો,શ્રીનંદકુમાર.૩ વાહાલો રૂપેછે રૂડલા, ને બીનલેછે વાન;ગળસ્થળ મંડીન,કુંડળ લળકે કાન.૪ ભાલે અલક તીલક, જાણોએ કંચન રેખ;નાશા ગજ મોતીના,નટવર ભેખ.૫ શીશ પાઘ સોરંગી, ઉપર ચંદ્રીકા મોર;વાહાલા મનોહર મુરતી, મારા ચીતડાનો ચોર.૬ વાહાલો બંક અવીલોકની,અંગુઠીકમાન;એહુ

નાનકડાં અણીયાળાં, જાણીએ મદનનાં બાણ. ૭ ત્રાહુ લોચન ચપળ ચપળતા; રાણુ ખંજન મીન, શોભા જોઈને મૃગ થયા આધીન. ૮ બીંબાધરેછે, અતી અરૂણ પ્રવાલ; મુખ માધુરી માધુરી વાંસલડી રસાળ. ૯ જીરે કુશમ ઝરે, મંદ મુસકની હાંસ; ઝળકે દંત દાડમ જાણે બીજ પ્રકાશ. ૧૦ કંઠે કટેસરી ગળે ગુંજાનો હાર; બાજુબંધ પોહોંચીને, ઝુમક સાર. ૧૧ પાએ પોંહોળ, નેપુરનો ઠમકાર; ચાલે ગજના ચાલ. ઘુઘરી ઘમકાર. ૧૨ કટી કાછની, કીંકણીનો ઝમકાર; પાય અણવટ વીંછીયાનો ઠમકાર. ૧૩ જીરે શોભા કળાએ ઉદીઓ ચંદ, વ્રજ જુવતી સુંદરી; હરી મંદનંદ. ૧૪ જીરે એ કુંની આરતી, ઉતારે શ્રી વલ્લભરાય; શોભા જોઈને જન વલભ બલીહારી જાય. ૧૫ આવોરે આવોરે સોહાગી, શ્રી વલ્લભીઆનો સાથ.

ધોળ ૧૮૨.

હરી ભજન વિના જીરે સો નર કૈસા. ટેક. અંતર પ્રીતિ નહીં પુરૂષોતમ, નર ખર કુકર જૈસા. હરીભજન. ૧ નહિ વાકુ સંત સમાગમ, નાહિ ગુરૂ ઉપદેશ. હરીભજન. ૨ હુંહું કર કર જનમહી ખોયા મનુષ્યા જનમ અવેસા. હરીભજન. ૩ એસા અવસર બહોત નહિ, આવે, તજ કૃષ્ણનામ કયા લેગા હરીભજન. ૪ સુંદરદાસ ભાગવત ભજન વિના, કહાં જઈ ઉતર દેશા, હરીભજન વિના જીરે સોનરકૈસા. ૫

ધોળ ૧૮૩

જય બોલો શ્રીવ્રજરાય લાલની, હો બહેની મહારી જય બોલો શ્રીવ્રજરાય લાલની, મીઠી મધુરી વાણી વાહાલાની, હો બેહેની માહારી, જય બોલો વ્રજરાય લાલની. ટેક. શ્રીનટવરલાલ સ્યામલાલની સેવા કરવા પ્રગટયા, કાકાજી મહારાજને ત્યાં પ્રગટયા. બો. બેહે. ની. ૧ શ્રી છોટાજી માહારાજના લાલજી કહાવે, વર્જ્રવલ્લભ મા બાપે. બો. બહેની. ૨ શ્રી રાણીજી વહુજીની કુખે રત્ન જનમા, શ્રીવ્રજકાર મા જીએ ગોદ બેસાડયા. બો. બહેની. ૩ શ્રીમાહાલક્ષ્મી વહુજીના મનોરથ કહીએ, એ વાહાલાનું મુખ જોઈ રહીએ. બો. બેહેની. ૪ શ્રી મહાલક્ષ્મી વહુજી સદારે સોહાગી, લાલજી જનમ્યા છે

બડભાગી, એ બેહેની. ૫ બડા પુત્રશ્રી બાળકૃષ્ણજી લાલ છે, પદ્માવતી વહુજી સરદાર છે. એ બેહેની. ૬ શ્રી રૂગનાથ લાલજી શોભાના રસીઆ, જાનકી વહુજીને મન વસીઆ. એ બેહેની. ૭ શ્રી મહાલક્ષ્મી વહુજીએ મહા તપ કીધાં, એ લાલજી વહુજીનાં સુખ લીધાં. એ બેહેની. ૮ શ્રી નટવરલાલ શ્યામલાલે આનંદ દીધો. શ્રી ગોકુળ માંહે આઠમાસો કીધો. એ બેહેની. ૯ પરદેશ પધાર્યા દૈવી જીવને ઓધાર્યા, ભવસાગરમાં ડુબેલા તાર્યા. એ બેહેની. ૧૦ લાલજી વહુજીને લેઈને રાજનગર પધારો, સેવકને સુખ વધારો. એ બેહેની. ૧૧ ગુરૂ પ્રતાપે હું તો વિનતી કરૂં છું, ચિત મહારૂં ચરણે ધરૂં છું. એ બેહેની મહારી જય બોલો શ્રી વ્રજલાલની.

ધોળ ૧૮૪.

આનંદ સાગર ઉલટયો, રસનાએ વહે છે પ્રવાહ; ગોકુળપતિ પામીએ. ૧ શ્રી વલ્લભજીના રે લાડીલા, પુષ્ટિના પુષ્ટ મહારાજ. ગોકુળ. ૨ શ્રી અકાજીના રે લાડીલા જગતના પ્રાણ આધાર. ગોકુળ. ૩ તેલ અભ્યંગ કરાવીએ, વૈષ્ણવને હર્ષ ન માય. ગોકુળ. ૪ કેસરે નાહ્યા શ્રી વિઠ્ઠલવર, ચોકીએ બેઠા સોહાય. ગોકુળ. ૫ અંગ વસ્ત્ર વહાલે અંગ ધર્યા, ધર્યાં તીલક મુદ્રા ભાળ. ગોકુળ. ૬ ધોતી ઉપરણું રે કેસરી, પેહેરોને પ્રાણજીવન. ગોકુળ. ૭ આપરસ ગાદી પધારીઆ, મુખે ભણે છે વાહાલો પાઠ. ગોકુળ. ૮ આગેરા શ્રીજીને ચરણે નમે, રસીઆ જોઈ જોઈ માહે. ગોકુળ. ૯ વૈષ્ણવ સમાજ પ્રમોદ કે વારૂણું તન મન ધન. ગોકુળ. ૧૦ વૈષ્ણવ સમાજ ઓછવ કરે, મનાહારી માધવદાસ ગોકુળપતિ પામીએ. ૧૧ આનંદ સાગર ઉલટયો.

ધોળ ૧૮૫

શ્રીમદ્દ મોહનલાલ આગળ વિનતી કીધી, રાજનગર પધારયાની આજ્ઞા લીધી, શ્રી નાથજી પધાર્યાની શી કહું રીતી. કૃષ્ણલાલે સુખ આપીઆં રે. ૧ રાજનગરમાં વધાઈઓ ગવાય, વૈષ્ણવને મન દુઃખ ન માય, ગુજરાયજી પ્રભુ સામા જાય, શ્રી બાળકૃષ્ણ લાલે. ૨ ઠેક-ઠેક ઠામ ઠામમાં વધાવે, તે રંગ ખેલે તેમ ઉડે પાન, જયજય શબ્દ

બોલે વૈષ્ણવ જન, શ્રી બાળકૃષ્ણલાલે. ૩ રાજા બેટીજી પારણું ઝુલે, સાત સ્વરૂપની મધ્ય બિરાજે; એ શોભા માહારા નાથ ઘેર છાજે, શ્રી બાળકૃષ્ણલાલે. ૪ મંગળા સમે વાહાલો મંદિરે પધારે, અધિકારીને મન આનંદ થાય; જગ ગડાઆમાં ઠાકોર કેસરે નાહાય, શ્રી બાળકૃષ્ણલાલે. ૫ શ્રી મહાલક્ષ્મી વહુજીની કુખે રત્ન જાયા, શ્રી વ્રજકોર વહુ માજીએ ગોદ બેસાડ્યા; એમને મસ્તક શ્રી નટવરલાલ પધરાવ્યા, શ્રી બાળકૃષ્ણલાલ. શ્રી રઘુનાથજીના કહીએ ભ્રાત, સેવા વિના બીજી જાણું નહિ વાત; શ્રી રાજા બેટીજીના અખંડ તાત, શ્રી બાળકૃષ્ણજીલાલ. ૭ શ્રી પદ્માવતિ વહુજીના કંથજ કહીએ. એ વાહાલાને શર્ણે જઇ રહીએ; કોટી જન્મનાં પાપ નિષ્ફળ થઇએ, શ્રી બાળકૃષ્ણલાલે. ૮ શ્રીગુરૂ પ્રતાપે હુંતો વિનતિ કરૂં છું, ચર્ણકમળ પ્રભુ ચિત ધરૂં છું, એમની કૃપાથકી વ્રજમાં ફરૂં છું; શ્રી બાળકૃષ્ણલાલે સુખ આપીઆં રે.

ધોળ ૧૮૬.

શ્રી ગોકુળ ગામરે અતિ રળીઆમણું રે, ત્યાંહાં માહારા વહાલાજીનો વાસ; વ્રજવનિતા સર્વે ટોળે મળીરે, આવી રંગભેર રમવા રાસ. ગોકુળ. ૧ નવજોબનના નવરસમ વર્ધનીરે, સુંદરીએ કીધાં સોળશણગાર; સહુ મળી આવ્યાંરે, આકુળ વ્યાકુળીરે, નિરખવા શ્રીગોવર્ધન રાજકુમાર. ગોકુળ. ૨ હરીમુખ જોઇને આનંદ પામીઆરે, હઇડે હર્ખ ન માય; સુંદર જમનાંજી કાંઠડેરે, હમચી ખુંદેને વળી ગાય. ગોકુળ. ૩ રાસમંડળ પ્રભુજીએ ત્યાંહાં રચ્યોરે, રૂડી રૂડી સરદપુનમની રાત્ય; જુવતીના જુથ વચ્ચે માહારો વાહાલમોરે, તતાથેઇ નાચે ને વળી ગાય. ગોકુળ. ૪ રસિક શિરોમણી શ્રીકલ્યાણરાયજી, રસીયા જન મરો વિશ્રામ, શ્રીવલ્લભદાસ જાય વારણેરે; પુરો માહારાં મનવાંછીત કામ. શ્રી ગોકુળગામ અતી રળિયામણું.

ધોળ ૧૮૭.

શ્રીગોકુળનાથ સોહામણાંજી, એમનાં લીજે ઘેર ઘેર ભામણાંજી, શ્રીગોકુળનાથ વ્રજ શીરોમણી રાજીઆરે, દેખી સોળકલા શશી

લાજિઆરે શ્રીગોકુળનાથ. ૨ જિરે તન મન ધન કરૂ વારણેરે, પ્રભુ પ્રગટયા છો ભક્તને કારણેરે. શ્રીગોકુળનાથ. ૩ કોડ પુરવી તે ભક્તતણી, સખાં પોઢ્યાંચીછે હુપ્રડાની હામ ઘણીરે. શ્રીગોકુળનાથ. ૪ જિરે માધવદાસ કરે વિનતીરે, ચરણે રાખોને શ્રીગોકુળ પતીરે. શ્રીગોકુળનાથ સોહામણાજી. ૫.

ધોળ ૧૮૮.

જય જય લાલા ગોવરધનધારી, સુંદીર રૂડું નામજી; શ્રીપુરૂષોતમ પ્રગટયા હો વાસી, શ્રીવિઠલરૂપ નિધાનજિ.૧ વ્રજસુંદરીના પ્રાણજીવન, શેવકના પ્રાણ આધારજિ; ટોળે મળી સર્વ સુંદરીને સોળ કીધા શણગારજી. ૨ બત્રીશમાં એકે નહી ઓછો, સોળ કળા મુખ ચંદ્રાએજિ, થાળ ભરી સગ મોતીએ,વધાવો શ્રીવલ્લભરાયજિ. ૩ વધાવીને શ્રીમુખ નિરખો, નિમિત્ત આળગાં થાયજી; પ્રેમ સુધારસ પીઓરે પદમના, હળી મળી મંગળ ગાયજિ. ૪ શ્રી વલ્લભ સુત જો વાહાલા વિઠલને વરીએજી. ૫ તન મન ધન સમર્પણ કરીને વૈશ્નવને અનુસરીએજી; માધવદાસ એટલુંરે માગે, શ્રીગોકુળમાં અવતરીએજી. ૬ જે જે લાલ ગોવરધનધારી, સુંદીર રૂડું નામજી.

ધોળ ૧૮૯.

સખીરે શ્રી વિઠ્ઠલનંદન આવો માહારે બારણે, હું તો જોઉંછું માહારા વાહાલાની વાટ. શ્રી વ્રજભુખણ ઘેર પધારીઆ. ૧. એહેતો પ્રેમે પથાણાં પાથર્યાં, તે પર પધાર્યા શ્રી વિઠલવરજીના લાલ; શ્રી વ્રજભુખણ ઘેર પધારીઆ. ૨ મેં તો કુમકુમ કેસર ઘોળીઆં, હું તો પુજું માહારા વાહાલાજીના પાય. શ્રીવ્રજભુખણ ઘેર પધારીઆ.૩ સખીરે સહીઅરો સર્વે ટોળે મળી,ભાવે ભેટ કરેને મંગળ ગાયા.શ્રી વ્રજભુખણ ઘેર પધારીઆ.૪ હું તો આરતી ઉતારૂં કપુરની,હું તો વળી વળી નિરખું વાહાલાનું વદન.શ્રીવ્રજભુખણ ઘેર પધારીયા.૫ મહારે ગુજ કરતાં રેહેણી વહીગઇ,એટલે ઊગ્યાત થયાઆદીત ભાણ. શ્રીવ્રજભુણ ઘેર પધારીઆ.૬ દાસ મુળજીનો સ્વામી મળ્યો વહા-

લે મ્હારે ઉતારયાછે ભવસાગરને પાર. શ્રીવ્રજપ્રભુ બાજુ ઘેર પધારીયા.

ધોળ ૧૯૦.

તાહારા દલ કેરી વાત મેં જાણીરે, ગીરધર હાણીરે. ટેક. સખિઓને તમો મન કરી જાણી, નવ જોયાં દુધને પાણીરે ગી. ૧ વંદ્રાવનને મારગ જાતાં, માહારી નવરંગ ચુંદડી તાણીરે. ગીરધર. ૨ કાકરડીમાં મારો માહારા વાહાલાં, તો દેખે છે સહચર સમાણીરે. ગીરધર. ૩ બાંય મરડી માં મારો માહારા વાહાલા, તો દેખે છે નંદજીની રાણીરે. ગીરધર. ૪ નરસીંહના સ્વામીની સંગે રમતાં, એના મુખની તો મોડડી વાણીરે. ગીરધર. ૫

ધોળ ૧૯૧.

કોમળ અંગેરે ઓ સુજની, શ્રીબાળકૃષ્ણજી દીઠા; રંગરસ ભીને રે ઓ સુજની, શ્રીમદમોહનજી દીઠા. ૧ શ્રીમુખ શોભા શી કહું ને મેરે મુખ વરણવી ન જાયરે; ગૌર શ્યામતો અંગ બીરાજે; શોભા વરણવી ન જાય. કોમળ અંગેરે. ૨ મોરમુગટને કાને કુંડળ, નાકે સોહીએ મોતીરે; એ વાહાલાને કારણે હું તો, મંદીર દીઠું જોતી. કોમળ અંગેરે. ૩ કંઠે સોહીએ કંઠેસરીને, હીરાભર જડાવરે; સીર સોહીએ હલકા વળી, ટીપાળો સોહીએ અનુસાર. કોમળ અંગેરે. બાંહે બાજુબંધ બેરખાને, ફુમત ફરકે ચારરે; રત્નજડીત માંહે હીરલા જડીયા ને નંગ ધરો લખ ચાળ કોમળ અંગેરે ૫ કહેડે સોહીએ કટીમેખળાને ઝાંઝરનો ઝમકારરે; મંદીરમાં ઘુંટડીઓ ખેલે, નામ ધરે નંદલાલ. કોમળ અંગેરે. ૬ રત્ન જડિત સીંહાસન બેઠા, કળસ સોહીએ નવ નિત્યરે; નીત્ય નવા શણગાર નીત્ય નવા ભોગ, ફુલની માળા ધરાય. કોમળ અંગેરે. ૭ વ્રજવલભ શણગાર ધરાવે, લાલમણીજી ખેલ ખેલાવેરે; વ્રજપાલ લાલજી ચોપાટ ઢાળે, વચ્છલાલ પંખો તાણે. કોમળ અંગેરે. ૮ ગોપેશરજી ભોગ ધરાવેને, ગોકુળેશજી ભોગ સરાવરે; દ્વારકાંનાથજી બીડલાં ધરાવેને, જીવણલાલજી આરતી ઉતારે. કોમળ અંગેરે. ૯ સેન સમે શ્રી ગટુલાલજી પધારે, શંખનાદ ઘંટા થાયરે; શંખનાદ સુણીને ભીતર પધારે, ઝારી બંટા બદલાય. કોમળ અંગેરે. ૧૦ જીવણલાલ-

જીના મંદીરમાં કઇ આનંદ ઓછવ થાયરે; દહીં દુધની કાવડ લઇને, આવે સહુ ગોપ ગોવાળ. કોમળ અંગરે ઓ શુજની. ૧૧

ધોળ ૧૬૨

શ્રી દામોદરદાસ હરસાંણી અતી હરખે ભર્યા,ઉપર બેઠા જોતા હુતા વાટજો; ભાઇ સર્વે વન કાઢીને ઢગલા કરયા, તેહના સાદમાં જોયા નહીં લગારજો. શ્રીદામોદરદાસ. ૧ એટલામાં તો પ્રભુ પોતે પધારીઆ આવતાં નીરખ્યા પોતાના નિજ નાથજો;દોટ મેલીને દોડી પાસે આવીયા,પડયા પાયને જોડયા છે બેહુ હાથજો. શ્રીદામો. ૨ ત્યારે હાથ સાહીને પ્રભુ તો પોતે ઉઠાડીઆ,પુછયું દમલા આવો તેહની હાવજો; શીષ નમાવી સ્વામી પ્રત્યે બોલીઆ વાટ ક્યારની જોતો હુતો મહારાજજો. શ્રીદામોદરદાસ. ૩ ત્યાંથી સાથે તેડી પોતે પધારીઆ, આવ્યા શ્રી ગોકુળ માંહે શ્રી ગોવિંદ ધાટજો; બ્રહ્મ સબંધની આજ્ઞા પ્રભુજી કરી,વચન સુણ્યાં પણ સમજયા નહીં તલ માત્રજો. શ્રી દામોદરદાસ. ૪ ત્યાંથી શ્રી ગોવરધન ઉપર પધારીઆ,આવી પોઢિઢગા છો છાંયા માંહીજો; પછે પધાર્યા શ્રી ગોવરધનનાથજી, હાથ થંભાને રખ્યા વેગળા તાંહ્યજો. શ્રીદામોદરદાસ. ૫ ત્યારે શ્રીવલભ પ્રભુજીને બોલીઆ દાસપણું તે જાણીને અપરાધ જો; ત્યારે શ્રીમુખેથી શ્રીજી બોલીઆ, દાસ ધર્મ રાખ્યો માટે નહીં બાધજો. શ્રીદામોદરદાસ. ૬ એકસમે શ્રી વલભ પોતે બોલીઆ, પુષ્ટિમાર્ગ ચલાવો પ્રકાશજો;તે તો દમલા તાહારે સારૂ જાણજો,રેહેશે હૃદેમાં રેહેશે કરીને વાસ જો. શ્રીદામોદર દાસ. ૭ એવી ક્રીયા જાણી શ્રી ગોસાંઇજીએ, પોતે કરાવ્યું પીતાનું ત્યાંહાં શ્રાધજો; દક્ષણા માગી ત્યારે પોતે કહ્યુ, સિદ્ધાંત રહષ્યના દોઢ શ્લોકની વાતજો. શ્રીદામોદરદાસ. ૮ એવી ક્રીયા જાણી શ્રી-વિઠ્ઠલનાથજી, બેસાડતા તો ગાદી અડધો હાથજો; ચરણામૃત તો પોતાનું આપજ નહીં, એવા મોહોટા જાણી શ્રી વલભદાસ-જો. શ્રીદામોદરદાસ. ૯ ત્યારે શ્રી વલભ મુખેથી બોલીયા, મુજમાં ને શ્રીગોસાંઇજીમાં નથી કાંઇ ભેદજો; માટે; ચરણામૃત તો તું લેજે સદા, શ્રીવલભ વાણી કહી તે જાણીને વેદજો શ્રીદામોદરદાસ.

૧૦ ત્યારે પોતે આવીને વીનતી કરી, મને કૃપા કરી પોતે શ્રી મહારાજશ્રી; ત્યારે પોતે કૃપા કરીને આવી આ વલભદાસના સરીયાં સઘળાં કાજજો. શ્રીદામોદરદાસ હરસાની અતી હરખે ભર્યા.૧૧

ધોળ ૧૯૩.

ગોવરધનેશ ગુરૂને ચરણે નમું હોજીરે, પ્રથમ લાગુષું પાય; દીન જાણીને કરૂણા કરો, રાખો ચરણની છાય, ગોરધનેશ.૧ શેવા સ્મરણ માં નથી જાણતા હોજીરે, નથી જાણતો કાંઇ ધર્મ; વિષયવાસનામાં વળગી રહ્યો, એવાં અનુચિત કર્મ. ગોરધનેશ ગુરૂ.૨ અમ સરખા આત્મને ઉધારવા હોજીરે; તમે કીધોછે શ્રમ; અભેદાન દેવાને કારણે, પ્રગટયા પુરણ બ્રહ્મ શ્રીગોરધનેશ ગુરૂ.૩ ઇચ્છા કરીને હરી અવતર્યા હોજીરે, કરવા દૈવીનીસહાય; માહા ઉધ્ધાર કરૂણનીત્રી, શ્રી વલભ અવતાર, શ્રી ગોરધનેશ ગુરૂ૦૪ નામ આપીને નિર્મળ કર્યા હોજીરે, કરવા બ્રહ્મસંબંધ, તોય તમને નથી જાણતા, એવો થઇને બેઠો અંધ, શ્રીગોરધનેશ ગુરૂ૦૫ કાળ કર્મમાંથી કાઢીઆ હોજીરે, મોટો જમનોરે ત્રાસ; જે જન શરણે આવીયા, રાખ્યો દ્રઢવીસ્વાસ. શ્રીગોરધનેશગુરૂ ૬ તમેતો તમારાં બરદ પાળશો હોજીરે, કરવા જનનો ઉધ્ધાર; દોશ ન વિચારશો જીવનો, તેહેનો નાહી આવે પાર. શ્રીગોરધનેશ ગુરૂ૦ ૭ શ્રીબાળકૃશ્નજીના લાડીલા હોજીરે, છગન મગનના તાત; શ્રીબાબુરાય શ્રી મગનલાલજીના કાકાજી શ્રીવિઠલેશજીના ભ્રાત. શ્રી ગોરધનેશ ગુરૂ૦ ૮ દાસના દાસની વિનતી હોજીરે, પ્રભુ તમે ધરજો કાન; દુષ્ટ બુદ્ધિ હમારી દુરકરો, ગાઉં તમારા ગુણગાન. શ્રીગોરધનેશ ગુરૂને ચરણે નમું હોજીરે. ૯

ધોળ ૧૯૪.

પદ ગરબી.

જમુનાં જાતાંરે ઘાટે, આજ મને પ્રભુજી મળિયાવાટે. ૧મુજએક લટોરે જાણી, હસાને બોલ્યા સારંગપ્રાણી. ૨ હરનું હસવુંરે મીઠું એ વું રૂડું કઇયે નોહોતુ દીઠું. ૩ આજનાં સારાંરે સુખડાં, પ્રભુજીનાંજોવા સરખાં મુખડાં, ૪ મુખડું પુનમરે ચંદ્ર, વાલા તારી આંખડીમાં જંત્ર.

૫ મધુરીશી મોરલીરે વાજે,તેતો માહારા સામ સુંદરને છાજે.૬ ડા-
હ્યાપણુ બાંધ્યુંરે બચકે,રામકૃષ્ણ પ્રભુને નાંખવા અચકે.૭ માધવદાસરે
ગુણ ગાય, તેથી ભવનાં પ્રાછિત જાય. ૮ જુમનાં જાતાંરે ઘાટે.

ધોળ ૧૯૫.

રાગ સામેરી.

આલો આલોરે શ્રીમાહારાજ, મોતી મારૂ આલોને; મોતીને
જોતીને હારપરોતી,તોહું વંદ્રાવન જોતીરે.આલો આલોરેનંદનાલાલ
મોતી મારૂ આલોને. ૧ મોતીરે નિપજે ભવસાગરમાં, તાહારૂ મુખ
જોતાં ખોવાણુરે; મોતી માહારૂ આલોને. ૨ બાઇ મીરાં કહે પ્રભુ
ગીરધરનાગર, ચરણકમળ મુખ જોતીરે. મોતી માહારૂ આલોને.

ધોળ ૧૯૬.

ભલે આવી લાગી માઝમ રાતકે, ચૈત્રવદી એકાદશીજી;પુછયાં
પુછયુંરે ત્રૈસંગ નોતાર્યાં, લક્ષ્મણજી ઘેર પધાર્યાંજી. ૧ કીધો કીધો શ્રષ્ટિ
શું પ્રિત, મર્યાદામુકી મળ્યાજી; ભાગ્યા ભાગરે જીવના બ્રહ્મ,
આનંદ સાગરમાં ભળ્યાજી. ૨ માહારૂ માગ્યુ આપો માહારાજ
આલપબુદ્ધ હું છું દીનજી; મને શોભા સુખ દીજેજ નાથ, મન માહારૂ
પાદાનુ રળીજી. ૩ બલીહારી તે માધવદાસ, એ લીલા મારે મન
વશીજી; ભલે આવી લાગી માંઝમ રાતકે ચૈત્ર વદી એકાદશીજી. ૪

ધોળ ૧૯૭.

પાંચરંગ પ્રભુજીના ગઇએરે, ગાતાં અંગમાં નિર્મળ થઇએરે. ૧
પેહેલો લાલ ગુલાબાનો રંગરે, તેહેનો સબંધો બનોછે સંગરે.૨ લા-
લ રંગનું મોળિયુંછે રાતુરે, હરીનું મુખડું દીસે અતિમાતુરે.૩ લાલ
મોરલી રંગ રસાળરે, લાલ કોટમાં ગુંજની માળરે.૪ લાલ જામા પે
હેર્યા જરકસીરે, લાલ લોભણી લાલને અંગવસીરે. ૫ લાલ મોજડી
કનકની પેહેરીરે,લાલ દીસોછો લાલ લેહેરીરે.૬ લીલો રંગ પ્રભુજીનો
ન્યારોરે, રાતા રંગમાં શોભેછે સારોરે.૭ લીલા લીલમ મુગટમાં જ-
ડીરે, હરીના તેજની કાંન્તિ બડીરે. લીલાં પાંન બીડલાં ખવાસેરે,
આપો પ્રેમ બાઇ કોઇ દાસરે.૯ લીલા રંગની સુથણી સારીરે, લીલા

રંગ બન્યો ગોરધારીરે.૧૦ લીલા પટકા બાંધ્યાછે કેડરે, વરણાગીમાં જાયછે લેહેરરે.૧૧ લીલા તુળશીના હાર સરીરેરે,હરીશોભેછે હળધર વીરરે. ૧૨ લીલાવાધા તે સારંગપ્રાણીરે,ઘણું અમર રાધા રાણીરે.૧૩ સખી પ્રિતમ પીળો રંગરે,સરખી સુંદરી સર્વે સંગરે.૧૪ પિળાં તિલક કેસરનાં કરીયાંરે, અંગે નેપુર સઘળાં ધરીઆંરે.૧૫ પિળો પાઘ કેસરનો ભિનોરે, હરિનો લટકો બન્યોછે તીનોરે. ૧૬ પિળાં સોના કડાં કર માંહીરે,પિળાં હીરા બાજુબંધ બાંહીરે.૧૭ પીળી સોનાની સાંકળી સારીરે, માંહી રેખ જડી રહીઆળીરે.૧૮ પીળાં પીતાંબર પેહેર્યાંરે,વર્ણાગીમાં જાગોછો લેહેરેરે.૧૯ પીળાં સોના પાવલડાં ચર્ણેરે, મોહોટા સંત નમે હરીને ચર્ણેરે. ૨૦ હવે ઉજળો રંગ વખાણું રે,મોરલીધર મનમાં આણું રે.૨૧ ઉજળાં જુયનાં ફુલ બેકેરે, હરીએ હાર ધર્યા કંઠ લેહેકેરે. ૨૨ ઉજળાં મુકતાફળ કાનેરે. જોગ્ય સ્વરૂપ ધર્યુંછે ધ્યાનેરે.૨૩ ઉજળા ઘુઘરાઘનકારરે,ચરણે સોભી રહ્યાછે ઠમકારરે.૨૪ ઉજળાં આંખલડી અણીયાળીરે, કાળી કીકી દીસેછે રૂપાળી ૨૫ હવે ક્રશ્નનો રંગ વખાણુંરે,સ્યામરંગ રૂદેમાં રાણુંરે.૨૬ શ્યામ ખીટલીઆળા કેસરે, એગના જોવા સરખા વેશરે.૨૭ સ્યામ નયણાં કમળ અતી ભારીરે,કાળી કીકી દીશેછે રૂપાળી.૨૮ સ્યામ ગોળીમાંગારસ ભરીઆંરે, પ્રેમે પ્રભુજીના આગળ ધરીઆંરે.૨૯ શ્યામ મેઘ ગરજના કરતારે, પાણી ગોકુળ ઉપર ભરતારે.૩૦ જેને ડાકોરમાં કર્યાં દરશનરે, તેહેને રણછોડરાય પ્રસન્નરે. ૩૧ પાંચ રંગ પ્રભુજીના ગાશેરે વઇમાન બેશી વઇકુંઠ જાશેરે. ૩૨ પાંચ રંગ પ્રભુજીના પુરારે, તેહેમાં એકે નથી અધુરારે. ૩૩ કરજોડી કવીજન કેહેછેરે, એતો અહરનીશ શરણે રેહેછેરે. ૩૪ પાંચ રંગ પ્રભુજીના ગાઇએરે.

ધોળ ૧૯૮.

જય શ્રીકૃષ્ણરે ભાઇ,બોલો બોલો વૈશ્નવરાય,તેતો હળી મળી સાએ સાઇ, જય શ્રીકૃષ્ણરે ભાઇ. ૧ વલભી વૈશ્નવની એ રીત, જય શ્રીકૃષ્ણ ઘણા પવિત્ર,તેથી પ્રસન થાય નવનિત્ય. જયશ્રી.૨ જેણેજય શ્રીકૃષ્ણ ગાયા,તેતો અડસઠ તિરથ નાહ્યા;તેથી પાંચ પદાર્થ પાયા.

જયશ્રી. ૩. નામ તણો પ્રતાપજ મોહોટો, તેથી આ જુગ લાગેછે ખોટો; સરવે વૃજસ્વામીમાં લોટો. જયશ્રી૦ ૪ જે જન જશોદાજી ઘણું જાણે, એમના સુતનો ઉદય વખાણે; મનમાં મેહેર કરીને ગાને. જયશ્રી. ૫ જશોદા સુતને પાન કરાવે, ગોપીજન સઉ આનંદ પાવે, વાહાલો મહારો વ્રજમાં લાડલડાવે. જયશ્રી. સુતતો પારણામાંથી જાગ્યા,સહુ ગોપીજન આનંદ પામ્યા; વાહાલે મા-હારા તનના તાપ સમાવ્યા. જયશ્રી. ૭ વંદ્રાવનની રે વાટે, મારગ રોકોછો શામાટે; વાહાલે મહારે રાસ રમાડયાંછે રાતે જયશ્રી૦ ૮ જેણે જય શ્રીકૃષ્ણ ગાયા; તેહેની સફળ થઇછે કાયા;તેતો પ્રેમ પદા-રથ પાયા. જયશ્રી. ૯ રાખો ચરણ કમળની છાંય. તેહેનો ભવનો ફેરો જાય; તેતો હરીદાસ ગુણ ગાય. જય શ્રી કૃષ્ણ ભાઇ.૧૦

ધોળ ૧૯૯.

શ્રીગોવીંદરાયજીરે રશીયા,માહારી રૂદેકમળમાં વસીયા. ૧ શ્રી મુખ સુંદરરે હાસે, જોતાં નિજજનનાં મનહુંસે. ૨ ભાળ તીલકરે બીરાજે, ભ્રગુટી ધનુષ્ય કામનું સાજે. ૩ નાકે મોતીરે લળકે, જાણે જયલા વીજળી ચમકે. ૪ સામ વર્ણરે સોહીએ,જોતાં ભવનાં દુખડાં ખોઇએ. ૫ શ્રીમુખ મધુરરે બોલે, શ્રી વચનામૃત નહી કોઇ તોલે. ૬ શ્રીવિઠલેસ રાયજીરે માથે, જુગજુગ જોડ બીરાજો સાથે. ૭ અનુભવ અંતતણા વિચાર, શ્રીહરરાયજી પ્રગટયા બીજીવાર. ૮ શ્રીવીઠલનાથજીરે લાલ, શ્રીગોકુળ ઓછવજી સુત ઘણું વાહાલ. ૯ પૈત્ર શ્રીગોપેશ્વરજી છોગાળા, શ્રીલક્ષ્મીને દીન દયાળા. ૧૦ ચંચળ ગતીએરે ચાલે, હસતાં વૈશ્નવ સામું ભાળે. ૧૧ એ ઘણું નિજજનને સુખ દેછે, શ્રી ભાગવત નિરંતર કેહેછે. ૧૨ એવા સ્વામી સમર્થ રાજે, પ્રગટયા દૈવી જીવ હિત કાજે. ૧૩ એમના ગુણનેરે ગાઉ, ચર્ણકમળ રજ લેવા ધાઉ. ૧૪ પ્રગટયા પુરૂષોતમ અવતાર, એમની લીલા અપરમપાર. ૧૫ વૃજ શેવકનારે સ્વા-મી, ચરણકમળ વંદુ શીર નામી. ૧૬ શ્રી ગોવીંદરાયજીરે રશીયા.

ધોળ ૨૦૦.

શ્રી લક્ષ્મણ સુતનેરે ગાઉં, શ્રીવલ્લભનાથને વારણે જાઉં. ૧ પ્રગટ્યા પુરૂષોતમ અવીનાશી, શ્રી વંદ્રાવન બીજુ વદન બીલાસી. ૨ એતો પુરણ પરમાનંદ, શ્રીમાહાલક્ષ્મીપતી આનંદ. ૩ સુતગોપીનાથ શ્રીવિઠલ કહીએ, એમના ગુણ જસનો પાર ન લહીએ. ૪ શ્રી વિઠલનાથ પ્રગટ્યા પુરૂષોતમ, જણ પ્રગટ કર્યા શ્રી પુરૂષોતમ. ૫ એતો કહીએ પર્મઉદાર, શ્રી માહાલક્ષ્મી પદમાવતી ભરથાર. ૬ એમના સાત કુંવર સુખદાતા, કરવા દૈવીનેસુખશાતા. ૭ પ્રથમ શ્રી ગીરધરજી માહારાજ, શ્રી ભામાનીજી વહુજી એ શીર તાજ શ્રી ગોવીંદરાય ઘણું રસ ભરીયા, તે શ્રી રાણીજી વહુજી વરીઆં. ૯ શ્રી બાળકૃષ્ણજી ભાગ્યવાન, શ્રી કમળાવતી પતી ચતુર સુજાન. ૧૦ શ્રી ગોકુળનાથ જગત જશ જાણું, શ્રી પારવતી પતી અતી રસ માને. ૧૧ શ્રી રઘુપતી રૂડા રૂપે જાણ, એતો શ્રી જાનકી જીવન પ્રાણ. ૧૨ શ્રી જદુપતી જુગતી જગતમેં જણાવે, શ્રી માહારાણી પતી અતી મન ભાવે. ૧૩ શ્રી ઘન; શ્યામજી પુરણ કામ, શ્રી કૃષ્ણવતી પતી અતી રસ દાન. ૧૪ શ્રીલક્ષ્મીજી બેટીજી સતભામા શોભા યમુનાં કમળા દેવકા નામ. ૧૫ એ શ્રી વલ્લભનો પરીવાર, નિત્ય પ્રત્ય સમરો નરનાર. ૧૬ શ્રીમદવલ્લભ પદ અનુરાગી, જે જન ગાયે તે બડભાગી. ૧૭ શ્રી લક્ષ્મણ સુતનેરે ગાઉં.

ધોળ ૨૦૧.

કૃશનદાસગે ચેન મન મોહકરે ઘણું, શ્રીવલ્લભ શર્ણે થઈને બહુ દુઃખ વામ્યાજો; કૃપા કરીને પોતે પાસે રાખીઆ, સદા સમીપ રહીને બહુ સુખ પામ્યાજો કૃશનદાસ. ૧ માર્ગે જાતાં પાહાડ થકી સરપા પડી, તેને ત્યાં પણ હાથે થંભા રાખીજો; શ્રીવલ્લભપર્વે વાછલતા કીધી ઘણી, પોતે પ્રસન થઈને વાણી ભાખીજો. કૃશનદાસ. ૨ માંગ માગજે માગે તે આપુ તુને, માર્ગ દ્રઢ હોય મુખ રતા નવ આવીજો; બે આપીને તાગની તો ના કહી, ગુરૂ દ્વાર તે વેદ વિરૂદ્ધ કાહાવીજો. કૃશનદાસ વાસ ગફામાં પ્રભુ પોતે પધારીયા, બાહાર ઠાડો રહેજે એમ કહી બોલ્યાજો; ત્રણ દિવસ લગી અહો રાત્ર ઠાડાં રહ્યા, પોતે પ્રસન થઈને

કહ્યું મન ખોલીજો. કૃષ્ણદાસ. ૪ માગ કહ્યુ ત્યારે તેહનું તેહ માગીયું, તે માંહે બે આવી તેતો અપારજો; ગુરૂ ઉચ્ચારની પોતે તો નહીં કરી. શ્રીવલ્લભ સર્વેશ્વર સઘળે વ્યાપીજો. કૃષ્ણદાસ. ૫ ગંગાસાગર પ્રભુ પોતે પધારીયા, ધ્યાન મરમરાની ઇચ્છા મન કીધાજો; પાર જઇને સાખ કરાવી લાવીયા, પોતે પ્રસન થઇને આજ્ઞા દીધીજો. કૃષ્ણદાસ. ૬ પુછ્યું ત્યારે તેહનું તેહ, માગીયું પોતે કહ્યું જે જીવ શું માગી જાણુંજી; ગુરૂ આગળ સમ ખાધા તે સાચા ખરા, શ્રીવલ્લભ પુરૂષોતમનં વેદ વખાણુંજો. કૃષ્ણદાસ. ૭ પ્રિય અપ્રિય તે પ્રભુજીને શું પુછીયું. બોરસ સનેહ પર અતીશે પ્રભુજીને પ્યારજો; ધુંવા ધરોહ કલેશ પ્રભુને ન ગમે, શ્રી વલ્લભ મુખથી બોલ્યા નિરધારજો. કૃષ્ણદાસમેં વન મન માફકરે,ધણું.૮

ધોળ ૨૦૨.

સંભરવાળા દાસ દામોદરને હરી,પત્ર પમાડી શ્રીવલ્લભ શરણે લીધાજો; શેવા પધરાવી શ્રી દ્વારકાંનાથની, વળતી ભક્તિરસ ભાવ ધરીને પીધોજો.સંભરવાળા. ૧ જળ શેવા પણ પ્રભુજીની પોતે કરી, લોકલાજ કુળ કાન સસુરની મેહેલીજો; સજ્યા મંદીર માંહે સજ્યા સમારતાં,વિપરીત વાસના રંચક મનમેં ફેલીજો. સંભરવાળા. ૨ રાજભોગનો થાળ ધરી ચોકથકી,પ્રભુજીએ લાત મારીને પાડી નાંખીજો; શેવા કહ્યું કરતુક કહીને ખીજ્યા ઘણું,વળતી નાક ધસીને દીનતા ભાખીજો. સંભરવાળા. ૩ ઉષ્ણ કાળમેં ચોપારે સુતા જઇ, પ્રભુ ઉપર વાંછતા કાંઇ નવ લાવ્યાજો; દાસી ઉપર દયા પ્રભુ પોતે કરી, મંદીર ખોળાવીને પંખો કરાવ્યોજો.સંભરવાળા. ૪ મંદીર સિદ્ધ કરાવી પ્રભુ પધરાવીઆ, રાજ વઇભવ પેરે શેવા સુખ માનીજો; અમીખ રાજા સરખો એને જાણજો, એવું શ્રીવલ્લભ મુખથી બોલ્યા વાણજો. સંભરવાળા. ૫ દાસ દામોદર હરસાણી ઘેર આવીયા, અન સુખડી લેવરાવી પુરણ પ્રિતેજો; સખડીની વિનતી તો પોતે નાકરી, આમાદાપ્રભુજીને રીસ ચડી તે રીતેજો. સંભરવાળા. ૬ ઘરમાં બેઠા એવું પોતે જાણીયું, શ્રીવલ્લભ પાસ જઇ આ-

પરાધ સમાવેજો, માટે સઉ શ્રીવલભ પદ શેવા કરે, અનાશ્રયનો દાશ ઘણો બતલાવેજો. સંભરવાળા દાસ દામોદરને હરી. ૭.

ધોળ ૨૦૩.

પદમ નાભ તે દાસ વ્યાસ સુખ અતિ ઘણું. શ્રીવલભ શરણ રહીને બહુ સુખ લીધુંજો; અથવા વ્રત કરીને શેવ્યા શ્રીમથુરેશજી, વેપારીને ધન કરજ કહાડી દીધુંજો. પદમનાભ તે દાસ. ૧ બેટી છોટી કુંવારી પોતાતણી, વૈશ્નવ જાણી પરજ્ઞાતિમાં દીધીજો; ફેરી સગાઇ તુળસાં બોલી તે સમે, પોતે કહે અમે કીધી તેતો કીધીજો. પદમનાભ તે દાસ. ૨ એવું સાંભળી તુળસા મન હરખી ઘણું, વૈશ્નવ ઉપર વાહાલ સરવેને આવેજો; પારવતી શેવાથી પ્રભુ રીઝયા ઘણું, સુત રૂઘનાથદાસ તે કહીએ તેવાજો. પદમ નાભ. ૩ એવા ધૈર્યવાન તે બીજા કો નહી, શ્રી વલભ શરણ થઇને ભક્તિરસ પીધોજો; દરશન કરવા સારૂ અડેલમાં, છોલા સમરપી પ્રભુજી પ્રસન કીધાજો. પદમ નાભ તે દાસ સુખ અતિ ઘણું. ૪

ધોળ ૨૦૪.

પુરૂષોતમ દાસ સદા સુખ અતિ ઘણું, શ્રીવલભ કૃપા કરીને સુખ દીધુંજો; પોતે શરણ થયા તે સહુ પરિવારશું, શ્રી મદનમોહનજી શેવીને સુખ લીધુંજો. પુરૂષોતમદાસ. ૧ ઓછવ જન્મ તે પ્રગટ પ્રભુ પોતે કરે, નંદ જશોદા ગોપ ગોપી સહુ આવીજો; દઇવી જીવપર દયા પ્રભુ પોતે કરી, પ્રગટ કલ્પની લીલા સહુ દરસાવીજો. પુરૂષોતમ દાસ. ૨ ઓછવ જોવા સારૂ શ્રી માહાદેવજી, આવા પોતે પ્રસાદ માગી લીધોજો; ઘર ચોકી સારૂ આજ્ઞા પોતે કરી, કાળ ભઇરવને હુકમ પોતે કીધોજો. પુરૂષોતમદાસ ૩ પુત્રી પુન્ય પવિત્ર એક પોતાતણી, નામ તે બાઇ રૂક્ષમણી કહીએ તેહેનુંજો; કારતગ સ્નાન કરી હરી શેવ્યા હેતશું, એવું મોટું ભાગ્ય તે કહીએ તેહનુંજો. પુરૂષોતમદાસ. ૪ નામ દેવાની આજ્ઞા પ્રભુ પોતે કરી, દઇવી જીવ જન જે કોઇ આવે તેહનેજો, વળતી શ્રીવલભ પોતે પધારીઆ, એવી કૃપા કરી તેહેવી નહીનેજો. પુરૂષોતમદાસ. ૫ યત્રાવલંબન ગ્રંથ પ્રગટ પ્રભુએ કરી, માયા વાદી

તતક્ષણ જીતી લીધાજો;બાહીર મુખ સાધે સંભાષણ નવ કર્યું,પુરણ બ્રહ્મ શ્રીક્રમ પ્રસિદ્ધ તે કીધાજો.પુરૂષોતમદાસ. ૭ ગોપાળદાસ ગુણ ગાવું ઉલ્લાસમે, પુત્ર શેઠના એવા તે વળિ કહીએજો; માટે શ્રી વલભચરણ સદા શેવો સહુ,વઇશ્નવજન તે સદા તરૂણ છે લહીએજો. પુરૂષોતમદાસ સદા સુખ અતી ઘણું. ૮

ધોળ ૨૦૫.

ગદાધરદાસકપીલકડામાંહેખરા,ક્ષત્રીકોરડનાપરોહિતતેજાણજો;શ્રીવલભશરણથઇનેસુખ પામ્યા ઘણું, આવ્યા વૃતરહોને શેવ્યા રસ માનજો. ગદાધરદાસ. ૧ જે આવે તે સરવે સમરપે નાથને, ઘરમાં વાસી તે કાંઇએ નવ રાખેજો;ગુણ ગાએ તે શ્રી ગોવરધનનાથના કરી કીરતનને પોતે મુખથી ભાખેજો. ગદાધરદાસ. ૨ કોઇ સમે વળિ વળતી કાંઇ આવે નહી. સરવ ભોગ જળ લોહી સમરપણ કીધીજો; અધરાત્રે જજમાને આપીઉ, લાવી જલેબીયો તે ધરાવી દીધીજો. ગદાધરદાસ. ૩ પ્રસાદ લેતાં વઇશ્નવ બહુ પ્રસન થયા, એ સ્વાદ તે અમે નથી કાંઇ ચાખ્યોજો;જેવી લાવ્યા તેવી ક્રત પોતે કહી, સત્ય વચન તે મુખથી પોતે ભાખેજો. ગદાધરદાસ ૪ માધવદાસ વીસઈભાજી લાવીયા, આરોગ્યા તે પ્રભુજી પુરણ પ્રિતેજો;મુખથી આશીરવાદ પ્રસન થઇને કહ્યુ, હરી ભક્તી દ્રઢ થઇ રંગની રીતેજો. ગદાધરદાસ. ૫ એવો જશ ભગવદીનો પ્રભુ પોતે કર્યો, શ્રીવલભ પ્રભુ કૃપાથકી સહુ જાણોજો, માટે સહુ શ્રીવલભ પદ શેવા કરો. વઇશ્નવ ઉપર વહાલ ઘણું તે આણજો. ગદાધરદાસ કપાલકડા માંહે ખરા. ૬

ધોળ ૨૦૬.

શ્રાવણસુદી એકાશીનું લખ્યું છે, ધન્ય ધન્ય આજુનો દીન;શ્રાવણસુદી એકાદશીજી, ધન્ય ધન્ય આજુની રેન, ધન્ય આજુની માહારાણીસીજી,૧ ધન્ય ધન્ય શ્રીમુખ કેરા વાયક,બ્રહ્મ સંબંધ કરાવીયાજી; સોંપ્યાશ્રીપુરૂષોતમહાથ.મનડાનીઆશાપુરણથઇજી.૨ જુવો જુવોરે જીવ્યાના ભાગ્ય, વિના સાધન સુખ પામીયાજી; માહા શ્રીવલભ શરણ પ્રતાપ, સહેજે સકળદુઃખ વામીયાજી. ૩ વિના સાધન જપ તપ

ને નેમ, સકળ જીવ ઉધારીઆજી; માહા દીન પતીત ચંડાળ, અજાંમીળ સઉદ્રાદિક તારીઆજી. ૪ માહા કઠણ કાળ કળિ માંહ્ય, અતી કરૂણાએ પ્રગટીઆજી; કીધી સરણાંગતની સાહ્યાય, તાપ ત્રણે દેહમાં ગીટા-વીયાજી. ૫ ચરણજીવો શ્રી લક્ષમણ નંદ, સદા ભક્ત શીર બીરાજ-તાજી; નિત્ય વ્રજમાં અખંડ બીહાર, સદા વ્રજ શેવક શીર ગાજ-તાજી. ૬ ધન્ય ધન્યરે આજનો દીન, શ્રાવણ સુદી એકાદશીજી.

ધોળ ૨૦૭.

વઇશાખ શુદી એકાદશીનું લખ્યુંછે.

વઇશાખ સુદી એકાદશી, પ્રગટ્યા શ્રી વલ્લભરાય; સુરીનરમુનીજન હરખીઆ, હરખીઆ વ્રજ સહુ, સાથ. ૧ દેવનાં દુંદભી વાગીયાં, ગાજીઆં ભેર અદંગ; અપછરા નૃત્ય કરે ઘણું, ધ્યાન તે ગાંધ્રવ સંગ. ૨ નિજ સ્વરૂપ પધારીઆ, ચંપા તે રણમોઝાર; સીંહાસન પધરાવીઆ, કીધો અનમંડળાકાર. ૩ તાત નિરખી વિસ્મે થયા, મંડળ મધ્યે સ્વરૂપ; મુખપર રવી સશી વારણે, શોભા અતીસે અનુપ. ૪ શ્રીલક્ષમણ ભટજી વીમાસીને, આળખ્યા પુનમચંદ; પુત્ર ભાવ હુલરાવીયા, આછંગે ગોવીંદ. ૫ વરજની માંહી ગુપ્ત છે, પ્રગટ્યા બીજી વાર; લોક પ્રસીદ્ધ જણાવીએ, માત ગર્ભવાસ. ૬ મંડળ દરશન માત્રથી ઓધાર્યા જીવ અનેક; શ્રીવલ્લભ નામ ધરાવીને, રાખ્યો તે સરવેનો ટેક. ૭ પાર ના પામુ લીલાતણો, રસનાએ કયમ કેહેવાય; હરિદાસ શોભા નિરખીને, પ્રેમ મુદીત ગુણ ગાય. ૮ વઇશાખ સુદી એકાદશી પ્રગટ્યા શ્રી વલ્લભરાય.

ધોળ ૨૦૮.

શ્રીવિઠ્ઠલનાથજીના લાલ છો અતિલટકાળા, વૈશનવ પ્રાણઆધાર સહુને છો વાહાલા. ૧ શ્રીગોવીંદરાયજીના પુત્ર, સહુકો એમ કેહેછે; વાહાલે દીધાં અકળકદાન મનવાંછીત દેછે. ૨ શ્રીગોપેંદ્રજીના ભ્રાત રૂપે રૂડાછે; નીરખે નહી જે નરનાર, તે નર કુડાછે. ૩ એવાં પ્રફુલીત વદન વિસાળ, શું કહું શોભાને; જાણે ઉદીઓ પુનમચંદ્ર થયું મન લોભાને. ૪ એમનું સુંદર ભાળ વિસાળ, તિલક શોભેછે; નિરખીને લા-

જો મોરાર, ચિતડાં સોભે છે. ૫ શ્રીકંઠે માળ કુસમતણી અતિ રાજે છે; નિરખતાં વઇશ્નવ જનને, મોહ ઉપજાવે છે. ૬ ચંચળતા ચાલે ચાલ, ભારે દીસે છે; જાણે મદગજ ક્રમળ સમાન, મન જોઇ હીસે છે. ૭ છબિપર જઉં બલીહાર. હું તમને વારૂં; પ્રગટયા શ્રી વિઠ્ઠલનાથ, સેવક જનના સારૂં. ૮ મને હરખ ઘણેરો થાય છે, ગુણ ગાવાને; મહારા તનના તાપ સમાવ ભવ દુઃખ જાવાને. ૯ છેલ છબિલા લાલ છે, અતિ સારારે; હીંડે છે લટકા કરતા કામ; કામણગારારે. ૧૦ શ્રીસહાદનગરમાં વાસ, સહુ કો જાણે છે; જશ થયો જગત વિખ્યાત, દાસ વખાણે છે. ૧૧ શું કહે વ્રજભુખણ, ગુણ તમારારે; અવગુણ ન જોશો નાથ, ધણી અમારારે. ૧૨ શ્રી વિઠ્ઠલ નાથજીના લાલ છો અતિ લટકાળા.

ધોળ ૨૦૯.

અથ શ્રી કક્કાનો ભાવ લખ્યો છે ॥શ્રી કૃષ્ણાય નમઃ॥

કકા ક્રિયા કરજો શ્રીવલભ, તો તેહને કાંઇ નહીં દુર્લભ. કૃમ દ્રષ્ટિએ કરીને જુવે, તો તેહનાં દુઃખ દારિદ્ર ખુવે. ૨ ત્યાંહાં તેહને થાય સુલભ, કકા ક્રિયા કરે શ્રીવલભ. ૩ ખખા ખરીજો દ્રષ્ટિ કરે, પુષ્ટિ ભક્તિ માંહે પરવરે. ૪ ગગા સંબંધ તે કરજો રીતે, શ્રીના સ્મરણ કરજો પ્રીતે. ૫ પ્રભુ પદ કમળ રૂદેમાં ધરી, ખખા ખરી દ્રષ્ટિ કરી. ૬ ગગા ગુરૂ ગોવીંદ ગુણ ગાય, શ્રીવલભ શ્રીવિઠ્ઠલરાય. ૭ એવું નારાયણ કમળ નિત્ય ભજો, અન્ય દેવ ઉપાસના તજો. ૮ પ્રભુ મળવાનો કરો ઉપાય, ગગા ગુરૂ ગોવીંદ ગુણ ગાય. ૯ ઘઘા ઘણું ઘનસ્યામ સંભાર લૌકીકમાંથી ચિત નિવાર. ૧૦ વિશયા શક્તિથી દુર જ રહે, ત્યાંહાં ઘટ એવ નિર્ગમ લહે. ૧૧ એવું મનમાં કરી નિર્ધાર, ઘઘા ઘણું ઘનસ્યામ સંભાર. ૧૨ નના નેહ નંદલાલ શું થાય, તે માટે એ કરવા ઉપાય. ૧૩ એની લીલામાં મન જો ભમે, તેતો એને અતિશે ગમે. ૧૪ એમ અંગેને નિશદીન ગાય, નના નેહ નંદલાલશું થાય. ૧૫ ચચા ચિત ચતુરાઇથી આણ, શ્રી ગોવરધન નાથ વખાણ. ૧૬ ચિત તણી ચંચળતા તજો, પુરણ પુરૂષોતમને ભજો. ૧૭ એહ અમૃત સિંધુનાં પાણ, ચચા ચિત ચતુરાઇ આણ. ૧૮ છછા છબી છબીલાની જોઇ, એ સમાન ત્રાલોક-

નમાં કોઇ ૧૯ નણું નિર્ખી આતો સુખ લીજો, પ્રેમ સુધારસ નિશદીન પીજો. ૨૦ તો સર્વે સુખ શેજે હોઇ, છછા છબીછબીલાની જોઇ. ૨૧ જજા જગતમેં જશ વાધે, જો એવા પ્રભુને આરાધે. ૨૨ જો મુખથી શ્રી ક્રશ્ન શ્રીક્રશ્ન કહે, તો વૃજ વંદ્રાવનનું સુખ લહે. ૨૩ મન ક્રમવચન કરીને સાધે, જજા જગતમેં જશ વાધે. ૨૪ ઝઝા ઝાઝુ શું વળી કહીએ, સુખ દુખ દુર વચન સબ સહીએ. ૨૫ કામ ક્રોધ મદ મોહને ટાળી, ચર્ણ કમળ ચિત દીજો વાળી. ૨૬ તે સુખ સરવે સેહેજમાં લઇએ, ઝઝા ઝાઝુ શું વળી કહીએ. ૨૭ ટટા ટગમગ ટગમગ જોશો, પ્રભુને ભજયા વિના જન્મજ ખોશો. ૨૮ ઉતમ દેહ જો મનુષ્ય ધરી, એ અવસર નહીં આવે ફરી. ૨૯ નહીં ચેતો તો આગળ રોશો. ટટા ટગમગ ટગમગ જોશો. ૩૦ ઠઠા ઠગતો કાળ ઠગાય, હવે કંઇ એક મનમાં ભય ખાય. ૩૧ કપટ ક્રોધ નીંદા પરહરી, પોતે પોતાનું સાધન કરી. ૩૨ નિર્મળ ચિત્તે હરી ગુણ ગાય, ઠઠા ઠગતો કાળ ઠગાય. ૩૩ ડડા ડાપણ એવું કરી, શ્રી વલ્લભ વિઠ્ઠલ ચિત ધરી. ૩૪ ભલુ ચેતો જો પોતાતણું, પ્રભુથી ચીત્ત રખે ટાળો ક્ષણ. ૩૫ તો ભવસાગર શેજ તરી, ડડા ડાપણ એવું કરી. ૩૬ ઢઢા ઢીઠ ઢીઠાઇ ના કીજે, શેવા કદા કીરતન મન દીજે. ૩૭ ભવસાગરઉ; તરવો ખોટો, તે તરવાનો માર્ગ મોટો. ૩૮ રસના ગુણ ગાઇ રસ પીજે, ઢઢા ઢીઠ ઢીઠાઇ ન કીજે. ૩૯ ણુણા નઇણાં સફળજ કરી, માધુરી મુરત મનમાં ધરી. ૪૦ નખ શિખ રાખો એહનું રૂપ, સુંદોર શ્રી વંદ્રાવન ભુપ. ૪૧ હવે રખે વિસારો હરી, ણુણા નઇણા સફળજ કરી. ૪૨ તત્તા તનની તપતજ ટળે, જો ગીરી ગોરધનધર મળે. ૪૩ જો પોતાનો જન્મ સધારો, તો એ સાથે પ્રિત વધારો. ૪૪ પોતે પોતાતણું સંભાળે, તત્તા તનના તાપજ ટળે. ૪૫ થથા થડ અહીં થાક નિવારો, મનુષ્યા જન્મ તરવાનો આરો. ૪૬ ભવસાગર ઉતરવો પાર, નામ રૂપાંછિ નાવજ સાર. ૪૭ શ્રી ગુરૂ શ્રીવલ્લભ વિઠ્ઠલ ધારી, થથા થડ અહીં થાક નિવારી. ૪૮ દદા દયા કરી દેશે દાન, એ આગળ જો ધરશે કાન. ૪૯ વંશાવંશાદીક કરશે ઓધાર, ભવસાગર ઉતરવો પાર. ૫૦ દ્વિજ જનને અતીશે માન, દદા દયા કરી દેશે દાન. ૫૧ ધધા ધન્ય દીવસ છે આ

જ, મંદીર પધાર્યા શ્રીમહારાજ. ૫૨ નિર્ખી નિર્ખી સુખ અતી ઘણું થાય, તે સુખ કથા કયાંહાંલગી કહેવાય. ૫૩ એ ચિત ધરે સરે સરવે કાજ, ધન્ય ધન્ય દીવશછે આજ. ૫૪ નના નિશદીન જો જપે, એવું ફળ નહીં કોહી જન્મ તપે. ૫૫ તપ કરીને કાં કષ્ટે કાય. કૃશ્ન નામભજે સર્વ ફળ થાય. ૫૬ આખર એ બહુ આવે ખપે, નના નિશદિન નામ જો જપે. ૫૭ પપા પ્રીતમ પ્રાણ આધાર, જુગમેં જીવણ નંદકુમાર. ૫૮ માત જશોદાજીનું જીવણ, ચોરી લીધું વ્રજ જનનું મન. ૫૯ વ્રજમે નિશદિન કરે વિહાર, પપા પ્રિતમ પ્રાણ આધાર. ૬૦ ફફા ફગટ ના મેલીસ ચિત, રખે વિસારી મોહન મીત. ૬૧ એ વિશારે સુખ નવ લહે, તેતો વેદ પુરાણ કહે. ૬૨ વળી વળી શું કહીએ નિત્ય, ફફા ફગટ ના મેલીશ ચિત. ૬૩ બબા બહુ બળનું નહી કામ, શર્ણપણે વશ થાએ શ્યામ. ૬૪ શ્રીવલભ વરનો માર્ગ ગ્રહો, મન વાંચ્છીત ફળ સર્વે લહો. ૬૫ ચર્ણકમળ કરી આરામ, બબા બહુ બળનું નહી કામ. ૬૬ ભભા ભગવદી સંગત મલી, શ્રીવીઠલ ગુણ ગાએ મળી. ૬૭ એવું ચિંતન નિશદિન કરો, બીજી વાત મનમાં ના ધરો; ૬૮ મોટો ગુણ નિરખ્યો છે કળી, ભભા ભગવદી સંગત મળી. ૬૯ મમા મુક્તિ થકીછે મોટું, ભક્તિ વિના બીજુ સાધન ખોટું. ૭૦ શ્રી વલભ વરશું ગમનજ કરી, પોતાના જનને ચિત ધરી. ૭૧ તે કારણ પદરજ લોટું, મમા મુક્તિથકી છે મોટું. ૭૨ જજા જાવકરંગ જયમ દંત, તેમાં રંગ રાખે શ્રી રાધા કંથ. ૭૩ જેમ રંગઉપર મજીઠ ચોળ, તે મીશેરંગમાં ચીત ચોળ. ૭૪ પ્રભુ રસમાં રહ્યુ રસવંત, જજા જાવક રંગ જયમ દંત. ૭૫ રેરા રશીક રશીલા નાથ, શ્રી વ્રજભાન દુલારી સાથ. ૭૬ એ નિત્ય રસમાં રસબસ નિર્ખુ, હૃદે કમળમાં રાખી હર્ખુ. ૭૭ એવું રત્ન આવ્યું હાથ, રેરા રશીક રશીલા નાથ. ૭૮ લલા લાડન લાલન સંગ, છબી અવલોકી વાધો ઉછંગ. ૭૯ લલીતાજી ગન લીલાધરે, સકળ મનોરથ પુરણ કરે. ૮૦ તૃસ રેલ કરે શીતળ અંગ, લલા લાડન લાલન સંગ. ૮૧ વવા વશ થાજે વ્રજચંદ, ત્યારે ટળે સકળ દુખ દંદ. ૮૨ દુઃખ ઘણું છે આ સંસાર, પ્રભુ વિના કોઇ ના કરે

સાહાર. ૮૩ મનથી મુકી દજે સરવે ફંદ. વરા વંશ થાજે ગ્રજચંદ.૮૪ શરાશ્યામ સુંદાર સુખકારી, નિર્ખીનિર્ખી છબીપર બલીહારી. ૮૫ નિર્ખતાં તપત ટળે તનતણી, મનમાં થાય શિતળતાઘણી.૮૬તનમન દીજે સરવે વારી, શરા શ્યામ સુંદાર સુખકારી. ૮૭પપા સાચુસગપણ એહ, જન્મજન્મ તે એ શું સ્નેહ. ૮૮ ભમી ભમીને હારી ઠામ, ચરણ કમળ થાયે વિશ્રામ. ૮૯ ફરી ફરીને કહુછું તેહ, પપાસાચુ સગપણ એહ. ૯૦ સસા સુખમાં સુતા રહે, ને પ્રભુ ભજવાનું મરમ ના લહે. ૯૧ માહારૂ તાહારૂ કરતો ફરે, ઉદર ભર્યાનું સાધન કરે. ૯૨ તે તો જન્મ વૃથા સહુ કહે, સસા સુખમાં સુતા રહે. ૯૩ હેહા હેત હરી સાથે સાચુ, એ રંગ હું અતીશે રાચું. ૯૪ દીન જાણી પ્રભુ કીજે સાર, મારે તો એકિનો આધાર. ૯૫ દ્રઢ આસરા વિના સરવે કાચુ, હેહા હેત હરી સાથે સાચું. ૯૬ ક્ષક્ષા લક્ષણ સુત કરી દયા, તેજ થકી સંપુરણ થયા.૯૭દીન દયાળ કરૂણાનીધી સાગર, મનવાંછીત ફળ પુરણ આગળ. ૯૮ બહો જાનકર રાખો બધ્યાં, ક્ષક્ષા લક્ષ્મણ સુત કર દયા. ૯૯ક્ષણ ક્ષણ એ ચીતમાં ધરી, બીજી વાત સરવે પરહરી. ૧૦૦ શ્રીમથુરેશ મનોરથ પુરે, દુઃખ દારીદ્ર સકળને ચુરે. ૧૦૧ ધ્યાન નીરતર એહનો કરી ક્ષણ ક્ષણ એ ચિતમાં ધરી. ૧૦૨ જ્ઞ જ્ઞાનપણું નવ જાણુ, રસના શ્રી વલભ નામ વખાણુ. ૧૦૩ હરીદાસ પરીપુરણ કામ, શોભા નીરખી પોહોતી હામ. ૧૦૪ શ્રી મદન મોહન છબી તે ઉર આણું, જ્ઞ જ્ઞાનપણું નવ જાણું. ૧૦૫

ધોળ ૨૧૦.

મહેતો તમો મહેતો તમો જાણીઆ એ, શ્રી ગોકુળ કેરા રાય શ્રી ભાગવતમાં સાંભળીઆ એ, વ્રજમાંથી અળગા ન થાય. ૧ શ્રીવંદ્રાવનમાં કર્યોરે વિહાર, શીરાધાજી તણોરે આધાર; ગઢિયાંરણમાંહુઆરે મોવાળ, ગોપી તણા અંગોકાર. ૨ ઇંદ્ર તણું મરડ્યુરે માન, શ્રી ગોવરધન વ્રજપાળ; દ્વિજ કુળમાં વાહાલો પ્રગટીઆએ, શ્રીવિઠ્ઠલ શ્રીરે અવતાર. ૩ વદ્રષ્નવ વલભીએ જાણીઆ એ, શ્રી પુરૂષોતમ નીરધાર; જીવ જાતાં તમો રાખીઆએ, અળગા તણા આધાર. ૪ મા-

ધનદાસ સોભાગીઆ એ, અખંડ એવાતણુ નીરધાર; આપો વ્રજમાં વાસો એ, કેહેતાં ન આવે પાર. ૫ મેહેતા તમો મેહેતા તમો જાણીઆ એ.

ધોળ ૨૧૧.

સજની ચાલો ઉછવ આજજી. જન્મ દીવસ શ્રી વલ્લભરાજજી ૧ તોરણ ધજા પતા દ્વારજી, મંગળ ગાએ સારજી. ૨ ઘેર ઘેર તોરણ બંધાયજી, મોતીડે ચોક પુરાયજી. ૩ કુમકુમ હાથા તે દેવરાવીઆજી, કેસર સ્નાન પ્રભુજીને થાયજી. ૪ વાજીત્ર વાગે આવનવી ભાતજી. મળીઓ તે સજજન કુટુંબ સાથજી. ૫ ભીડ મચી ઘર આંગણા માંહેજી, નીજ જન નાચે આનંદશું ગાયેજી. કેસરે નાહે શ્રી લમણ નંદજી, જાણે પુનમ પુર્ણ ચંદજી. ૭ વૈશ્નવજન આભાણ કરાવેજી, અર્ણોદક લેઇને તાપ સમાવેજી ૮ કોમળ વસ્ત્ર ઓઢયાંછે અંગજી, ધોતી ઉપર્ણા કેસરી રંગજી. ૯ તીલક મુદ્રાદીક શોભત ભાલજી, કંઠે ઉપવીત ને તુળસીની માળજી. ૧૦ તેહ સમે જે ભાગ્યવાન હોયજી, આરતી તે કરતાં શ્રીમુખ જોયજી. ૧૧ મારકંડય ભાગ્ય વિચારે મનજી, આમને શ્રીવલ્લભ કરે પુજનજી. ૧૨ પુજન્યે આપે તે બહુ વીધી દાનજી, ભુવેદવળ્યક ગન સમાનજી. ૧૩ દેવતા તે કરે કુસમની વૃષ્ટિજી, જુગજુગ જીવો શ્રીવલ્લભ ધીસજી. ૧૪ ચોકી તે મંડળો મધે બીરાજેજી, એ વર વલ્લભ માથે છાજેજી ૧૫ સજની ચાલો ઉછવ આજજી.

ધોળ ૨૧૨.

રાગ સારંગ.

જ્યાકુ બેદ રટત, બ્રહ્મા રટત શેશ રટત; નારદ શુક વ્યાસ રટત, પાવત નહિ પાર. જ્યાકુ. ૧ ધ્રજન પ્રહલાદ રટત, કુંતાજી કે કુંવર રટત; દ્રઉપજ સુતા નાર્ય રટત, અનાથન કે નાથ. જ્યાકુ. ૨ ગુણકા ગજ વિપ્રે રટત, ગઉતમાકી અહલ્યા રટત; રીજ સ્વના રટત, સુત રાખત હુલરાવે. જ્યાકુ. ૩ નંદ દાસ સોહો વિલાસ, શ્રી ગિરીવર ધારી રશીક લાલ; જસોમતિકો પુત્ર પ્યારો, રાધાકો ઉર હાર. જ્યાકુ બેદ રટત. ૪

ધોળ ૨૧૩.

ઉત્તમ કુળ અવતાર કહાજો,શ્રીવલ્લભ રાજકુમાર ન જાણ્યું;ચરચા ન કિનિ બર બલભકી, રચ્યો પાખંડ કીનો બહુ બીન્યો. ૧ રસાંક કથા શ્રવણે ન સુની,વિષયમાં જો રહ્યો લપટાનો;મીટયો ન સોચ ઉર અંતરકો,સમજ સમજ મનમાં પરટાનો. ૨ ગીનીવર શ્રરન વ્રજ વંદ્રાવન,કબહુ નયન નિરખી સરાન્યો;કૃશ્નદાસ પ્રભુકો ગુણ મહિમા ગરગ મુની નહી જાત બખાન્યો. ૩ ઉત્તમ કુળ અવતાર કહાજો.

ધોળ ૨૧૪.

ચાલો સઘયરે સુંદીર વરને જોઇ, સોહીએ કરો સણગાર ટેક. શ્રી અંકાંજીના કુંવર કોડામણા, સોહામણા સુંદીર નાથરે; આપડા કાજરે પ્રભુજીએ કર્યા, મનડું મોહ્યુંરે વ્રજ સાથરે. ૧ આપડે ઘેરરે સરવે એમ કરો, ભલે ભરો ભેટ અમુલ્યરે;કળશ ઉપર સ્વન ઘણી, ત્રિભોવન સમતુલ્યરે. ૨ શ્રી વલ્લભજીને ઘેર વધામણાં,રળિયામણા રંગભેરે ગાયરે; પારણું પોઢાડે પ્રભુજી રમે, એ સુખ કહ્યા નવ જાયરે. ૩ સઘળો પરિવારરે આપડા શ્રી નાથજીને, બલીહારી માનવદાસરે; કરજોડીને કરૂં વિનતી, મને વ્રજમાં આપો વાસરે. ૪

ધોળ ૨૧૫.

પર્મ કૃપાળ શ્રી વલ્લભનંદન, કરત કૃપા નિજ હાથ દે માથે;જે જન શર્ણે આએ અનુસરહી,અહી સોંપત શ્રીગોવરધનનાથ. ૧ પરમ ઉદાર ચતુર ચિંતામણી,રાખત ભવદારાની સાથ;ભજે કૃશ્નદાસ કાજ રાખસરહી,જો જાણે શ્રી વિઠ્ઠલનાથ. ૨ પર્મ કૃપાળ શ્રીવલ્લભનંદન.

ધોળ ૨૧૬.

॥ રાગ ધનાશ્રી ॥ વધાઇ ॥

મોહો જુગ બેદ બચન પ્રતિપાલો,કમગળ નાભહી જબ તગહી તબ તબ તમ બપુ ધરી. ૧ સત્યુગ શેવત વરાહ રૂપ ધરી,હર્ણાકુસ ઉર મારયો; ત્રેતા રામરૂપ દસરથ ગ્રહે, રાવણ કુળ સંહાર્યો. ૨ દ્વાપર વ્રજ બુડતને રાખ્યો, સુરપતી પાર ના પાયો; કંસાદિક દાનવ સબ મારી,બસુધા ભાર ઉતારયો. ૩ કળયુગ શ્રીવલ્લભ ગ્રેહ પ્રગટયો;

માયાવાદ નિવાર્યો; માણુકચંદ શ્રીવિઠ્ઠલ પુરૂષોતમ, જગના પુરૂષ નિહુર્યો. ૪ મોહોયુગ બેદ વચન પ્રતિપાલો.

ધોળ ૨૧૭.

શ્રીવલ્લભ વિઠ્ઠલ હરી ન જાણ્યા, તેણે સર્વસ ખોયુંરે; શું લાવ્યા શું લેઇને જાશો વારંવાર વહુવાયારે. ૧ પુષ્ટિમાર્ગમાં જે જન આવ્યા, વિસ્વાસે ન વળગ્યારે, સાધન સર્વે છુટી જાશે, હરીથી રહેશે અળગારે. શેવા ફળ શેવા કરીએ, રૂતુ પ્રમાણે મેવારે; સંપત પ્રમાણે સગરપિ લેજો, તેહનું નામ તે શેવારે. ૩ શેવા કરશે ને પાખંડ ધરશે, તે પથ્થર કયમ તરશેરે; ભાવ વિના જે ભક્તિ કરશે, તે અથડાતા મરશેરે. ૪ માંડુ બોલે ને આચર્ણ ખોટાં, તેને તે ખળ કહીએરે. ૫ શ્રીવલ્લભ વિઠ્ઠલહરી ન જા૦

ધોળ ૨૧૮.

તમારૂ જોવા સરખુ રૂપ, શ્રીગોવર્ધન નાથજીરે; રૂપે મોહ્યા મેહોટાભુપશ્રીગોવર્ધનનાથજીરે. ૧વાહાલા માહારા નવાનગરના વાશી,શ્રીગોવર્ધન નાથજીરે; બીજુ નગર વસાવ્યું કાશી, શ્રીગોવર્ધન નાથજીરે. ૨ સાથમદન મોહનજી બીરાજે, શ્રીગોવર્ધન નાથજીરે; શેવા શ્રીગીરધરલાલજીની છાજે, શ્રીગોવર્ધનનાથજીરે.૩સાથેબહુ બેઠાગોનોસાથ, શ્રીગોવર્ધન નાથજીરે; સામગ્રીકરતાં સારી રાત, શ્રીગોવર્ધન નાથજીરે. ૪ ભોગ ધરાવે દીનાનાથ, શ્રીગોવર્ધન નાથરે;બીડલાં આપે જમણે હાથ, શ્રીગોવર્ધનનાથજીરે. ૫ એમ કરી કેહેછે વલભદાસ શ્રીગોવર્ધન નાથજીરે; એ સુખ ના આવે માહારી પાસ, શ્રીગોવર્ધન નાથજીરે. ૬ જાયબલીહારીમાધવદાસ,શ્રીગોવર્ધનનાથજીરે: અમને વ્રજમાંતેઆપોવાસ, શ્રીગોવર્ધનનાથજીરે. ૭ તમારૂજોવાસરખુંરૂપ.

ધોળ ૨૧૯.

ચાલો સખીઆજવંદ્રાવનમાંજઇયે,જોઇ જોઇસોભાગ્ય સુખીયાં થઇએ. ૧ વાહાલાજી તોબેઠા છે ફુલવાડી, જોતાં માહારીઆંખલડી થાય ટાહાડી. ૨ ફુલના તકીઆને ફુલની ગાદી,ફુલના બારસાત ને બાહારી. ૩ ફુલનાં છજાં મેડીને અટારી ફુલની ફુરતી મેહેલોજા-

ળી. ૪ ફુલની વહુજીને પેરણુ સાડી,દરશન કરીએ દહાડી દહાડી. ૫ ફુલ્યાં ફુલ્યાં ફુલવડીઆં બહુ બેહેકે. થોડે થોડે પવન પદાથ લેહેકે. ૬ વનમાં મોર કોકીલા બોલે,ના આવે કોઈ વલ્લભ કુળને તોલે. ૭ હાંરે વાહાલો જગત મગનીઓ ખેલે,હાંરે વહાલો બાળ લીલા રસ રેલે.૮ હાંરે વાહાલો પાત્ર છોગાળી ને તોરા;હાંરે છોટાલાલજી તે ઠાકોર મોરા. ૯ હાંરે વાહાલે નામ સમર્પણ આપ્યાં; હાંરે વાહાલે પોતાનાં કરી સ્થાપ્યાં. ૧૦ હાંરે હુંતો વલ્લભકુળની દાશી, હાંરે આમને કૃપા કરો વ્રજવાશી. ૧૧ હાંરે મને વ્રજમાં તે આપો વાસ, હાંરે બલીહારી જાય સાવદાસ. ૧૨ ચાલો સખી આજ વંદ્રાવનમાં જઇએ.

ધોળ ૨૨૦.

શ્રી પુરૂષોતમજી પ્રગટ હુવા તે,જોતાં લાગે વાહાલા; નખ શીખ સુંદીર રૂપ અનોપમ,શ્રી ગોકુળનાથજીના લાલા.૧ શ્રીપારવતી માજી ગોદ ખેલાવે,ચુમન લેઇ હુલરાવે;મુખડાં પુનમ ચંદસી જોતાં,નિર્મિ નેન સરાવે. ૨ આંખલડી અણીઆળી સોહે, ઘુઘરવાળા કેસ; દ્વિજ વર રૂપે ભુજ અનોપમ, ચાલે છે લઘુ વેશ. ૩ ચંપકવર્ણી નાશા-સોહીએ. ગાલ ગલીઆ ઝીણા; દાહાદાહા કહીને બોલે, કોમળ મધુરાં વેણ. શ્રીવ્રજભુખણજીનીજ બાલ ખેલે, જોતાં લાગે વાહાલા; બાળ લીલામાં પારણે ઝુલે, દાસ મનોહર ગાય. ૫ શ્રીપુરૂષોતમજી પ્રગટ હુવા તે, જોતાં લાગે વાહાલા.

ધોળ ૨૨૧.

શ્રી વંદ્રા તે વનની વાટરે,ગીરધારી લાલ; મગરો દીધો તે શામાટે રે, ગીરધારી લાલ. ૧ બાંધો નેણાની પ્રીતરે,ગી૦ સાંભળીઓ જાણુ રીતરે. ગીર૦ ૨ કદમ કેરી છાંયરે, ગીર૦ વલભાવરની બાંહ્યરે. ગીર૦ ૩ રંગભેર રમતા શ્રીજગદીશરે,ગીર૦ પાઘ કસુંબી શીશરે ગીર૦ ૪ કાનમાં કુંડળ ઝળકેરે,ગીર૦ ગળે ગુંજાના હાર લળકેરે. ગીર૦ ૫ બાંહે બાજુબંધ પોંચારે,ગીર૦ રત્ન જડાવની ચોકીરે,ગીર૦ ૬ શ્રી વંદ્રાવનની કુંજમાંરે,ગીર૦ ઉભલા વાંસલડી ધરી ભુજમાંરે. ૭ શ્રી જમુનાજીની તીરરે, ગીર૦ ઉભલા હળધર વીરરે.ગીર૦ ૮ વ્રજ બધું

જોવા જાયરે, ગીર૦ વૈશ્નવજન સુખીઆં થાયરે. ગીર૦ દુબલીહારિ જાય માધવદાસરે.ગીર૦ શ્રીવંદ્રાતે વનની વાટેરે, ગીરધારીલાલ. ૧૦

ધોળ ૨૨૨.

રાગ ગરબી. ૧

રસીઓ રસ ભરયોરે, વાહાલો શ્રીવિઠ્ઠલ વરણાગીઓરે; વૃજ વીનતાએ વરયોરે, એમની છબી ઉપર લેહે લાગીરે. ૧ નાગર નંદ તણોરે નટવર નાચેને ગાય ગાનરે; વાહાલો લાગે બ-ણોરે, પ્યારો પ્રેમ ઉપજાવે છે પ્રિતરે. ૨ સુંદીર શામળારે, હરી માહારા હૃદડા કેરા હારરે; પ્રિતમ પાતળારે, માહારા પ્રાણજીવ-ન આધારરે. ૩ લાગે હરી મીઠડારે,રસીઓ રાસ રમણનો ભોગીરે; વલભ પ્રભુ દીઠડારે, તેવી સદા રહીએ સંજોગીરે. ૪ રસીઓ રસ ભરયારે, વાહાલો શ્રી વિઠલ વરણાગીઓરે.

ધોળ ૨૨૩.

રાગ ગરબી. ૨

લાગી મને નેહજડીરે,એથી અળગા કયમ રેહેવાયરે; નિરખુ ઘડી ઘડીરે,સુખડાં કેહેની આગળ કેહેવાયરે, ૧ ભીડી મહને ગેહેલ-માંરે,વાહાલો શ્રીવંદ્રાવન ચંદરે;સહીઅર સાથમાંરે, સોહીએ તા-રામાં જયમ ચંદરે.૨ ઉભો અલબેલડોરે,જીવણ જમુનાંજીની તારરે; લાલચ ઘેહેલડોરે,વેણ વગાડે હળધરવીરરે. ૩ સખી ટોળે મળીરે,જોવા જશોદાજીના કાનરે;મરજાદા ટળીરે,વલભ પ્રભુ શું લાગ્યું ધ્યા-નરે, ૪ લાગી મને નેહજડીરે, એથી અળગા કયમ રેહેવાયરે.

ધોળ ૨૨૪.

રાગ ગરબી. ૩

ઘેલી ઘેઇ ફરૂંરે ઘેહેલા ગીરધારીની સંગેરે; ધીરજ નવ્ય ધરૂંરે, આતુર કીધું માહારૂં મનરે. ૧ જળ ભરવા મસેરે, જાવું શ્રી જમુનાજીને ઘાટરે; હરી હરખે હસરે, આરે આવી રોકે વા-ટરે. ૨ નિરખુ નયણાં ભરીરે; સુજના સામળીઆનું રૂપરે, હરખું હયડાં ભરીરે સર્વસ કાંહાનવર શ્યામ સ્વરૂપરે. ૩ ભીજુ

મહુને નવ્ય ગમેરે, માહારે સર્વેસ નંદકુમારરે; મન કેડે ભમેરે, દાસ વલભ પ્રભુ પ્રાણ આધારરે. ૪ બેહેલી થઇ ફરૂરે.

ધોળ ૨૨૫.

ગરબા ૪ થી.

પ્રિતની વાતડીરે,જેહેને લાગી હોય તે જાણુરે;તુજ પેર જાતણી રે,નિર્લજ થાય તે એસ માણુરે. ૧ તેમ ત્યાંહાં પ્રેમ નહીરે, જ્યાં પડદા ત્યાંહાં શાની પ્રિતરે;પ્રેમ ત્યાં નેમ નહીરે,જગત ભક્તની અવળી રીતરે. ૨ પ્રિતછે માહારેરે,સુજની શામળીઆની સાથેરે;એવી નથી તાહારેરે,અમે વેચાણુ એણી હાથેરે. ૩ તનમન સોંપીયુ રે,હવે જે થનાર હોય તે થાવરે, ભવોભવ અર્પીયુ રે,દાસ વલભ પ્રભુ જુગ જશ ગાયરે. ૪ પ્રિતની વાતડીરે, જેહેને લાગી હોય તે જાણુરે.

ધોળ ૨૨૬.

ગરબી ૫ મી.

કારણ શું એ કહુ રે, સુજને કાહાનુડાના કોડરે;કોઇથી નવ ડરૂ રે,હરખે હેડુ મોડા મોડરે. ૧ પ્રિત પ્રગટ કરૂરે,સુજની સેને રાખુ છાનુ રે, હરખ હઇએ ફરૂરે;માહારા મનના માન્યા માનુ રે. ૨ આ ભવ દુખ ટળયુરે,હતુ જયમ સુળી કેરૂ સાલરે,દુર્રાજન દેખી બળેરે, માહારા સીર નંદલાલરે. ૩ પ્રાણના પ્રાણ સખીરે,જીવણ જશોદાજીનાકાહાનરે,રાખુ હઇએ લખીરે,વલભ પ્રભુ શું લાગ્યુ ધ્યાનરે.૪ કારણ.

ધોળ ૨૨૭.

માહારા કૃપાળા રણછોડ, તમારી મને લહે લાગી. તમારૂ મુખ જોવાના કોડ. તમારી૦૧ મને ઘરમાં નવ રહેવાય, તમારી૦ સુનુ મંદીર ખાવા ધાય. તમારી૦ ૨ શેવકને રાખો પાસ,તમારી૦ હરીદાસની પુરજો આશ તમારી મને લહે લાગી. ૩ મહારા૦

ધોળ ૨૨૮.

અથ શ્રી જગનનાથજીના શણગાર.

શ્રીગુરૂ ગણપતીને સારદા,પ્રેમે લાગુછુ પાય બેહુ કરજોડીનેવર્ણવુ,દરસન આપો મહારાજ. માહારૂ મન મોહ્યુ જગનનાથજી૦ ૧

ઓડીસા ગામ સોહામણું,ત્યાં જગનનાથજીનો વાસ;ગેરઘેર ફુલની
વાડીઓ,નાળિયેર કેળાંના બાગ. માહારા૦ ૨ ચાર દરવાજા ચોખણા.
મંડપ રચીઆજી સ્થંભ;સામે દરવાજે લક્ષ્મી વસે જાણુએ પુનમચં-
દ. માહારા૦ ૩ કે પેહેલી તે પોળમાં પેસતાં, પતીત પાવન થાય; બી-
જીને પોળમાં પેસતાં,વ્રજ વ્રજરાય રણછોડ,નીત્ય નીત્યકિર્તન થાય.
માહારા૦ ૪ વ્રજરે મંદીરની શોભા ઘણી,દીસે ઝાકઝમાળ; ચંદવારે
કટારના, લખીયા દસ અવતાર, સોહીયે ચિત્રામણ સાર,માહારા૦૫
નાહાણાં તમારાં જગનનાથજી,જાણીએ કમળની પાંખ;જોતાં તે શુદ્ધ-
બુદ્ધ વીસરી,બળભદ્ર સુરજરાયના કાંત, માહારા૦ ૬ અમો તે વડેરે
સોહામણારે; તેની શીતળ છાંય. વીસામોરે વક્ષવતણોરે, પોહોડયો
પરસોતમ રાય,માહારા૦ ૭ ફુલનાં તે મુગટ કુંડળ બન્યાં,ફુલના બ-
નાંઆજી હાર,ફુલના બાજુબંધ બેરખા,ફુલના સોળ શણગાર,ફુલ-
નો ચોરસ હાર,માહો૦૮ કાને તે કુંડળ ઝગમગે,લીલાવટ તીલક જ-
ડાવ;અંતર તંબોળ રચી રહ્યું, કર ઉપર જાઉં બલિહાર.માહા૦૯ વ-
ર્ણા તે વર્ણુ જાણુ નહીં,કીધો એજ પ્રકાર;નાહાના મોટાને ગણ્યા ન-
હીં,પ્રસાદ વરણ્યા ન જાય. માહા૦ ૧૦ ઉર ઉપર સોહીએ પામરી,
ઉપર કસબની કોર;વદન દીસેજી હરીનાં ફુલડાં,જોતા રસીયાજીકા-
જ. માહા૦૧૧ ફુલની તળાઇ ફુલની પીછોડી. ફુલડાં ઉશીકાં શાર,
ફુલનાં તે ગાલમશુરીયાં,પોઢયા પરસોતમરાય.માહા૦૧૨ ફુલના જા
મા ફુલની કાંચળી,ફુલનાં ફુમતાં ચાર;પીળાં પાતાંબર પેહેરીયાં, કં-
ઠે તુળશીના હાર. માહા૦ ૧૩ હર્ખી નર્ખીને ભુલી ભમુ, કોને કહી
એજી વાત; ઘેરથી આવી હુંતો એકલી, સનમુખ થાય જગનનાથ.
માહા૦૧૪ જેઠ તે માસ અશાડીલો,સુદ પુનમ ચંદ;એહુ વીર નાહા-
વાને ઉતર્યા આસન આપ્યાં આભ્રણ.માહા૦૧૫ જેઠ તે માસ આસા
ડીલો.સુદ પુનમ ચંદ,વાસો તે માહે વસી રહ્યાં ચંદન મેહેલાજી છાં-
ટ.માહા૦૧૬ ચોઆ ચંદન કેવડો,વળી મરૂવો મચકોડ; અરગજાને
અત્તર ઘણાં;ફુલ લીધાં મરદંગ, માહા. ૧૭ કંચનના કળસ ભરાવી-
આ,તેહેનાં નાર્મળ નીર;સોનાના કળસ ભરાવીઆ,વીપ્ર લાવે છે

નીર. માહા ૧૮ વિપ્ર તે નીર ભરી લાવીઆ, કરમાં લીધાં શ્રીફળ; વાજીંત્ર વાજાં વાગીઆં, મુખે બાંધ્યાંછે વસ્ત્ર. માહા. ૧૯ ઉજળાં વ- સનાજી અંગુછા, સોહીએ શ્યામ શરર; લાલ પીતાંબર પેહેરીઆં, નવલી દક્ષણ ભાત, કમર કંચનના પાટ માહા. ૨૦ નવાં તે ફુલજી ન- વરંગા, તેહનું નવરે જાણું નામ; લાલ તે ફુલ સોહામણાં, ધરીઆં હુ- સ્તીનાં રૂપ. માહા. ૨૧ છપન ભોગ ત્યાંહાં નીપજે, પેહેલાં ખીચડી સાર; સીરો પુરીને લાબસી, કંચન માલપુવા સાર. માહા. ૨૨ દુધપુ- રીને જલેબી ઘણી, લાડવે ના આવેજી પાર; વેઢમી પુડાને ઢોકળાં, પીઠાં આવેજી સાર. માહા. ૨૩ નાળીએર કેળાંજી અતી ઘણાં, ભાઠા કેળાનું શાક; સાળ દાળને ભાજી ઘણા, અટકાં દીવસને રાત. મા- હા. ૨૪ મોળાં તે દહીં જમાવીઆં, ઘી તાવ્યાં તત્કાળ; અરગના ધુપ ઉકાળીઆ, ગરથે લીધાં દીપન. માહા. ૨૫ તુળસી દળે સમીઆ, જમીઆ જાદવરાય; સોનાની ઝારી જળે ભરી, આચમન લેજો મા- હારાજ. માહા. ૨૬ લવીંગ સોપારીને એલચી, બીડલે બાસટ પાન; બીડલાં તે વાળ્યાં બરાસનાં, આપ્યાં લક્ષ્મીજી હાથ. માહા. ૨૭ જ- મી ખેલીને ઉઠીઆં, આવ્યાં વ્રજ મંદીર માંય; લક્ષ્મી સાથે બોલ્યા નહી, સાધુને ન આપ્યાં દરશન. માહા. ૨૮ પંડ્યાએ પટરે દેખાડી- આં, ધરીઆ દસ અવતાર; પંદર દીવસ ગયા દોહલા, નેત્રે ના આપ્યાં દરશન; સોહીએ ચિત્રામણ સાર. માહા. ૨૯ દહીતાપનીરે તાણ ઘ- ણું, આગળ પડીને જોર; જાત્રાળુ હાથ જોડી રહ્યા, પંડ્યા પાડેછે સો- ર. તેડ્યા તે કોઇના આવે નહીં, એવા જુગલ કીશોર. માહા. ૩૦ વિવ સીખ સહુ પોતે કરી, પછે ચઢીઆ શ્રીનાથ; સહુકોનેરે સાથે તેડીઆ, લક્ષમીજીને ના લીધાં સાથ. માહા. ૩૧ અટકી મટકીને ચાલે ઘણું, લટકે ધરીઆરજી પાથ; સુભદ્રા કોઇ જાણે નહીં, બળભદ્ર શ્રી જગન- નાથ. માહા. ૩૨ અમાંવાસ્યા દીનરે સોહામણું, નેત્ર આપ્યાં દરશન; અંગ ઉપર હાથજ ફેરવે, ઉર ઉપર લીધા શ્રીનાથ. માહા. ૩૩ સામ ળે રથ શણગારીવા, લાલ ધજાજી સાર; પરીક્રમારે પોતે કરી, તેહેનાં સરીઆરજી કાજ. માહા. ૩૪ માહા. કુંડમાંરે નાહાને, મારલી સમુદ્ર

સાથ; ઈંદ્ર દમણમાં નાહીને,ટાળ્યાં પરીઆનાં પાપ, માહા. ૩૫ ઈંદ્ર દમણનીરે જાતરા,ચાલ્યા જાદવરાય;પશુ પક્ષીને પાવન કર્યાં, તેહનાં સર્યાં કાજ. માહા. ૩૬ તેરશે રથરે ચલાવીઆ, બીજે આવ્યાજી ત્યાંહુંય; સીધ પોળે રથ રાખીઆ, વાજાં વાગેજી સાર. માહા. ૩૭ કે પાંચમે રથ ચલાવીઆ, દશમે આવ્યાજી ત્યાંહ; સીધ પોળે રથ રાખીઆ, લક્ષ્મીજીએ ભીડયાં દરબાર. માહા. ૩૮ વળતાં તે બળભદ્રજી બોલીયા,લક્ષ્મીજી ઉઘાડો દરબાર;બારણે ઉભારે જગનનાથજી, ઈંદ્ર વરસે છેજી ધાર, માહા. ૩૯ વળતાં તે લક્ષમીજી બોલીઆં, સાંભળો બળભદ્ર જેઠ;મંદીર પધારો પોતા તણે,ચલાવીશું દરબાર. માહા. ૪૦ કે પરસાદ અમેરે ચલાવોશું, ચલાવોશુંરે દરબાર; કાળો એ કપટી સદાયનો,અમને ના લીધાં સાથ. અમને દીધાજી છેદ. માહા. ૪૧ કે પરસાદ તમારે ચાલે નહીં, ન ચાલે દરબાર; કાળો એ બંધવ અમ તણો,કાળા વિના કોણ કરશે રાજ. માહા. ૪૨ વળતારે જગનનાથજી બોલીયા,સાંભળ સાંભળો દેહ; મોહોટા એ બાંધવ અમતણા; મોહોટા બળભદ્ર વીર. લજયા તે તેમની રાખી નહીં, સાથે સુભદ્રા બેહેન. માહા.૪૩ વળતારે જગનનાથજીએમ બોલીયા,સાંભળો સાંભળો દેહ, પતીત પુરાવુંજી તમતણા, મીથ્યા સીદ કરો વાર. માહા. ૪૪ મોહોરો આપુંરે હું તો રોકડી, ઉઠો કરો શણગાર;પ્રદયુમન પુત્રજી તમતણા, તેહને મોતીના હાર. માહા. ૪૫ હરખાને લક્ષમીજી ઉઠીઆં, જઈને ઉઘાડયા દરબાર;પેહેલાંને આરતી પોતે કરી, હરખી ઉઠયા જગનનાથ, રત્ન સીંહાસને પધરાવીઆ, હરખી બેઠા જગનનાથ. માહા. ૪૬ વડારે શણગાર જમનાંજી, કેઈપેરે કરૂંરે વખાણ; કાયર કુડોજી અતી ઘણો, મારે છડીઓના માર. માહા. ૪૭ હાર શણગાર ગાયે સાંભળે,તેહેનો પુરીમાં વાસ;નવરેગાયનવ સાંભળે તેહેનો પશુનો અવતાર. ગાય માધવદાસ. માહા૦ ૪૮ શ્રીગુરૂ ગણપતિને સારદા, પ્રેમે લાગુંજી પાય, બેઉ કરજોડીને વર્ણવું દરશન આપો માહા૩૦.

ધોળ ૨૨૯.

શ્રીજીબાવા લટકાળા, જીરે સરસ્વતીને લાગુ પાય; શ્રીજીને સન્મુખ નિરખવા જાય. શ્રીજીબાવા૦ ૧ તમે ચઉટા પાસે રહોછો, વૈશ્નવને દરશન દોછો. શ્રીજીબાવા૦ ૨ ચઉટાની શોભા સારી ત્યાંહાં ફરતી મેહેલાવો જારી. શ્રીજીબાવા. ૩ હાથે કડાં સાંકળાંને વેઢ વીંટી, એમની શોભા નજરે દીઠી. શ્રીજીબાવા૦ ૪ એમની દશે આંગળીએ વેઢરે, એમને કેહેડે કટીમલ મેખરે, શ્રીજીબાવા૦ ૫ એમને નાકે નકરાં મોહતી, એમના મુખની છબી જોતી શ્રીજીબાવા૦ ૬ એમને કાંને કુંડળ લળકે, મોતીના તોરા ઝળકે. શ્રીજીબાવા૦ ૭ કેસરી પાઘ મોતીના તોરા, માહારા પ્રભુજીના ચર્ણે ગોરા. શ્રીજીબાવા૦ ૮ એમને આરતી ઉતરે જયારે, વઇશ્નવ દરશને આવે ત્યારે. શ્રીજીબાવા૦ ૯ એમનો શ્રી ગોકુળમાં વાસ, બલીહારી જાય માધવદાસ. શ્રીબાવાજી લટકાળા૦ ૧૦

ધોળ ૨૩૦.

આજ આનંદ મારે ઉરન સમાયજી, પ્રગટયા શ્રીવલભ રાજકુમારજી. ૧ ભુતળ ભાગ્યતણો નહી પારજી, દેવી તે જીવનો કરવા ઓધારજી. ૨ મંદીર માંહી તે ચોક પુરવોજી તોરણ બારણાંએ બંધાવોજી. ૩ હું તો કરૂં વિવિધના શણગારજી, આજ મારે હઇડે હરખ અપારજી. ૪ નાચું ગાવું તાળી તે પાડુ હાથજી, હરખે તેડાવું સહીઅર સાથજી. ૫ કોને કોહો કોહો તેના કહેવાયજી. છબી પરજન રશીક બલ જાયજી. ૬ હરખે શીવલભ નંદને ગાવુંજી, શ્રી વિઠલનાથને વારણે જાઉંજી. ૭ એમના તે નામ તણો મહિમાયજી, સકળ અમંગળ અળગા થાયજી, ૮ જીરે વાહાલે પુષ્ટિનાં કીધાં દાનજી, ટાળ્યાં ટાળ્યાં જીવતણાં અજ્ઞાનજી. ૯ જીવને તો બ્રહ્મ સંબંધ કરાવ્યાજી, તેજથકી પુરૂશોતમ મન ભાવ્યાજી. કીધો કીધો ભક્તિતણો ઉપદેશજી. ટાળ્યાં ટાળ્યાં અસુરતણાં આવેશજી. ૧૧ રાખ્યા રાખ્યા અણસમરપિત વસ્તુ ખાતાજી, વારે વારે અન્ય આશ્રય જીવ જાતાજી. ૧૨ મનડાંની આશા પુરણ કીધીજી, શીક્ષા તે શેવા કરવાની દીધીજી. ૧૩ બાંધી

આંખી ભક્ત શીખુની શ્વેતજી, દૈવી તે જીવને કરવા હેતજી. ૧૪ કીધો કીધો માહા મોટો ઉપગારજી, દૈવી તે જીવનો કરવા વિસ્તારજી. ૧૫ જીરે વાહલા સમ તે લાલ કેશ જે તાતજી, શ્રીગોપીનાથજી કેશ એ ભ્રાતજી. ૧૬ શ્રીઅક્કાજીના ગર્ભ તણા એછે રત્નજી, શ્રીવલભજીએ કીધાંછે જતનજી. ૧૭ તેમની ભક્તિ તણે શીર શોહીએજી, નીરખતાં નિજ જનનાં મન મોહીએજી. ૧૮ જીરે વાલા શ્રી ગોકુળના વાશીજી, જીરે હું છું શ્રી વલ્લભકુળની દાસીજી. ૧૯ જીરે વાલા વ્રજમાં તે આપો વાસજી, હાંરે બલીહારી તે માધવદાસજી. ૨૦ આજ મારે આનંદ ઉર ના સમાયજી.

ધોળ ૨૩૧.

તો તે જાની ભજે વન વારી, શરણ આયેકી તાપ નિવારી. ૧ જન પ્રહલાદ પ્રતિજ્ઞા પાળી, હિરણ્યકસ્યપકી દેહ વિદારી. ૨ ધ્રુવ નિર્ભય પદ દીઓ મોરારી, અસરિખકી ગર્ભ ગતી ટાળી. ૩ દ્રુપદ શુતા જબ પ્રગટ પુકારી, અદ્ભુત ચીર હરી નામ ઉચારી. ૪ ગજ ગણીકા ગૌતમ ત્રીય તારી, સુરદાસ સદા સરણ તુમારી. ૫

ધોળ ૨૩૨.

દેખો હરી જદુકો એક સ્વભાવ, અતી ગંભીર ઉદાર ઉદધી; પ્રભુ જાણ શારંગધરો રાય. ટેક રાય જીતની શેવાકો ફળ માનત મેરૂ સમાન, સદિશદાસ અપરાધ સિંધુ સમ બુંદન એકો સમાન. ૧ દ્રષ્ટિપર સાકો હોત સન્મુખપર જાનત હોજીએ એસી, જિન ભજે કૃપા આ મુખકી જબ ચેતાવો તબ તેસી. ૨ ભક્ત વિરહ કાતર કરૂણા મયા ડોલત પાછે લાગે, સુરદાસ એસે પ્રભુકો કેત દીજે પીઠ અભાગે. ૩

ધોળ ૨૩૩.

અથ શ્રી આસરાનાં પદ લખ્યાંછે.

પદ ૧.

શ્રી વલ્લભજીકો ભારીભરૂસો, વલભજીકો ભારી; કાયકુરે મનભટકત ડોલત, જયો ચાહીયે કૃપા કારી, ભરૂસો શ્રી વલભજી૦ ૧ શ્રી વિઠ્ઠલ ગીરધર સબનાયક, જગત કીયા આધાર; પુરૂષોતમ પ્રભુ નામ

મંત્રદે, ચર્ણ કમળ શીર ધરી. ભરૂસો શ્રી વલ્લભજીકો ભારી. ૨

ધોળ ૨૩૪.

પદ ૨ રાગ બીહાગ.

શ્રી ગોવરધનકી રહીએ તલેટી, શ્રી ગોવરધનકી રહીએ; નિત્યે પ્રતિત્યે દરશન મદનગોપાળ લાલકે, ચર્ણ કમળ ચિત લહીએ. તલેટી શ્રીગોવરધનકી. ૧ તનુ પુલકીત વ્રજ રાજમાં લોટત, ગોવીંદ કુંડમાં જયું નાહીએ; રશીક પીતાંબર સબશકી બનવાં, શ્રી ગીરધારીજી શું કહીએ. તલેટી શ્રી ગોવરધનકી રહીએ. ૨

ધોળ ૨૩૫.

પદ ૩ રાગ બીહાગ.

તુમ શર્ણાગત આયો, શ્રી વલ્લભ તુમ શર્ણાગત આયો; સબ દુખ દુર ગયો જબ દેખત, સુખકો પાર ન પાયો. શ્રીવલ્લભ. ૧ આજ્ઞા તે શ્રીગોવર્ધનધરકી, બ્રહ્મ સંબંધ કરવાયો; લીલા અપની સરસ દેખાઇ. શેવા સુખહી બતાયો. શ્રીવલ્લભ. ૨ શ્રીભાગવત સુબોધની મથકે, અપનો પંથ જનાયો; એસા ઉગર શ્રી લક્ષમણ સુતકો, રશીકકે મન ભાયો. શ્રીવલ્લભ તુમ શર્ણાગત આયો. ૩

ધોળ ૨૩૬.

પદ ૪.

હમતો શ્રી વિઠ્ઠલનાથ ઉપાશી, હમતો શ્રી વિઠ્ઠલનાથ ઉપાશી; શેવું શ્રી વલ્લભ નંદન, કહા કરૂં જઇ કાશી. હમતો. ૧ ઇનકુ છાંડ ઓરનકુ જો ધાવે, સો કહીએ અસુરારી; છીત સ્વામી શ્રીગીરીધરન શ્રી વિઠ્ઠલ, બાની નીગમ પ્રકાશી. હમતો શ્રી વિઠ્ઠલનાથ ઉપાશી. ૨

ધોળ ૨૩૭.

પદ ૫. રાગ બીહાગ.

દ્રઢઇન ચર્ણન કેરો ભરૂસો, દ્રઢઇન ચર્ણન કેરો; શ્રી વલ્લભ નખચંદ્ર છટા બીના, સબ જુગમાં જયુ અંધેરો, ભરૂસો. દ્રઢઇન. ૧ સાધન ઓર નહી અકળીમાં જાશું હોત નવેરો; સુર કહે માહાદ્વિજ આંધળો; બાન મુલકો ચેરો. ભરૂસો દ્રઢઇન ચરણન કેરો. ૨

ધોળ ૨૩૮.

પદ ૬. રાગ બીહાગ.

એક પલક જો રહીએ વંદ્રાવન, એક પલક જો રહીએ; જન્મ જન્મકો પાપ કટતહે,શ્રીકૃશ્ન શ્રીમુખ કહી કૃશ્નએ વંદ્રાવન એક પલક. ૧ માપ્રસાદ ઓર જળ જુમનાંકો, તનક તનક પુર લહીએ; સુરદાસ વઇકુંઠ મધુપુરી, ભાગ્ય વિના કહુંાંસી પાઇએ. વંદ્રાવન એક પલક જો રહીએ. ૨

ધોળ ૨૩૯.

પદ ૭.

શ્રી વિઠલનાથ બસતજીઆજયાકે, તાકી રીત પ્રિત છબી ન્યારી; પ્રફુલિત બદનકાન્તી કરૂણામય,નેનમાં ઝલકે ગીરધારી શ્રી વિઠલનાથ. ૧ ક્રિશ્ન સ્વભાવે પ્રેમ પરમારથ,સ્વાર્થ નહીં લેશ લગારી; અનંદ રૂપ કરત એક ક્ષણમાં, હરજુકી કથા કહેત બીસ્તારી. શ્રીવિઠલનાથ. ૨ મનક્રમ બચન તાકો કીજે, પાઇઅત બીરજ સુખકારી;કૃશ્નદાસ પ્રભુ રશીક મુગટ મણી,ગુણ નિધાંન શ્રીગોવરધનધારી.૩શ્રીવિઠલનાથ બસતજીઆજયાકે,તાકી રીતપ્રિતછબીનારી.

ધોળ ૨૪૦.

પદ ૮ રાગ બીહાગ.

હરીજનકુ હરનામ બડો ધન, હરીજનકુ હરનામ; બીના રખવાળ ચોર નહી ચોરત, સોવતહે સુખધામ. બડોધન. ૧ દીન દીન બઢત સવાઇ દરી, ઘટત નહીં કછુ દામ, સુરદાસ પ્રભુ શેવા જયાકી, પારસ સાકો કામ.બડોધન, હરીજનકુ હરનામ. ૨

ધોળ ૨૪૧.

પદ ૯ રાગ બીહાગ.

શ્રી વિઠલનાથ ધણી અમારે શ્રી વિઠલનાથ ધણી, ભવસાગર તો રહાડે શ્રીમાહા પ્રભુ, રાખો શરણ આપની. અમારે. ૧ નિશદીન રટત પાર નહીં પાવત,શેષ સહસ્રફણી; છીત સ્વામી ગીરીવરનશ્રી

વિઠલ, ત્રીભોવન મુગટ મણી. અમારે શ્રી વિઠલનાથ ધણી.

ધોળ ૨૪૨.

પદ ૧૦ રાગ બીહાગ.

શ્રી ગોવરધન ઓર ડીગર ચલો, શ્રી ગોવરધનકી ઓર માર્ગ બીચ મળો મોહન; નાગર નંદ કીશોર, ડીગર ચલો. ૧ ઠોર ઠોર દ્રુમવેલ ફુલી, કુંજ કોકીલા મોર; કુમનદાસ પ્રભુ ગોવરધનધર રસીક રાય શીર મોહારે. ૨ ડીગર ચલો શ્રી ગોવરધનકી ઓર.

ધોળ ૨૪૩.

પદ ૧૧.

ભજીએ શ્રી વલભજીકે ચરણ, ભજીએ શ્રી વલભજીકે ચરણ; સકળ પતીત ઓધારણ કારણ, પ્રગટ લીઓ અવતારણ. ભજીએ. ૧ ગુઢ શ્રી ભાગવત પ્રતી પદ, અર્થ પ્રગટ કરત; અખીલ લીલા પ્રેમ સયુંક્ત, દેખાડે શ્રી ગીરીધરન. ભજીએ. ૨ આશરો કરી રહે જે જન, મટે જન્મને મરણ; કહતહે હરીદાસ હમકું ઓર નાહીને શરણ. ૩ ભજીએ શ્રી વલભજીકે ચરણ.

ધોળ ૨૪૪.

પદ ૧૨.

શ્રી ગોકુળરસ ચાખે, જે કોઇ શ્રી ગોકુળરસ ચાખે; તાકો ચીત અનંતા ભટકે, લોભ દેખાવન લાખે. જે કોઇ ૧ પોહોડી રહેતા છાકરકી છયાં નિરખત તરૂવર સાખે; શ્રીજમુનાં જળપાન કરતહે, શ્રીવલભ મુખથી ભાખે. જે કોઇ. ૨ શ્રી વિઠલ ગીરીવરધર સાબ બાળક, ધ્યાન હૃદેમાં રાખે; રશીક પ્રિતમ જુઠી બાનક ઉપર, વિશ્વ વરણ નાંખે. ૩ જે કોઇ શ્રીગોકુળ રસ ચાખે.

ધોળ ૨૪૫.

પદ ૧૩.

શ્રીવલભ મહારાજ, બીરાજો શ્રીગોકુળ ગામ બીરાજે શ્રીગોપીનાથ શ્રીવિઠલ, ભકત જન પુરણ કામ. બીરાજો. ૧ બીરાજે શ્રીગીરધર ગોવીંદ શ્રી બાળકૃષ્ણ શ્રીગોકુળપતી ઘનશ્યામ, શ્રીરઘુપતી શ્રી

જદુપતી શ્રી ઘનશ્યામ, પુરૂષોતમ પ્રભુ નામ. ૨ શ્રીવલ્લભ માહારાજ, બીરાજે શ્રી ગોકુળ ગામ.

ધોળ ૨૪૬.

પદ ૧૪.

સમજ સોચ બીચાર મનરે, તું સમજ સોચ બીચાર ભક્તી વિના ભગવાન દુરલભ, કહતહે નીગમ પોકાર, મનરે તું સમજ સોચ બીચાર. ૨ સાધુ સંગત ડારા પાસા, ફેરે રસ્તા સાર; ડાભ અબક પડો પુરો, જીત પીછલી હાર. મનતું. છાંડ સતરે સુત અઢારે, પંચહીકોમાર; દુસ્તે તજતી નકાને, ચમક ચોક બીચાર. મન. ૩ લોભ માયા જંજાળ ભુલો, ઠગો ઠગની નાર; સુરદાસ કહે હરી પદ ભજન વિના, ચલો દોઉ કરઝાર. ૩ મનરે તું સમજ સોચ બીચાર.

ધોળ ૨૪૭.

પદ ૧૫.

આજ કામ કલ કામ, પરસુ કામ કરનો; પેહેલેદીન ભોત કામ. કામમાં પીછે મરનો. આજ કામ. ૧ જાગત કામ સુવત કામ. બેહેરમુખ હુઇએ ચલનો; છાંડ કામ સમરે શ્યામ, સુર કહે પકડ કરનો. ૨ આજ કામ કાલ કામ.

ધોળ ૨૪૮.

પદ ૧૬.

નીશ દીન લેહેરી ગોવીંદ ગા, નીશ દીન લેહેરી ગોવીંદ ગા, જન્મ બુઠો દેહ ગંદો, શ્વાન કાગ ન ખાય. લેહેરી. ૧ પાણીમાં જયું પડત બીંદુકા, પાણીમાં જયું સમાય; મોહ માયા લોભ લાગે, કાળે લેરેં આયે. લેહેરી. ૨ રકમ કાગદ બાંચ દેખો, જો તે મન પત જાય; કોટી બ્રહ્માંડકો ખોજ દેખો, લખો મીટહુ ન જાય. લેહેરી. ૩ દેહીકે દશ દ્વાર ફુયે, અતર્ પોહોચી આય; સુર પ્રભુકો ભજન કરલે, જન્મકો દુઃખ જાય. ૪ લેહેરી નીશ દીન ગોવીંદ ગા.

ધોળ ૨૪૯.

પદ ૧૭.

જો બસુદેવ કીએ પુરણ તપ, સો ફળ ફળત શ્રી વલભ દેવ; જો ગોપાળ હુતે ગોકુળમેં, સો અબ અહીં બસે નીજ ગ્રહે. જો બસુદેવ. ૧ જો ગોપ બહુહીં બ્રજમે, સો અબ બેઘકમા ભાઇએ; છીત સ્વામી ગીરીધરન શ્રી વિઠલ, એઇ તેઇ તેઇ એઇ કછુ ના સંધે. જો બસુદેવ કીએ પુરન તપ.

ધોળ ૨૫૦.

પદ ૧૮.

બીના ગોપાળ ગોપાળ નહીં કોઇ અપનો, કુન માત તાત સુત ધરતી એ સબ જગત રેનકો સપનો. બીના૦ ૧ ધન કારણ સબ નિશદીન ભટકત, વૃથા જન્મહુ અહીં ખપનો; અંતે સાહે કરે નહીં કોઇ, નાશે કાળ અર્ગ્રી મુખ જપનો. બી. ૨ સબ તજ હરી ભજ જુગલ કમળપદ, મોહન ધાઉ ચરણહી ખપનો; કહે હરીદાસ શ્રીવલભ શ્રીવીઠલ, રસનાએ શ્રી વલભ નામ જપનો. બીના. ૩

ધોળ ૨૫૧.

પદ ૧૯.

જીવત જેસે ભજનવિના પ્રેત, મલીન મઠ ઘેર ઘર ડોલત. ઓદર ભરન કહેત ભજન. ૧ મુખ કટુવત કરત પરનંદા, સંતકુ દુખ દેત; શેવા નહીં જયાંહાં ગોવીંદ ચરણકી, લોવન ગલનકો અંત. ભજન. ૨ કબહુ પાપ કરી પઇશો પાવત ધડ ધુળમાં દેત સુર રસના કહાં લોબગડું; બુડો કુટમ સમેત. ૩ ભજન બીના જીવત જેશે પ્રેત.

ધોળ ૨૫૨.

પદ ૨૦.

નેનમાં આજોરી, બસો મેરે નેનમાં આજોરી; સુંદીર શ્યામ કમળ દળ લોચન, શ્રીબ્રખુભાન કાસોરી. બસો મેરે. ૧ મોર મુગટ મકરાંકૃતકુંડળ, પીતાંબર જર જોરે; રસીક પ્રીતમ પ્રીયા નંગ ચામુલ, કનકાબર મન થોરાં. ૨ બસો મેરે નેનમાં આજોરી.

ધોળ ૨૫૩.

પદ ૨૧.

કહાં ચરાવત ગઈઆં,શ્યામ તુમ કહાં ચરાવત ગઈઆં;આ વનમાં હું નિત્ય ફીરતહું, કાંહાન દેખી ધઈયાં શ્યામ.૧ આ બનમેં અમન ધેન ચરાવત,શ્રીવંદ્રાવન છઈઆં;રસીક પ્રીતમ પીઆ લાલ હુશાં બોલો, દશી બેચન તુમ આઈયાં ૨ શ્યામ તુમ કહાં ચરાવત ગઈઆં.

ધોળ ૨૫૪.

પદ ૨૨.

શ્રી ભાગવત વિચારી કોહી, શુક શ્રીભાગવત વિચારી કોહી; હરીકી ભક્તિ જુગ જુગ બાંધત, અન્ય ધર્મ દીન ચાર. શુક. ૧ કથા સુનો કીરતન મુખ લાવો, છોડો મિથ્યાવાદ; ખડવંગ બે ગાડામાં મુકત, તાહારે રહો દીન સાત. શુક. ૨ ચીંતા તજહો પરીક્ષત રાજા, માનને શિક્ષા અમારી; કમળ નેનકી લીલા ગાવે, તરંગ એ અનેક બાહારી. શુક. ૩ સતયુગ સત્યે ત્રેતા તપ કીનો, દ્વાપર પુજા ચોરી શુર ભજન કરી કેવળ કીરતન, લજા કોન નિવારી. શુક. ૪

ધોળ ૨૫૫.

પદ ૨૩.

હોત ગોપાળ એ ગાએ, જે સુખ હોત ગોપાળ એ ગાએ; કછુ નહી જપ તપ વ્રત, કોટીક તીરથ નાહે. જે સુખ. ૧ ગદ ગદ કંઠ લોચન જળધારા, પ્રેમ પુલકીત તન છાએ; દીઓનો લેત ચાર પદારથ, હરીકો વરસ ઉર જાએ. જે સુખ. ૨ ત્રીલોક તરણા કર બેખું, નંદ નંદ ઉર લાય; સુરદાસ કહે પ્રભુ તોહારે મીલનકુ, ચલન મલન ચલાય. જે સુખ. હોત ગોપાળ એ ગાએ.

ધોળ ૨૫૬.

પદ ૨૪ રાગ બીહાગ.

કાહા કીઓ તેં આય જુગમેં, કહા કીઓ તેં આય ના હરી ભજયા ના હરીજન પોખે, જન્મ પદાર્થ પાય. જુગમે. ૧ નહી દ્દઢ

એક આસરો કીનો, શ્રીવલ્લભ વ્રજરાય; નહીં ન આરાધન રાધાવર કો, કરી મન લાઠ લડાય. જગમે.૨ ગુરૂ સેવા નહીં નાસે રહો મુખ ભાવ સહીત ગુણ ગાય; સેવા કર્મ માંનસી કરકો, નામ ના ગાયો આતાય. જુગમે. ૩ કીનો નહીં નિવેદન હરિકો, દીન ભાવ મન લાય; જુહયો નહીં પરપંચ લીલાકું ચીત્ર ન કીઓ બનાય. જુગમે. ૪ નહીં ન શ્રવણ અનન સુખ હરીકી, ટીક શ્રવણ સુનાય; તાપ ભાવના ભકિત કૃપા રસ, ન કીનો ચિત બતલાય. જુગમ. ૫ સાધુ સંગત કબહુ ન કીની, અંતર કપટ મીટાય; દુષ્ટ ભાવના ઉર અંતરકી, સો નાશકા મીટાય. જુગમે. ૬ કરી વૈરાગ નહીં ન દીનો, દુષ્ટભાવ છટકાય; વૃંદ્રાવન ગોકુળ ગોવર્ધન, મધુબન બસો ન જાય, જુગમે. ૭ સાધન બગ કબહુ નહીં છાંડયો, પુષ્ટિ ભકિત ઉર લાય; કીનો નહીં કાજ પરમારથ, સ્વાર્થ સબ બીસરાય. જુગમે. ૮ કબહુ ના નીરખ્યા નાથ નેન ભરી, સુધ રહયો નિત્ય ખાય; પરદુઃખ દેખી દયા ન ઉપજી, જુખે ના દીનો તાપ. જુગમે. ૯ ધન કહેત સદા જગ ડોલત, આર ના કછુ ઉપાય; રંચક સ્વાદ વિષય કે લાલચ, સરવસ દીએ ગમાય. જુગમે. ૧૦ સુખ કહેત ઉપાય કરત નીત્ય, પરસુખ સો અકળાય ઉચા બાત દેખી આેરનકી, અંગોઅંગ મરજાય. જુગમે. ૧૧ શ્રી વલ્લભ શ્રીવિઠલ ગીરધર, સો સુખ શકે ન ગાય; પુત્ર પુત્રાદિક જાણ્યાં અપુને, દેખી બહોત હરખાય. જુગમે. ૧૨ ઘડી એક દીન માસ પર સદીન, ગનતી કરત ગીનાય; ઇત ઉત બોલત બીન સવારથ, આયુષ્ય દીએ ગમાય. જુગમે. ૧૩ અપને મુખ ફુલી બાત, કરત બનાય બનાય; કહા ભયો સબ લોક હુસારથ, પુજા દેહી બડાય. જુગમે. ૧૪ જાનતહે હરી ઉરકી બાત, વે ચતુર શીરોમણીરાય; ઇન બાતનમે અટકે બાહીાવરે, દીએ જન્મ ગમાય. જુગમે. ૧૫ ખાનપાન મેરી તેરી મેંટ કરી નીશબાસ ઉડાય; સોચ બીચાર નહીં મનં કીનો, ભુલો નીપટ. અથડાય. જુગમે. ૧૬ ઉધવ સો કહી અપ અંતરકી, બાત કહી સુનાય; તા માર્ગ ચલીએ મન ધરી. એ કોમળ રહે બનાય. જુગમે. ૧૭ શુકસો કહી પરીક્ષતરાજા મારગ સુગમ બતાય; કળીમાં એકનામ અ-

ધીકારો ઓર ન કછુ ઉપાય. જુગમે૦ ૧૮ કહાંએ કાહાં બનાય બાતકી, બેરબેર સમજાય; સબકો મુળ એક હરી ભજવો, ઓર સબે છીટકાય. જુગમે૦ ૧૯ ઘર સુખ દેખી બહોત ફુલત મન, સુત સુખ બચન સુનાય; એ સંપત સ્વપનેકા જાનો, દેખત મોહા જશીરાય, જુગમે૦ ૨૦ થીક જીવન જાકો તકે મન, રહો વિશે લપટાય; સુરદાસ ચર્ણ ઉર જાણો, શ્રીગીરી ગોવરધનરાય. જુગમે૦ કહા કીઓ તેં આય જુગમે, કાહા કીઓ તેં આય. ૨૧

ધોળ ૨૫૭.

પદ ૨૫.

અબ મોરી કોણ ગતી બ્રજનાથ, અબ મોરી કોણ ગતી બ્રજનાથ. ભજન બીમુખ અરૂ શરણ નાહી, ફીરત વીશીઆ સાથ. અબ મોરી. ૧ અબહુ પતીત અપરાધી પુરણ, આચરૂ કર્મ બીકાર; કામ ક્રોધ અરૂ લોભ ચીતવંત, નાથ તમહી બીસાર, અબમોરી. ૨ અબ મેં ચર્ણ શર્ણ લપટાણો, રાખી લો મહારાજ; સુરદાસ પ્રભુ પતીત પાવન, શરણકો બીરદ સંભાર. ૩ અબ મોરી કોણ ગતી.

ધોળ ૨૫૮.

પદ ૨૬.

રાખો તેસે રહુ, જેસે તુમ હુ રખો તેસે રહુ; જાનતહો દુઃખસુખ સબજનકો, મુખ કરી કાહા કહુ. જેસે તુમ. ૧ કબહુ ભોજન દેહો ક્રપા કરી, કબહુ ભુખ સહુ; કબહુક ચઢન તોરંગ માહાગજ કબહુ ભાર સહુ. જેસે. ૨ કમળ નૈન ઘનશ્યામ મનોહર, અનુચર ભયો મેં રહુ; સુરદાસ પ્રભુ ભક્ત ક્રપાનિધિ તુમારે ચર્ણ ગ્રહુ. જેસે. ૩

ધોળ ૨૫૯.

પદ ૨૭.

બેરબેર નહી આવે અવસર બેરબેર નહી આવે. જો જાણેતોકરલે ભલાઇ, જન્મો જન્મ સુખ પાવે. અવસર. ૧ ધન જોબન અંજલીકો પાણી, વણસતાં બેર ન લાગે; તન છુટે ધન કોણ કામનો, કાયકુ

કરવી કાહાવે. અવસર. ૨ જયાકો મન બડો કૃષ્ણ સુનાકુ, જુઠ કબહુ ન આવે; સુરદાસકી એહ વિનંતી, હરખ નિરખ ગુણ ગાવે. અવસર. ૩.

ધોળ ૨૬૦.

પદ ૨૮.

સુંદીર ભેખ બન્યો ગોપાળ, સુંદીર ગાવું સખા સંગ સુંદીર; સુંદીર ભેખ બન્યો નંદલાલ, સુંદીર પંથ સુંદીર હરી આવનો. સુદીર મોરલી શબ્દ રસાળ. સુંદીર. ૧ સુંદીર લોક સકળ વ્રજ સુંદીર, સુંદીર નંદ જસોદાજી કે લાલ; સુંદીર ભોજન બચન થતી સુંદીર હળધર કૃષ્ણ કૃપાળ. સુંદીર. ૨ સુંદીર ચીતવન સુંદીર ગુન, માધવ કે કરહી બીચાર; સુરદાસ પ્રભુ સબ બીધ સુંદીર શ્યામ શુભ અવતાર. સુંદીર. ૩.

ધોળ ૨૬૧.

પદ ૨૯.

કો પત રાખે મેરી, શ્યામ બીના કો પત રાખે મેરી, અંધકો અંધ દુશ્યાસન, આન સભા મધ્ય બેરી. શ્યામ. ૧ મહા મતિહીન ભયો એ,રાજા પકર લાઇ જયુ ચેરી; ભીષ્મ દ્રોણ કર્ણ દુર્યોધન, કીન હુન પાછી ફેરી. શ્યામ. ૨ જો વીશ્વાસ રહ્યો મેં ગજ્યામે, કહું કરુણામય તેરી; શ્યામ. આઇ સાહે કરો કરૂણાનિધા, બુડત રાખો એ બેરી શ્યામ ૩ તજી ખાનુ આતુર ઉઠ ધાએ, જેસે ગજકી બેરી, સુરદાસ પ્રભુ ભક્તકે કાજે, કહી અંબરકી ઢેરી. શ્યામ. ૪

ધોળ ૨૬૨.

પદ ૩૦.

કરી મન ઉર સંતનકી શેવા, જીનકો ઓર ભરૂસો નહી, ભજે નિરંજન દેવા; શીળ સંતોશ સદા ઉર જીનકે, શ્યામનામ કે લેવા કરી. ૧ જીવન મુક્તિ ફીરે જુગ માંહી, જયું નારદ મુની દેવા; જીનકે ચર્ણ કમળ કુવછીન, ગંગા જુમના રેવા. કરી. ૨ સુરદાસ ઉનકી સંગતી, મીલે નિરંજન દેવા, કરી. ૩

ધોળ ૨૬૩

પદ ૩૧.

શ્રીગોકુળમાં રહીયે, સદા મનશ્રીગોકુળમાં રહીયે. ગોવિંદ બાટ છાકરકી છૈયાં, બૈઠક દરશન પાઇયે. સદામન. ૧ શ્રીજમુનાં કુંજાદિ સુભગ, શ્રીવંદ્રાવન ગાવી ગોવરધન ભઇયે; ઘેર ઘેર ભક્તિ ભગવાન સેવા, તનમન પ્રાણુ બે કહીયે. સદામન. ૨ શ્રીવિઠ્ઠલનાથ બીરાજત નિશદીન, ચરણુ કમળ ચીત વઇયે; શ્રીવલ્લભ પ્રભુ કમળ કીરપા તે, ઉનકે દાસ કેહેવાઇયે. સદામન. ૩

ધોળ ૨૬૪

પદ ૩૨.

જેસે હું તેસો તીહારો, શ્રીવલ્લભ નંદન આપ, જીવ છાંડ દેહો મોહેક તે; બાંહે ગ્રહેકી લાજ મનધરહો નરણુ ભરૂસો મોહો સાધન ભવ દર તે. જેસો. ૧ તુમ તજે ઔર ઠોર નાહી મેને, જાસો જાય કહું દુઃખ જરકે; રસીક શિરોમણુ શ્રીવલ્લભ માહાપ્રભુ, રાખો મોહે ચરણુ શરણુ ભવદર તે. જેસો. ૨

ધોળ ૨૬૫

પદ ૩૩.

રાવલકે કહે ગોપ આજ વ્રજ હુની પર, કાંહાના દેદે સુનો આજે ગોકુળમાં મુડલરા; જસોદાકે પુત્ર ભયો ભાગુભાન જયાસુ કહો, જયાં ત્યાંથી ચાલ્યે ગોપ દધી દુધ ગગરા, કાંહાના. ૧ આગે ગોપ વંદ્રવન પાછે તરીઆ મનોહર, ચલન શકતકો પાવત ન ડગરા; ચતરભુજ પ્રભુ ગીરધારીકે જન્મ સુની ફુલા ફલી ફેરત નારદ જેસે ભમરા. રાવલકે કહે ગોપ આજ વ્રજ હુની ઉપર.

ધોળ ૨૬૬

પદ ૩૪.

નહિતર લીલા હોતી જુની, નહિતર લીલા હોતી જુની જો શ્રી વલ્લભ પ્રગટ ન હોતે, બસુધા રેહેતી સુની. નહિતર. ૧ દીન દીન

અગર ક્ષણું રાજત, હે જયો કંચન બીચ ચુની; ક્ષુગનદાસ આગ રાકો શેવક. ગાવત જયાકો મુની. ૨ નછિતર લાલા હોતી જુની.

ધોળ ૨૬૭

આશરાનાં કિરતન રાગ બીહાગ.

કેતે દીન હરી સ્મરણ બીના ખોએ, કેતે દીન હરી સ્મરણ બીના ખોએ; પરનિંદા રસના કે રસમાં, આપનો કર્તવ ખોએ. કેતે દીન. ૧ તેલ લગાય કીએ રૂચી મરદન, બસતર બનાય કે ધોયે; તીલક બનાય સ્વામી હોય નાકસે વેશ્યનકે મુખ જોએ. કેતે દીન. કંપત કાળ બ્યાળ મુની ડરપત, બ્રહ્માદિક શિવરાએ; સુરશ્યનકી કાહાગ્રન વહુગી, ઉદર ભર ભર સોએ. કેતે દીન હરી સ્મરણ બીના ખોએ.

ધોળ ૨૬૮

રાગ બીહાગ.

કેતી કહી સમજાઇ, તોસુ કેતી કહી સમજાઇ; નંદ નંદ નંદન કે ચરણ કમળ ભજ, તજ પાખંડ ચતુરાઇ. તોસુ કેતી કહી. ૧ સુખ સંપત દારા સુત વેહે, જુઠ સગે સમુદાઇ; ક્ષણું ભંગુર એ સગે સયામ બીન, અંતે સંગ નહી જાઇ, તોસુ કેતી કહી. ૨ જન્મ મરણ બોહોત યુગ બીતે, હજુહુ લાજ નાહી આઇ. સૂરદાસ ભગવત ભજન બીન, જહએ ગાંઠ ગમાઇ. તોસુ કેતી કહી સમજાઇ. ૩

ધોળ ૨૬૯

રાગ બીહાગ.

દોઉનમે એકો નહી ભાઇ, દોઉનમે એકો નહી ભાઇ; ના હરી ભજયા ના ગ્રહે સુખ પાયો, વૃથા બાંહ ગઇ. દોઉનમે. ૧ જયું સુવા શીમળ ફળ લગકે, લાલચ દાહ દહી; પસ્તાનો જયમ ચાંચ ગુદાને, નીકસત તુળ મહી. દોઉનમે. ૨ હરી વિમુખ ચંદ્ર ચકોર જયું ચુગત અંગાર મહી; દ્રાક્ષ કાહાં તે ખાએ, સૂર પ્રભુ બોહો બંભાર મહી. દોઉનમે એકો નહી ભાઇ. ૩

ધોળ ૨૭૦

રાગ બીહાગ.

મન તું જાય ગો અમજાની, મન તું જાયગો અગાજાની. જોગીપતી તપી સબે જાયગો, અરૂ જાયગે એ અભિમાની. મનતું. ૧ રાજ્ય કરંતે રાજા જાયગે, અરૂ રૂપ તીરાની; વેદ ભણે તે બ્રહ્મા જાયગે, કથા સુનાન તે જ્ઞાની. મનતું. ૨ આવેગી એક લેહેર લોભકી, બુડેગો બીન પાણી; સુરદાસ એક ભક્તિ ન જાયગી, જાકી મતા ઠરાણી. મનતું જાયગો અમ જાની. ૩

ધોળ ૨૭૧

રાગ બીહાગ.

કેહુ કામ નહી આયો, ભજન બીના કોહુ કામ નહી આયો; આ જુઠી માયા કે કારણ, રતન શું જન્મ ગમાયો. ભજન બીના. ૧ ઉંચે ઉંચે મેહેલ ચિત્ર નિચી કીનો, ફરી ફરી ભોવન બનાયો; તાહુ ઘોરે પકર નિકસે, સબુ ભર રેહે ન પાયો ભજન બીના. ૨ તરીઆ કહતહે સંગ સબુંગી હુત હુત ધન ખાયો; ચલતી વેર રહી મુખ મુડે, ડગકું નહી પોહોંચાયો. ભજન બીના. ૩ જેતે સંગી તેરે હેત કરતહે, તીનકે હાથ બંધાયો; કાહાડ લીએ કંઠ હુતે હારા. કુંકી અહન જલાયો. ભજન બીના. ૪ અબ તું સચ કરતહે આમર્મી, પેહેલે કછુ ન કમાયો; સુર કહે ભગવંત ભજન બિના, ઉપે શિર લટકાયો. ભજન બીના કોહુ કામ નહી આયો. ૫

ધોળ ૨૭૨

રાગ બીહાગ.

જીવન એસે જો બની આવે, જીવન એસે જો બની આવે; શ્રીવલભ શ્રીવિઠલ પ્રભુકી, સરણ તાત જો પાલે. જીવન. ૧ દ્વાદશ તીલક સહિત મુદ્રા ધરી, તુલસી કંઠ ધરાવે; પ્રેમ સહિત જો નંદ નંદનકો, દીન જન્મ કર્મ ગુણ ગાવે. જીવન. ૨ શ્રીભાગવત સુખ રસ ટીકા, અનુદીન શ્રવણ કરાવે; ભુશણ બસન બીચીત્ર બહુ રંગ, પ્રભુકું લાડ લડાવે. જીવન. ૩ આઠો ભાંત સામગ્રી કરકે, પ્રભુકુ ભોગ ધરાવે; પ્ર-

ભુકે ભક્તનકું લીલમોલકે, વે પ્રસાદ જ્યો પાવે. જીવન.૪ શ્રીગોકુલ ગોવરધન બસકે, શેષ દ્રઢ મન લાવે; શામા શ્યામ સંગમકી લીલા, ધ્યાન હૃદેમાં આવે. જીવન. ૫ શ્રી જમુનાંજીશું અંગીક સ્નેહ કરી, મુખ જળ પાન કરાવે; સ્લોક કહે પાય બાંધો ઘુઘરી, આપનો અંગ નચાવે. જીવન એસે જો બની આવે. ૬ સમ સે.

श्री नाथ द्वारना साचोरा ब्राह्मण जगन्नाथ तरफथी मळेली वइष्णवने नित्य नियम राखवानी शीक्षा.

શ્રીકૃષ્ણાયનમઃ શ્રીગોપીજન વલ્લભાયનમઃ વૈષ્ણવને પ્રાતઃ કાળે વેહેલું ઉઠવું; શુર્યોદય શમે નિંદ્રા નિશેદ છે. પ્રથમ ઉઠીને કંઠમાં બે માળા તેહનાં દરશન કરવાં, હાથ ધોવા, તીન કોગળા કરી ચર્ણામૃત લેવું. ત્યાર પછી જયજય શ્રીવલ્લભ પ્રભુ શ્રી વિઠલેશ સાથે તથા જય જય શ્રી વલ્લભ નંદન પ્રાતઃસમે ઉઠી કરીએ. શ્રી લક્ષ્મણ સુતગાન પ્રાતઃસમે ઉઠી કરીએ, શ્રી વલ્લભ સુત ગાન મનવિના ઓર જે આપને કીર્તન આવડતાં હોય તે ગાઇએ. શ્રી જમુનાંજીનાં પદ તથા વલભાખ્યાન પછે દીશા જંગલ જઇએ, તે જતાં વખતે જે માળા કંઠમાં હોય તે અગર જનોઇ હોય તો તે કાને લગાવવી. તીન વાર મૃત્યકા લેઇ ગુદા ધોવી તથા દીશા જંગલ જઇએતે પછી ડાબા હાથથી લોટો નઝાલવો તથા ડાબો હાથ બીજે અડકાડવો નહીં. દસવાર મૃત્યકા લેઇને હાથ ધોવા, પછી પગ ધોવા, ત્યાર પછી મૃત્યકા લેઇ બે વાર હાથ ધોવા. બાર કોગળા કરવા, પછી દાતણ કરવું. શુદ્ધ જગાપર લોટો મુકી દાતણ કરવું, કરતાં એઠો હાથ લોટે લગાવવો નહીં. કુણીવતી હાથ ધોવા, પહેલાં કોગળા કરી મોડું શુદ્ધ કરીને હાથ ધોઇને પછી કપાળ ધોવું, પછી સ્નાન કરી વાશી કપડે અડકવું નહીં; અપ્રશમાં રહેવું, પછી એકાંત જગાએ સુકવેલું ધોતીયું જો તેને કોઇ અડયું ના હોય તો તે ધોતિયાને પેહેરવું અથવા મુગટો પેહેરવો, પછી જ્યાં શેવાનું ઠેકાણું હોય ત્યાં આસન બીછાવવું, પછી આપણું બેસવું, બેશીને તીલક કરવું, તીલક કરવાની રીત સ્લોક પ્રમાણે.

कुमकुमेनचरेधिमातिलकानीद्वादशिवतुः ॥ ललाटेउर्ध्वपुंड्रंस्यातुपत्र-कारंतुवक्षसिवेणुपत्रनीभंबाहुअन्यद्दिपाकालिभवेत ॥

અર્થ—પ્રસાદી કંકુ થકી દ્વાદસ તીલક કરવાં. ઉરધ્વ પુંડ્રજે માર્તંડ ગ્રંથમાં શ્રીગોસ્વરજી મારાજ કાશીવાળાએ નિર્ણય કર્યું છે. લલાટકે વિશે ઉર્ધપુંદ્ર કરવું ઉર્ધપુંદ્ર ભગવાનના ચર્ણકૃતી દડાકાર કરવું, એ તિલક નિર્ગુણ એટલે ગુણ કરકે રહીત હેવી રીતે કરવું, એ તીલક શુદ્ધ છે રહદય કમળ વિશે કમળના ફુલની આકૃતી અથવા ભુજાને વિશે વાંસના પત્તા સરખું, ઓર ઠેકાણે દીવાની જોત સરખાં. એવી રીતે તીલક કરવાં. હેની ઉર્ધપુંડ્રની ભીતર એક ગદા ધારણ કરવી, તેના ઉપર ત્રણ સંપ્રદાય-ની છાપ ધારણ કરવી. છાપાં કર્યાવિના રેહેવું નહીં કહ્યું છે કે—

॥ उर्ध्वपुंड्रत्रिपुंड्रवामध्येशुंन्यनकारियते ॥

અર્થ—તીલક વચમાં શુન્ય ન રાખવો, ચાંલો કરવો. એ શાસ્ત્ર માં કોઈ જગાએ વચન નથી તેથી ચાંલો ન કરવો. ભગવતનામ રૂપી છાપાં જરૂર ધારણ કરવાં જેટલીવાર નાહીંએ તેટલીવાર તીલક કરીએ તેટલીવાર છાપાં કરવાં. શ્રીમહાપ્રભુજીએ નિબંધમાં કહ્યું છે તે શ્લોક-

शंखचक्रादिकंधार्यमृदंपुजांगमेवतत् ॥
तुळशीकाष्टजामालातिर्कलिंगमेवतत ॥

અર્થ—સંખ ચક્રાદ ધારણ કરવાં. મૃત્યકાવતી કરવાં એટલે ગોપીચંદન કદાપી ન મળે તો બ્રમાંન્ડ ઘાટની રજવતી કરવાં તથા તે પણ ન મળે તો તુળશીજીના થડ ભિતરની મૃત્યકા વતી કરવાં પણ છાપાંવિના ન રહેવું તુળશી કાષ્ટની માળા પેહેરવી તથા તીલક ઉર્ધ પુંડ્ર કરવું निबंध तत्व द्विप श्लोक ॥ नहि नैवतु सयंक्त चक्र मायाद् वैष्णवः ॥ ग्राहयते सर्व वर्णानां हरिस्र लोकर्ये काम्ययोतिः ॥ તે થકી તપ્તમુદ્રા ધારણ ન કરવી. शंखादि चिन्ह रहितः पुजांयस्त समाचरेत ॥ निःफल पुजन तस्म हरिप्नापिन तुष्यति ॥ અર્થ—તે થકી છાપવિના શેવામાં ન જાવું શેવામાં જાય તો હરી જે ભગવાન તે પ્રસન ન થાય તેથી છાપાં કરવાની જરૂર છે વૈષ્ણવે શેવા જરૂર કરવી.

श्लोक निवंध तत्व द्विपनेशे एक काले द्विकाले वा त्रिकाले वापि पुज्यते ॥ અર્થ—આપને ધરમે પુષ્ટિમાર્ગની પરનાળીકાયુક્ત શેવા ન બોરાજતી હોય તો હું ગુરૂની આજ્ઞા પ્રમાણે સુક્ષ્મ શેવા કરવી શેવાવિના રહેવું નહી.તે શેવાની રીત લખતા નથી.એક કાળ જાય તો બીજા કાળમાં અથવા બીજો કાળ જાય તો ત્રીજા કાળમાં શેવા કરવી પણ સુક્ષ્મ શેવા કર્યાવિના ખાવું નહીં.આપણા શ્રી જે ભગવાન તે થકી બહીરમુખ થાય, શેવાના અવકાશમાં સંધ્યા કરવી.કાળનો ત્યાગ થાય પણ કરમનો ત્યાગ ન થાય તેથી શેવાના અવકાશમાં કરવી, પછી જપ કરવો,પછી આપને જે શ્રી સર્વોતમજી પાઠ અગર બીજો કોઇપણ પાઠ આવડતો હોય તે જરૂર કરવો સર્વોતમજીનો પાઠ તો જરૂર કરવો કેમકે તે વૈષ્ણવના ગાયત્રી છે.જે રીતે આપણે શેવા કરતા હોઇએ તે કર્યા પછી મહાપ્રસાદ લેવો,ભોગ ધરીને અથવા છ પ્રકારના જે પ્રસાદ કહ્યા છે તેમાં એકે પણ જરૂર લેવો. તે છ પ્રસાદ કયા કયા તેહની વિગત—૧ સાક્ષાત પ્રસાદ, ૨ સ્પર્શપ્રસાદ, ૩ દ્રષ્ટાપ્રસાદ, ૪ મિશ્રીત પ્રસાદ, ૫ અર્ણામૃત પ્રસાદ, ૬ આજ્ઞ પ્રસાદ એ રીતે છ પ્રકારના પ્રસાદમાંથી એક પણ લેવો, અસમર્પીત વસ્તુ લેવી નહીં.

સાંજની રીત— ત્રણ વાગ્યા પછી જે રીતે આપણ શેવા કરતા હોઇયે તે પ્રમાણે કરવી તે પછી શ્રીગોવર્ધનવાશીનુ ધ્યાન કરવું પછી વલ્લભાખ્યાન અથવા યુગપુરૂષ અથવા શ્રીભાગવતની અનુક્રમણીકા આદ્ય લોકે આપણને જે ધોળ આવડતાં હોય તેહનો પાઠ કરવો. પછી વૈશ્નવ મંડળીમાં જાવું, તેહનો નિમ રાખવો; ને ત્યાંહાં જે વંચક થાતુ હોય તેહનું ધ્યાન રહેમાં રાખવું, ને તેમાં જે સંશય હોય તેહનો ખુલાસો જે કોઇ મ્હોટા વૈશ્નવ હોય તેહને પુછી કરવો,ને તે જે પ્રમાણે કહે તે પ્રમાણે ચાલવું સતસંગ કરવાની જરૂર છે. વૈશ્નવને મુખ્ય દયા રાખવી,સંસાર વિશે વૈરાગ્ય રાખવો એટલે સંસાર વિશે આશક્ત ન થવું;કામ,ક્રોધ, લોભ, મદ, મત્સર કરીને રહિત રેહેવું કોઇની હીંસા ન કરવી, તથા નિંદા ન કરવી, કોઇ ઉપર દ્વેશ ન કરવો, અસત્ય ભાષણ ન કરવું,અન્યાશ્રય ન કરવો, અસત સંગ ન કરવો,

ખોટી ક્રીયા ન કરવી,ભગવંત ધર્મ સમાન બીજો ધર્મ ન જાણવો,પરસ્રિનું ગમન ન કરવું,જો કરે તો હજાર વર્ષની તપશ્ચર્યાની નાસ્તી થાય.હજાર વર્શની શેવા નિષ્ફળ થાય, દર્શન કર્યા વિના સર્વ સ્થાન રેહેવું પરસ્રિ સાથે એકાંતમાં એક પળ પણ બેસવું નહીં.જો બેસે તો કામ ઉત્પન્ન થયા વિના રહે નહી. તે થકી શ્રી ભાગવતાદીકમાં નાકહી છે,આપણી દીકરી હોય અથવા બેહેન હોય તથા માતા ગુરૂપતની અથવા સાસુની જોડે પણ એકાંતમાં ન બેસવું—શ્રી માહાપ્રભુજીએ આજ્ઞા કરીછે. ॥ શ્લોક ॥ त्रिषयाक्रांतदेहानांनावेशसर्वथाहर ॥

અર્થ—જેહેનું મન લૌકિક વિશયને વિશે છે તેહના રૂદયમાં કોઇકાળ ભગવાન પધારતા નથી. વઇશ્નવને શ્રીઠાકોરજી શ્રીવલ્લભકુળ એમને વિશે સામાન્ય બુદ્ધિ રાખવી. તથા વઇશ્નવે હમેશાં પોતાના ઘરમાં તુળશીજીની તથા ગાયની શેવા કરવી.

કીર્તન સુતી વખત સમરણ કરી કેહેવું.

જયશ્રીવલ્લભ જયશ્રીવિઠ્ઠલ જયશ્રીજમુનાં શ્રીનાથજી;કળીયુગના તો જીવ ઓધાર્યા,મુસ્તક ધરીઆ હાથજી. વઇશ્નવ જનપર કૃપા કરીને દીજો વ્રજમાં વાસજી, આગે પાછે ગ‍િ બીરાજે,બીચમે માગર નાથજી. મોરમુગટ પીતાંબર સોહીએ, મોરલી શોભે હાથજી;જય શ્રી ગીરધર જય શ્રી ગોવીંદ જય શ્રી બાળકૃષ્ણજી. જય શ્રી ગોકુળપતી, જય શ્રી રઘુપતી. જય શ્રી જદુપતી.શ્રીઘનસ્યામજી. શ્રીગોકુળવાળે નાથ, મેરી દોરી તુમ્હારે હાથજી. જય જમુનાંજી. શ્રી ગોવરધનનાથ. માહા પ્રભુજી શ્રીવિઠ્ઠલનાથ,જેજે શ્રી ગોકુલેશ. શોક ન રહે કલેશ, ક્ષણ ક્ષણ પળ પળ સમરણ કીજે,નામ નીરંતર લીજેજી.ચરણ શરણ રાખે માહારો વાલો,શ્રી ગોકુળ અવતરીઆજી;શ્રી ગોકુળમાં તો વાસો વસીએ,સંત સજનીમાં રહેજી. શ્રીવલ્લભ શ્રીવલ્લભ મુખથી કહીએ, ભવસાગર તો તરીએજી.નિત્ય પ્રત્યે સમણ દેતામાં રહીએ, ગુસાંઇજીની દરસન કરીએ જે દરસન બ્રહ્માને દુર્લભ,તે આપને અંગે કરીએ. શ્રી વૃંદાવન ગોવર્ધન વાસી, રાધા માધવ સુંદર શ્યામ, હરિદાસ હરિજનકો શેવક,દરશન દીજે,આઠો જામ.એટલું કહીં મુખ ચર્ણામૃત લેવું.

શ્રી મહાપ્રભુએ આપના નિબંધમાં જે આજ્ઞા કહીછે તે પ્રમાણે તે શાસ્ત્ર મુખ્ય જાણવાં. ૧ વેદ. ૨ વ્યાસસૂત્ર, ૩ ગીતા. ૪ શ્રીમદ્ભાગવત, એ ચારેને સર્વોપમા માનવાં. પેસાબ કરીને હાથ પગ ધોવાને ત્યાર પછી કોગળા ત્રણ કરવા ને જમીને કોગળા આઠ કરવા. વિષય કરીને કોગળા કરવા પ્રસંગે પ્રસંગે કોગળા કરી ચર્ણામ્રત લેવું અશુદ્ધ રેહેવું નહીં.

શ્રી હરરાયજીની શિક્ષાપત્રી. શ્રી ગોકુળનાથજીનું વચનામ્રત. શ્રી દ્વારકેશની ભાવના.	} વૈષ્ણવને વારંવાર વિચાર કરવો અને જરૂર સાંભળવું.

श्लोक- यत्कंठलग्नतुलशीनलीनाक्षमाला ॥ येबाहुमूलपरिशोभितशंखच-क्रा ॥ एवालक्काटपटलेलसदूर्ध्वपुंड्रस्तेवैष्णवाभुवनमाशुपवित्रयंति ॥

અર્થ.

જેહેને કંઠમાં તુળશીની માળાછે, અથવા કમળકાકડીની માળા-છે; બાહુને વિશે શંખ ચક્રાદી ધારણ કર્યાછે, લલાટને વિશે ઉર્ધ્વપુંડ્ર તીલકછે એવા જે વૈષ્ણવ તે જ્યાં જાય ત્યાંહાં એક માસસુધી તે ભોવન પવીત્ર રહે, અધ્યાય તથા શ્લોક તથા પ્રકરણનું પ્રમાણ સ્કંધ વિશે.

રાગ કાફી.

શ્રી વલ્લભચર્ણે લાગુંજી, ગુણ ગાવું વાણી હેતી માગુંજી. ૧ શ્રી વીઠલનાથજી પુરો આશજી, જન્મ જન્મની જાણું દાસજી. ૨ અનુક્રમ તે શ્રી ભાગવતનું કહીએજી, સ્કંધ તે દ્વાદશ લહીએજી. ૩ અધ્યાય ત્રણસેને બત્રિશજી, પ્રાકૃત અધ્યાય મળી ત્રણસે પાંત્રીશજી. ૪ શ્લોક અઢાર હજાર પ્રમાણજી, પ્રકરણ તેંતાળીસ પ્રમાણ નિરવાણજી. ૫ ઓગણીશ અધ્યાય પ્રથમ સ્કંધજી. ત્રણય પ્રકરણ કહ્યાં પદબંધજી. ૬ હિત પ્રકરણ ત્રણ અધ્યાય લગી થાયજી, પેહેલા અધ્યાય સઉનક પ્રકરણ કહેવાયજી. ૭ બીજે અધ્યાય સુત પુરાણી ઉત્તર દીધોજી, ભક્તિ યોગ તે ઉત્કૃષ્ટ કીધોજી. ૮ ત્રીજે અધ્યાય કથા અવતાર ચોવીશજી, બીજું પ્રકરણ મધ્યમ કહુ નામી શીશજી ૯ ચોથે ચિંતા વ્યાસજીને થઇ નારદ આવ્યાજી, ઉપદેશ કરી પાંચમે સમજાવ્યાજી ૧૦ કો-

જેજી શ્રી ભાગવત પ્રકાશજી, તેણે થાય તાપ તીમરનો નાશજી. ૧૧
છઠે પોતાનું વૃત્તાંત નારદે કહ્યુંજી, આગળ જન્મેજે સુખ દુખ લહ્યુ-
જી. ૧૨ ત્રીજું તે પ્રકરણ ઉત્તમ જાણીજી, તેર અધ્યાયમાં એહ વખા-
ણ્યાજી. ૧૩ સાતમે અધ્યાયમાં આણ્યું અશ્વથામા કેશજી, રક્ષા કરી
સર્વને રાખ્યાં નેરાજી. ૧૪ આઠમે ઉતર્યા ગર્ભ રક્ષા કરી લીધીજી, કુંતા-
જીએ પ્રભુની સ્તુતી કીધીજી. ૧૫ ભીસમપીતાએ યુધીષ્ટરને ઉપદેશ
કીધોજી, તે સર્વને નવે અધ્યાય પ્રસિધોજી. ૧૬ દશમે અધ્યાય યુધી-
ષ્ટરને રાજ્ય બેસાર્યાજી, પછે શ્રીજી પોતે દ્વારકાં પધાર્યાજી. ૧૭ એ-
કાદશ અધ્યાય સગાં સહોદર સર્વ મળીઆંજી, માંહોમાંહે પરસ્પર
ભળીઆંજી. ૧૮ ભગવત ભક્ત પરીક્ષીત થયજી, જન્મ વર્ણ દ્વાદશ
અધ્યાયજી. ૧૯ ત્રયોદશે વીદુરજી હસ્તીનાપુર આવ્યાજી તીર્થ યા-
ત્રા કરી સર્વ મન ભાવ્યાજી ૨૦ ધ્રતરાષ્ટ્ર ધાંધારી લેઇ સાથજી, વીદુ-
રજી ચાલ્યા ઉતરાપંથજી ૨૧ ચૌદસે અધ્યાય દ્વારકાંથી અરજુન
આવ્યા એહજી, મુખ જોઇ યુધીષ્ટર પ્રશ્ન પુછ્યાં જેહજી. ૨૨ પંદરમે
અધ્યાય યાદવકુળક્ષે થાયજી. પરિક્ષીતને રાજ્ય દેઇ પાંડવ ઉત્તર પંથ
જાયજી. ૨૩ સોળમે અધ્યાય પરિક્ષીત દીગવીજે કહ્યાજી, પ્રથિવ ધર્મ
કલીયુગને નાંદાં લહ્યાંજી. ૨૪ ધર્મ રક્ષા સત્તરમે અધ્યાય કીધીજી, કળી-
યુગને સ્થાપન દેઇ શીખ દીધીજી. ૨૫ પરિક્ષીતને વિપ્ર શ્રાપ થયો અ-
તિશ્રજી, ઓગણીસમે અધ્યાય જઇ બેઠા ગંગાતીરેજી ૨૬ સર્વ રાજ્ય તે
ત્યાગ કીધુંજી. શુકજીને પુછીને વ્રત લીધુંજી. ૨૭ આવીકાર લીલા એ
કહેવાયજી, એક રસના કરમ કરી ગુણ ગાયજી. ૨૮ હરીદાસ પ્રભુ
શ્રીગોવરધન ધારીજી, શોભા નીરખો નિત્ય પત્યે જાઉં બલીહારીજી.
૨૯ ઇતિ પ્રથમનું ધોળ આખ્યાન સંપુર્ણ.

अथश्री द्वीतियस्कंधअनुक्रमआख्यानप्रारंभ

જાને લીલા દ્વિતીય સ્કંધ છે. અધ્યાય દશ માંહે પ્રકરણ એનાં
ત્રણ છે, તત્ત્વ ધ્યાન પેહેલું ત્યાંહિં. ૧ પેહેલા અધ્યાય માંહે કહ્યાં. સા-
ક્ષાત યોગ સાન; પોતાનાજ કારણે, સ્થુળ સ્વરૂપનું ધ્યાન. ૨ સુક્ષમ
સ્વરૂપનું ધ્યાન છે, તેતો અધ્યાય બીજે; ઇતપશ્ચાદ પ્રકરણ બીજું. એનું

વર્ણન કીજે. ૩ ઉસતી દેવતા સર્વની, થઇ ભક્તી તે સકામી; સર્વ તજી પ્રભુને ભજો, એછે અંતરજામી. ૪ મન વાંછીત ફળ પુરશે પુરણ કામ જ એહ; મંગળાચરણ શુકજી કર્યું, ચોથે અધ્યાય જેહ. ૫ તેમાં શ્રીજીની સ્તુતી કરી, તે ક્યાં લગી કહીએ; બીજુ ગ્રંથનુ પ્રકરણ છે, તે છ અધ્યાયમાં લહીએ. ૬ એક ઉત્પતી. બીજો ઉપ પતી; એના બે પ્રકાર, પ્રથમ ઉત્પતી પ્રકારનો કીધોછે ઉચ્ચાર. ૭ નારદે પુછ્યું બ્રહ્માજીને, કહ્યું પાંચમે કરી સાન; અધ્યાત્મક જ્ઞાન પંચીકરણ, સ્થુળ સુક્ષ્મ જ્ઞાન. ૮ આઠ સ્વરૂપ વૈરાગ્યનાં, છઠે અધ્યાય જાણો; સર્વ ઉત્પતી પ્રભુથી થઇ, તે કહી વખાણો. ૯ સાતમે અધ્યાય શેષા વરણવ, ચોવીશે અવતાર આઠમે અધ્યાયથી જાણીએ, ઉત્પતી પ્રકાર. ૧૦ નારદજીએ બ્રહ્માજીને પુછીયુ, તે એમાં કહીએ; પોતાની ઉત્પતી કહી તે નવમે અધ્યાય લહીએ. ૧૧ ચતુરશ્લોક શ્રી ભાગવતનો. બ્રહ્માજીએ ઉપદેશ કીધો; નારદજીએ રદે ધરી, શ્રવણે રસ પીધો. ૧૨ તે ઉપદેશ શ્રી શુકજીએ, પરિક્ષતને કહ્યો; શ્રી ભાગવત રસ સાંભળી, કૃતારથ થયો. ૧૩ આ અધ્યાય જે વરણવું અનેક દેવ સ્વરૂપ; દશમે અધ્યાય વરણવું, તે કહીએ અનુપ. ૧૪ શ્રવણે સુધારસ પીજીએ, રૂદયા માંહે ધરી; હરીદાસ પ્રભુ શોભા નારખીએ શ્રી કુંજબીહારી. ૧૫ ઇતિશ્રી ભાગવંત દ્વીતીયસ્કંધ અનુક્રમ આખ્યાન સંપૂર્ણ.

अथश्री त्रतीस्कंध प्रारंभ.

(એની ચાલ વનયાત્રાના ધોળની છે.)

• સ્વર્ગ લીલા ત્રતિયસ્કંધ કહીએ, અધ્યાય તેત્રીશ પ્રકરણ છ લહું એ. ૧ પેહેલુ અંગીકાર પ્રકરણ કહું અધ્યાય ચારે, વીદુરજી તીર્થ યાત્રા કરી આવ્યા ત્યારે. ૨ વીદુર ઉદ્ધવજી જમુનાતટમાં મળ્યા સહી બીજે અધ્યાય બાળ ચરીત્રની લીલા કહી. ૩ ત્રીજે રાજ્ય લીલા ચોથે પ્રભાસ લીલા કેહેવાય, પછે ઉદ્ધવજી ત્યાંથી ઉત્તર પંથે જાય. ૪ બીજુ પ્રકરણ ગુણ નિત્ય પાંચમેથી જે, વીદુરજી મૈત્રેયને પુછે ભગવાન માયા તત્વે તે. ૫ છઠે માયા નીરૂપણ મૈત્રેય કીધુ. ત્રીજે સગુણ પ્રકરણ અધ્યાય ત્રણ્યમાં લીધુ. ૬ સાતમે ભગવત ચરિત્ર અવતાર કથા

પ્રશ્ન પુછયા જે, આઠમે મુળ પુરૂષથી બ્રહ્માજીની ઉત્પતી થઇ તે. ૭ નવમે અધ્યાય બ્રહ્માજી શ્રીજીની સ્તુતિ કીધી દરશન થયાં શ્રષ્ટિ કરવાની આજ્ઞા દીધી. ૮ ચોથું કાળ પ્રકરણ દશમે અધ્યાયથી જાણ્યું, કાળાતમ કઇક પ્રકાર પણ સૃષ્ટિ વખાણી. ૯ પરમાણુ કાળ ગતી અધ્યાય અગ્યારે, નવ અધ્યાયમાં લાભ મુળજીવ પ્રકરણ અધ્યાય બારે. ૧૦ બ્રહ્માજીને અંગથી સૃષ્ટિ થઇ સનકાદિક મરિચ્યાદિકે, સરસ્વતી સ્વાયંભુ મનુશતરૂપા તે. ૧૧ તેરમે અધ્યાય વીરાહજીનો જન્મ થયો, ચોદમે કસ્યપજી આદીતી સંવાદ કહ્યો. ૧૨ પંચદશમે જય વિજયને સનકાદિકનો શ્રાપ સોળમે સનકાદિકને દરશન દીધું વૈકુંઠ નાથે આપ. ૧૩ સતરમે હીર્ણાક્ષ વારાહ યુદ્ધ થાય, અઢારમે અધ્યાય પણ એ લીલા કહેવાય. ૧૪ ઓગણીસમે હીર્ણાક્ષને મારી પ્રથિવ લીધી, વીશમે અધ્યાય વારાહની સ્તુતિ કીધી. ૧૫ ખટ તત્વ પ્રકરણ તેહેના ભેદ છે, તેર અધ્યાય કરી વર્ણન થાય તે. ૧૬ એકવીશમે સ્વાયંભુ મનુ આવ્યા, કર્દમ રૂપીની પ્રાર્થના કરી મન ભાવ્યા. ૧૭ કર્દમ રૂપી દેવહુતીના વિવાહ કરી, બાવીશમે સ્વાયંભુ આવ્યા ફરી. ૧૮ ત્રેવીશમે કર્દમ રૂપીયે વિમાન રચ્યું, યોગ્યાભ્યાસને બળે રત્નથી જડયું. ૧૯ વૈભવ સુખ ભોગ દેવહુતીના કહ્યા, નવ કન્યાના જનમ તે થયા. ૨૦ કપીલ દેવજીના જનમ ચોવીશમે કહ્યાએ નવકન્યાના વિવાહ લહ્યો. ૨૧ પછે કર્દમ રૂપી નવ જઇ સાધન કીધાં, પંચવીશમે કપિલજી માતાને ઉપદેશ કીધા. ૨૨ છવીશમે તત્વ સંખ્ય વરણન જે સનાતીસ લગી વરણન છે તેહ. ૨૩ યોગ ધ્યાનમાં જેવા સરૂપનુ ધ્યાન કરવું, અઠાવીશમે અધ્યાય તે રદે ધરવું. ૨૪ ઓગણત્રીશમે ભક્તિ યોગ વર્ણ કહ્યા, ત્રીશમે વર્ણન કર્મ વિશક્ત લહ્યા. ૨૫ એકત્રીશમે અધ્યાય જીવની અવસ્થા કહી, ગર્ભ સ્થિતિ જન્મ મરણ પર્યંત લહી. ૨૬ જ્ઞાન ભક્તિ નિરૂપણ અધ્યાય બત્રીસે દેવહુતી સિધ્ધપદ પામ્યાં અધ્યાય તેત્રિશે. ૨૭ માતાએ જ્ઞાન ભક્તિ ઉપદેશી ચિત ધર્યાં, ત્યારે કપીલ દેવજી ઉતરાખંડ પધાર્યા. ૨૮ તેર અધ્યાયમાં તત્વ પ્રકરણ થયું તેહનાં બે પ્રકરણ છે તે પણ કહ્યું. ૨૯ પેહેલા ચ્યાર અધ્યાયમાં ઉરરસ

મુક્તિ પ્રકરણ જાણો, હરીદાસ પ્રભુની લીલા વખાણો. ૩૦ ઇતિ શ્રી ભાગવતે તૃતિયસ્કંધ અનુક્રમ આખ્યાન સંપુરણ.

अथ श्री चतुर्थस्कंध प्रारंभ.

ચતુર્થસ્કંધમાં વિસર્ગ લીલા કહ્યાએ, પ્રકરણ ચાર અધ્યાય એકત્રીશમાં સાહીએ. ૧ ધર્મ અર્થ કામ મોક્ષ પ્રકરણ ચારછે, સાત પ્રકરણમાં ધર્મ પ્રકરણનો વિસ્તાર છેરે. ૨ એના અધિકાર તે દશ પ્રજાપતીરે, પેહેલા અધ્યાયમાં મનુવંશતતીરે. ૩ તેમાં સોમ દત્તાત્રેય દુર્વાસા જાણીએરે નારદ નારાયણ ઇત્યાદિક વખાણીએરે. ૪ શિવ ત્રાસુજાના યજ્ઞમાં દક્ષપ્રજાપતિ આવીયારે, બીજા અધ્યાયમાં સર્વે આદર કરી બોલાવીયારે. ૫ શિવજી ઉઠયા નહી તે દક્ષપ્રજાપતિએ રોષ કીધોરે, વીખવાદ કરતાં એક બીજાને શ્રાપ દીધોરે. ૬ ત્રીજે દક્ષના યજ્ઞમાં જવા સાખ માગી સતીરે, ત્યારે તે શંભે ના કીધી પતીરે ૭ ચોથે આજ્ઞા ઉલંઘન કરી સતી ગયાંરે. દેહ મુકી પર્વતની પુત્રિ થયાંરે. ૮ પાંચમે નારદજી શિવ આગળ સર્વે વાત કરીરે, કોપે યજ્ઞનો કીધો વિધ્વંસ વાત વાંકી વરીરે, ૯ છઠે બ્રહ્માદિક શિવજીની સ્તુતિ કરી આહીરે, સાતમે દક્ષનો યજ્ઞ પુરણછે તહીરે ૧૦ સર્વે મળી શ્રીજીની સ્તુતિ કરી તે જાણીએરે, બીજુ અર્થ પ્રકરણ અધ્યાય પાંચમે વખાણીએરે. ૧૧ આઠમે અધ્યાય ઉતાનપાદનો વંશ કહ્યોરે ધ્રુવજી અપરમાને વચને તપ આરાધ્યુંરે. ૧૨ નવમે પ્રભુ મળ્યા વરદાન લઇ આવ્યા ઘરભણીરે, સર્વેને ધ્રુવજી સાથે પ્રિત્ય વ્યાપિ ઘણીરે. ૧૩ દશમે ઉતાનપાદ પામ્યા ભ્રાતુ દુઃખ ઉરે થયુંરે, ભ્રાતનું વેર લેવાની માટે ધ્રુવજીએ જુધ્ધ કર્યુંરે. ૧૪ એકાદશમે અધ્યાય પ્રભુજી આવીઆરે, કરી ધ્રુવજીનું સમાધાન ઘેર બોલાલા લીયારે. ૧૫ ધ્રુવજીએ રાજ્ય કર્યું સંપુરણ દ્વાદશમે અધ્યાય કહ્યુંરે; પછે પુત્રને સોંપી રાજ્ય અચળ પદ લહ્યુંરે. ૧૬ ધ્રુવજી માતપિતા પર પદ પામ્યા તે બારમેરે, ત્રીજુ કામ પ્રકરણ અધ્યાય અગિયારમેરે. ૧૭ એના અધિકારી તે પૃથુરાજ સહિએરે, તેહના ચરિત્રની કથા તેમાં કહિએરે. ૧૮ ધ્રુવનો વંશ અધ્યાય તેરમે કહ્યોરે, ચૌદમે રાજા વેન બ્રહ્મ શ્રાપે મર્યોરે. ૧૯ પંચદશમે પૃથુની જન્મપત્રિ વિચારી છેરે. ૨૦

વીસમથી પૃથુનું ચરિત્ર થયા એકવિશમેરે, સનકકુમારઋષિ આત્મ યોગ્ય બાવિશમેરે. ૨૧ એતો આઠ અધ્યાયમાં છે તે કહ્યાંરે, તેહેના ભેદ તે બે અમે લહ્યારે ૨૨ બ્રહ્મ તત્વદર્શી ત્રણ અધ્યાયમાં થાયછેરે, કૃષ્ણ સાયુજ્ય પાંચ અધ્યાયમાં કહેવાયછેરે ૨૩ અનુક્રમ પુર્વે ઉત્તર ગણજોરે, હવે ચોવીશમે અધ્યાય પૃથુ વંશ વખાણજોરે. ૨૪ પ્રચેતાને શ્રી મહાદેવજી મળ્યારે, રુદ્ર ગિત વર્ણન કહુરે હેત હળ્યારે. ૨૫ પ્રાચિન બર્હિસને નારદ મળ્યા પંચવીસમેરે, પુરંજન આખ્યાન કહ્યું. છવીશથી અઠાવિશમેરે. ૨૬ પુરંજન આખ્યાન સાંભળી ઓગણત્રીશમે દુઃખ પાંમ્યારે. કપિલાશ્રમ જઇ પ્રાચિન બર્હિરસ સુખ પાંમીયાંરે. ૨૭ પ્રચેતાને ત્રિસમે પ્રભુ પ્રસન થયા કારજ સાધુરે, કરજો દશ હજાર વરસ રાજ્ય એ વરદાન દીધુરે. ૨૮ એકત્રીશમે નારદજી પ્રચેતાને ભગવદ વાર્તા કહીરે, એ કથા સાંભળી હસ્તિનાપુર વિદુર આવ્યા સહીરે. હરિદાસ શોભા વિચારજોરે, સદા એ ગુણ કીજે જ્ઞાન રૂદેમાં ધારીયેરે. ૩૦ ઇતિશ્રી ભાગવતે ચતુર્થસ્કંધે અનુક્રમ આખ્યાન સંપુર્ણ.

अथ पंचमस्कंध प्रारंभ.

રાગ કાફિ.

પંચમસ્કંધ અધ્યાય છવિશ કેહેવાય, સ્થાન લીલાનું વર્ણન થાય. ૧ ત્રણ પ્રકરણ દશકાળ સમ કહીએ, પેહેલા દશ પ્રકરણ અધ્યાય ત્રણ લહીએ ૨ પ્રીય વ્રતનો વંશ કહ્યો પેહેલા અધ્યાય માંહે સપ્ત સમુદ્ર દ્વીપ કહ્યાં ત્યાંહે. ૩ બીજામાં અગ્નિ ધ્રુમા નવ પુત્ર કહ્યાં, તે નવખંડના રાજા થાય ૪ નાભી રાજાને પુત્રનું વરદાન દીધુ, ત્રીજા અધ્યાય માંહે પ્રસિધુ. ૫ એકવીશમા અધ્યાયમાં બીજુ કાળ પ્રકરણ જાણો, ચોથા અધ્યાયમાં ઋષભ દેવનો જન્મ વખાણ્યો. ૬ ઋષભદેવને નાભિરાજે રાજ્ય દીધું જયારે, પોતે પરમપદ પામ્યા ત્યારે. ૭ ઋષભ દેવના પુત્ર સોને બ્રાહ્મણ એકાશી, નવ યોગેશ્વર દેશ રાજા સુખ રાશિ. ૮ પાંચમે છઠે ઋષભ દેવ ચરીત્ર લહીયે, સાતમે ભરથને પુત્ર કહ્યા તે કહીએ. ૯ આઠમે ભરથ ચરિત્ર કહ્યાં પ્રકાશ, મૃગ સંગ મૃગ થાય તે પામ્યા નાશ. જડ ભરથ ચરિત્ર નવમે મુગા થઇ ચાલ્યા,

દશમે રહુગણ વેઠમાં ઝાલ્યા. ૧૧ ભરથને જ્ઞાન અપુર્વ રહુગણે પુછયુ અગીઆર, તેજ કથા કહી છે અધ્યાય બાર. ૧૨ તેરમે જડભરત કથા ચરિત્ર કહી, રહુગણ આત્મ વિદ્યા પાંમ્યા ચતુર દાસ સહી. ૧૩ પંચ દશમે સુમતિને વંશ વખાણીએ તેમાં ગયા રાજાનો જન્મ તે જાણીયે. ૧૪ સોળમે ભુગોળ વર્ણન થાય, તેમાં જંબુદ્વિપ નવ વર્ષ મેરૂ મનુ પ્રમાય. ૧૫ સતરમે શેષ શેવક કહેવાય, તે કથા ઓગણીશમે તે થાય. ૧૬ વિશમે સપ્ત સમુદ્રનુ પ્રમાણ, વિશમે એકવીશમે જ્યોતિશચક્રનુ પ્રમાણ તે વખાણ. ૧૭ બાવીશ તેવી સુધી એ ચરિત્ર કહીએ, ચતુર્વિશમે રાહુનું પ્રમાણ તે લહીએ. ૧૮ વિષ્ણુ સ્થાપન પ્રકરણ એ આખ્ય ભેદ એહ. એક જીવાત્મા બીજા પરમાત્મા તેહ. ૧૯ પંચવિશમે પાતાળ લોક વર્ણન કહ્યો નર્ક વર્ણન છવીશમે લહ્યો. ૨૦ હરીદાસ પ્રભુ ગુણ ધ્યાન કિજે નિત્યે, શોભા નિર્ખી વારી લીજીએ ચિત. ૨૧ હાંનિશ્રી પંચમ સ્કંધ અનુક્રમ આખ્યાન સંપુરણ.

अथ श्री षष्ठमस्कंध प्रारंभ.

રાગ ધન્યાશ્રી.

એની ચાલ (શ્રીમદ વલભ પ્રભુને કરૂં પ્રણામજી.) ષષ્ઠમસ્કંધ અધ્યાય ઓગણીસમાં પોષણ લીલા વરણન કહ્યું; નામ ધ્યાનમે અર્ચન ત્રણે પ્રકરણ એમાં છે સહી. ૧ અજામીલનું આખ્યાન અધ્યાય પેહેલે બીજે વીષ્ણુ દુત યમદુત સંવાદ થયો; માહાદુષ્ટ આચરણ કર્યું તોહે. પ્રભુ નામ પ્રતાપે વઇકુંઠ ગયો. ૨ ત્રિજે ધર્મરાજે પોતાના સેવકને. નામ માહાત્મ કહ્યું હરી; શ્રવણ કથા કિર્તન નામ સ્મરણ કરે, ત્યાંહાં જાઓ રખે ફરી. ૩ પેહેલું નામ પ્રકરણ કહ્યું, હવે બાજુ ધ્યાન પ્રકરણ કેહેવાય છે; ચોથા અધ્યાયમાં વરણન તેનુ, તેતો ચઉદશ અધ્યાય લગી થાયછે. ૪ પ્રચેતાનો વંશ કહ્યો તે પણ ચોથા અધ્યાયમાં જાણીએ દક્ષનો જન્મ થયો તે સર્વ, એમાં કહી વખાણીએ. ૫ પ્રભુજી પ્રસન્ન થાય ઘણુ, દક્ષે એવું તપ કીધું; પ્રસન્ન વદન શ્રીનાથજી, સંતાન થવાનું વરદાન દીધુ. ૬ પાંચમે દક્ષના પુત્ર સર્વે મોક્ષ પામ્યા, નારદજીએ ઉપદેશ કીધો, દક્ષને ત્યારે ક્રોધ ચડીયો, નારદજીને શ્રાપ દીધો. ૭ છઠે

દક્ષને કન્યા થઇ તે, કેહુ પતી સંતતી એમાં વખાણીએ; સાતમે
ઇંદ્ર ગુરૂ બ્રહસ્પતિ રીસાણા, વિશ્વ રૂપનો ગુરૂ કીધો તે જાણીએ. ૮
આઠે ઇંદ્રને નારાયણ કવચ દીધુ, નવમે વિશ્વ રૂપને માર્યો તે કથા
કહી; વત્રાસુરનો જન્મ એમાં કહ્યો.દશમે દધિચીના અસ્થિનું વજ્ર
કીધું સહી. ૯ એ વજર લેઇ ઇંદ્રે જુદ્ધ કીધુ. વત્રાસુર સાથે ત્યાં; એ-
કાદશમે પરસ્પર યુદ્ધમાં પ્રસનતાનાં વચન થયાં ત્યાં ૧૦ દ્વાદશમે
વત્રાસુર મારી ઇંદ્ર જીત્યો, ત્રયોદશમે બ્રહ્મ હત્યા થઇ; ઇંદ્રે જ્યારે યજ્ઞ
કીધો, ત્યારે બ્રહ્મહત્યા ગઇ. ૧૧ પુર્વે જન્મ વત્રાસુરનો ચિત્રકેતુ રા-
જા, તેહ કથા ચઉદમે કહી; પંચદશમે પુત્ર શોક થયો, ચીત્રકેતુને
નારદજીએ સમાધાન કર્યું સહી ૧૨ સોળમે પુત્ર શોક સાંભળો,
વૈરાગ્ય ઉપન્યો સાધન કીધુ પ્રભુ મળ્યા ત્યાં;સતરમે વેમાન બેસી
કૈલાસ ગયો, પારવતીજીએ શ્રાપ દીધો ત્યાં. ૧૩ બીજુ જે અર્ચન
પ્રકરણ, તે અઢારમેથી થાયછે; અદિતિને આદિતિના પુત્રનો, એહ-
માં વંશ કહેવાય છે. ૧૪ મરૂત ગણની ઉતપતિ થઇ આગણીસમે,
પુંશવન વ્રત કરયું; હરીદાસ પ્રભુ નીરખી શોભા, ગુણ ગાન કરી
રૂડે વરયુ. ૧૫ ઇતિશ્રી ષષ્ટમસ્કંધ અનુક્રમ આખ્યાન સંપુર્ણ.

अथश्री सप्तमस्कंध प्रारंभ.

(શ્રી લક્ષ્મણ સુત શ્રી વલ્લભ રાય) એ ચાલ.

સપ્તમસ્કંધ અધ્યાય પંદરમેથાયછેરે. એનાં પ્રકરણત્રણ કેહેવા-
ય છેરે. ૧ અસદવાસના કહીએરે,સદ્વાસના પ્રકરણ ત્રિજુ લહીએરે.
૨ પેહેલું અસદ્વાસના પાંચ અધ્યાય લગી જાણોરે,પહેલે જયવિજ-
યના શ્રાપનું કારણ એ વખાણોરે.૩ બીજા અધ્યાય માંહીં હીરણાક્ષ
વધ કર્યુંરે,માતાને આખ્યાનમાં સમાધાન જ્ઞાન કરયુ રે. ૪ ત્રિજેભ્રા
તાનું વેર લેવા નિમીતરે,હીરણાકસ્યપે તપ કીધુ ધરી ચિતરે. ૫ બ્રહ્મા
જીએ આવી વરદાન દીધુ રે,જેજે હીરણાકશપે માગીલીધુરે. ૬ ચોથે
હીરણાકશપે રાજ કીધુ જ્યારેરે,દેવતા ભાગી ગયા તે વારેરે. ૭ ભ-
ગવત ભક્ત પ્રહલાદ પુત્ર થયારે, પંચમે અધ્યાય ભગવાન ગયારે. ૮
ભણ્યા ભગવદ નામ તે સારરે, બીજુ કાંચનકરે ઉચ્ચારરે.૯સદ્વાસના

પ્રકરણ બીજુ કહીએરે,તેપણ પાંચ અધ્યાયમાં લહીએરે.૧૦ છઠે પ્રહુલાદજી ભણતા નિશાળેરે,શ્રી હરી નામ જપે સંભાળેરે. ૧૧ સાતમે પ્રહુલાદજીને બાપે પુછ્યુ ત્યારેરે,તમો એ ભણ્યાછો ક્યારેરે. ૧૨ માતાજીને ઉપદેશ નારદે કહ્યોરે,એનો ગર્ભમાંથી તે લહ્યોરે. ૧૩ આઠમે પ્રહુલાદજીને પોતાએ ક્રોધ કરી વાર્યોરે.સ્થંભથી પ્રગટ થઇને હીરણ્યાકશ્યપ માર્યોરે.૧૪ દેવતાએ પ્રભુજીની સ્તુતી કરીરે,નવમે પ્રહુલાદજીની સ્તુતી હૃદય ધરીરે.૧૫ દશમે ભક્તિ વરદાન સ્તોત્ર દીધુરે,રાજ્ય બેસાડી સર્વ કાજ કીધુરે.૧૬ મયનામા દૈત્ય ત્રિપુર તાવ્યો જેહુરે,બાળી ભસ્મ કર્યું ત્યાં તેહરે. ૧૭ સદાચારના પ્રકરણ ત્રિજુ ત્યાં થાયરે,એકાદશમે ચાર વરણ કેહેવાયરે. ૧૮ દ્વાદશમે બ્રહ્મચારીના કહ્યા ધર્મરે, વાનપ્રસ્થમાં કહ્યાં સર્વ કર્મરે ૧૯ ત્રયોદશમે પતિવ્રતાના ધર્મ કહીએરે,અજગરને પ્રહુલાદજીનો સંવાદ થયોરે. ૨૦ ચતુરદશમે ગ્રૃહસ્થાશ્રમ કેહેવાયરે. પંચદશમે સીગુણ ધર્મ કહેવાયરે. ૨૧ ઉત્તમ મધ્યમ કનીષ્ટ સર્વ પ્રકારરે. ઇતિ લીલા કહી વિસ્તારરે. ૨૨ હરીદાસ પ્રભુ શોભા નિહાળીરે, ગુણ ગાયું તે વળી વળીરે. ૨૪ ઇતિશ્રી સપ્તસ્કંધ અનુક્રમ આખ્યાન સંપુર્ણ.

॥अथश्री अष्टमस्कंध प्रारंभ.

રાગ ધનાશ્રી.

જય જય લાલ ગોવરધન ધારી, સુંદીર રૂડાં નામજી એ દેશી. અષ્ટમસ્કંધ મનવંતર લીલા, અધ્યાય છે ચોવીશજી; પ્રકરણ કહ્યાંછે એનાં, તે કહુ નામી શિશજી. ૧ તામસ સાત્વિક રાજસ ભક્તિ ચાર પ્રકરણનાં નામજી;પેહેલુ તામસ પેહેલે અધ્ય યથી, વર્ણવુ સર્વ તજી કામજી. ૨ સ્વયંભુ મનુ સ્વારોચિષ મનુ ઉત્તમ મનુ તામસ મનુ કહ્યાજી;બીજે અધ્યાય ગજેદ્રને, જળમાં ગ્રાહે ગ્રહ્યાજી. ૩ ત્રિજે શ્રી હરીની સ્તુતિ કીધી, ગ્રાહેથી મુકાવીઓ ગજેંદ્રજી ભક્ત હેત પ્રભુ પોતે આયા, છબી પર વારૂ કોટીક ચંદ્રજી. ૪ ચોથે ગજ ગ્રાહના પુર્વજન્મનું કહ્યું,મોક્ષ થયા તે એમ કહીએજી; પાંચમે રેવત મનુ ચાક્ષુસ મનુ થયા તે કથા સર્વ લહીએજી.૫ દેવતા દૈત્ય ગયા ક્ષિરસાગર અ-

સૂત મથ નિગીતજી; સર્વે મળી પ્રભુની સ્તુતિ કીધી, નર્મળ કરીને ચીતજી. ૭ છઠે પ્રભુ પ્રસન થઇ દીધો, દેવતા મંદ્રાચળગીરી લેવા આવ્યાજી. ઉપાડી ન શકયા તે જોઇ, પ્રભુજી ગરૂડે ધરી લાવ્યાજી. ૭ સાતમે કુર્મ અવતાર ધરીને, સમુદ્રમથન કીધુંજી; કર્તા મથન હળાહળ નીસર્યું, કે શીવજીને દીધુંજી. ૮ આઠમે રત્ન ચઉદ તે નીસર્યાં દેવ દાનવ યુધ કર્યુંજી: દેવતાને અમૃત પાવાને કાજે, મોહની વપુ પ્રભુ ધર્યુંજી. ૯ નવમે અધ્યાય અમૃત દેવતાને પાઇ, રાહુનું છેદાયું શિષજી; દેવતાને અમૃત દૈત્યને ટાંણું, અંતરધ્યાન થયા જુગદીશજી. ૧૦ દશમે દૈત્ય પરસ્પર લઢીયા, એકાદશમે દેવસુર સંગ્રામજી; દ્વાદશમે મોહની સ્વરૂપ ધર્યું, શીવહીત કૌટીક કામજી. ૧૧ ત્રયોદશે રવઇસ્વતમનુંના રાજમાં. શી વામનજી પ્રગટ થયાજી; પછે ભવિષ્ય મન્વંતર આગળ થાશે, તે પણ સર્વ કહુંજી. ૧૨ સવર્ણ મનુદત સાવણી, મનુ બ્રહ્મા સાવર્ણી કહીએજી; રૂદ્ર વર્ણી, દેવ સવર્ણી, ઇંદ્ર સવર્ણી તે લહીએજી. ૧૩ ચતુર્દશે મનવાદી મનુના પુત્ર ઇત્યાદી, સર્વે ભગવદ અંશ જાણીએજી; હવે નવસગી પ્રકરણ તે ત્રિજુ રાજયસ કહી વખાણીએજી. ૧૪ પંચદશમે બળીરાજે રાજ્ય તે કીધું, અશ્વમેઘ યજ્ઞ કીધો જયારેજી; સોડશમે વિજ્ઞાપ્તિ આદિતી કરી પતની, પુત્રની કામના જે કાજ તમારેજી. ૧૫ પુત્ર થશે વ્રત કરો કહુ પતિ, ધયો વ્રત વિધી કહીજી. આદિતીએ કરયું પયોવ્રત ત્યારે, સર્વ વિધી રૂડે લહિજી. ૧૬ સપ્તદશે પયોવ્રત કિધે, પ્રભુ પ્રસન થયા જાણોજી; ગર્ભ વિશે આવ્યા પ્રભુ ત્યારે, બ્રહ્માદિક સ્તુતિ કરી વખાણીજી. ૧૭ અષ્ટાદશે વામનજી પ્રગટયા પધાર્યા બળીવામનનીપાસજી; યજ્ઞસાળામાં સનમાનકરીને, અવિલોકયા અવિનાશજી. ૧૮ ઓગણીશમે ત્રણ પદ પ્રથિવ સંકલ્પ કીધી એહજી; બે પદમાં સ્વર્ગમૃત્યુ સર્વે લીધું, વિશમે એક પદની માગે જાગ્ય તેહજી. ૧૯ ત્રીજા પદનું રહ્યું ન ઠેકાણું, પરસ્પર વિવાદ વચન થયાંજી, એકવિશમે બ્રહ્માજી સ્વર્ગમાં, શ્રીજીના ચર્ણ ગ્રહ્યાંજી. ૨૦ અંગુષ્ટ દેખી અભિશેક કીધો, ગંગા પ્રવાહ થઇ પ્રથિવ પર વહ્યાંજી. બળી રાજાને વરૂણ પાસથી બાંધ્યો, તે પ્રશ્ન એમાં કહ્યાંજી. ૨૧ બાવીશમે

બળી આત્મ નિવેદન,સત્ય વચન માટે કીધુંજી,શિશ ધર્યું ફરી પ્રભુ પ્રસન્ન થયા,રાજ્ય સુતળનું દીધુંજી. ૨૨ ત્રેવિશમે બળીને જીની દીધું દેવતાને,રાજ્ય ગયું હતું જે એહનુંજી. સર્વ મળી સ્તુતિ કરી પ્રભુની, પ્રફુલ્લિત મન થયું તેહનુંજી, ૨૩ ચોથું પ્રકરણ જે કહીએ ચોવીસમે અધ્યાયજી, વૈવસ્તમનું રાજ્યમાં મચ્છા અવતાર થયો તે કહેવાયજી. ૨૪ હરીદાસ પ્રભુના ગુણ ગાતાં તનની ત્રાસ તે જાયજી, નિત્ય પ્રત્યે એની શોભા નીર્ખી હઇડું ટાઢું થાયજી. ૨૫.

અથશ્રી નવસ્કંધ પ્રારમ્ભ.

નવમસ્કંધ વર્ણવ કરૂં,અધ્યાય ચોવીશ જાણી,પ્રભુ કૃપાથી હસાનુ કથા, પ્રકરણ બે વખાણી. ૧ સુર્યવંશ મર્યાદ પ્રકરણ, તેતો પેહેલું કહિયે, ચંદ્રવંશ પુષ્ટિ પ્રકરણ છે, તે સાંભળી સુખ લહિયે. ૨ પેહેલે અધ્યાયથી પેહેલું સુર્ય વંશ તે કહિયે વખાણો,વૈવસ્વત મનુને પુત્ર દશ થયા, ઇક્ષ્વાકુ આદિ જાણો. ૩ એક કન્યા થઇ તે એમ હવે, કહું બીજે અધ્યાય,ચાર સુતને સંતાન થયાં નહી, તે પણ કહેવાય. ૪ આ પછી ત્રણ પુત્રને વંશ થયો તે એમાં કહિયે,નૃતા ભગનારી સંતન તે દ્રષ્ટ ના લહિયે.૫ ત્રિજે સયાતિનો વંશ કહી,રેવતી કન્યા જેમાં, ચોથે નૃપનો વંશ કહ્યોરે, રાજા અમરીષ તેમાં. ૬ ભક્તને દુરવાશાએ દુઃખ દીધું, પોતે દુઃખ પામ્યા ત્યારે, પાંચમે દુરવાશા સઘળે ફરી આવ્યા,અમરિષ પાસે જ્યારે.૭ સુદરસનને સમાધાન કરીને,વાર્યું ત્યારે સુખ થયું; છઠે અમરીષનો વંશ થયો,તે સંચે કહ્યું. ૮ પછે ઇક્ષ્વાકુનો વંશ કહ્યો, તેહેના વંશમાં માનધાતા, તેહના વંશમાં મુજકંદ થયા; તે કહુ વિક્ષાતા.૯ સાતમે માનધાતાના પુત્ર પુરૂ કુછનો વંશ જાણો, તેમાં હરીચંદ રાજા થયા,આઠમે એનો વંશ વખાણો. ૧૦ જેમાં સગર રાજા થયા,નવમે એનો વંશ તેહ;તેહના વંશમાં ભાગિર્થ રાજા,ગંગાજી લાવીઆ જેહ.૧૧ભાગિર્થ વંશ કહ્યો ખટવાંગ થયો; દશમે રઘુનો વંશ કહ્યો, રામા અવતાર કહ્યો. ૧૨ એકાદશમે રામજીનું રાજ્ય વરણવ,દ્વાદશમે કુશનો વંશ કહ્યો:પુષ્ટિ પ્રકરણ અધ્યાય,બારમે તેરમેથી લહ્યો.૧૩ઇક્ષ્વાકુના નિ-

મીતેહના વંશમાંરાજા જનક થયા જાણુ,ચૌદમેચંદ્રમાથી બુધ થયા; તેહના પુત્ર પુરૂરવા વખાણુ. ૧૪ પંચદશમે પુરૂરવાના વંશમાં શ્રી ફરશુરામજી થયા;સોળમે ફરશુરામ ચરિત્રને વિશ્વામિત્ર જન્મ લહ્યા. ૧૫ સંપ્તદશમે પુરૂર્વાના પુત્ર,મોહોટા નહુશનો વંશ એગો;રાજા યયાતીનો વંશ કહ્યો,અધ્યાય અઢાર તેમાં.૧૯ ઓગણીશમે યયાતિ પરમ ગતી પામ્યા. વિશમે પુરનો વંશ કહ્યો, તેમાં એકવિશમે દુસુકંતને પુત્ર ભરથ,તેહનો વંશ લહ્યો. ૧૭ રંતિદેવ જેહમાં થયા, ગર્ગાચાર્ય વંશ કહ્યો;રાજા પંચાળના,કૃપાચાર્ય કહી લહ્યા.૧૮ બાવીશમે ધ્રૂપત કહ્યા પછે અજમીઢનો વંશ જાણો;જેહમાં જરાસંધ થયા પછે સંતનું વંશ વખાણુ. ૧૯ પાંડવ કૌરવનો વંશ કહિ, પછે જરાસંધ વંશ કહીયે; ત્રેવીશમે બાકી યયાતિના ચાર પુત્રનો વંશ કહિયે.૨૦ તેહમાં યદુનો વંશ થયો,મેધાવિ રૂપિ જેહમાં;ચોવીશમે જાદવનો વંશ, ને અક્રુરનો વંશ તેહમાં.૨૧ ઉગ્રસેનને દેવકનો કહ્યો વંશ, એ માંહે વર્ણન કહ્યોછે;જન્મ તે કંશ. ૨૨ સુરસેનનો વંશ કહ્યો, જે જેહેના સુત વાસુદેવ;તેહેના સુત પ્રગટ્યા શ્રીકૃષ્ણ ચંદ્રજી નિત્ય કીજીએ શેવ.૨૩ હરીદાસ પ્રભુગુણ ગાઇને,ચિતમાં ધરીલીજે નિત્યપ્રતિ શોભા નિરખીને નરણુ રસ પિજે. ૨૪

अथ दशमस्कंध प्रारंभ.

શ્રી લક્ષ્મણ સુતને હું નમુ, કરૂં તે પરગાણ; વાણી તે મુજને આપજો, ગુણગાવું તે વિસ્તાર.

શ્રીલક્ષમણ સુત ગુણ ગાઇએ,શ્રીવલ્લભ પરમઉદાર;શ્રી વિઠલવરને સમરીએ,દ્વિજકુળ ધરીઓ અવતાર.૧ એહુના પદ વંદન કરી. માગુ તે વાંણી સાર;દસમસ્કંધ રૂદે ધરી,અનુક્રમ કરૂ ઉચ્ચાર. ૨ અધ્યાય સત્યાસિ એહના,ત્રણ મન્વંતર કેહેવાય;સર્વે મળી કેહેવાય છે,નેવું તે અધ્યાય.૩ નિરોધ લીલા નિરૂપણ, છે પ્રકરણ પાંચ તે જાણુ.જન્મ તામસ રાજપસ સાત્વિક,ગુણ પ્રકરણ વખાણુ.૪જન્મ પ્રકરણ પેહેલુ પેહેલા અધ્યાયથી,ચાર અધ્યાય લગી તેહ;રાજાએ પ્રશ્ન પુછ્યું ત્યારે,શ્રી શુકદેવજી ઉત્તર દીધો તેહ. ૫ શ્રી વસુદેવજીને

દેવકીજી,પરણ્યા કંસરાય કરી પ્રિતી;બીજે અધ્યાય કંસે દેવકીજીના,
પુત્ર માર્યા તે કહી રીતી. ૬ સકર્ષણ ગર્ભ માંહી પધાર્યા તે કહ્યું, પછે
પ્રભુ પધાર્યા ગર્ભ માંહી:ત્યાંહાં સર્વ દેવતા આવીને, સ્તુતિ કીધી છે
ત્યાંહાં.૭ ત્રીજે શ્રીકૃષ્ણજી પ્રગટ થયા,મથુરામાં કારાગ્રેહ;શ્રીવસુદેવ-
જીને શ્રીદેવકીજી,સ્તુતિ કરે છે તેહ. ૮ પુત્ર લેઇ શ્રી ગોકુળ પધારા-
વ્યા,શ્રીયશોદાજીને અંક;કન્યા લેઇ તે આવીયા,મનમાં તે થાય શં-
ક.૯ ચોથે માયા છુટી ગઇ,આકાશે કંસને થયો પશ્ચાતાપ પછે એનું
સમાધાન કીધું.જોઇને સંતાપ.૧૦ દૈત્યને તેડી એમ કહ્યું.મારો ને દુઃ
ખ દો એહ;તામસ પ્રકરણ છે, અઠાવિશમાં થાય તેહ.૧૧ એના ભેદ
ચાર પ્રકાર,પ્રમાણ પ્રમેય કહેવાય; સાધન ફળ એ ચ્યાર છે, પ્રમાણ
પેહેલું થાય.૧૨ પાંચમે શ્રીજીનો ઓછવ વ્રજ, કહું આગળ ન થાય;
પછે કંસને કર દેઇને,ગોપ ગોપીઆ આનંદ રાય.૧૩ છઠે પુતના મોક્ષ,
સાતમે સંકટ ભંજન જાણી;તૃણાવર્ત મર્દન વિશ્વરૂપ કીધું,લીલા એ-
હ વખાણી.૧૪ આઠમે ગર્ગાચાર્યે નામ, કર્યું ચોર્યે લીલાને સૂતા ભક્ષ;
વિશ્વરૂપ દરશન દેખાડયું, જનુનીને તે પ્રત્યક્ષ. ૧૫ નવમે ઉખલબ-
ધન દામોદર નામ ધરીયું છે અરજુન;ભંજન નળકુબર મણીગ્રીવ ઉધાર,
એકાદશમે નંદ ગામની લીલા,વછરુર બકાસુર વધાનો પ્રકાર.૧૬ પ-
શ્ચાતર કંતમસ ભેદના ત્રણ અધ્યાય,નિરૂપ વાક્ય જેહ: દ્વાદશે અઘા-
સુર વધ, ત્રયોદશે ગોવાળ મુંડયાં તેહ.૧૭ ભોજનાશિક્ષા બેશી ભો-
જન કીધાં, બ્રહ્માજીએ હેર્યાં વછબાળ; ચૌદમે પ્રભુ લીલા જોઇ,બ્ર-
હ્માએ સ્તુતિ કીધી તત્કાળ.૧૮ બીજું પ્રમેય પ્રકરણ છે, તેહના સા-
ત અધ્યાય; દ્વાદશે વનક્રિડા કરી, પ્રભુજીએ ચરાવી ગાય. ૧૯ ત્યાં
ધેનુકનો વધ કરી નિશાનગરથી રાખી સર્વ; ત્રયોદશે કાળીંદ્રી મથન કી-
ધું:વિષહર કીધું નિવાર્યો ગર્વ. ૨૦ ચૌદમે કાળી રાહ્યા, ત્યાં તેહનો
તે કહ્યો પ્રકાર;દાવાનળનું પાન કીધું, સર્વની કરી સાર.૨૧ પંચદશમે
બાળલીલા. પ્રભુ કરી ચરાવી ગાય;ગ્રિષ્મ ઋતુ વર્ણવ કરીને, પ્રલંબ
વધ કેહેવાય.૨૨ સોળમે દાવાગ્નિનું પાન કીધું, વનથી પધાર્યા ઘેર;
સતરમે વર્ષાઋતુ વર્ણવ શાર્દઋતુ વર્ણવ તેહ.૨૩ અષ્ટાદશે વેણુ ગીત, પ-

છી ત્રિજુ સાધન પ્રકરણ કહેવાય;ચિત ધરીને સાંભળો.એના તે સાત અધ્યાય. ૨૪ ઓગણીશમે હેમંત ઋતુ,કાત્યાયની વ્રત વખાણ્યું;વ્રજ ભક્તને વરદાન દીધું,એમાં તે એ જાણી.૨૫ વિશમે રૂષિ પત્નિનું અન્ન આરોગ્યા, એકવીશમે ઇંદ્ર ગોત્રેજ ત્યાગ;ભોગ ધરાવ્યો ગીરીરાજયને,પ્રભુજીએ કરી અનુરાગ. ૨૬ અન્યાશ્રય દુર કરાવી, પોતાનો આશ્રય કરાવ્યો નાથ,બાવીશમે ઇંદ્રકોપ વૃષ્ટિથી રાખ્યો સર્વ સાથ. ૨૭ ત્રેવીશમે એવું પ્રાક્રમ જોઇ, સર્વને આશ્ચર્ય જ્ઞાન એવું થાય;ચોવીશમે ઇંદ્રસ્તુતિ અભિશેક કરી,ગોવીંદ નામ ધર્યુ કહેવાય. ૨૮ પચીશમે શ્રીનંદજીને વરૂણ પાસથી, મુકાવ્યા વ્રજ ઇશ; વ્રજ ભક્તને બ્રહ્મ હૃદયમાં,નિજ ધામ દેખાડ્યું શ્રી જગદીશ. ૨૯ ફળ પ્રકરણ કહ્યું ચોથું,સાથ અધ્યાય માંહે એહ; છવીશમે વેણુ નાદ કરી, વ્રજ ભક્તને તેડ્યા તેહ. ૩૦ રાસક્રિડા આરંભ કરી, અંતરધ્યાન થયા તે વખાણી;સતાવીશમે વ્રજ ભક્ત લીલા સ્મરણ કરી, દ્રુમને સૂચી પુછતાં ફર્યા જાણી. ૩૨ અઠાવીશમે વ્રજ ભક્ત મળી,સર્વે કર્યું ગોપીકા ગીત ગાન; ઓગણત્રીશમે દિન થઇ રૂદન કીધું,તત્કાળ પધાર્યા ભગવાન. ૩૨ ત્રિશમે રાસ રમણ કરી,સુખ દીધું વ્રજ ભક્તને નાથ; એકત્રિશમે સર્પ ડંશથી નંદરાયજી, મુકાવ્યા તે દીકુ-સર્વ સાથ. ૩૩ બળદેવજીનો રાસ વર્ણવ્યો,તેમાં શંખચુડનો વધ કહેવાય; બત્રિશમે દીવસ વિયોગ તાપમ દુર કરવા, વ્રજ ભક્ત ગુણની ગતી ગાય. ૩૪ ગુણ ગાન નિશદિન કરયું, પ્રભુનું એ સદા મન હુલાસ; હરિદાસ પ્રભુ શોભા નિર્ખી, માગે વર્ણીરજમાં વાસ. ૩૫

અથ ત્રીજુ પદ.

એની ચાલ રૂકમણી હરણની.

ત્રીજુ પ્રકરણ બે રાજસ જાણો,અધ્યાય અઠાવીશ માંહે વખાણ્યો.૧ તેના પણ ભેદ ચ્યાર,પ્રમાણ પ્રમેય સાધન ફળસાર.૨ તેહમાં પેહેલું પ્રમાણ પ્રકરણ થાય, તેના જાણીએ સાત અધ્યાય. ૩ તેત્રિશમે વ્રજ ભાસુર વધ કહીએ નારદે કંશને ઉપદેશ કર્યો તે લહિએ.૪ ચોત્રીશમે કેસી દૈત્ય વધ જાણી, નારદ ગંદ શ્રાહે બહુવિધ વાર્તા વખાણી. ૫ પછે

વ્યોમાસુર વધ થયો જેહ, પાંત્રિશમે અક્રૂર વ્રજ કંસે મેલ્યા તેહ. ૬ પછે કુશળ પ્રશ્ન પુછયાં ત્યારે છત્રીશમે અક્રૂર સાથ મથુરાં પધારે. ૭ સ્નાન સમે મારગમાં દરશન દીધું, અક્રૂર સાડત્રિશમે સ્તુતિ કરી સુખ લીધુ. ૮ અડત્રિશમે મથુરાં પ્રવેશ, રજક માર્યો સુંદર ધરી વેશ. ૯ વાયક ને પ્રભુ દીધી મુક્તિ, દીધાં માળા સુદામાને ભકિત. ૧૦ ઓગણચાળીશમે કુબજા કીધી સ્વરૂપ; ધનુષ્યનો ભંગ સાંભળ્યો કંસ ભુપ. ૧૧ કંસનો દુસ્વપ્ન થાયછે ભારી, રંગમંડપમાં પધાર્યા ગીરધારી. ૧૨ સાતઅધ્યાયમાં પ્રમેય પ્રકરણ થાય, ચાળીશમે કવળયાપીડવધ કેહેવાય. ૧૩ રંગમંડપમાં પધાર્યા પ્રભુ જહાં, જેને જેવો ભાવ તેવાં તેને દરશન દીધાં તીહાં. ૧૪ પરસ્પર મળી માહાત્મ વખાણું, એકતાળીસમે મલ્લ યુદ્ધ થયું તેટાણું. ૧૫ કંસમામાને મારી દોડયા, માતા પિતાના બંધન છોડયા. ૧૬ માતા પિતાનું સમાધાન બેતાળીશમે કીધુ. ૧૭ નંદાદીકને વ્રુજ મોકલ્યાનાથે, વસુદેવજીને ગૌદાનદેવરાવ્યાં હાથે. ૧૮ જન્મ સમે શંકલ્પ કીધો જેહ, પ્રભુજીએ ગાય દેવરાવી તેહ. ૧૯ અવંતિકા ગયા વિદ્યા ભણવા કાજે, ગુરૂ પુત્ર લાવી દીધો માહારાજે. ૨૦ ત્રેતાળીશમે ઉધવ વ્રુજ આવ્યા, કુશળ વાર્તા કરી નંદજી મન ભાવ્યા. ૨૧ પ્રાત:વ્રુજજનને ઉધવજી મળ્યા સહી, ચુંવાળીસમે જ્ઞાન વાર્તા ઉપદેશ કહી. ૨૨ વચન આશકિતનાં કહ્યાં વ્રુજજન, શુદ્ધ સત્વ ઉપન્યુ મન. ૨૩ દ્રષ્ટાંત ભ્રમરનું દેઇને કહ્યું, તે સર્વ ભ્રમર ગીતમાં લહ્યું. ૨૪ પીસતાળીશમે કુબજા ગ્રેહ પધાર્યા હરી ત્યાંહાંથીફરી મનોરથ પુરણ કરી. ૨૫ અક્રૂર પાંડવની શુધ્ધ લેવાગયા તેહ, છેતાળીશમેહસ્તિનાપુર આવ્યા અક્રૂર એહ. ૨૬ સર્વેની શુદ્ધિ લાવી, કુંતાજીએ દુ:ખની વાર્તા કીધી. ૨૭ આવીને પ્રભુજીને કહ્યું, પુર્વાર્ધ સંપુર્ણ થયું. ૨૮ હરીદાસ પ્રભુ શોભા ગુણ ગાવું, શોભા નિરખી ફુલી અંગ ન સમાવું.

॥ અથ ત્રિજું પદ ॥

એની ચાલ રતો વહુને સુધ્યુછે રાણી રૂક્ષમણી.

ઉત્તારદ્ધસાધન પ્રકરણ અધ્યાય સાતનુ, તે તો ઉત્તારદ્ધમાં થાયછે સુડતાળીશમે અધ્યાય જરાસંધ યુદ્ધ થયું, સતરમી વાર તે કહેવાય છે.

અઢારમી વાર જુદ્ધને કાજે આવ્યો ઠહ્યા, દ્વારિકાં સમુદ્રમાં પ્રભુ વાર્શી સર્વને મોકલ્યા તીહાં. ૩ પછે પોતે પધાર્યા ત્યાંહાં થકી મુચકુંદને વર દીધો એણે સ્તુતિ કરી. ઓગણપંચાશે મુચકુંદ બદ્રિકાશ્રમ ગયો, બળદેવજી રેવતીજી પરણ્યાં જાણીએ; રૂક્ષમણિજીનો સંદેશો શ્રી કૃષ્ણને પોતો, પંચાશે રૂક્ષમણી હરણ વખાણીએ. ૪ એકાવનમે યુદ્ધમાં શ્રી કૃષ્ણજીની સાથે રાજા સર્વે છે, રૂક્ષમઇઆનાં મુછ મુસ્તક મુડી કૃષ્ણજીએ બાંધ્યો નિવાર્યો ગર્વ છે. ૫ ત્યાંથી પ્રભુજી દ્વારકાં પધાર્યા વિધિપુર્વક વિવાહ કરાયા બાવનમે પ્રદ્યુમનજી પુત્ર પ્રગટીયા સંવર દૈત્યે તે હરીઆ. ૬ યુદ્ધ કરી સંવર દૈત્યને મારી, રાણી રતીજી લેઇ ગેર આવીઆ; ત્યાં સર્વ જન જોવા મળીઆ, રૂક્ષમણીજી મન ભાવીઆ. ૭ ત્રેપનમે મણી પ્રસંગમાં જાંબુવંતી સતભામા બેહુ વરીઆ, ફળ પ્રકરણ અધ્યાય સાતમાં, ચોપનથી વર્ણન કરીઆ. ૮ પ્રભુજી પાંડવની શુદ્ધ લેવા પધારીઆ, ત્યાં સાંભળ્યું જે સતરાજીત મારીઓ સહી, સતધનવાને મારી મણી લીધી તે, સતભામાને પુત્રે સર્વે લહી. ૯ સતભામાના આગ્રહથી, શ્રીકૃષ્ણજી ફરી પધારીઆ, સતધનવાને માર્યા મણી મળી નહી અપવાદ થયો અક્રુરને તેડાવીયા, અપવાદ ગયો મણી આવી તહી. ૧૦ ચોપનમે શ્રીકૃષ્ણ ઇંદ્રપ્રસ્થ પધાર્યા, ને કાલીંદ્રીજી પરણવા કહ્યું, ખાંડવ વનનો દાહ કીધો, મિત્ર વંદા પરણ્યા ને લહ્યું. ૧૧ સત્યા ભદ્રા ને લક્ષ્મણા, તે છપનમે બોન માર્યો છે હરી, સોળ સહસ્ત્ર કન્યા રોકી હતી, તે તો પ્રભુજીને વરી. ૧૨ સતાવનમે હાસ્ય પુરૂચન તે તો રૂક્ષમણીજીને કહ્યાં, પ્રતિઉત્તર ફરી દીધો, તે તો સર્વ એમાં રહ્યાં. ૧૩ અઠાવનમે સર્વે સ્ત્રીને, પુત્ર દશ થયા છે તે જાણીએ, પટરાણી આઠ મુખ્ય તેના, પુત્રનાં નામ વખાણીએ. ૧૪ પ્રદ્યુમન પુત્ર તે રૂક્ષમણીના, તેહના સુત અનિરૂધ છે, મામાની કન્યા પરણી લાવ્યા, તેતો કીધું યુદ્ધ છે ૧૫ ઓગણસાઠમે શ્રી અનિરૂધજીને, ચિત્રલેહાએ હર્યા, શોણતપુરમાં બાણાસુર તનયા, સુપનાંતરમાં વર્યા. ૧૬ ત્યાં હરી કારણે પધાર્યા, બાંધાયા નાગ પાસ છે, સાઠમે બાણાસુર સંગ્રામ થયો, પછે અનીરૂધજી પરણી પધાર્યા, પરી

આશ છે. ૧૭ અનીરૂધજી પરણી પધાર્યા, ગુણ ગાન કરી ચિત ધારીએ, હરીદાસ પ્રભુ શોભા નિરખીએ, તનમન ધન સર્વે વારિયા. ૧૮ ઇતિશ્રી દસમસ્કંધ અનુક્રમ આખ્યાન ત્રીજું પદ સંપૂર્ણ.

॥ અથ ચોથું પદ. ॥

એની ચાલ ધન્ય ધન્ય શ્રીજમુનાજીનું નીરજી.

ચોથું પ્રકરણ સાત્વિક ત્રેવિશ અધ્યાયજી, સાત અધ્યાયમાં પ્રમેય પ્રકરણ પેહેલું થાયજી. ૧ એકસઠે કુંભે પધિ કૈલાસનો વિચાર કીધોજી, તેહેના પુર્વ જન્મ વૃતાંત પ્રસિધ્ધ્યાજી. ૨ બ્રહ્માંશ કઢાણુ થણું તે કહીએજી, બાસઠ બળદેવજી, વ્રજ પધાર્યા તે લહીએજી. ૩ સરવને મળી રાસ રમણ સુખ લીધુંજી, શ્રી જમુનાજીનું આકર્ષણ કીધુંજી. ૪ ત્રેસઠે પુંડરીક કાશીનો રાજા જેહજી, તેહેના પુત્ર સુદક્ષણ વધ કરયો તેહજી. ૫ કાશી ભસ્મ કરી છે જ્યારેજી, ચોસઠે બળદેવજી દ્વિવિદ માર્યો ત્યારેજી. ૬ પાંસઠે દુર્યોધનની કન્યા લક્ષમણા જાણોજી, જાંબુવતીના પુત્ર શ્યામ પરણ્યા તે વખાણોજી. ૭ બળદેવજી વિવાહ થયો તે કહીયેજી, ત્યારે હસ્તિનાપુર વાંકું કીધું તે લહિયેજી. છાસઠે નારદજી આવ્યા શ્રી કૃષ્ણ ઘરેજી, ગૃહસ્થાશ્રમ જોતાં થાક્યા એહજી. ૮ સોળસહેસ્ર ઘેર ફરે નારદ જાયજી, સહુ પ્રત્યે નોતમ લીલા થાયજી. ૧૦ સડસઠે પ્રભુજીની આહ્નિક વિધિજી, જેમ કરતાં તેમ કર્યું પ્રસિદ્ધજી. ૧૧ નારદજીએ આવીને કહ્યું જેહજી, પાંડવને રાજસૂય મનોરથ થયો તેહજી. ૧૨ સાધન પ્રકરણ અધ્યાય સાતજી, અડસઠે પ્રભુજીએ ઉધવજીને કરી વાતજી. ૧૩ દૂતને નારદજીએ કહ્યું તે ચિત ધરીજી, પાંડવ પાસે ઇંદ્રપ્રસ્થ પધાર્યા શ્રીહરીજી. ઓગણોતેરમે રાજસુયજ્ઞ નિમિત દિશાઓ જીતીજી, જરાસંધ મારી પુત્ર રાજ્ય બેસાડયોજી. ૧૫ બંધનથી રાજા સર્વ કરી પ્રીત મુકાવ્યાજી, સિતેરમે યજ્ઞભુપણ ભોજન કરાવ્યાંજી. ૧૬ અભિષેક ઇંદ્રપ્રસ્થ પધાર્યા શ્રીનાથજી, એકોતેરમે યજ્ઞમાં શિશુપાળ વધ કરી રાખ્યો શરણ સાથજી. ૧૭ બોહોતેરમે સાલ્વ પ્રદ્યુમનજી, મહા યુદ્ધદારૂણ થયુંજી. ૧૮ ચુંવોતેરમે સાલ્વ માર્યો, કરી ગદા પ્રહારજી; હવે સાત અધ્યાયમાં ફળ પ્રકરણ પ્રકારજી.

૧૯ પંચોતેરમે વિદુરથ દંતવક્ર તે માર્યાજી, પછે પ્રભુ મહાભારથ યુ-ધ્ધમાં પધાર્યાજી. ૨૦ છોતેરમે બળદેવજી તિર્થયાત્રા કરી આવ્યા તે કહ્યુંજી,યુદ્ધ સંપુરણ ત્યારે તે થયુંજી. ૨૧ સીતોતેરમે સુદામા સ્ત્રીની આજ્ઞાથી દ્વારકાં આવી લાહો લીધોજી.૨૨ અઠોતેરમે પ્રભુ પ્રસન થ-ઇ,સુદામાને વૈભવ દીધોજી. ૨૩ ઓગણ્યાસીમે સુર્યગ્રહણ જાણી કુ-રૂક્ષેત્ર પધાર્યા તેહજી,વ્રજના સરવ મળી કુશળ પુછી સમાધાન કીધાં એહજી.૨૪ એંશીમે પાંડવને મળી કુશળ વારતા કીધીજી. પટરાણી સર્વને દ્રૌપદીયે પાણીગ્રહણ વાર્તા પુછી લીધીજી.૨૫ એકાશીએ રૂ-શી મુનિ પુજા કરી પ્રભુ મન ભાવ્યાજી, વસુદેવજીએ નારદ પાસે, જ્ઞાન ઉપદેશ કરાવ્યાજી.૨૬ યજ્ઞ કરાવ્યો વિદાય સર્વને કરીજી. પછે પોતે દ્વારીકાં પધાર્યા શ્રી હરીજી.૨૭ મુળ પ્રકરણ અધ્યાય છગાં થાય એહજી,બ્યાશીમે દેવકીજીના પુત્ર લાવ્યા તેહજી.૨૮ કંસે છ પુત્ર મા-ર્યા તે જાણીજી, પાતાળ જઇ બળીરાજા પાસેથી આણ્યાજી.૨૯ સ્ત-ન પાન કરી પુત્ર સ્વર્ગ પધાર્યાજી,દેવકીજી માતાના મોહ નિવાર્યાજી ૩૦ ત્યાશીમે શુભદ્રા હરણ તે અર્જુને કીધુંજી,પ્રભુજી સુતદેવ જનક ઘેર પધારી સુખ દીધુંજી.૩૧ ચોરાશીએ સર્વ રૂશી મળી પરીક્ષા ક-રીજી,બ્રહ્મા વિષ્ણુ શિવ તેમાં મોટા શ્રીહરીજી.૩૨ નિશ્ચે કરી ઠ-રાવ્યું એ નહીજી,વેદ સ્તુતી કરી તે કહીજી. ૩૩ પંચાસીએ ભજન કહેવું શ્રેષ્ટ તે કહ્યુંએજી. વૃકાસુરનું આખ્યાન કહ્યું તે લહ્યુંએજી. ૩૪ લોકાલોક જઇ વિપ્રનો મારેલો પુત્ર લાવ્યા તેહજી,છ્યાશીમે અ-ધ્યાય લગી ચરીત્ર કહ્યાં જેહજી.૩૫ સતાશીએ રાજનીતિ ગ્રસ્થાશ્રમ પ્રકારજી,ગણના ન થાય યાદવકુળ બહુ વિસ્તારજી. ૩૬ શ્રી વલ્લભ-જીના ચરણકમળની આશજી,શોભા નીરખી ગુણ ગાએ હરીદાસજી.

अथ एकादशस्कंध प्रारंभ.

એની ચાલ શ્રી વલભ ગુણ ગાઉંરે, કે લીલાછે ઘણી:

સ્કંધ એકાદશમાં રે લીલા મુક્તિ કહી. પ્રકરણ બે એમાંરે જીવ મુક્તિ બ્રહ્મ મુક્તિ લહી.૧ જીવ મુક્તિ પ્રકરણ પહેલું રે તેના ભેદ બે જાણીએ,અધ્યાય ઓગણત્રીશ લગીરે એહ વખાણીએ.૨ એતો સર્વે

સંપૂર્ણરે એકત્રીશ અધ્યાય છે,બ્રહ્મ ભાવના અધ્યાયરે પંચ કહેવાય છે.૩ પેહેલા અધ્યાય માંહીરે યાદવકુળને બ્રહ્મ શ્રાપ થયો,બીજે વસુદેવજીનેરે નારદે જ્ઞાન ઉપદેસ કહ્યો. ૪ નવ યોગેશ્વરનોરે સંવાદ જનક શરૂ થયા,તે કરીને હરી બહુરે વચને કહ્યા. ૫ ત્રિજે અંતરીક્ષ પરબુધરે કહ્યું તે એમાંસ હું.૬ ચોથે યોગેશ્વરરે ત્રિગુણ અવતાર કહ્યાં,ચોવીશ અવતારરે એમાં વર્ણવી લહ્યાં. ૭ પાંચમે ચમસકરરે, બાહ્મ જનનો સંવાદ થયો જાણીયે,સાયુજય મુક્તિ અધ્યાય બેમાંરે તે કહી વખાંણિયે.૮ છઠે દેવતા સરવે સ્તુતિ કીધીરે,યાદવને આજ્ઞા દિધી શ્રી હરીં; પરભાસ જઇ અથાદિક કરશોરે, એ વાત સરવે ચિત ધરી.૯ઉધ્ધવ આવી પરસન કીધારે, સાતમે અવધુતનો ઇતિહાસ કહ્યો; ચોવીશ ગુરૂના ગુણ લીઆરે, રાજય દુનો સંવાદ થયો. ૧૦ આઠમ ચોવીશ ગુરૂનું કારણરે દશમે ઉધ્ધવજીને જ્ઞાન ઉપદેશ તે સહી; એકાદશમે ભક્ત શેવા કરેરે,તેને માયા બાંધે નહી.૧૧ દ્વાદશમે સાધુ સંગતરે,એમાં એવું ભાખે; ત્રયોદશમે તત્વ જ્ઞાન કેરીરે,સર્વ વિશે સામાન્ય દ્રષ્ટી રાખે. ચતુર્દશે ભક્તિનો યોગ ઉત્કૃષ્ટ કરેરે, પછે ધ્યાન સ્વરૂપ કહ્યું; પંચદશે અષ્ટાદશ સુધીરે,પરાસી થાય લહ્યું. ૧૩ વિભુતીનું સ્વરૂપરે, શોળ શમે અધ્યાય જાણો; સપ્તદશે અષ્ટા દશારે. વરણાશ્રમ ધર્મ વખાણો. ૧૪ ભક્તિ યોગ એ નિયમેરે,અધ્યાય ઓગણીશમે, જ્ઞાન યોગ કર્મ યોગ ને ભક્તિ યોગરે,વિધી લક્ષણ વિસમે. ૧૫ વિધી નિશેધ કર્તવ્યરે, એકવીશ કહેવાયછેરે; તત્વ નિશ્ચયાત્મકાદિક કરેરે, બાવીસમે થાય છે. ૧૬ ભિક્ષુ ગીતાનું વરણવરે, અધ્યાય તેવીસમે,સાંખ્ય યોગાદિ લક્ષણાદિરે,વરણવ ચોવિશમે. ૧૭ પંચવિસમે યોગ્ય લક્ષણાદિરે,છવીસ ઇલોપાખ્યાન સહી,પૂરૂશારાધન વિધીરે સતાવિશમે અધ્યાય કહીરે. ૧૮ યોગાચાર વરણવરે,અઠાવીસમે કહેવાયછે;ઓગણત્રીસમે યોગ કમારગ મારગ કહીરે,ઉધ્ધવજીનો વીવાદ થાયછે. ૧૯ બ્રહ્મ મુકિત પ્રકરણરે, અધ્યાયરે બેનુંરે,તેહુનાછે બેદણે, ત્રિસમ મમતા ત્યાગરે,દ્વારિકાંથી ચાલ્યા પ્રભાસલીલા કરી.૨૦ એકત્રિસમે અહંતા ત્યાગરે તેતો બ્રહ્માદિક સ્તુતિ કરીં;હરીદાસ પ્રભુ

શોભા નિર્ખીરે નિજધામ પધારયા શ્રી હરી. ૨૧

अथ श्री द्वादशस्कंध प्रारंभ.

એની ચાલ સાહેલીરે શ્રીજીને નર્ખીયે.

દ્વાદશસ્કંધ અધ્યાય એના તેર છે, આશ્રાય એ લીલારે પ્રકરણ પાંચ જાણી; સદા ગુણ ગાઇએ, એક લોકાશ્રય બીજો વેદાશ્રયરે. ત્રિજુ પ્રકરણ વખાણી. સદા ગુણ ગાઇએ૦ ૧ ચોથુ શબ્દાશ્રય પાંચમુ અર્થાશ્રય એ પાંચમાં પેહેલુ લોકાશ્રય એહ. સદા ગુણ ગાઇએ૦ ૨ પેહેલા અધ્યાયમાંરે રાજા તે કહ્યા બીજા અધ્યાયમાં આગળ થશે તેહ, સદાગુણ૦ ૩ બીજુ પ્રકરણ વેદાશ્રય અધ્યાય ત્રિજેથી તેમાં તે યુગ યુગના સર્વ ધર્મ કહેવાય. સદાગુણ૦ ૪ ચોથે યુગ યુગનાં પરમાણુ કહ્યાં, પરલકાળનોરે એમાં વરણવ થાય. સદાગુણ૦ ૫ ત્રિજુ પ્રકરણ ભગવદાશ્રય ત્રણ પ્રકરણ અધ્યાયમાં પુરણરે; ભગવદાશ્રયણી. સદાગુણ૦ ૬ પાંચમે પરમાણ લક્ષણ પરિક્ષતને સર્પદંશ કહ્યા, છઠે પરક્ષતનેરે મોક્ષ થયો નિવારણ સદાગુણ૦૭ સર્પ યજ્ઞ વેદ સંખ્યા વરણવ કહ્યું, સાતમે પણરે વેદ સંખ્યા વરણવ. સદાગુણ૦ ૮ ચોથું પ્રકરણ શબ્દાશ્રય અધ્યાય ત્રણનું એનો શ્રી ભાગવતનો આશ્રય કરવો એહ. સદાગુણ૦૯ ભાગવત સ્વરૂપ શ્રી ભાગવતજીસહી, ભાવ કરીરે કીજે નિત્ય સ્નાન. સદાગુણ૦ ૧૦ આઠ અધ્યાયથી માર્કંડ આખ્યાન છે, નવ દશ લગીરે માર્કંડેય આખ્યાન છે. સદાગુણ૦ ૧૧ એકાદશે સુર્ય દ્વાદશે પુર્વોકત થયું, તે સંક્ષેપે કહ્યા. સદાગુણ૦૧૨ ત્રયોદશે પુરણ સંખ્યા કહીરે, ફળ શ્રુતિ પણ એમાં થાય. સદાગુણ૦૧૩ નિબધીકત સર્વ આખ્યાન થયાં, શ્રી ભાગવતરે મહીમાન અપરમપાર. સદાગુણ૦ ૧૪ હરિદાશ પરભુ શોભા નિર્ખીને ગુણ ગાઇએરે, જાવું બલીહાર સદાગુણ ગાઇએરે. ૧૫.

अथ श्रीद्वारकांनी परीक्रंमा.

શંખ દ્વારે શંખનારાયણ, પરમ પુરૂષ પરમેશ્વરજો, બ્રહ્માદિક ઇંદ્રાદિક શેવે, હેલી દેવ તે તેત્રીકોડજો. ૧ દશ અવતારે દરશન દીધાં મોટયા ત્રીવીધ તન તાપજો; શંખ તલાવે સ્નાન આરંભ્યે, હેલી મટે જન્મનાં પાપજો. ૨ ભક્તવછળ ભક્તના ભીરૂ, જાનકી જીવન-રામજો; ભરત શત્રુઘન લછમન ભ્રાત, હેલી આપે તે પુરણ કામજો. ૩ નારાયણની શોભા સુંદર, લક્ષ્મીજીના કંથજો; એહેના દરશન આવે પરાણી, મટે છે મનની ભ્રાંતજો. ૪ કેશવરાય કરૂણામય સાગર, હેલી જગનનાથ જગદીશજો; આદ્ય નારાયણ અલકનીરંજન, સકળ ભોવન પતી ઇશજો. ૫ પંચમુ તરૂણેશ્વર પુજ્ય, હેલી કપીલેશ્વર મહાદેવજો નરસઇજીનાં દરશન કીધાં, સકળ સુરા–સુરસેવજો. ૬ ચંદ્રભાગ ઓર કબીર ચોરો, લીહુરતણા ગોપાળજો; નાગાના નારાયણ સ્વામી, હેલી સંત કેરા પતીપાળજો. ૭ મીરાંબાઇ હરીની દાસી, ગીરધરલાલ શું જાણીએ, ઇંદ્રવાડની મોટી હવેલી, ત્યાંહાં વલભકુળનો વાસજો. ૮ વૈષ્ણવ-જન ત્યાં કીરતન ગાવે, આનંદ મન ઉલાસજો. ૯ એહેને દરશન આવે પરાણી, પાવન કરે શ્રીનાથજો. ૧૦ રમણદીપ રણછોડ બીરાજે, આનંદ પુરણ બ્રહ્મજો; નારદ તુંબર ત્યાં ગાન કરે, શું જોતાં જાય મનની ભ્રાંતજો. ૧૧ કુશેશ્વર ઓર ગણપતીજીને, પરમે લાગુ પાયજો, નીજ મંદીર જઇ શીશ નમાવે, તેહેનો જનમ કૃતારથ થાયજો. ૧૨ છત્ર ચમરની શોભા સુંદર, એ ચૌદ લોકનો નાથજો; વીક્રમ તેજ પરતાપ અધીક છબી, મદન મોહન ગોપાળજો ૧૩ કલ્યાણરાય કરૂણામય સાગર, પુરૂષોતમ ધરતીપાળજો; માતા દેવકી શ્રી લક્ષ્મીજી, સતભામા શોભા સોહેજો. ૧૪ પરેશપુજ પ્રદ્યુમન લડતા, ત્યાંહાં રમે નંદાનંદજો; નટવરલાલ શાળગરામ સ્વામી, ગોપીજન ગોપાળજો; મકુંદ મધુસુદન જાંબુવંતી, શ્રીપતી પરમ કૃપાળજો. ૧૫ નારદાદિક સનકાદિક સેવે, દેવ તે તેત્રીશ-કોડજો; ગરૂડ અંબાજી પરશુરાદિક, બહુ રક્ષા કર જોડજો. ૧૬ ચરણ-

કમળ ગોમતીએ નાહ્યાં. ત્યાંહાં સુરજની જોતજો; રૂક્મણી કુંડે ના
હાતાં ધોતાં, ગમછે મનની ખાંતજો.૧૭ કાળીને કાળદ્રી નાહ્યાં, શ-
ખોદ્ધાર ધામજો;તેહની ધજાનાં દરશન કીધાં, ત્યાં પામે વીસરામજો.
૧૮ પદમગીરથ બાણુગંગા નાહ્યાં, ત્યાંહાં તુળશાનો વાસજો; સત-
ભામાને આંગણીએ, કલ્પ કલ્પવ્રક્ષનું ઝાડજો. ૧૯ શંખેશ્વ પઠવાશી
રૂપાંનમાં, જો વ્યાસા કેરડી ધામજો; રૂપા કૂપાએ, પામીએ, મુખ
નારાયણનું નામજો ૨૦ ઝાહાડીમાં હનુમાન બિરાજે, નર નાથ
ચોરાશી સીધજો; એને દરશન જાયે પ્રાણી, થાયે છે બહુ વીધજો ૨૧
પ્રેમદા નિલેશ્વર સ્વામી, અભયા અભેપદ ધામજો; મહુરાયાને
પાયે લાગુ, આપ તે પુરણ કામ જો.૨૨ પરીક્રમા પરમેશ્વર કેરી પુરે
સહુનીઆશજો; કૃષ્ણ સ્નેહી નરહરદાસનો, જન્મ જન્મનોદાસજો, ૨૩

श्रीद्वारकांनी परीक्रमा बीजी.

જોજોજો રણછોડ રંગી. ત્રીકમરાય માધવરાય અંગી; કલ્યાંણરા
ય પુરૂષોત્તમ સંગી, જોજોજો રણછોડ રંગી. ૧ હું આઠપટરાણી વાસી,
શ્રી રાધા સુખની રાસી; ટેહેલ કરે છે બહુ દાસી, જોજોજો રણ-
છોડ. ૨ દરશન કરી પાવન થઈએ, તીરથનો મહીમાં લહીએ; પ્રેમે
પરકમા જઈયે, જોજોજો રણછોડ. ૩ પરથમ પંચનદે નાહાવું. દા-
મોદરરાય ગોમતી જાવું; પાંડવ ઘાટે પાવન થાવું,જોજોજો રણછોડ.
૪ ગૌઘાટ ગઉની ખરીએ,પઈસા રૂપઈઆ ધરીએ; ભયોમુખ બ્રા-
મણને કહીએ, જોજોજો રણછોડ. ૫ ત્યાંથી બાણુ ગંગા જાવું, આવી
સંગમમાં.નાહાવું,ચક્ર તીરથ ચોતમાં ચાહાવું,જોજોજો રણછોડ.૬
જ્ઞાન પાવન જ્ઞાને થાવું,સાંહાંમે સીધનાથમાં જાવું;હોડતાં હરીના ગુ-
ણ ગાવું,જોજોજો રણછોડ.૭ બ્રમા સાવત્રી વાવ્ય,દામોદરરાય કુવે
નાહ્યઃદરશન બે મંદીર થાય,જોજોજો રણછોડ.૮ ભાગીરથી ગંગાએ
ચાલો,રૂક્મણી ડેરાંમાં.મહાલો;ગજનાયક ત્યાંહાં નિહાળો,જોજો
જો રણછોડ.૯ કકલાસ્યકુંડ લીધો અવતાર, કાંચીડાનો કીધો ઉદ્ધાર,

હરીના ચરણ શારોમણ સાર, જોજોજો રણછોડ. ૧૦ જય વંજે પ્રભુના છે પ્રતીહાર, તેહને નમીએ વારંવાર; ચરણામ્રત લે પ્રભુને દ્વાર, જોજોજો રણછોડ. ૧૧ ભુજચાયે શંખચક્ર લખશે, તેહેનું દરશનજો કરશે; તે ભવસાગરમાં તરશે, જોજોજો રણ- છોડ. ૧૨ તેહનાથી પ્રસન્ન થાશે, પ્રેમ પરીક્રમા ગાશે; વેમાને બેશી વૈકુઠ જાશે, જોજોજો રણછોડ. ૧૩ દ્વારકાં માહાતમમાં કહેછે, મહીમા મોહોટા લેહેછે; નાહને દાન કરી દેછે, જોજોજો રણછોડ. ૧૪ તેહેનો જન્મ સફળ થાશે, વળી કોઇ દ્વારકા જાશે; નાહીને હરીના ગુણ ગાશે, જોજોજો રણછોડ રંગી. ૧૫

જાહેર ખબર.

મુંબાઇમાં તથા અમદાવાદમાં છપાએલાં બાળબોધી, ગુ- જરાતી, સંસ્કૃત, મરાઠી, તથા ઇંગ્રેજી વગેરે તરેહ તરેહ વારનાં વારતા તથા કાયદાઓનાં પુસ્તકો નીચે લખેલા ઠેકાણેથી રોકડી કીમતે મળશે.

ઉપર લખેલી ચોપડીયો અમદાવાદમાં ત્રણદરવાજા આગળ બુકસેલર મહાદેવ રામચંદ્રની દુકાનેથી મળશે.



धोळ तथा पद वगेरे

संग्रह.

भाग १ लो

समाप्त.

અમારાં છપાવેલાં પુસ્તકો

વૈષ્ણવ ઉપયોગી નીચે પ્રમાણે.

	કી. રૂ. આ. પા.
ચોરાશી વૈષ્ણવની વાર્તા શુદ્ધ ગુજરાતી.	૧— —૦
બસેંબાવન વૈષ્ણવની વાર્તા શુદ્ધ ગુજરાતી છપાય છે.	
બાવીસ ગ્રંથ શુદ્ધ ગુજરાતી ટીકા સાથે છપાય છે......	
વૈષ્ણવના બત્રીશ ગ્રંથ (પાઠ) શાસ્ત્રીમાં................	૦—૩—૦
વૈષ્ણવના નીત્યનેમ ગુજરાતી	૦—૧—૦
કૃષ્ણાશ્રય ટીકા મુળ સાથે ગુ. ટી..	૦—૨—૦
સીદ્ધાંત રહસ્ય. મુ. સટીક. ગુ. ટી	૦—૨—૦
ધર્મપ્રકાશ. મુ. સટીક ગુ............	૦—૨—૦
ચોવીશ વચનામૃત..	૦—૪—૦
શ્રી અષ્ટાક્ષર..................................	૦—૩—૦
શ્રી વલ્લભ દીગવીજે ભુજ બાળાબોધ.......	૧—૮—૦
શીક્ષાપત્રી હરરાયજી મોટી.................................. ...	૪—૮—૦
વલ્લભાખ્યાન..........................	૦—૧—૦
બાવીશ ગ્રંથ મુળ.................	૦—૬—૦
પુરષોત્તમ સહસ્ર નામ મુળ................................	૦—૨—૦
પુરષોત્તમ સહસ્ર નામ સટીક..................	૦—૮—૦
વીષ્ણુ સહસ્ર નામ સટીક..................................	૦—૨—૦

આ સીવાય વૈસ્નવ ઉપયોગી ઘણાં પુસ્તકો છે અર્ધા આનાની ટીકીટ મોકલવાથી લીસ્ટ મોકલીશું.

સરનામું.

મહાદેવ રામચંદ્ર જાગુટે બુકસેલર.

પુસ્તકાલય—અમદાવાદ.